પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામયિક

કુમાર



સંસ્થાપક : રવિશંકર મ. રાવળ

તંત્રી

ધીરુ પરીખ

ડિસેમ્બર - ૨૦૦૨

વર્ષ ૭૫મું

સળંગ અંક ૯૦૦

નર્મ-મર્મ વિશેષાંક





મનુષ્યની લાગણીઓ ક્ષણે ક્ષણે પરિવર્તિત થતી રહે છે એ વાત જો હું બરાબર સમજી લઉં તો લોકો સાથેના મારા સંબંધો વધુ સ્વસ્થ બની શકે. કોઈ પણ વ્યક્તિને બધી જ પરિસ્થિતિઓમાં અને સતત ચાહવી જોઈએ એવી માન્યતા આત્મઘાતક છે.

એવું નથી કે જગતમાં અનિષ્ટ, અકસ્માતો, કુરૂપતા, ક્ષુદ્રતા નથી; આ બધું તો છે જ; પરંતુ એ તો જગતના એક ભાગરૂપે છે - નહિ કે સમગ્ર જગતરૂપે.

સમગ્રતામાં પૂર્ણતા છે અને સમગ્રતાનું દર્શન જ પૂર્ણ દર્શન છે. જગત પ્રત્યેનો મારો દૃષ્ટિકોણ હંમેશાં એવો હોતો નથી; પરંતુ એવી દૃષ્ટિએ જગતને હું સદા જોઈ શકું ખરો.

હ્યૂ પ્રૅથર
અનુવાદ : માવજી કે. સાવલા
(હ્યૂ પ્રૅથરના પુસ્તક 'નોટ્સ ટુ માઈસેલ્ફ'માંથી)

'કુમાર' તેના અમૃતપર્વે યોજે છે

બૃહદ્ બુધ-કવિ સંમેલન

'કુમાર ટ્રસ્ટ' દ્વારા 'કુમાર' માસિકના અમૃતપર્વ નિમિત્તે 'કુમાર'ની બુધ-કવિ-સભાની સાતત્ય-સ્મૃતિમાં બૃહદ્ બુધ-કવિ સંમેલનનું આયોજન કરવામાં આવ્યું છે.

આ બૃહદ્ બુધ-કવિ સંમેલન શેઠ મંગળદાસ ગીરધરદાસ ટાઉન હૉલમાં તારીખ ૧લી જાન્યુઆરી, ૨૦૦૩ અને બુધવારે રાત્રે ૮-૧૫ કલાકે યોજવામાં આવ્યું છે. આ બુધકવિ સંમેલનમાં નીચે દર્શાવેલ કવિઓ પોતાની કાવ્યકૃતિઓનું પઠન કરશે.

સર્વશ્રી રાજેન્દ્ર શાહ (અધ્યક્ષ)
નિરંજન ભગત
નલિન રાવળ
લાભશંકર ઠાકર
રઘુવીર ચૌધરી
ચંદ્રકાન્ત શેઠ
ચિનુ મોદી
મનહર મોદી
રાજેન્દ્ર શુક્લ
હેમન્ત દેસાઈ
ગીતા પરીખ
હરિકૃષ્ણ પાઠક
માધવ રામાનુજ
યોસેફ મૅકવાન
હર્ષદ ત્રિવેદી
પ્રવીણ પંડ્યા
નલીન પંડ્યા
રાજેન્દ્ર પટેલ
અશોક ચાવડા
હરદ્વાર ગોસ્વામી
ધીરુ પરીખ

સહુ કવિતારસિકોને આ કવિ-સંમેલનમાં ઉપસ્થિત રહેવા હાર્દિક નિમંત્રણ છે.

કાર્યક્રમ શરૂ થયા પછી પ્રવેશ-પ્રસ્થાન નિષિદ્ધ રહેશે.

આ અંક અંગે

'કુમાર'ના અમૃતપર્વનો આ છેલ્લો અંક છે. સંયોગાનુયોગ તે ૯૦૦મો શતકાંક પણ છે. પ્રથમ શતકાંકથી લઈ આ શતકાંક સુધી પ્રત્યેક સોમો અંક વિશેષરૂપે પ્રકટ કરવાની પરંપરામાં આ ૯૦૦મો અંક પણ પ્રકાશિત કરી રહ્યા છીએ. સંજોગોવશાત વચ્ચે ૭૦૦મો અંક શતકાંક તરીકે પ્રકટ કરી શકાયો નહોતો એ હકીકતનો વસવસો છે.

૯૦૦મો અંક કયા રૂપરંગે પ્રકટ કરવો તેની વિચારણા કરતો હતો ત્યારે અનેક રૂપરેખાઓ આંખ સામે તરવરી રહી હતી. આપણા સાહિત્યમાં દલપતરામથી હાસ્યની ધારા એના વિશેષરૂપે વહેતી રહી છે. ગદ્યમાં પણ પછી ધીમે ધીમે હાસ્યરસ વિવિધ સ્વરૂપે સિદ્ધ થતો ગયો છે. વળી, છેલ્લા કેટલાક દશકાઓમાં આ ક્ષેત્રે ઘણી કલમો સક્રિય બની છે. આથી આ ૯૦૦મા અંકને નર્મમર્મ વિશેષાંક તરીકે પ્રકટ કરવાનું નક્કી કર્યું તથા અનેક સર્જકોને એ માટે નિમંત્રણો પણ પાઠવ્યાં. મોટા ભાગના સર્જકો તરફથી સાનુકૂળ પ્રતિસાદ સાંપડ્યો છે તેનું સુન્દર સ્વરૂપ તે તમારા હાથમાં અત્યારે છે તે આ ૯૦૦મો અંક. અહીં હાસ્યરસની વિવિધ છાયાઓ-છટાઓ સાથે કાવ્યો, વાર્તાઓ, સૈદ્ધાંતિક ચર્ચા કરતા લેખો, હાસ્યલેખો, લઘુકથાઓ, કાર્ટૂનો વગેરે સામગ્રીને સંગૃહીત કરવામાં આવી છે.

અહીં જોઈ શકાશે કે છાપેલાં કાટલાંની સાથે સાથે નવા પાટલા પણ મંડાયા છે. બધી જ રચનાઓ એકસરખી ગુણવત્તાવાળી ના હોય તે સ્વાભાવિક છે. છતાં પણ આ અંક માટે મળેલી પુષ્કળ સામગ્રીમાંથી ચયન કરીને અહીં કેટલીક કૃતિઓ રજૂ કરી છે. વિવિધ વિષયો પર અને વિવિધ શૈલીએ લખાયેલી રચનાઓથી આ અંક સંતર્પક જણાશે એવી શ્રદ્ધા છે.

આ પ્રસંગે સહુ સર્જકોનો અમે આભાર વ્યક્ત કરીએ છીએ. - તંત્રી

ડિસેમ્બર ૨૦૦૨ દરમિયાન મળેલાં દાન

૧.	શ્રી ટેક્સ્ટાઇલ ટ્રેડર્સ કૉ-ઑપરેટિવ બૅન્ક લિ. (અમદાવાદ) હ. શ્રી હીરાલાલ હરિલાલ ભગવતી	૧,૦૦,૦૦૦/-
૨.	શ્રી સૂરજબહેન ઍન્ડ શારદાબહેન રમણીકલાલ પટેલ પ.ચૅ.ટ્રસ્ટ (અમદાવાદ) હ. શ્રી નવનીતલાલ ગોરધનદાસ ચોકસી	૨૫,૦૦૦/-
૩.	શ્રી નવનીતલાલ ગોરધનદાસ ચોકસી પ.ચૅ. ટ્રસ્ટ (અમદાવાદ) હ. શ્રી નવનીતલાલ ગોરધનદાસ ચોકસી.	૨૫,૦૦૦/-
૪.	ડૉ. પ્રવીણ એસ. સત્યપથી (અમેરિકા)	૧૧,૮૩૫/-
૫.	શ્રી સુશીલ કે. પારેખ ફાઉન્ડેશન (મુંબઈ)	૧૦,૦૦૦/-
૬.	શ્રી પ્રતાપરાય પ્રાણલાલ મહેતા (કલકત્તા)	૩,૦૦૦/-
૭.	શ્રી અનિલા એ. દલાલ (અમદાવાદ)	૨,૦૦૦/-
૮.	ડૉ. અમૂલ્ય એન. સેતલવાડ (અમદાવાદ)	૨,૦૦૦/-
૯.	શ્રી વિજયાબહેન પી. જાની (સી.એસ.એલ.પી.)	૨,૦૦૦/-
૧૦.	શ્રી અશોકભાઈ ડી. પંડ્યા (જામનગર)	૧,૫૦૦/-
૧૧.	શ્રી જશવંતલાલ દલાલ, જે. દલાલની કંપની (અમદાવાદ)	૧,૧૦૦/-
૧૨.	શ્રી સુધાંશુ કનુભાઈ જાની (અમદાવાદ)	૧,૦૦૧/-
૧૩.	શ્રી ઈન્દ્રદેવ આચાર્ય (મુંબઈ)	૧,૦૦૦/-
૧૪.	શ્રી ભોળાભાઈ પટેલ (અમદાવાદ)	૧,૦૦૦/-
૧૫.	શ્રીમતી વંદનાબહેન કે. ગજ્જર (અમદાવાદ)	૧,૦૦૦/-
૧૬.	શ્રી કાન્તિભાઈ પી. ગજ્જર (અમદાવાદ)	૧,૦૦૦/-
૧૭.	શ્રી વિજયાબહેન પી. જાની (મુંબઈ)	૧,૦૦૦/-
૧૮.	શ્રી અરુણભાઈ ટી. ત્રિવેદી (મુંબઈ)	૪૪૦/-

——'કુમાર'નું અમૃતપર્વ અને 'કુમાર ટ્રસ્ટ'નો દાનનિધિ——

'કુમાર'ને વધુ સમૃદ્ધ કરવાના આશયથી 'કુમાર ટ્રસ્ટ'ની રચના અને તેની સક્રિયતા સાર્થક થાય તે માટે જે આર્થિક સધ્ધરતાં જોઈએ તે સારુ ગુજરાતની પ્રજાજોગ દાનની જાહેર અપીલ કરવામાં આવી. આ અપીલના સંદર્ભમાં અત્યાર સુધીમાં લગભગ રૂપિયા ૧૦,૦૦,૦૦૦=૦૦ એકત્ર થયા છે. વિશ્વ ગુજરાતી સમાજે સૂરતના સુરુચિ ટ્રસ્ટ તરફથી રૂ. ૧,૦૦,૦૦૦=૦૦ દાનમાં મેળવી આપ્યા તે બદલ વિશ્વ ગુજરાતી સમાજના આભારી છીએ અને એ દિશામાં વધુ પ્રયત્નો થશે તેવી અપેક્ષા રાખીએ છીએ. પરન્તુ આ રકમ વધુ માતબર બને તો જ વધુ સિદ્ધિને હાંસલ કરી શકાય. અત્યાર સુધીમાં અમને મળેલાં દાન માટે દાતાઓનો આભાર વ્યક્ત કરીએ છીએ અને હજુ પણ વધુ દાન માટે આ અપીલને પુનઃ રજૂ કરીએ છીએ.

ગરવી ગુજરાતના આવતી કાલના નાગરિકના ઘડતરના ઉમદા હેતુથી ૧૯૨૪માં કલાગુરુ રવિશંકર રાવળે બચુભાઈ રાવતના સહયોગથી શરૂ કરેલું **'કુમાર'** માસિક ગુજરાતના યુવાધનને સંસ્કારશ્રી બક્ષવાનો તેનો ઉદ્દેશ ઉત્કૃષ્ટતાપૂર્વક પાર પાડવા મથતું રહ્યું છે. ૧૯૮૭થી ૧૯૯૦ દરમ્યાનનાં ત્રણ વર્ષો બાદ કરતાં પોણી સદી ઉપરાંતની 'કુમાર'ની સૂચિત દીર્ઘ સાહિત્ય-સંસ્કાર સેવા વિરલ છે.

કોઈ પણ સંસ્કારી પ્રજા ગૌરવ અનુભવે એવું આ માસિક અણથક યાત્રા કરતું રહે તેવી શુભેચ્છા અને તે ફળવતી બને તેવું આયોજન કરવું એ આપણી, એટલે કે 'કુમારે' જેમનું ઘડતર કર્યું છે એ સૌ ગુજરાતીઓની ઉમદા ફરજ બનવી જોઈએ.

'કુમાર'ના વાચક-ચાહક સૌને, આપણું 'કુમાર' ચિર'કુમાર' રહે એ માટે વિશાળ ભંડોળ ઊભું કરવાની હાર્દિક વિનંતી કરીએ છીએ.

'કુમાર'ના આજે ૩૫૦૦ ગ્રાહકો છે. ગુણવંતી ગુજરાતને માટે આ સંખ્યા કંઈ માતબર ન ગણાય. આ સંદર્ભે આપણે સૌ એવો શુભસંકલ્પ કરીને ગુજરાતનાં ગામેગામની શાળા-મહાશાળા અને ગ્રંથાલયો દ્વારા 'કુમાર'નો એવો જબરદસ્ત પ્રચાર-પ્રસાર કરીએ કે જ્યાં જ્યાં વસે એક ગુજરાતી ત્યાં ત્યાં મ્હોરે સદાકાળ 'કુમાર'; પછી એ ગુજરાતી ગુજરાતમાં વસતો હોય કે એ વસતો હોય સાત સમંદર પાર!

ટૂંકમાં 'કુમાર'ની ગ્રાહક સંખ્યા **૭૫૦૦** થઈ જાય એવી લોકલહર આપણે સરજીએ!

'કુમાર ટ્રસ્ટ'ને અપાતાં દાન કલમ ૮૦-જી અન્વયે આયકરરાહતને પાત્ર છે તે આપની જાણ સારુ સહજ. આપના ઉમદા સક્રિય સહયોગની અપેક્ષા સહ.

૧. 'કુમાર' માટે દાનનો ડ્રાફ્ટ/ચેક **'કુમાર ટ્રસ્ટ'**ના નામનો જ લખવો અને 'કુમાર કાર્યાલય લિ.', ૧૪૫૪, રાયપુર ચકલા, અમદાવાદ-૩૮૦ ૦૦૧ એ સરનામે મોકલવો.

૨. 'કુમાર'નું લવાજમ (વાર્ષિક રૂ. ૧૫૦, ત્રિવાર્ષિક રૂ. ૪૦૦, પંચવાર્ષિક રૂ. ૬૭૫) 'કુમાર કાર્યાલય લિ.'ના નામે જ ચેક/ડ્રાફ્ટથી ઉપરના સરનામે મોકલવું. બહારગામની બૅન્ક પરના ચેકમાં બૅન્ક કમિશનના રૂ. ૨૫ ઉમેરવા.

આપના

રઘુવીર ચૌધરી
જે. એસ. સેવક
જયન્ત પંડ્યા
ભોળાભાઈ પટેલ
પ્રકાશ ન. શાહ
બકુલ ત્રિપાઠી
રાજેન્દ્ર શાહ
નિરંજન ભગત
વિનોદ ભટ્ટ
ધીરુભાઈ ઠાકર
અનિલા દલાલ
વસુબહેન
ગીતા પરીખ
હરિકૃષ્ણ પાઠક
કુલીનચંદ્ર યાજ્ઞિક
જિતેન્દ્ર દેસાઈ
રજનીકુમાર પંડ્યા

પી.સી.વૈદ્ય
કુમારપાળ દેસાઈ
લાભશંકર ઠાકર
ચિનુ મોદી
ચંદ્રકાન્ત શેઠ
મનહર મોદી
મધુસૂદન પારેખ
મધુસૂદન ઢાંકી
કનુભાઈ જાની
ચિમનલાલ ત્રિવેદી
ચંદ્રકાન્ત ટોપીવાળા
નૌતમભાઈ વખારિયા
કૃષ્ણકાન્ત વખારિયા
જગન મહેતા
પ્રાણલાલ પટેલ
બંસીલાલ વર્મા 'ચકોર'
ગજેન્દ્ર શાહ

નટુ પરીખ
અનિલ રેલિયા
રાધેશ્યામ શર્મા
જોરાવરસિંહ જાદવ
હસમુખ બારાડી
ક્ષેમુ દિવેટિયા
રાસબિહારી દેસાઈ
અશોક હર્ષ
હસુ યાજ્ઞિક
મહેશ દવે (ઇમેજ પબ્લિકેશન)
મનુભાઈ શાહ (ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય)
ભગતભાઈ શેઠ (આર.આર.શેઠની કંપની)
મહેન્દ્ર શાહ (નવભારત સાહિત્ય મંદિર)
હંમેશ મોદી (રન્નાદે પ્રકાશન)
દિલાવરસિંહ જાડેજા (વ.વિ.નગર)
ભગીરથ બ્રહ્મભટ્ટ (વ.વિ.નગર)
ઉશનસ્ (વલસાડ)

જયન્ત પાઠક (સુરત)
ભગવતીકુમાર શર્મા (સુરત)
રમેશ બી. શાહ (સુરત)
મહેન્દ્ર મેઘાણી (ભાવનગર)
ખોડીદાસ પરમાર (ભાવનગર)
બલવન્ત કે. પારેખ (મુંબઈ)
સુરેશ દલાલ (મુંબઈ)
રમણલાલ ચી. શાહ (મુંબઈ)
યશવન્ત ત્રિવેદી (મુંબઈ)
મનોજ ખંડેરિયા (જૂનાગઢ)
દુષ્યન્ત પંડ્યા (જામનગર)
બલવન્ત જાની (પાટણ)
રમેશ પારેખ (રાજકોટ)
ભાનુપ્રસાદ પંડ્યા (રાજકોટ)
જ્યોતિ ભટ્ટ (વડોદરા)
કાન્તિ કાપડિયા (વડોદરા)
ધીરેન્દ્ર મહેતા (ભૂજ)
ચંદ્રકાન્ત મહેતા (દિલ્હી)

પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ
સામયિક

કુમાર

વર્ષ ૭૫મું — અંક ૧૨

સ્થાપના : ૧૯૨૪

સંસ્થાપક અને આદ્યતંત્રી
રવિશંકર મ. રાવળ

ભૂતપૂર્વ તંત્રી
બચુભાઈ રાવત

તંત્રી
ધીરુ પરીખ

ડિરેક્ટરો
હીરાલાલ હ. ભગવતી (ચેરમૅન)
બિહારીલાલ પો. શાહ
ભાલચંદ્ર ર. શાહ

સૂચના

- ★ કુમાર દર માસની ૧૭મી તારીખે પ્રકટ થાય છે. મહિનાની આખર સુધીમાં અંક ના મળે તો પોતાના વિભાગની પોસ્ટ ઑફિસે તપાસ કર્યા પછી જ જાણ કરવી. જો અંક સિલકમાં હશે તો બીજો મોકલી અપાશે. ટપાલમાં ગુમ થતા અંકની જવાબદારી કાર્યાલયની નથી. આવી અંક ન મળ્યાની ફરિયાદ અંક પ્રકટ થયા પછી એક માસ સુધીમાં મળશે તો જ તેના પર ધ્યાન આપી શકાશે.
- ★ અહીં પ્રકટ થતાં લખાણોમાંના અભિપ્રાયની જવાબદારી તે તે લેખકની છે.
- ★ લેખકોએ પોતાનું લખાણ કાગળની એક બાજુએ, સ્વચ્છ અને સુવાચ્ય અક્ષરે લખી મોકલવું. ઝેરોક્ષ નકલ મોકલવી નહીં.
- ★ સામાન્ય રીતે સ્વીકૃત કૃતિનો જવાબ એકાદ માસમાં અપાય છે, અન્યથા કૃતિ અસ્વીકૃત સમજવી. જવાબી ટપાલખર્ચ ન મોકલવું.
- ★ ગ્રાહકે પોતાના સરનામામાં ગામનો પિન કોડ સ્પષ્ટ અક્ષરે અચૂક જણાવવો. અંગ્રેજી અક્ષર સાથેનો આપનો ગ્રાહક નંબર પત્ર-વ્યવહારમાં અવશ્ય જણાવવો.

ડિસેમ્બર ○ ૭૫મું વર્ષ ○ ૨૦૦૨

અનુક્રમણિકા

'કુમાર' સળંગ અંક ૯૦૦

'કુમાર' ચન્દ્રક

૧૯૪૪થી 'કુમાર'માં વર્ષ દરમિયાન શ્રેષ્ઠ પ્રદાન કરનાર લેખકને ચંદ્રક અર્પણ થતો હતો. તે પરંપરા ૧૯૮૨ સુધી અક્ષુણ્ણ રહી હતી. પરંતુ ત્યાર પછી ચંદ્રકપ્રદાન મુલતવી રહ્યું હતું.

હવે શ્રી મુકુન્દભાઈ દેસાઈ (સૂરત)એ અર્પણ કરેલી દાનરાશિમાંથી 'કુમાર'ના અમૃતપર્વ નિમિત્તે ઈ. ૨૦૦૩થી 'કુમાર' ચન્દ્રકનો પુનઃ પ્રારંભ થશે એવી જાહેરાત કરતાં આનંદ અને ગૌરવની લાગણી અનુભવીએ છીએ.

ઈ. ૨૦૦૩ના વર્ષ દરમિયાન જે લેખકનું પ્રદાન નિર્ણાયકોના મતાનુસાર શ્રેષ્ઠ ઠરશે તેને તે ચંદ્રક એનાયત થશે.

પ્રસંગપરાગ

'પ્રસંગપરાગ'ની બીજી આવૃત્તિ બહાર પડી ગઈ છે. તેની એક નકલની કિંમત રૂ. ૧૫ + રવાનગી ખર્ચ રૂ. ૩ મળી રૂ. ૧૮ થાય છે. પરન્તુ દસ નકલ કે તેથી વધુ નકલ લેનારનો રવાનગી ખર્ચ કાર્યાલય ભોગવશે.

આરોગ્યસૂત્ર

'કુમાર'નું છેલ્લું પાનું વાચકોમાં ખૂબ ચાહના પામ્યું છે. એ પાના પર આવતી વિવિધલક્ષી ટૂંકી સામગ્રીમાં આરોગ્યને ઉપકારક દેશી ઉપાયોના નુસખા પ્રકટ થતા રહ્યા છે. તેમાંથી ચયન કરીને એ નુસખાઓની 'આરોગ્યસૂત્ર' નામક નાની પુસ્તિકાની કિંમત રૂ. ૧૦, રવાનગી ખર્ચ રૂ. ૩ મળીને રૂ. ૧૩-૦૦ મનિઑર્ડરથી મોકલવા. ૧૦ કે તેથી વધુ નકલ લેનારનો ટપાલ-ખર્ચ કાર્યાલય ભોગવશે.

કુમાર કાર્યાલય લિ. ૧૪૫૪, રાયપુર ચકલા, અમદાવાદ-૩૮૦ ૦૦૧

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી પ્રકાશક : ધીરુભાઈ ઈ. પરીખ
પ્રકાશનસ્થાન : કુમાર કાર્યાલય લિમિ. ૧૪૫૪, રાયપુર ચકલા, પોલીસ ચોકીની પાછળ, બઉવાની પોળ સામે, અમદાવાદ-૩૮૦ ૦૦૧ (ફોન નં. ૨૧૪૩૭૪૫)
કમ્પ્યૂટર કમ્પોઝ : કુમાર કાર્યાલય લિમિટેડ, ૧૪૫૪, રાયપુર ચકલા, પોલીસ ચોકીની પાછળ, અમદાવાદ-૧.
મુદ્રક : દીપક પ્રિન્ટરી, રાયપુર દરવાજા અંદર, કાંટની રાંગ, અમદાવાદ-૩૮૦ ૦૦૧. ફોન : ૨૧૪૩૬૩૫
વાર્ષિક લવાજમ રૂ. ૧૫૦; પરદેશમાં હવાઈમાર્ગે ડૉલર ૨૫, પાઉન્ડ ૧૫ અથવા રૂ. ૧૦૦૦.
અમને સીધું લવાજમ મોકલનાર માટે ૩ વર્ષના રૂ.૪૦૦ અને પાંચ વર્ષના રૂ. ૬૭૫
આ અંકની છૂટક કિંમત રૂ. ૬૦-૦૦ + રજિ. પોસ્ટથી મંગાવનારે રૂ. ૨૦-૦૦ વધુ મોકલવા.

ગીત, ગઝલ ને હાઈકુ / *જયન્ત પાઠક*

૧. ગીત

'ગીત સુણોજી ગીત,
અમારું ગીત સુણોજી ગીત'—
'ગાવ, કવિ મોટે ઘાંટે - જો
કાન ધરે કંઈ ભીંત!'

૨. ગઝલ

'ગઝલ કેવી મજાની છે?!'
'તમારી કે બીજાની છે?'

૩. હાઈકુ

સુણી હાઈકુ
શ્રોતા કવિને પૂછે :
'કિયા કાયકુ?'

ફલશ્રુતિ

ગીત, ગઝલ ને હાઈકુ, એમાં જે રમમાણ,
કવિજન તે કળજુગમાં રળશે મોટું માન.

ચાકરી / *જયન્ત પાઠક*

આભમાં ઝીણી વીજળી ઝબૂકે છે
ઝીણા ઝરમર મેહ વરસે છે;
ભીંજાય છે મેડી ને માળીઆં
ભીંજાય છે આંગણામાં ઊભાં વાહન;
સડકો ઊભરાય છે
છાપરાં ગળે છે
છત્રીઓ ઊઘડે છે, બિલાડીનાં ટોપની જેમ—
આવામાં
નીકળી પડીએ છીએ
— અમને વ્હાલી છે અમારી ચાકરી
અમારા (ને તમારા) જીવથી ય તે.
અમે નથી કંઈ હાથીના બેસતલ સૂબા
પલળીએ છીએ
ટ્રેનના ફૂટબોર્ડ પર ઊભા ઊભા—

કળ / *હસમુખ પાઠક*

અક્કલની કળ શોધ!
ભલા જીવ, અક્કલની કળ શોધ!
કળ એવી કે ભૌતિક સાથે
રાસાયણિક ઉકેલે,
વનસ્પતિ-પશુ-જીવ સંઘાતે
ભેદ બધોયે ખોલે;
હૉકિંગ* પણ સ્વીકારે તેવી
ફૉર્મ્યુલા તું બોધ!
ભલા જીવ, અક્કલની કળ શોધ!
નિસર્ગ કહો કે પરમાત્મા કહો
અક્કલ બહુ પથરાવી,
એક ભલા જીવ માણસમાં તો
ઉદાર થઈ ભભરાવી!
કિંકર હસમુખ બોથડ જેવો
સમજે તેવી શોધ!
ભલા જીવ, અક્કલની કળ શોધ!

* સ્ટિફન હૉકિંગ, આલ્બર્ટ આઈન્સ્ટાઈન પછીના સુપ્રસિદ્ધ વિશ્વવૈજ્ઞાનિક

પ્રેમ / *હસમુખ પાઠક*

અક્કલની કળ પ્રેમ
ભલા જીવ, અક્કલની કળ પ્રેમ!
પ્રેમાકર્ષણ ભૌતિક સાથે
રાસાયણિક મિલાવે,
જીવ-અજીવના કક્ષા રક્ષે
ભેદ-અભેદ ખિલાવે;
સંતજનો સહુ યુગના ભાખે
એક સૂરમાં જેમઃ
ભલા જીવ, અક્કલની કળ પ્રેમ!
પરમાત્મા તો એક જ, ભઈલા!
નામ ઘણાંયે આપ્યાં,
અક્કલ સબળી, માણસ સવળા
ઈશ્વર અળગા થાપ્યા!
કિંકર હસમુખ કૃષ્ણની કળા
સમજે, કહેતાં એમઃ
ભલા જીવ, અક્કલની કળ પ્રેમ!

વિશેષ વરદાન / *ગીતા પરીખ*

[અર્વાચીન આંખે પ્રાચીન ઘટના]
(છંદ : પરમ્પરિત હરિગીત)

કૈકેયી : હુલ્લડમહીંથી તે દિવસ ચાલ્યાં જતાં'તાં
આપણે બન્ને નવી લીધેલ 'કોન્ટેસા'
ગાડીની મહીં દશરથ...
પ્રવક્તા : વદી સોફા ઉપર સૂતેલ કૈકેયી ધીમે—
કૈકેયી : ત્યારે અહો એ માર્ગ પર મોટો પડેલો
એક પથ્થર
ના તમે જોયો,
પરંતુ આંગળીથી મેં બતાવ્યો'તો ખરે,
ને ટાયરો પંક્ચર થતાં
મેં તો બચાવ્યા'તા, ડિયર!
એ યાદ છે?...
દશરથ : હં!
કૈકેયી : યાદ છે ત્યારે તમે બોલેલ કે :
'વ્હાલી! ખરે તુજ કાજ
લાવું સ્વર્ગ જો તું માગતી?'
દશરથ : હા, યાદ છે સઘળું,
પરંતુ આજ કાં રીસામણાં?
હું, આજ
'રીટાયર' થઉં છું ત્યાહરે
કૈં વર્ષ પ્હેલાંનું તને કાં યાદ આવે આમ
કૈકેયી, કહે!
કૈકેયી : (રીસાળ અવાજે) - આપેલ વચનો
કાળકેરા વ્હેણમાં જાતાં તણાઈ આપનાં?
દશરથ : રે હોય એવું?
બોલને શું માગતી વરદાન તું?
(વર-દાન તું?) કૈકેયી, પ્રિયે!
(થોડું થંભીને)
હું આજ સ્વીકારતો
મુજ વાનપ્રસ્થાશ્રમ - મને આનંદ એનો
છે પુત્ર મારા સૌ કુશળ વેપારમાં,

ખાલી તિજોરીયે ભરી દે (ટિક્ષની પરવા વગર)
મેં એટલા પાંક્કા કર્યા ને છે.
હું આજથી તો છોડી એવા સર્વ 'ધંધા'
મુક્ત થાવા ઇચ્છું ત્યાં
શું જૂઠું બોલી વચન મારું તોડું
તુજ વરદાનથી, કૈકેયી ખરે?

પ્રવક્તા : છુટ્ટા કરેલા કેશ મોહક ઢંગમાં તે
પોરવીને રિંગમાં લેતી
અંબોડો કશો 'લેટેસ્ટ હેર-સ્ટાઈલ'નો
વદી એ–

કૈકેયી : વારસા-હક્કનું કરો છો 'વીલ'
ત્યારે
એટલું - બસ એટલું.

દશરથ : શું?

કૈકેયી : એટલું હું, ડાર્લિંગ, માગું
કે તુર્ત લખી દો એ 'વીલ'માંહી
સર્વ મિલ્કત
વ્હાલા ભરતના નામ પર!

દશરથ : ઓ રે...!
(સ્વગત) શું કૌશલ્યા કહેશે?
કેમ એને હું મનાવીશ
કેવી સાડી આપીને અને...?

કૈકેયી : 'ઓ રે' થતું ને?
એ જ ધાર્યું 'તું
વચનને પાળવામાં સૌ ઢીલાં
'દશરથ' ભલે ને હો તમે!

દશરથ : ના ના કદી રઘુકુળનું તો વચન તે પાછું ફરે?

કૈકેયી : ને વાત મારી સાંભળો –
છે માગવું હજી વરદાન કે...

દશરથ : કે?

પ્રવક્તા : અને એ 'કેલિકો' મિલના નવા રૂમાલથી
આંખો ભીની (જે બામથી ભીની કરેલી)
એ લૂછતી બોલી ઊઠી કે–

કૈકેયી : રામને ફરમાવી દો બસ તુર્ત કે

દશરથ : શું? છે હજી?

કૈકેયી : ફરમાવી દો બસ એટલું કે –
ચાલી જા આ મ્હેલ છોડી તું જંગલ મહીં
ને મોં કદી ના તાહરું તું દેખાડતો
મુજને ફરી.
બસ ચૌદ વર્ષ સુધી અહીં
બોલો કહેશોં આમ
ખોટા લાડથી મોંએ ચઢાવેલા
તમારા રામને?

દશરથ : 'રામને?'
(સ્વગત) શું રામને
શું સાવ એકલ છોડવો?
તો તો બિચારો 'હોમ-સીકનેસે'
પિડાશે કેટલો?

કૈકેયી : બ્હાનાં તમે પણ કાઢવા માંડ્યાં હવે?
(ગુસ્સામાં) ચાલી જઈશ મારે પિયર તો
(સ્વગત) - ને ભરતને તુર્ત હું મોસાળથી
લાવીશ મારી સાથમાં.

દશરથ : વારુ, બોલું કૈં હવે ના,
વચન મારું પાળવું મારે સદા
(ના છૂટકે પણ) બોલ ના મારો કદી
પાછો ફરે!

કૈકેયી : વિશ્વાસ રાખું ને, ડિયર?

દશરથ : વિશ્વાસ ધર!

કૈકેયી : જો જો પછી છાપામહીં ના આપતા...

દશરથ : શું?

કૈકેયી : કે 'ગુમાયો પુત્ર મારો
રામ, મારા દીકરા, મંજૂર છે તારી બધીયે માગણી.
માત તારી કકળી રહી,
ને પિતાના પ્રાણ જાશે તુજ વિના,
તું આવ પાછો, આવ પાછો!'

દશરથ : (મૌન)

કૈકેયી : આજીજી ના કરશો એવી કદી ને?

દશરથ : (બિલકુલ ચૂપ)

પ્રવક્તા : બોલે વધુ 'હેનપેક્ડ હસબન્ડ' શું પછી? શાને પછી?

(રામાયણ-ભક્તોની ક્ષમાપના સાથે)

ગામ-ગોરનું ગીત / *કરસનદાસ લુહાર*

ચોકડી મારીને આખા ગામ પર,
ગોર ઊભા છે પોતાના ગરબડિયા નામ પર!

દોઢ ડાહ્યું ગધનું આ આખુંયે ગામ
અને એક માતર આપણે જ ગાંડા,
આમ ગામ રાખે છે ઘેરઘેર ઘોડાં, પણ
ટાયડાં ને પૂંછડેથી બાંડાં!

એકાદું પૂંછલેલ દાનમાં દઈને કહેઃ
જાવ ગોર બેસીને આખર મુકામ પર!
ગોર ઊભા છે૦

પંચાવન વરસે મળ્યો મોકો ઘર માંડવા,
તો ગામ કહે : ગોરનું લ્યાં ફટક્યું!
ટીડડા જેવી એક મળતી'તી કન્યા, પણ
પણ ગામને લીધે જ બધું અટક્યું.

ગોરપદું, ગામ, બેઉ પડે ઊંડા ભાડમાં,
આજથી તો આપણે આરામ પર!
ગોર ઊભા છે૦

વાહ રફૂગર, વાહ! / *હરિકૃષ્ણ પાઠક*

વાહ રફૂગર, વાહ!
આમ તો તું યે એક કારીગર અદનો
તોયે ખુદને કલાકાર ઠરાવી ગામ આખાની એહ રળી ગ્યો વાહ;
વાહ રફૂગર, વાહ!
કોકનું આવ્યું લૂગડું, એમાં ક્યાંકથી ચોડ્યું થીગડું
પાછી રંગમેળવણી એમ કરી કે–
કોણનું લીધું, કોણને દીધું, કોઈ શકે ના કળી;
આમનો તાણો, તેમનો વાણો હોય ભલે–
પણ ભેગટ એવી કીધ ભલી કે પ્હેરનારાની આપદા ટળી.
હોય એ તો; ક્યાંક વાદળી ગાભે છેક છેડા પર
લાલ દોરાનો તગતો ટાંકો ભરતો છાની આહ,
વાહ રફૂગર, વાહ!
સઈ-સુથારી-કડિયા કે કુંભારને પૂછો કોઈ તો કહેશેઃ
ભઈ, અમીં તો રોજ-કારીગર છંઈ.
તું ય કારીગર આમ જુઓ તો સહુના જેવો
તો ય તે કલાકાર બની ગ્યો, છોભ કસી યે નંઈ...
ગજબ તારી રીત ને રસમ, જોઈને કહું ખાઈને કસમ –
રોજ દુઆ ગુજારતો રહું
થાગડ-થીગડ કરનારાં જે હોય – બધાંને સાંપડે તારી રાહ,
વાહ રફૂગર, વાહ!

એક પી.એસ.આઈ.નું ગીત / *જિતેન્દ્ર કા. વ્યાસ*

માણસ તો બોરડીનું ઝાડ છે!
ઝંઝેડો જેમ એમ આપે છે બોર, કોણ કહે છે એ ચામ અને હાડ છે?
માણસ તો બોરડીનું ઝાડ છે!

હપ્તા સચવાય છે તો સાચવી લો એમના
વરલી ને દારૂનો ભઠ્ઠો,
જોજે તું રામસીંગ, લુખ્ખા મુફલિસ લોક
ઢીંચી ના જાય ક્યાંક લઠ્ઠો;
'ઉપરવાળા'ની પૂરી મ્હેર છે, સાલા આ છાપાંવાળાની જ રાડ છે!
માણસ તો બોરડીનું ઝાડ છે!

આબરૂ તે દાર ચડે શખ્સ કોઈ હાથમાં
તો ઘાલી દો કોટડીની માંહ્ય;
રૂપિયાના રણકારે રણકારે, એહની
ઝાલીશું પાછળથી બાંય!
પોલીસનું થાણું છે વાઘ તણી બોડ, અને 'ખાતું' આ આપણું પહાડ છે!
માણસ તો બોરડીનું ઝાડ છે!

ખિસ્સાં કપાય અને ખૂનરેજી થાય,
ભલે ચારે પા રૈયત લૂંટાયઃ
આપણે તો રૈયતના દોસ્ત, નહિ ભેદ
ચોર-શાહુકારમાં ય તો રખાય!
આપણને થાય શું? આપણું છે રાજ, અને ખાખી દરવેશ તણી આડ છે!
માણસ તો બોરડીનું ઝાડ છે!

પરીક્ષાખંડના એક ઉદાર સુપરવાઈઝરનું ગીત
જિતેન્દ્ર કા. વ્યાસ

મારા તો બાપનું શું જાય?
રામ તણું ખેતર આ, રામ તણી ચિડિયાઁ છો આખેઆખુંય ચણી જાય!
મારા તો બાપનું શું જાય?

બેન્ચો પર બેઠાં છે હારબંધ પંખી,
હું ઊભો છું ચાડિયાની જેમ;
આપણું તો દાડિયું આ પાક્યું!, 'હે પંખીડાં,
મારા દિલમાં છે પૂરી રહેમ.
સાચવજો, ટહુકા રેલાય નહિ; આંહીં સાવ ધીમેથી ગુસપુસ છો થાય.'
મારા તો બાપનું શું જાય?

સંતાડી પેપરમાં કાળજું, લખે છે
પેલી છોકરી કે સોનેરી માછલી?
પાસે જઈ હળવેથી પેપર ખંખેર્યું ત્યાં...
હત્તારી! આ તો છે કાપલી!
'ડરતી ના, ધરમી આ આતમાથી કોઈ દી ના ભૂંડું કુંવારકાનું થાય.'
મારા તો બાપનું શું જાય?

ટચલી તે આંગળી ઊંચી કરીને
કોક નીકળે છે ખંડ થકી બ્હાર,
આવીને ફાંફાં ના મારે, શી છૂટતી
પેન થકી જ્ઞાન તણી ધાર!
ચીભડાં ગળે છે વાડ, પાડાઓ પાડે છે છીંડાં, હે શારદા, શું થાય?
મારા તો બાપનું શું જાય?

હેંડો રાજ કરવા જૈયે ! / *ભાનુપ્રસાદ ત્રિવેદી*

(છંદ : ચોપાયા)

ચંપા, ચંદા, શકરી, હેંડો રાજ કરવા જૈયે!
રાજ કરવા જૈયે, બ્હૌચરનું નામ લૈયે!

*

મતપેટીને ચડતા દા'ડા, નિત નિત નૌમા મ્હેના,
દાબો 'લી પગ માશીબાના, ટાંગા ખેંચો ફૈના!

*

શૅક્યુલરના ગરબા ગૈયે, ગરીબીનું રોઈએ,
ઝૂંપડપટ ચકચૂરિયે, માલૂદારના આઉ દૃહોઈયે!

*

ખમ્મા આપણા માફિયાઓને ચાચરમાં ઉતારિયે,
બૂથ બાથે ઘાલી જૈને પૂંઠે થપ્પા મારિયે!

*

હાંધા-હૈયા, તેર તોડી હાતને હલાડિયે,
ખુરશી ના આલે તો આખી વ્હૅલ્યને ઉલાળિયે!

*

દેકારે - પડકારે પાલ્લામૅન્ટોને ખોરવીએ,
એણી પેરે રૂડી ડૅમૉકર્શીને દોરવીએ!

*

અનામતો-પંચો-બોર્ડો-નિગમો-ભાયાત-જમાઈઓ,
હુવાવડ્યો કરિયે જ્યુગ જ્યુગ, શીરા લપકાવે દાઈઓ !

*

એક ઈન્ડ્યામાં ઊભાં કરિયે ઈન્ડ્યા તૈણ સો તેતરી,
જાદ્દ્વાથળીએ હોનાની દવારકાં લૈયે વેતરી!

*

બ્હૌમતીના ઘા પર ડાબેરી મરચું ભભરાવીએ,
કરી મૂકી ટૌવાડ, શાંતિ જાત્રાયો ચચરાવીએ!

*

બૈયર થઈને લઘુમતીની ચંપી કરતા ફૂલીએ,
ધરમ-નપેખી તિજોરી શું? દેશ આખો ડૂલીએ!

*

ઘૂસણખોરો દેશદરોહી રાજી કરિયે લ્હાણીએ,
કર ભરનારી પરજાને પીલીએ અવળી ઘાણીએ!

*

આત્યંકીનાં જ્યાફતતી મનાવા જૈયે રૂઠણાં,
ખોબા જેવડા દેશો આગળ ટેકી દૈયે ઘૂંટણાં!

*

અવશર હૈયે વધેરવાના, નાક કપાવી મ્હાલીએ,
ઢંગોરાની ઢીંકો મારી ચોવટ-શૂરા ફાલીએ!

*

ભેટ-નપાવટ-પગ-ફૂહૉડા પૉલિશિયે દેશ ઉધારિયે,
રંગે ચંગે ચરિયે, હોંશે ટીવી પર ખોંખારિયે!

*

લૉ - ઑફર ને વ્હૅવટમાં સદી ગ્યા ઠાગાઠૈયા,
ન્યાય-રખોપાં જનતાનાં તો કરશે કીચક-કૈયા!

*

બેહી શું રૂહૈયો છો રાંડો! ધમકે આયાં આણાં,
ટકા પડાવો, બચકા બાંધો, તાબોટાનાં ટાણાં!

ગજારૂઢા ગઝલ! / *ભાનુપ્રસાદ પંડ્યા*

(મનહર,સૉનેટ)

ગુજરાતી કવિતાના કમનીય કાનનમાં
ગજારૂઢા ગઝલ તો ઠેર ઠેર ઘૂમે છે!
ગઝલની 'ગુજ્જુ'રાણી અંબાડીના તખતપે
શાયરોનાં ટોળાં ઝૂકી શિર નામી ઝૂમે છે!
મુશાયરી માહોલમાં 'મત્લા'ના બોલ પરે
'ઈરશાદી' આવાજથી મહેફિલો ગુંજે છે!

નીકળે સવારી એની શબદના નગરમાં
અડાબીડ ભીડે હૈયેહૈયું ત્યાં દળાય છે!
સૉનેટ સુડોળકાય સંકોચાઈ ઊભું ક્યાંક
અછાંદસ, ગીત માથું કાઢતાં ભળાય છે!
ચોપાનિયાં, સામયિકો, છાપાં એનાં પાનેપાને
ગઝલની તસવીર છાપી રાજી થાય છે!
'ગજતણાં પગલામાં પગલાં સમાય બધાં'—
સુભાષિત ગુજરાતે સાચું દરશાય છે!

થોડાં લઘુ પ્રતિકાવ્યો / *ભાનુપ્રસાદ પંડ્યા*

વિશાળે જગવિસ્તારે નથી એક જ માનવી,
પશુ છે, પંખી છે પુષ્પો વનોની છે વનસ્પતિ.
- ઉમાશંકર જોશી

વિશાળે ઘરવિસ્તારે નથી એક જ શ્રીમતી,
પિતા છે, માત છે ભ્રાતા શિશુ છે કૈંક ટીખળી!

* * *

જગની સર્વ કડીઓમાં સ્નેહની સર્વથી વડી.
- સુન્દરમ્

વસ્ત્રની સર્વ ગડીઓમાં પાઘની સર્વથી વડી!

* * *

ઘટમાં ઘોડાં થનગને આતમ વીંઝે પાંખ,
અણદીઠેલી ભોમ પર યૌવન માંડે આંખ.
- ઝવેરચંદ મેઘાણી

ખાલી ડબ્બા ખડખડે માતમ વીંઝે પાંખ,
રાંધ્યા વિણ વાસણ પડ્યાં ક્યાંય ઊડે નહીં માખ!

માગું એક જ છીંક / *લાલજી કાનપરિયા*

માગું એક જ છીંક હરિવર! માગું એક જ છીંક
પળપળ મૂંઝાતા આ મારા જીવને નથી જ ઠીક.

શ્વાસનળીમાં સલવાણી છે જનમજનમની ચૂંક
હળવે રહીને હરિવર, તમે મારો એક જ ફૂંક!

ક્યાં સુધી આ મનડું મારું આખર ઝીલે ઝીંક
માગું એક જ છીંક હરિવર! માગું એક જ છીંક.

છીંક મળે તો માનું મળિયું ચૌદ ભુવનનું રાજ
છીંક વિના અટકી પડિયાં છે સઘળાં મારાં કાજ.

છીંક રૂપે આવોને હરિવર! તમે હવે નજદીક
માગું એક જ છીંક હરિવર! માગું એક જ છીંક.

અમથાજી આવડું ના સોચો / *રમણીક સોમેશ્વર*

સોચન કી બાતાં હે ઐસી કે
બાતન કી બાતન મેં પડી જાય લોચો
અમથાજી આવડું ન સોચો.

આંગણામાં મારો લટાર અને ખૂંપી જાવ
અંદરના ખૂણે ને ખાંચે,
જીવતરની એની એ પુરાણી પોથીને
ચશ્માંના કાચ રોજ વાંચેઃ
થ્કરમન કી એવી કઠણાઈ એમાં
એકાદો પથ્થર પણ લાધે નહીં પોચો.
અમથાજી આવડું ન સોચો.

સોચન મેં એવું કે હોવ તમે અહીંયા
ને તમે છતાં હોવ નહીં ક્યાંય,
કેટલુંય મનમાં ને મનમાં થઈ જાય
છતાં સરવાળે કંઈયે ના થાય;
એવું તો થાય, હશે, અમથાજી ખમ્મા,
આ અમથો કાં જીવ હવે કોચો !
અમથાજી આવડું ન સોચો.

દેડકીનું ગીત / *ભગીરથ બ્રહ્મભટ્ટ*

એક કૂવાની દેડકી એટલું ફૂલી ભાઈ એટલું ફૂલી
કે કૂવાને પડી ગ્યો વાંધો,
કૂવાએ ગામનાંને ચોખ્ખું કીધુંઃ
'મને પૂરો કાં દેડકીને કાઢો.'
ગાલોમાં ગાળ ભરી આવેલું ગામ
એણે દેડકીને હાડહાડ કીધું,
દેડકીએ ઉપરથી ડોળા દેખાડ્યા
ઘૂંટ જેમ ગામ આખું પીધું.
સમયના ટુકડાને સાંધી શકાય, તમે આભલાને કેમ કરી સાંધો?
કૂવાને પડી ગ્યો વાંધો ૦

થાકીને ગામ હવે બબડે છે એમ
કૂવાને કાંઠે છે ભૂત,
દેડકીએ કૂવાનેય ચોરી લીધો
હવે કૂવો છે દેડકીનું તૂત.
દેડકીના ડા'પણે કુંવારી ઘટનાનો બધો મલક કોરી ખાધો.
કૂવાને પડી ગ્યો વાંધો ૦

અમથાલાલનું વહાણ / *ધીરેન્દ્ર મહેતા*

તમે શોધવા જાઓ અરથ પણ હોય બધુંયે અમથું,
આનોય ના અરથ કશો અહીં આગળ જે હું કથું.

તમે ઉમેરો અરથ અને એ અરથ ઉકેલી ચાખો,
ચાખીને લ્યો સ્વાદ,
સ્વાદના બોલાવો સિસકારા;
હોય નહિ ને થાય,
એ અમથું ના કહેવાય તો શું કહેવાય,
કહો, ભઈ મારા!

મનેય આવે છે સ્વાદ, કહો છો?
હા, ભઈ, આવે છે પણ અમથો.
બીજું કૈ ના'વે એમાં,
ના'વે એને તાણી કાઢવા મથો?
તમે મથો છો એવું લાગે મને એય પણ અમથું,
એનોય ના કંઈ અરથ તમારી આગળ જે હું કથું.

અમથું અમથું થાય બધું તે સમજું,
ને હું સમજું તે ય બધું છે અમથું.
આનો છે અંજામ એટલો નામ તમારું પડ્યું છે અમથાલાલ,
તમે કહો છો, અમથું તો ના હોય કશું,
તો શાનું છે આ વહાલ?

ફોગટ ફોગટ મરકે ફોગટલાલ / *રમણીક સોમેશ્વર*

ચોક વચાળે ઊભા રહ્યા છે ફુલાવીને ગાલ
ફોગટ ફોગટ મરકે ફોગટલાલ.

પગમાં એવો ઠમકો
નાચે ઠેક દઈને તા... થા...
બે-ત્રણ ખેલ મહીં તો
આખી પૂરી થતી ગાથા.
સાતે સાત સૂરોને છેડે, મલે ન એકે તાલ.
ફોગટ ફોગટ મરકે ફોગટલાલ.

એક આવડી ઝોળીમાં
જીવતર આખાની જણસો,
ગણી ગણીને વિતાવે
ફોગટ, વરસોનાં વરસો.
ચલો છોકરાં! તાલી, બાકી ખેલ ભજવશું કાલ.
ફોગટ ફોગટ મરકે ફોગટલાલ.

પ્રેમમાં તારી સિદ્ધિ / *નિર્મિશ ઠાકર*

'સિદ્ધિ' તારી પ્રેમિકા
તું મળતાં શરમાય,
પત્રો તું મબલખ લખે
રોજ ડિલિવર થાય.
તું લખતો ને પોસ્ટમૅન
નિત પરસેવે ન્હાય.
રૂબરૂ મળનારો ગમ્યો
તુજને ક્યાં સમજાય?
'સિદ્ધિ' પામ્યો પોસ્ટમૅન
તું અમથો પસ્તાય!
'સિદ્ધિ' તેને જઈ વરે
જે પરસેવે ન્હાય!

વ્યંગ-તઝમીન / *નિર્મિશ ઠાકર*

(૧)

(મૂળ શે'ર)

ઉઘાડાં દ્વાર રાખીને સતત જાગ્યા કરું છું હું
તમે આવો નહીં, એ વાત હું માની નથી શકતો.
- *કૈલાસ પંડિત*

(વ્યંગ-તઝમીન)

રૅશનાલિસ્ટ અને સમાજ

બરાડા 'જાગૃતિ' અંગે સતત પાડ્યા કરું છું હું
પ્રતિઘોષો અપેક્ષિત છે, સતત ગાજ્યા કરું છું હું
ભ્રમો તો હોય ના, તો શું સતત પાળ્યા કરું છું હું?
ઉઘાડાં દ્વાર રાખીને સતત જાગ્યા કરું છું હું
તમે આવો નહીં, એ વાત હું માની નથી શકતો.

*

(૨)

(મૂળ શે'ર)

કાપ કરવત કાપ મારાં આંગળાંની છાપને
હું કબૂલું છું ગુલાબો ચૂંટવાના પાપને.
- *ચિનુ મોદી*

(વ્યંગ-તઝમીન)

વિવેચકનો પશ્ચાત્તાપ

'કૈં ઉગાડી ના શકે તો ચાલ થોડું કાપને!'
એ રીતે મેં જાળવેલું આ ચમનના માપને
આજ લે કાબૂ નથી જો આ વ્યથાના વ્યાપને
કાપ કરવત કાપ મારાં આંગળાની છાપને
હું કબૂલું છું ગુલાબો ચૂંટવાના પાપને.

*

(૩)

(મૂળ શે'ર)

હું મુક્તિ કેરો ચાહક છું, મને બંધન નથી ગમતાં
કમળ બિડાય તે પહેલાં ભ્રમરને ઉડ્ડયન દેજે!
- *નાઝિર દેખૈયા*

(વ્યંગ-તઝમીન)

ઘટનાલોપ અંગે સુરેશ જોષી

પુરાણાં માપદંડો છે? તો મૂલ્યાંકન નથી ગમતાં
કથાઓમાં બનાવોનાં મને અંકન નથી ગમતાં
કશું બનવાને અંગે આટલાં ચિંતન નથી ગમતાં
હું મુક્તિ કેરો ચાહક છું, મને બંધન નથી ગમતાં
કમળ બિડાય તે પહેલાં ભ્રમરને ઉડ્ડયન દેજે!

*

(૪)

(મૂળ શે'ર)

ગુજારે જે શિરે તારે જગતનો નાથ તે સહેજે.
ગણ્યું જે પ્યારું પ્યારાએ, અતિ પ્યારું ગણી લેજે.
- *બાલાશંકર કંથારિયા*

(વ્યંગ- તઝમીન)

વાચકોને ખાસ આગ્રહ

કવિની છે મમત, એને 'જગતનો નાથ' તું કહેજે
કવિતા ઠીક છે, પણ તું કવિથી ચેતતો રહેજે
ન એનાથી રહે છેટું, પછી તો વેઠતો રહેજે
ગુજારે જે શિરે તારે જગતનો નાથ તે સહેજે
ગણ્યું જે પ્યારું પ્યારાએ, અતિ પ્યારું ગણી લેજે.

ગઝલ / *મરીઝ*

બસ દુર્દશાનો એટલો આભાર હોય છે,
જેને મળું છું મુજથી સમજદાર હોય છે.
ઝંખે મિલનને કોણ જો એની મઝા કહું?
તારો જે દૂરદૂરથી સહકાર હોય છે.
ટોળે વળે છે કોઈની દીવાનગી ઉપર
દુનિયાનાં લોક કેવાં મિલનસાર હોય છે.
દાવો અલગ છે, પ્રેમનો દુનિયાની રીતથી
એ ચૂપ રહે છે, જેને અધિકાર હોય છે.
કાયમ રહી જો જાય તો પેગંબરી મળે
દિલમાં જે એક દર્દ કોઈ વાર હોય છે.
હો, કોઈ પણ દિશામાં બુલંદી નથી જતી
આકાશ જેમ જેઓ નિરાધાર હોય છે.
જાણે છે સૌ ગરીબ કે વસ્તુ બધી મરીઝ
ઈશ્વરથી પણ વિશેષ નિરાકાર હોય છે.

પ્રતિકાવ્યો / *નિર્મિશ ઠાકર*

ફ્લૅટને ત્રીજે માળથી...

તે પંથીની ઉપર કચરો ફેંકતાં ફેંકી દીધો,
નીચે આવ્યો તન ઉપર ને તૂર્ત ફેલાઈ જાતાં;
પેલો પંથી તરફડી રહ્યો શ્વાસ રૂંધાઈ જાતાં.
શું છે... શું છે? - અચરજ થતાં ત્યાં વળ્યું એક ટોળું,
છાંટ્યું કો'કે તરત જળ ને ઊઘડ્યો સ્હેજ ચ્હેરો.
(ગૅલેરીથી ઘટ ઘટ પીતો દૃશ્ય હું ભવ્યતાનું!)
ઊઠ્યો એ હા... કડક-હલકી ગાળ દેવા ફરીને?
નાઠા હું તો ઘર મહીં, ડરી ઇચ્છતો ઊડવાને!
(નીચે પેલો કર ઘસી રહ્યો, ઇચ્છતો ઝૂડવાને!)
ના પાડી મેં પથ તરફ કૈં ફેંકવા શ્રીમતીને.
હે પંથીડા, સુખથી ફરજો ફ્લૅટ પાસે ફરીથી!
રે રે શ્રદ્ધા ગત થઈ પછી કોઈ કાળે ય આવે?
આવે તોયે છતરી લઈને, બ્હાર કાઢે ન માથું,
કાઢે ક્યાંથી? સ્મરણ નડશે ક્રૂર આ હસ્તનું ત્યાં!
લાગ્યા ઘાને વીસરી શકવા કોઈ સામર્થ્ય ક્યાં છે?

(શ્રી 'કલાપી'ની ક્ષમાપના સાથે)

શરણાઈવાળો, શેઠ ને... સાંબેલું!

એક શરણાઈવાળો સાત માસ માંડ શીખી,
રાગરાગણી બગાડવામાં ઊંચકાણો છે!
એકને જ કરું ફ્લૅટ - ટેક એ જ રાખી એક,
શેઠને ખીજાવી કૅશ લેવાને ગુડાણો છે!
કહે રે નિર્મિશ પછી બોલ્યો તે સમજુ શેઠઃ
'વાદક નપાવટ, તું ફોગટ ફસાણો છે!'
પોલું છે તે બોલ્યું, એમાં મારી તેં શી ધાડ, ચાલ—
સાંબેલું વગાડે તોય જાણું કે તું શાણો છે!
ઝટ શરણાઈવાળો મારી દોટ, પાસમાંથી—
સાંબેલું લાવીને ઠોક્યું, શેઠ લ્યો ઝૂડાણો છે!
'વાગ્યું રે સાંબેલું!' કહી આળોટતો શેઠ, એનું—
પાકીટ મારીને કલાકાર હરખાણો છે!

(કવી શ્રી દલપતરામની ક્ષમાપના સાથે)

પ્રતિગઝલ / *એમ. ઝાલા*

હસ, હસવાનો કેટલોય ભાર હોય છે,
જેને મળું છું, મુજથી 'વજનદાર' હોય છે.
સમજે તો મને કોણ? જો એની રજા લઉં,
મારો એ ભવભવનો અધિકાર હોય છે.
તૂટી પડે છે કોઈની યે વાનગી ઉપર
દુનિયાનાં લોક કેવાં લિજ્જતદાર હોય છે.
ભાવો અલગ છે એમના દુનિયાની રીતથી
એ લૂંટ કરે છે, જેનો જે વેપાર હોય છે.
કાયમ થઈ જો જાય તો બેનંબરી બને
ઘરમાં છે એ જ મર્દ, શું બહાર હોય છે?
જો! કોઈ પણ ખિસામાં અમસ્તી નથી જતી
આશાથી જતી બ્લેડ બહુ ધારદાર હોય છે.
જાણે છે સૌ ગરીબ કે સસ્તું કશું નથી જ
ઈશ્વરથી ધન વિશેષ ચમકદાર હોય છે.

(સ્વ. મરીઝ સાહેબની ક્ષમાપ્રાર્થના સહ)

માનવ પરિસ્થિતિ / *બકુલ ત્રિપાઠી*

લગન સિઝન વૈશાખી
ને છે જાને જાવાની
લગન છગન મન ઘણી
પરંતુ ક્યમ પહોંચાશે?

અગન ગગનથી ઝરે
છગનની છત્રી ઊઘડે નહીં
સડક ગરમ થઈ ધખે
છગનના બૂટ ડંખતા ભઈ!
છગનના બૂટ ડંખતા ભઈ!

છગન મરદ થઈ ધપતો આગે
થનગન થનગન ડગ લઈ
ઊઘડી છત્રી
પવન ઝપાટે
છત્રી કાગડો થઈ
છગનની છત્રી કાગડો થઈ!

છગન તરત બુદ્ધિ યોજીને
બગલ દબાવે છત્ર
આંખ છગન ચોળે છે
કારણ ઊડત ધૂળને પત્ર.

ઊડત પવન ને ધૂળ
છગન ધોતી સંભાળે
સડક મધ્ય એક શ્વાન
છગનને રસથી ન્યાળે.

છગન આમ તો ધીર
અધીર અચાનક આજે
ઝડપ દઈ ડગ ભરે
શ્વાન શું નજર મિલાવે...

શ્વાન અચાનક બખ્ખ કરીને ઊભો
છગનને તરત ડરાવે
છગન દેહમાં કંપ
સડપ દઈ છત્રી વીંઝે...

છત્રી હસ્તથી છૂટી
દૂર જઈ પડી
એક ટ્રક આવી
છત્રી પર ચાલી

શ્વાન ભડકાવી
હટાવી દૂર એને
ગઈ ક્ષિતિજ વટાવી.

છગનં હવે શું કરે?
સડક તો ગરમ ધખે છે.
બૂટ ડંખતા હસ્ત ગ્રહી
થનગન થનગન ચાલે
છગન થનગન થનગન ચાલે
અગન ગગનથી ઝરે...



શેઠે રસોઇયાને બોલાવ્યો અને કહ્યું : 'જો, આવતી કાલથી મારી સાસુ અહીં વીસ દિવસ રહેવા માટે આવે છે અને આ એને ભાવતી વસ્તુઓની યાદી છે.' એમ કહી એણે રસોઇયાને કાગળ આપ્યો. રસોઇયો યાદી વાંચતો હતો અને શેઠે ફરી કહ્યું, 'જો સાંભળ, આમાંની એકેય વાનગી હમણાં વીસ દિવસ સુધી બનાવીશ તો તારું આવી જ બન્યું સમજજે!'

ચ્હા લાવનાર છોકરાની નજરે / *બકુલ ત્રિપાઠી*

આ રંગભૂમિ છે અહીં દુનિયા નિરાળી છે
અહીં સાચું શું ને ખોટું શું ચર્ચા નકામી છે.
છે રસ? તો કહું વાત જે લોકોમાં ચાલે છે.
શું સત્ય ને અસત્ય એ ફક્ત ભગવાન જાણે છે.

આપણે કંઈ ભૂંડું નથી બોલવું' 'કો'નું
(પણ) સીતાજી પર લંકાપતિ જબ્બરના લટ્ટુ છે!
છે વૃદ્ધ સીતાનો પતિ (માલિક મર્યો છે એ!)
દાઢી લગાવી વાલ્મિકી બનવાનો શોખ છે!
આ રંગભૂમિ છે...

'રાવણને કાઢવો' સતત વાલ્મિકી વિચારે,
પણ કાઢવો કેવી રીતે? રાવણ બીજો નથી!
ને રામની દાનત છે કે રાવણ બની જવું!
(રાવણનું પાત્ર લોકમાં જામી ગયેલ છે.)
તકલીફ શી છે કે રામનું કાંઠું જરા ઢીલું
ટ્રાયલ લીધી બે ચાર પણ એ માર ખાય છે!

આ રંગભૂમિ છે અહીં દુનિયા નિરાળી છે.
વાસ્તવ શું ને તરંગ શું ચર્ચા નકામી છે.

રાવણ અને શત્રુઘ્ન...
રાવણ અને શત્રુઘ્ન બે ત્યાં પાનાં ખેલતા
હનુમાન મરામત કરે લક્કડિયા શસ્ત્રની
લક્ષ્મણ ખૂણે બેસીને ત્યાં સિગારેટ ફૂંકતો
શ્રીરામ કરે ઈસ્ત્રી અહીં રાવણના વસ્ત્રની
આ રંગભૂમિ છે...

સીતાજીની તબિયત તો નથી આજ બરાબર
શ્રી વાલ્મિકી - સીતાપતિ - એના દબાવે પાંવ
દશરથ ગયા છે લીવ પર પત્ની સિમંતમાં
ગોખે છે કુંભકર્ણ અહીં દશરથના પાઠને

આ રંગભૂમિ છે અહીં દુનિયા નિરાળી છે.
ચ્હા લાવનાર છોકરો થઈ મેં નિહાળી છે.

રાવણ પરમ દયાળુ રકાબી મને ધરે
શ્રીરામનો ટેમ્પર! ફગાવી દે ખરાબ ચ્હા!
કૌશલ્યાદેવી રોજ પૂછે, કેટલી છે ખાંડ?
કૈકેયી ફક્ત કૉફી પીએ... વાહ! શો રૂઆબ છે!
આ રંગભૂમિ છે...

હનુમાનજીનો જીવ ઠરે બે-ત્રણ વિના નહીં!
કપ સેરવી લે કોકનો (જે) હાજર અહીં નહીં
છે કંપનીનો રૂલ કડક એક એક કપ
બજરંગબલિ કાવતરાં કરે! શી અહો તડપ!

શત્રુઘ્ન પરે સૌ કરે દાદાગીરી જ ખૂબ
કારણ એ બિચારાની સતત તોતડાતી જીભ
એ સ્ટેજ પર આવે પરંતુ ડાયલૉગ ક્યાં?
લાગે રૂપાળો ખૂબ બસ તેથી જ આંહી છે.
આ રંગભૂમિ છે...

છેવટે વાલ્મિકીનો આવો વિચાર છે
કરું બંધ રામાયણ મહાભારતનો નાખું ખેલ
પાત્રો બધાં ઉત્તમ મળી રહેશે એ સ્પષ્ટ છે.
રાવણને દેવું પાણીચું બસ એ જ ઈષ્ટ છે.
આ રંગભૂમિ છે...

સીતાજી કહે દ્રૌપદી ભજવી શકીશ હું
રાવણ એ દુઃશાસન બને એ મુખ્ય શરત છે!
રાવણનો ઈરાદો કે નવી મંડળી કાઢું
સીતાનું હરણ સાચ્ચે કરું એવો પ્લાન છે.

શ્રી વાલ્મિકી મૂંઝાય છે આ છેલ્લી વાતથી
ઊંઘ્યા નથી બોલો, એ છેલ્લી સાત રાતથી
આ રંગભૂમિ છે...

આગળ શું થશે એનું મને પૂછશો નહીં
ચ્હા પાઈને ચાલ્યા જવું સાચ્ચો ધરમ્મ છે
પણ ફાંગી આંખે જોયું તેનો આ મરમ્મ છે
કે રંગભૂમિ જિંદગી જેવી છે બરાબ્બર
મીઠી કડક! પણ દા'ઝશો! ગરમાગરમ છે!
આ રંગભૂમિ છે!
આ રંગભૂમિ છે!
આ રંગભૂમિ છેએએએએ...!

સેંભરના ગોગ

ડૉ. કેશુભાઈ દેસાઈ

ઝાક વળી ગઈ ત્યાં લગી રાસંગ હજી ધરવાડના ખેતરે મોચમ દઈ રહ્યો હતો. ડોસા ક્યારનાય છણકે ચડ્યા હતા : બધું એકી દા'ડે ઉથામવાનું છે? બાપડાં ગાયનાં જણ્યાંની દયા તો તાક્ય! હબાડદું એકી પા'થી હાચી મેલ્યા વિના! બધું આંયનું આંય રે'વાનું છે. હાથીં (સાથે) કશું નીં આવે.

એમનો ગણગણાટ એક વાર શરૂ થઈ ગયો પછી રામ તારી માયા. જ્યાં સુધી રાસંગ પેલા 'ગાયના જણ્યા'ના કાંધ પરથી ધૂંસરી નહીં છોડે ત્યાં સુધી એકધારું બબડ્યા કરવાના. કોણ જાણે પરભવમાં મહાજન હશે કે શું ? બળદિયાને સાટકો મારતાંય સો વાર વિચાર કરવો પડે. એમને અણસારોય આવી ગયોતો પનોતી લોઢાના પાયે બેઠી જ જાણો! બળદિયું તો ખાલ ધ્રુજાવીને માર ભૂલી ય ગયું હોય પણ આ દયાના દેવને બે કલાક સુધી એ સાટકો ચચર્યા કરશે. હવે ખેતી કરવા બેઠા હોઈએ તો ક્યારેક વાંકા કીંઠતા ધોરીને આર ઘોંચવી પણ પડે. એ કંઈ માણસ થોડું હતું કે ઠપકો આપીએ ને સીધું ચાલતું થઈ જાય!

બાપ-દીકરા વચ્ચે આવી વડછડ તો રોજની બીના બની ગઈ હતી પણ નેળિયામાં બપોર વેળાના વણપળોટ્યું રેલ્લું લઈને ઊભા રહેલા દેવુભાના કાને એ પહેલી જ વાર પડી એટલે ભાભો બે દહાડાના ભૂખ્યા હતા છતાં એમને શેર લોહી ચડી ગયું. જરૂર રેલ્લાનો વેત પડી જવાનો! એ મનમાં ને મનમાં મલકાતા હતા કે ગાડાવટ વળોટીને રાસંગનું ગાલ્લું નીકળ્યું. ડોસા પાડોશી છગન કાળુની ભેંસના મંદવાડના સમાચાર સાંભળેલા એટલે ખબર કાઢવા રોકાયા હતા. રાસંગને એકલો ભાળીને ભાભાના લોથ થઈ ગયેલા ટાંટિયા ટાઈટ થઈ ગયા.

'પટ્યોલ, રૉમ રૉમ!' કહેતાં એ લાગુ થઈ ગયા. ડચકારીને રેલ્લું આગળ કર્યું. જેથી એ પટેલની નજરે પડે.

'રૉમ રૉમ ભા! ચ્યાંથી આવવું?' વિવેક ખાતર રાસંગે એટલું તો માંડ પૂછ્યું ત્યાં દેવુભાએ કથા ચાલુ કરી દીધી. 'શું કહેવું ભાઈ! જમાનો બારીક આવી ગયો છે. માણસજાતે માણસાઈ નેવે મેલી છે. અમારાં ગઢવાડાં તો જોયાં હશે? એ દિશામાં આવવાનો જોગ ન બન્યો હોય કદાચ, તો ય પંથકની પડતી દશા વિશે તો સાંભળ્યું જ હોય. આખો મલક દુકાળની દાઢમાં ઓરાયેલો ને અમે તો પાછા ભાભા. દીકરી પરણવા જોગ થઈ છે પટેલ! બે વીઘાં જમીન આઘી-પાછી કરીનેય એને ઠેકાણે પાડ્યા વગર થોડું ચાલશે? ખાનદાની ખાતર જરૂર પડે તો જાતે ય વેચાવું પડે, સત્યવાદી હરિશ્ચન્દ્રની જેમ!'

આંજણા (રાસંગ)ના દિલમાં દયાનું ઝરણું ફૂટ્યું છે એટલું તો એનો શક્કો જોઈને વાટનું જનારું ય કળી શકે. આ તો દેવુભા દરબાર. એમણે લાગ જોઈને સોગઠી મારી દીધી : 'અમારે જાનૈયાઓને સાબુ આપવા પડે છે, એક ગોટી નહાવા માટે અને એક લૂગડાં ધોવા કાજે. દીકરીના કરિયાવરનો વેત તો થઈ ગયો, પણ જાનૈયાને સાચવવા એ ભારે કપરું વાનું છે, બાપ. આ તો ભાભા. અટક્યા તો ગઈ વાત. આબરૂના ધજાગરા કરે. દીકરીના બાપને તો વખ ઘોળવાવારો જ આવે!' ગળગળા થઈ જઈ એમણે ઉમેર્યું : 'ઠેઠ કિનારે આયેલું ડૂબે છે...' 'લાંબી ચૂંથ કર્યા વગર મુદ્દા પર આવોને ભાભા! પાંચપચીસનો ટેકો જોઈએ છે એમ કહોને સીધેસીધું!' રાસંગે એની અકળામણ પેલા વંકાઈને વાડમાં પેસી જતા મૂંઝળા પર કાઢી. એકસાથે એને ત્રણ-ચાર સોટા ચપોડી દીધા. 'તને ઢેડ તાણે! હાળું ચરબી કાઢે છે.'

'એમ કંઈ માગણ થોડા છીએ? ગમેતેવી માઠી દશા હશે પણ રાણા પરતાપના ભાયાત છીએ!' દેવુભાનું સ્વમાન ચચરી ઊઠ્યું. 'આ રેલ્લો લઈને એમ ને'મ નથી આવ્યો. વેચવાનો છે.'

રાસંગને હસવું આવી ગયું. 'રેલ્લો વેચીને સાબુના લાટા ખરીદશો? - પછી ખાશો શું?' એ ડચકારા બોલાવી અડિયલ મૂંઝળાને શાપ આપવા લાગ્યો : 'તારું નખ્ખોદ જાય! હાળું, સીધું હેંડવાનું તો શીખ્યું જ નહીં, ઘયડું થયું તોય! આ યે આગલા ભવમાં ભાભો જ હશે!'

દેવુભા પાસે જવાબ તૈયાર હતો : 'જમીન જ નથી રહી ત્યાં રેલ્લો શા ખપનો?' એ ફિલસૂફી પર ઊતરી ગયા : 'જેણે ચાવણા આલ્યા છે એને ફિકર નહીં હોય?' એમણે જરા ખોંખારીને ઉમેર્યું : 'ને બાવડાં સાબૂત છે ત્યાં લગણ તો—' એમણે ગળફો થૂંકી નાખતાં ઉમેર્યું : 'આવડી મોટી પરથમી પડી છે. શેર આટો નહીં મળે? એવું તે શું અંધારું છે? એમ કંઈ તમારા જેવાનું ટાંપું કર્યે નાના બાપના થોડા થઈ જઈશું?'

રાસંગ ખખડીને હસ્યો : 'મજૂરી કરતા હોત તો તો આ દા'ડા આવ્યા જ ન હોત ને!' રાસંગે આખી કોમ પર કટાક્ષ કર્યો છે એમ સમજી દેવુભાએ હોંકારો ધર્યો : 'એ તો છે જ ભઈલા. ભાભા એ ભાભા. ભૂખે મરી જશે તો ય પટેલ થોડા થઈ શકવાના છે? લોહીના ગુણ જાય ખરા? સીંદરી બળી જાય છતાં વળ મેલે છે?'

આગળ ગાડું ને પાછળ દેવુભાનો રેલ્લો. નેળિયું પૂરું થવા આવ્યું પણ દેવુભા થોભવાનું તો નામ જ લેતા નથી! 'કહું છું, આ રેલ્લો રાખી લો, પટેલસાહેબ!' એમણે આખરે પેટછૂટી વાત કરી જ નાખી : 'આમ તો પાનસો-છસોનો ગણાય; પણ તમે જે આપશો એ સવાવીસ. ભીડમાં છું એટલે વેચવા નીકળ્યો છું. નહીંતર આવું જાતવાન જાનવર તો આંગણની શોભા વધારે!' એમણે વહાલથી

રેલ્લાની પીઠ પર હાથ ફેરવ્યો. રેલ્લાએ છીંકોટો માર્યો એટલે એ બોલ્યા : 'જોયું? કેવો સમજણો છે! એને તો ભાભાનું ખોરડું છોડવું જ નથી!' પછી રેલ્લાને બુચકારતા કહેવા લાગ્યા : 'પટલાણી તો તને પેટનો જણ્યો કરીને સાચવશે! ભાભાનું ઘરેય લુખ્ખું ને ઠકરાણાંનાં લાડેય...'

રાસંગને ફરી વાર હસવું આવી ગયું : 'તમે તો જાણે રેલ્લો વેચાઈ ગયો એમ માની લીધું છે!'

'એ વેચવાનો જ છે ને...! ને તમારે જ રાખવાનો છે. મારે તો દીકરા બરાબર છે. સુખમાં જતો હોય ને પચાસ-સો ઓછા આપતો જાય તો ય ક્યાં વાંધો છે?'

રાસંગને લાગ્યું કે આ લોથ આમ ને આમ ઘર સુધી પાછળ તણાશે. એણે હાથ ધોઈ નાખ્યા : 'સાંભળી લો, મારે તો આ જોડ છે એ જ સરખી નથી સચવાતી, ત્યાં તમારું રેલ્લું ક્યાં બાંધું? ગાયના જણ્યાને દખી કરવાનું અમને ન પરવડે. બીજે પૂછપરછ કરો. કોઈ ને કોઈ મળી રહેશે લેવાવાળું. આવડું મોટું ગામ પડ્યું છે. એમ કરો : કાલે ગામજમણવાર છે. પોં'ચી જાવ ચૉરામાં.'

એણે ડચકારા બોલાવી ગાડું હંકારી મેલ્યું. મૂંઝળો બેસું બેસું થઈ ગયો. દબાયેલા સૂરમાં, – 'આમ ત્રણ ટકાના ટેંટા આગળ આબરૂ ન કાઢતું હોય તો!' – કહી હેઠો ઊતરીને એ સાટકો લઈ ફરી વળ્યો. અણસાંભળ્યું કરીને દેવુભાએ વાણિયાબુદ્ધિ વાપરી : 'બાપડાના આંટા આવી રૂયા છે. માણહ નોકરી કરતું હોય તો ય પંચાવન-છપ્પન વર્ષે શરકાર રિટાયર નથી કરી દેતી?'

રાસંગને રીસ તો ઘણી ચડી પણ ચામડાની જીભ, ને કંઈ આડુંઅવળું લવી જાય તો વણજોઈતી આફત ઊતરી આવે. બળદિયું બળદિયાના ઠેકાણે રહી જાય ને વહાર લઈને ગામ ઊમટી પડે. આ તો ગઢવાડાં; એમાંય પાછી આ તો ભાભાની જાત. સત્તર દા'ડા ભૂખે મારો એ ચાલે. પણ ભૂલેચૂકે તુંકારો દેવાઈ ગયો તો લોહું કરે! એનાથી ચેતીને ચાલવામાં મજા. એને ગુસ્સો આવ્યો હતો છતાં મોઢું હસતું રાખવાની કોશિશ કરતાં બોલ્યો : 'આપણે સરકાર નથી ને, ભાભા! આપણે રહ્યા લોક. એમ ગજા વગરના કૂદકા ભરતા થઈ જઈએ તો કોક દા'ડે લૂલા થઈએ. એમાં બીજાનું શું જાય? જોનારને જોણું થાય.'

ભાભાએ એમના રેલ્લાની શિંગોટી ખંજવાળતાં કહ્યું : 'ના રાખવો હોય તો ના રાખતા. પણ પલોટી તો જુઓ!' એ હસ્યા : 'બાપડા મૂંઝળાને એટલી રાહત થશે. ને આને ટ્રેનિંગ મળશે! આજે નહીં તો કાલે, કોકની ધૂંસરી હેઠ તો પેસવાનું જ છે ને બાપડાને! કોઈ બેઠાં બેઠાં થોડું નીરશે?'

રાસંગે એમની દરખાસ્ત ફગાવી દીધી : 'શું નામ દરબારનું?' ભાભાએ નામ કહ્યું કે પળની રાહ જોયા વગર એણે ચોખ્ખી ગુજરાતીમાં સંભળાવ્યું : 'મારી વાત જરા કાન માંડીને સાંભળી લો, દેવુભા! તમે મફતમાં આલવા આવ્યા હો તો ય મારે તમારો રેલ્લો નથી જોઈતો.' પછી એણે ઝઝણી ચઢાવીને એક સાટકો એવો જોરથી જમાવી દીધો કે મૂંઝળો સીધોદોર થઈ ચાલવા લાગ્યો.

દેવુભા છોભીલા થઈ ઊભા રહી ગયા, નેળિયા વચ્ચોવચ. ગાડું ધૂળ ઉડાડતું પાદર નજીકની વાંટાવાળી વાડી ભણી વળ્યું. ત્યાં લગી એમની નજર જ તો મૂંઝળાના માલિકને જ નીરખતી રહી. ભલે ના પાડતો હોય. રેલ્લો એને જ બઝાડવો છે. એને ય યાદ રહી જાય કે ભાભો મળ્યો'તો! એમાં ધીમાં, ભાંગેલાં ડગલે પાછળ પાછળ જવા લાગ્યા. જુવાનીના જોશમાં આંજણાને બોચીમાં આંખો આવી ગઈ હતી, પણ ડોસા તો એના જેવા હઠીલા નહીં જ હોય! ઉપરવાડે ઠપકો આપતા સાંભળ્યા ત્યારથી દેવુભાના મનમાં સધિયારો બેસી ગયો હતો. દયાળુ ડોસાના કાને જરા ગોઠવીને વાત નાખવી પડે : દીકરી પરણાવવાની આવી છે એટલું સાંભળશે કે એમનો માંહ્યલો જાગી ઊઠશે. દેવુભા મનમાં ને મનમાં રેલ્લાના રૂપિયા ગણવા લાગ્યા : પચા'-સો ઓછાવત્તા મળશે તો ય શો ફેર પડી જવાનો હતો? પણ ઉધાર-બુધારમાં નથી પડવું. કાલે વાત ચેરાઈ જાય તો આ તો બૂંહા! જેલના સળિયા જ ગણાવે માળા! મેળ પડે તો રાતે ને રાતે બમકાવી મેલવામાં જ મજા. ફેં ફાટતાંમાં તો હુંદાંહણા ભેગા થઈ જવાય.

દેવુભા રેલ્લો દોરીને ધીમે ધીમે થોડું ચાલ્યા હશે ત્યાં પાછળ કોઈ આવતું વરતાયું. એમણે રેલ્લો બાજુએ લીધો. 'રામ રામ ભગત!' ડોસાને ઓળખી ગયા હોઈ એમણે ભારે વિવેકપૂર્વક પૂછ્યું : 'આગળ ગાલ્લું ગયું એ આપણું જ કે, દાદા?' 'આપણું શેનું ભા! ભગવાનનું.' ડોસાએ આભલા સામે આંગળી કરી. 'મનેખ ઠાલું મારું મારું કરતું ફરે છે જાણે કે બધું સાથે ન આવવાનું હોય!' એમણે વળતું પૂછ્યું : 'મે'માન બહારગામના લાગે છે! શી નાતે છો ભિયા?' 'ગઢવાડાંનો ભાભો છું દાદા! વખાનો માર્યો રેલ્લું વેચવા નીકળ્યો છું. દીકરીનાં લગન લીધાં છે. બે વીઘાં જમીન હતી એ ય આઘીપાછી કરી નાખી. હવે આ ગાયનું જણ્યું આંગણે બાંધીને શું ખવરાવું?' એ લાચારી દર્શાવી મૌન થઈ ગયા.

ડોસાએ રેલ્લાના ડિલ પર હાથ ફેરવતાં પૂછ્યું : 'કેટલા દાંત છે?' એમનું વહાલ પારખી ગયેલો રેલ્લો પૂંછડું ઊંચું કરીને ઊભો રહ્યો એટલે એ વધારે રાજીપો અનુભવતાં બોલ્યા: 'જાતવાન બચ્ચું છે એમાં ના નહીં! માણસાઉ છે. અજાણ્યો હાથ ફર્યો તો ય કેવો કૉળી ઊઠ્યો!'

દેવુભાને ગાડી પાટે ચડતી લાગી. બોલવામાં તો એ ક્યાં પાછા પડે એવા હતા? 'એને આગોતરો અણસારો આવી ગયો લાગે છે કે હવે મારે ભગતજીના ઘરનાં છોતાં ખાવાનાં છે!' એમણે બનાવટિયું હસીને ઉમેર્યું : 'મેં તો ભઈને કીધુંય ખરું. બાપડો

મૂંઝળો ધૂંસરું મેલી દે છે એના કરતાં આ નવા વછેરાને જોડી દો ને! એને થોડો આરામ કરવા દેશો તો દુબળા નહીં પડી જાવ!'

મૂંઝળાનું નામ પડ્યું કે ડોસા પીગળ્યા : 'સાવ નેંધણિયું હતું ત્યારનું હીંડે છે બાપડું. પછી કોક દા'ડો તો રજા માગે ને?' એમની આંખોમાં કરુણા ફૂટી : 'કોદરામથી લાવ્યો'તો... ખાસ્સાં દસ-બાર વરસ થયાં એ વાતને.'

'તો બિચારાને દસ-બાર ધોરો થઈ એમ કહોને! સાચવણ એવી છે કે અજાણ્યા માણસને તો માંડ છ-સાત ધોરો લાગે!' ભાભો જાણતા હતા કે આવું બોલીએ એટલે આંજણો રાજીનો રેડ થઈ જાય. ભગતના કરચલિયાળા ચહેરાને ફાટફાટ બાજરિયા પેઠે ખીલેલો જોઈ એમને ધરપત વળી.

'લાવ્યા પછી બે વરસ તો મજા કરવા દીધી. એવો કૂણો હતો કે હળે જોડવાનું મન ન માને. મારે મન તો પંડના છોકરા જેવો જ વળી. ને રાસંગની માએ પણ એને ખૂબ લાડ કર્યાં. મરતી વખતે ય મૂઆં મૂંઝળાની ફિકર કરતાં'તાં.' એ ભૂતકાળમાં સરી પડ્યા : 'બીજાં ઘણાં જાનવર પાળ્યાં પણ આ તો દેવતાઈ બળદ નીકળ્યો. પરભવમાં કાંક ભૂલચૂક થઈ ગઈ હશે તે માગતું લેણું ચૂકવવા આવ્યો...' એ પૂછવા લાગ્યા : 'રાસંગો કાયો તો ન'તો થયો કે?' એમને ઓચિંતી ધાસ્તી પેસી ગઈ : 'કાળમુખાનો ક્રોધ બહુ વસમો છે...'

'-બાપડાને સાટકા લઈને ફરી વળ્યા'તા ને!' જવાબ છેક હોઠે આવી ગયો, પણ સાચું કહેવા જતાં પટેલના ઘરમાં જ ભડકો થાય એનું શું? રેલ્લો લેવાની પેલાએ તો આમેય ઘસીને ના પાડી હતી. ઊલટાનો આંખો કાઢે : 'ભલા માણસ, તમે અમારા ઘરમાં ઘો શું કામ ઘાલો છો?' ભલો હોય તો રસ્તો જ બતાવી દે...

દેવુભા જૂઠું બોલ્યા : 'હોય કંઈ? તરત ધૂંસરેથી હેઠા ઊતરીને એનું કાંધ પંપાળ્યું. એને બુચકાર્યો એટલે એ તો સમજુ માણસની માફક તરત જ ડ્યૂટિ પર હાજર થઈ ગયો!'

ડોસાને નવાઈ લાગી. રાસંગો તો અડધો રાક્ષસ હતો. એને વળી આવી ડહાપણની દાઢ ક્યારે ફૂટી? માનવામાં ન આવે એવી વાત હતી, પણ ભાભો જૂઠું થોડું બોલતો હશે? એમણે રેલ્લાને થપથપાવીને કહ્યું : 'હેંડો, લઈ લ્યો! રાસંગને ગમતો હોય તો હું થોડો ના કે'વાનો છું?' એમણે ઘરમાં પોતાનું ચલણ માપનું જ રહ્યું હોવાની કબૂલાત કરી દીધી : 'તમને તો ખબર જ છે. નવા જમાનાના મોટિયારડા અમારા જેવા ઘરડેરાંનું કેટલું માને?'

'આપ જરા ભાર દઈને કહો તો કેમ ન માને?' દેવુભાએ ડોસાને પોરસાવ્યા : 'આ બધો મબલખ વૈભવ આપના આશીર્વાદને પરતાપે તો ભોગવે છે.'

'એવું કેમ કહેવાય! કાળી મજૂરી કૂટે છે બાપડો.' દીકરાની પિતૃભક્તિની પ્રશંસા કરતા એ કહેવા લાગ્યા : 'થોડો આકરો છે એટલું જ. બાકી હાજરાહજૂર શરવણ છે શરવણ. મને તો હળને હાથ અડાડ્યે દસ વરસ થયાં. જંપ ન થાય ને કોક દા'ડે હાથમાં પાવડો કોદાળી લઉં તો ય અછૂબાનો એવો ત્રાટકે કે લોક જોવા ચડે. કે'શે : બાપ-બેટો લડે છે કે શું?'

'આટલો બધો મેળ હોય ને ડોસાની વાત ન માને એવું બને?' દેવુભાએ ભગતને પોરસાવ્યા : 'કહી દેવાનું કે ભાભો ભીડમાં છે, ને આપણે આજે નહીં તો કાલે બીજું બળદિયું તો લેવાનું જ છે ને? આ સામે પગલે લખમી ચાંલ્લો કરવા આવી છે એને વધાવી લેવામાં શો વાંધો? ભાભાને પચા' ઓછા આલશું તો ય શીકારી લેશે!'

ડોસાનેય ભાભાની વાતમાં વજૂદ તો લાગ્યું, પણ રાસંગને જોવનાઈ ચટકાં ભરતી હતી એનું શું? એક વાર ના થઈ ગઈ તો આભલેથી ભગવાન હેઠા ઊતરે તો ય માને કે કેમ એ પ્રશ્ન હતો.

'ગરજ ગધેડી છે, ડોહા!' ભાભાએ ભગતની નબળી નસ બરાબર દાબી : 'દીકરીનો બાપ છું ને!' પછી માંડીને એમણે પેલી જાનૈયાઓને સાબુ આપવા પડતા હોવાની પ્રથાવાળી વાત કરી. રોયકાણું મોઢું કરીને થોડું હસી પણ લીધું. 'હાળાં આખા વરહની ગંધ છોડીના કરિયાવરમાં કાઢે છે. આ તો ભાભા કે કહઈ?' ડોસાએ દીઠે નહીં જોયેલી દીકરીની દયા તાકતાં ઉમેર્યું : 'કશી ફિકર નૈં કરવાની. ઉપરવાળો બેઠો છે મારો ધણી. કીડી ને કણ ને હાથીને મણ નીર્યા જ કરશે. માગી-માગીને ગધાડીનાંએ હાબુ માગ્યા? ને પેટના જણ્યાની પેઠ પાળેલું રેલ્લું વેચાવ્યું? દુ:ખ હોય તો એટલું જ. બાકી છોડી તો તમારી હોય કે અમારી : છે તો કુંવાશી જ ને! એના કાજે પાંચ-પચી ભૂલી જઈએ તો એનો બદલો તો કુદરત વાળે. એક હરા હારી પાકે એટલે હાટું વળી જાય!'

દેવુભાને બીજું જોઈતુંય શું હતું? ભગતને ખુશ કરવા ગપ્પાં રોડવવા લાગ્યા : 'હુદાહણેથી નીકળ્યો ત્યારે દેવચકલીના શુકન જોઈને નીકળ્યો હતો. હીંડ્યો હીંડ્યો અહીં આવીને ઠબ્યો કે સીધાં આપ જેવા દેવપુરુષનાં દર્શન થયાં. મારા બાબુડાનુંય કિસ્મત જોર કરતું હશે!'

રેલ્લાનું લાડકું નામ બોલીએ તો સામું માણસ ઝટ પીગળે, એમ સમજી મોઢે ચઢ્યું એ નામ દેવુભાએ ગબડાવ્યું. 'બાબુડો' કંઈ ખોટું નામ ન ગણાય. કાને પડતાં વેંત વહાલ ઊપજે. એ ડોસાના હાવભાવ જોતા રહ્યા. કંઈક ઊંડી અવઢવમાં હોય એમ લાગ્યું. સો-બસો ઓછા આપે તોય ક્યાં નુકસાન જવાનું હતું? પેલાએ તો સીધો ગામનો ચૉરો બતાડી દીધો હતો. એમ ચૉરે જઈને લવારિયાંની જેમ રેલ્લું બાંધીને આખો દા'ડો ધોખવું એના કરતાં ચૂપાચૂપ સોદો પતાવી દઈ પપનિયાં ગણવાં શું ખોટાં? જે મળ્યું એ મૂઠી વાળીને સ્વીકારી લેવામાં જ શાણપણ ગણાશે. ખોટો લોભ કરવા બેસીએ ને બાંધી મૂઠીનો ભરમ ઊઘડી ગયો તો ધોકા જ ખાવા પડે કે બીજું કંઈ? આંજણા વિફરે ત્યારે સિપાઈથીય ભૂંડા. લીમડે બાંધીને ઝૂડે એમાં ભૂલ નહીં. એમાંય આ તો ખેરાળુ!

'હેંડો, હૌ હારાં વૉનાં થશીં.' ડોસાએ સધિયારો આપીને કહ્યું : 'રાસંગો તમારા બાબુડાનો ક્યાંક ને ક્યાંક વેત પાડી આપશે એ નક્કી. કાલ તો પાછો તાકડે તાકડો સધાયો છે. ગામ જમે છે.'

દેવુભાના હૈયે હતું એ હોઠે આવી ગયું : 'જરા બાબુડાના મૂઢા હામું તો જુઓ! કહે છે : મારે તે ભગતભાનું ઘર મેલીને નીકળવું જ નથી ને! તમારે આલવું હોય એ મૂઠી વાળીને આપી દો; ઓછા-વધારે કરે એ દેવુભા નહીં. જે મળ્યું એ સવાવીસ ગણીને માથે ચડાવી ચાલતી પકડીશ. ઘેર પરોણાની લૅન લાગી છે ભા!'

ડોસાએ હેતથી બાબુડાની કૂણી કૂણી પેશમી પર હાથ પસવાર્યો. વાંટાવાળી વાડીમાં પેસતાં જ રાસંગે ડાઘિયાની જેમ કાન ચડાવ્યા. કશું બોલે કરે એ પહેલાં ડોસાએ એને બાંધી લીધો. 'હુદાંહણાના ભાભો છંઅં. બાપડા વખાના માર્યા રેલ્લું વેચવા નેંહર્યા છંઅ. કીધું, રાત રોકાઈ જાવ. કવેળાના વગડામાં ટાઢે ઠરી જશો!' ધીરે રહીને અભિપ્રાય પણ દર્શાવી દીધો : 'રેલ્લું છે જીવાળુ! જોતાંની હારે રાખી લેવાનું મન થાય એવું.'

રાસંગે કહ્યું : 'આવ્યા તો ભલે આવ્યા પણ મારે એમનું રેલ્લું નથી રાખવું. કાલે ગામ જમે છે એટલે કોક હરિનો લાલ મળી રહેશે. વાળુ કરીને ચૉરામાં જઈએ. બરાબર?'

દેવુભાને એની વાત કાપવામાં જોખમ જણાયું એટલે ફરજિયાત 'ભલે' કહી માથું હલાવવું પડ્યું.

રાસંગે વાડામાં રેલ્લાને બાંધી પૂળો નીર્યો અને એની ઘરવાળીએ બાજરીના ટિક્કડ ટીપી નાખ્યા. વાળુ કરતાં કરતાં દેવુભાએ છેલ્લો શુકન નાખી જોયો. 'પટેલ, આ અન્નદેવતાના સમ, મારે રેલ્લો તમને જ આલવો છે.'

'તમે મફતમાં આપતા હો તોય મારે એ લેવો ન હોય ત્યાં? તમને રસ્તામાં કહી તો દીધું'તું...'

'ભલે.' શાણો ભાભો સમો પારખી ગયો. 'તમારે એનો જ્યાં વેંત પાડવો હોય ત્યાં પાડી આપજો. હવે હું લૂલી નહીં હલાવું, બસ?' એ ખંધાઈ ભર્યું હસ્યા : 'મારે જેમ બને એમ વહેલું વદાય થવું છે. ઘેર અવસર લીધો છે.'

રાસંગ એમને લઈને ચૉરે જવા નીકળ્યો. ગામના પાદરે ભોળાનાથનું સૈકાઓ જૂનું દહેરું. એની પાછળ બાવાજીની બેઠક ગણો તો બેઠક અને પાંચસો ઘરની ખેડૂત વસતિનો ગામ-ચૉરો કહો તો ગામ-ચૉરો. ઘરડેરાં માટે દહાડા ટૂંકા કરવા માટેની જગ્યા, મોટિયારડાં માટે વાતોના તડાકા પાડવાની, ચલમ ફૂંકવાની કે પત્તાં ટીચવાની ગામઠી 'ક્લબ'. આખા દિવસની કાળી મજૂરી પછી બે કલાક ચૉરે બેસવાનું રાસંગ જેવા મહેનતુ જુવાનિયાને વ્યસન થઈ ગયું હતું. ગંગારામ કલાલને ઘેર ટીંચરિયાં ટટકાવીને હોજરી કાણી કરવા કરતાં લખમણ બાવા જોડે બેસીને બે શિખામણના શબદ સાંભળવા શું ખોટા? એ બહાને કંઈક જાણવા મળે. બે ઘડી ભગવાનનું નામ લેવાય. ડોસા ભણ્યા નહોતા પણ ભણેલાને ભૂલવે એવું અંતરજ્ઞાન ધરાવતા હતા. રાસંગ રોકડિયા હનુમાનની જેમ કૂદકા મારતો. પણ માણસાઈ એના બાપની. લખમણ બાવાનો એ લાડકો 'ચેલો' ગણાતો. જ્યાં સુધી એને ન જુએ ત્યાં સુધી બાવાને કસુંબો ગળે ન ઊતરતો. બાવાના ખાસ મળતિયા કવિ દયાળને ય રાસંગ પર પ્રીતિ હતી. દૂરથી જ બેઉને સાથે આવતા જોઈ એ બોલ્યા : 'આજે તો જાણે મે'માન લાવ્યો છે ભઈલા!' બાવાએ 'સીતારામ' કહી બેસવાનું કહ્યું. દેવુભાની ઓળખાણ પાડતાં રાસંગે કહ્યું : 'હુંદાંહણાના દરબાર છે. રેલ્લો લઈને આવ્યા છે.'

'વેચવાનો છે?' બાવા જોડે બેઠેલા કવિએ મજાક કરી : 'તો પછી હારે લઈ આવીએ નહીં? ચૉરાના નાકે બાંધતાંની સાથે ઘરાક જ ઘરાક!' એમણે દયા ખાતા હોય એમ 'હરિ! હરિ!'ના ટેકા સાથે ઉમેર્યું : 'બાપડા હુદાંહણાના દરબારોનાય આંટા આવી રહ્યા છે... એક જમાનો હતો કે એમની બઈઓ ઉંબરા બહાર પગ નો'તી મૂકતી. એને ઠેકાણે આજે છડેચોક ઉઘાડે મોઢે ગાડીમાં ને મોટરોમાં હડીઓ કાઢતી થઈ ગઈ! આનું નામ તે સમય!'

'શું બોલ્યા? જરી ફરી બોલો તો!' દેવુભા રાતાપીળા થઈ ગયા. કવિએ તો કાળોતરાની જેમ ઝેરની પોટલી ઓકી જ નાખી : 'આટલી અમથી ટકોરમાં આંખો કાઢો છો પણ નીકળ્યા તો છો લવારિયાની જેમ બળદિયું વેચવા! આવી ટણી રાખશો તો કોઈ ઊભાય નહીં રે'વા દે!'

હજી કવિ વેણ પૂરું ઓચરી રહે એ પહેલાં દેવુભાએ પેટમાં છુપાવી રાખેલી કટારી ખેંચી : 'તારી બુન્નું તરગાળું મારું, તરગાળું! માગણ થઈને હુદાંહણના ભાભાની મશ્કરી કરવા નેંકળ્યું છે તે...!'

રાસંગ સાબદો થઈને તાબડતોબ આડો ન પડ્યો હોત, ને કાંડામાં હતું એ બધું જોર વાપરીને એણે દેવુભાનો હાથ ઝાલી ન પાડ્યાં હોત તો એ સાંજે ચૉરો ગોઝારો થયો હોત એમાં મીનમેખ નહીં. દેવુભાની હથેળી લોહી-લોહી થઈ ગઈ ત્યાં લગી એ કટારી છોડવા તૈયાર નહોતા!

આખરે પગ પછાડતા એ ચૉરા બહાર નીકળી ગયા અને રાસંગે એમની પાછળ દોટ મૂકી ત્યારે દેવુભા પોકે પોકે રડી પડ્યા હતા : 'આખર તમે ચૉરા વચ્ચે આબરૂ લેવરાવી!'

રાસંગ એમને પટાવીને વાડીએ લઈ આવ્યો. ડોસાએ પથારી પાથરી રાખી હતી. છીંડું ઊઘડવાનો અવાજ આવતાં જ ડોસાએ વધામણી ખાધી : 'ભાભા, બેટીના બાપ છો તો નશીબદાર હોં કે!'

દેવુભા તો ચૂપ રહ્યા; અંધારામાં એમના ચહેરા પર થીજેલા ઓઘરાળાય થોડા દેખાવાના હતા? રાસંગે મામલો સંભાળી લીધો : 'રેલ્લાના ઘરાક આયા'તા કે શું?'

'ઘરાક તો આ બેઠા ને તમારી આંખો સામે!' ડોસાએ પેટછૂટી વાત કરી દીધી : 'મીં થોડા થોડા કરીને ચારહંઅ રૂપિયા

ભેળા કરી મેલ્યા'તા, જાત્રાના બહાને. તમે બેઉ નેંહર્યા ત્યારનો એ જ વિચાર કરતો'તો. ધારો કે દેવુભાની છે એવી તમારી છોડી પૈણા'વા જોગ થઈ હોય તો? આ તો ઘેર બેઠે ગંગા આવી. દીકરી પૈણા'વાથી મોટી જાત્રા કઈ હોય!' કહી એમણે દેવુભાને રૂપિયાની પોટલી પકડાવી દીધી. દેવુભાના બધા બંધ વછૂટી ગયા. પગ પકડીને રોવાય એટલું રોઈ લીધું ને પાણી પીવા ય ઊભા ન રહ્યા. જતાંજતાં એમના બાબુડાની શિંગોટી ખંજવાળવા ગયા પણ રેલ્લાને જાણે માલિક દીઠો ન ગમતો હોય એમ એવો છીંકોટો માર્યો કે બાપડોજી ભોંઠા પડીને ચોરની માફક ભાગ્યા! રાસંગને 'આવજો' કહેવાય ન રોકાયા. બાબરા ભૂતની જેમ બમકાવી મેલ્યું ઊભી વાટે.

રેલ્લો સારો નીકળ્યો અને મૂંઝળાને લાયક વારસ મળી ગયો હોય એમ ધીરે ધીરે એનું બધું કામ બાબુડીએ સંભાળી લીધું. પટલાણીના હાથનું ખાણ અને લીલી કડબ ખાઈ ખાઈને એ રેલ્લામાંથી બળદ ક્યારે બની ગયો એનું ય ઓસાણ ન રહ્યું. ડોસા ઘણી વાર મૂડમાં હોય ત્યારે મજાક પણ કરી બેસતા : 'દરબાર, તમારું નામ 'બાબુભા'ને બદલે 'હાબુભા' રાશ્યું હોય તો?' બાબુડો જાણે એમની મજાક સમજી ગયો હોય એમ પૂછડું ઊંચું કરીને એમના હાથમાંનો ગૉળ-રોટલો ચાટવા જીભ લંબાવતો.

'એમ કહોને, ધૈડિયાંનાં પુણ્ય આડાં આવ્યાં! નકર તે રાતે કવિ દયાળની લાશ પડી ગઈ હોત!' રાસંગને એ પ્રસંગ વરસ દહાડો વીતી ગયા પછી પણ વીસરવો આકરો થઈ પડ્યો હતો. 'ગાયના જણ્યાના નામ પર બાપડા દેવીપુત્રની લોથ ઢળી ગઈ હોત. ને એનું નિમિત્ત રાસંગ ગલબાને મળત. એ કાળી.ટીલી ધોવા દુનિયાનો કોઈ સાબુ ખપ ન લાગત!'

'આપણી દાનત સાફ હોય તો એન ઘડીએ મદદ મળી જ રહે!' ડોસાને એમના ઉપરવાળામાં ભારે ભરોસો હતો. રાસંગ ક્યારેક એમના ભોળપણથી અકળાઈ જતો : 'ઉપરવાળાને બીજો કશો ધંધો જ નહીં હોય? એમ કહો કે બાવડામાં બળ હતું અને ભાભાનું કાંડું એવું સજ્જડ રીતે ઝલાઈ ગયું કે એનો હાથ લોહી લોહી થઈ ગયો ત્યાં લગી છોડ્યો જ નહીં. નહીંતર કેટલી વાર? કવિનાં આંતરડાં બહાર નીકળી ગયાં હોત ને બાબુડો તમને ને મને બંનેને હાથકડીઓ કરાવત!'

ડોસાને ગઈ ગુજરી ભૂલી જવાની ટેવ હતી, જ્યારે રાસંગ મનોમન રાત લઈને છટકેલા ભાભાનું પગેરું ખોળતો હતો. જાણે કબીરજી કાનમાં કહી ગયા હોય એમ એને દેવુભાનાં દકાંન (લક્ષણ) જોઈને જ વહેમ પડી ગયો હતો.

તે દિવસે નાગરિક મંડળના દવાખાને ડોસાની આંખો બતાવવા ગયો ત્યારે અનાસૂરતે સુદાસણાના એક ભાભો ભેટી ગયા. તક ઝડપી લઈ પૂછી લીધું : 'ડોહા, તમારા ગામમાં દેવુભા કરીને કોઈ મોટિયાર ખરા? અમારા ઘેર—'

હજી વાક્ય પૂરું કરે એ પહેલાં ચૂંચી આંખોવાળા વૃદ્ધ બોલી ઊઠ્યા : 'અરે, ઈનું નૉમ ના લેશો ભા! આખા ગૉમનો ઉતાર છ મૂઓ... રોજ ઈના નૉમની લોકાયો હૉંભળીએ છીએ. તમારું ડોબું-બોબું તો નથી દોરી જ્યો ક' ભા? આખા એરિયામાં રાડ પડી ગઈ છે મૂઆના નામની.'

—દોરી તો નથી ગયો પણ કોકના ખીલેથી છોડેલું રેલ્લું બાંધી જરૂર ગયો છે અમારી ગમાણમાં... રાસંગે હોઠ લગી આવી ગયેલા શુકન ગળી જવામાં ડહાપણ સમજીને વાત વાળી લીધી. 'ના રે બાપા! અમે એવા છેલબટાઉ રખડેલ પર વિશવા કરતા હશું? રાતો રાત ધોડી મેલ્યું'તું.'

સુદાસણાવાળા ભાભો ખુશ થઈ ગયા : 'એ લાગનો જ છ ભા! બાપીકી જાગીર છ, પણ મજૂરી કરતાં ટાઢ વાય છે... બારોબાર લોકનાં ઢોર છોડી લાવ છ, ને બારોબાર સોદા કરતો ફર છ! પોલીસ ય બાપડી ઈનું પગેરું લઈને થાચી. રોજ નવા વેહ કર છ... મૂઆએ ગૉમની આબરૂના માથે શૅણી મેલી દીધી છ... અમારેય ઈના કારણે ભૂંયમાં ભોડું ઘાલીને વાત કરવી પડે છે. નખોદિયો કટમનો છે. ઘેર છોડીઓ મૉથા હાંમી થઈ છં... પણ એવી છાપવાળાના ઘેર હગું કરવા કુણ તૈયાર થાય?'

વળતાં ડોસાને માંડીને વાત કરી ત્યારે ડોસાએ સમસ્યામાં શિખામણ આપી : 'જે થયું એ ના-થયું થોડું થશે? પાણી પી લીધા પછી નાત પૂછ્યાનો કોઈ અરથ ખરો? હવે તો ના બોલ્યામાં નવ ગુણ... નાહક દોરમણું થાય, વાત ફૂટી જાય તો! રેલ્લું લેવા ઈનો મૂળ માલિક પોલીસથાણે ફરિયાદ કર્યા વના રહે ખરો?

રાસંગનો મનોમન સાક્ષી રહેવા સિવાય છૂટકો નહોતો. અલબત્ત, કુટેવ મુજબ એણે એંશી વરસના ડોસાનેય ઊધડો તો લીધો જ : તમને મોટી દયાઓ આવી જતી'તી! મેં તો ધરાર ના ભણી હતી. નેળિયામાં જ છણકો કરીને ટેંટાના ટાંટિયા ઢીલા કરી નાખ્યા'તા. તમે બુદ્ધિનું પ્રદર્શન કર્યું, ખોટેખોટો ચોરીનો માલ સંઘરીને! હમણાં જેલની હવા ખાવાની આવે તો ખબર પડે!

ડોસા ઢીલા થઈ ગયેલા. ભૂલ તો થઈ જ હતી. એની ના થોડી પડાશે? દયાને ડાકણ ખાઈ ગઈ હતી. મૂઆએ છોડી પીઠીએ ચડી હોવાનું બહાનું આગળ કર્યું હતું! જાનૈયાંને સાબુ ન વહેંચે અને માળા માંડવા હેઠ જ ભવાડો કરે તો? બાપડી ચૉરીમાં બેઠેલી કન્યાની શી વલે થાય! પણ મારો વા'લો જબરો તરગાળો નીકળ્યો! મારું તો રાસંગા, ગમે તેમ તોય બાપનું હૈયું. હલી ગયું. છેતરી ગયો મારો વા'લો - પેટની જણીના માહલે! છોડી તો મોટા ઈડરના રાજવીની હોય કે સોમલા ભંગીની. છોડી એટલે છોડી. છોડીનેય છોડે એ તો ચંડાળ કે'વાય. એ એનાં કરમ ભોગવશે. આપણે જાણી જોઈને તો ખોટું નથી કર્યું ને! ને શા'જોગ રૂપિયા ગણી આપ્યા છે... ખેર, રેલ્લું જાતવાન નીકળ્યું, એટલું ઓછું છે? ને એમ કહે

કે આપણને મા'દેવજીએ સમી મત સુઝાડી. દોર્યે દોર્યે કહાઈવાડે પહોંચ્યો હોત તો ગાયના જણ્યાની હત્યામાં આપણે પણ વત્તા-ઓછા ભાગીદાર ન બન્યા હોત કે!

એ પછી રાસંગ બાબુડાને ઓળવે બાંધતો થયેલો. આ તે જીપકાર થોડી હતી કે નંબર પ્લેટ બદલીને નિરાંતવા થઈ જવાય! જીવતું જનાવર હતું. મૂળ માલિકને રસ્તે જતો પકડી પાડે. ભુરાંટું થઈને એની પૂંઠળ ભાગે રેંગલાતું રેંગલાતું. આબરૂના ધજાગરા ઉડાડી દે... ડોસા સહમત ન થાય, નહીંતર પાંચ-પચીસ ઓછા લઈનેય આફતના પડીકાથી તો વેળાસર છૂટવામાં જ શાણપણ લેખાય! સરખી નીંદર તો આવે! આ તો ગમે ત્યારે ફૂટે એવો બૉમગોળો.

એકાદ વાર જરા કાલા થઈને એણે ઘરડા બાપના કાને એ વાત નાખી પણ જોઈ. પણ ડોસા માને ખરા? આંખોમાંથી ડળક ડળક આંસુડાં ખેરવતાં કહેવા લાગ્યા : 'આવ્યો છે તે દા'ડાનો પહુડો પંડનો દીકરો થઈને રહ્યો છે. એને વગરવાંકે જાકારો આલીએ તો ઉપર જવાબ આલવો પડે! ગાયના જણ્યાનો નેંહાકો લિયે તો નરકમાંય ઠેકાણું ન પડે.

ત્રણેક વરસ પછીના શ્રાવણ મહિનાના છેલ્લા સોમવારે લખમણ બાવો એમના લાડકા ચેલાને ઘેર ઘોડિયું બંધાયું એની બાધા છોડવા એમના લાવલશ્કર સાથે ભાંખરામાં વસેલા સેંભર ગોગના પારે પહોંચ્યા ત્યારે દહાડો રાશ-વા ચડી ગયો હતો. રાસંગના ઘેર ખાસી રાહ જોવડાવ્યા પછી ઘોડિયું બંધાયું હતું. એંશી વટાવી ચૂકેલા ગલબા ડોસાને હૂલતે મેળે મા'દેવજીનો પરચો મળ્યો હતો એમ જ કહોને! બાધા છોડવા માટે બાવાના બેઠકિયા કવિ દયાળ વાદળાંવાળી મોસમમાં દમ ચડતો હોવા છતાં હઠ કરીને સંગાથે થઈ ગયા હતા.

સેંભરે પહોંચતાં જ જાણે શાખશાખાં કૈલાસમાં પ્રવેશ કર્યો હોય એવાં રૂડાં એંધાણ સાંપડ્યાં. પીપળાના ઝાડ નીચે ધૂણો ધખાવીને બેઠેલા જટાળા જોગંદરને જોઈ જઈફ વયના કવિ તો જાણે ગાંડા જ થઈ ગયા. સાક્ષાત્ ભોળાનાથ ભગવાં ધરીને ઊતરી આવ્યા કે શું? મનોમન સ્તુતિ રચાઈ ગઈ.

રાસંગ ઝીણી નજરે જોગીની મોંકળા નીરખી રહ્યો. 'સેંભર ગોગની બાધા કરવા આવ્યા છીએ બાપુ!' એણે જરા અટકીને પૂછ્યું : 'લાડવા કરવાના છે. સીધું સામાન લઈને આવ્યા છીએ.'

બાપુએ પાસે ઊભેલા સેવકને સાન કરી. 'બાપુને તો મુનિવ્રત છે. છેક દેવ ઊઠી અગિયારશ લગી આમ જ રહેવાના. સેવકે મોરચો સંભાળી લીધો. 'બધું જ મળી રહેશે. તમારે જોઈતાં કરતાં વાસણ, ઈંધણ, પૂજાપો...'

'બાપુને અમારી એક અરજ માનવી પડશે.' લખમણ બાવાએ વયોવૃદ્ધ ગલબા ડોસા સામે આંગળી કરતાં કહ્યું : 'ડોહાનું આખી જિંદગીનું તપ ફળ્યું હોય એમ જતી ઉંમરે ભગવાન ભોળાનાથે કૃપા કરી છે. તમારે અમારી હારે લાડવા જમવાના છે.'

કશી હા કે ના! બસ, એ તો એમની માળામાં જ મસ્ત હતા. ડોસાએ સેવકને સાધવા પ્રયત્ન કર્યો. એ ય ભાવ ખાવા લાગ્યો : 'એ તો ભા, જેવી બાપુની મરજી! મસ્ત કલંદર છે. રીઝ્યા તો સમજવાનું બેડો પાર. તમારી ફરજ તમે બજાવી. હું પણ મારી વગ વાપરી જોઈશ. બાકી સતી અને જતિને સતાવવામાં સાર નહીં. એ એમના મનના માલિક છે. આપણે તો પગે લાગીને વેગળા રહીએ એ જ ઠીક.' એણે દિલાસો આપતાં ઉમેર્યું : 'છેક એટલેથી ખેપ કરીને આવ્યા છો, આટલી બધી સરધા છે, બાવાજી અને કવિરાજ જેવાને તેડી લાવ્યા છો, ને બાપુ નહીં પીંગળે - એવું તે શું અંધારું છે! ઊઠો, નદીમાં ખંખોળિયું ખાઈ આવો બધા ત્યાં લગી તમારા લાડવા ને દાળભાત રેડી થઈ જશે!'

એણે રસોડાની વ્યવસ્થા કરી આપી. લખમણ બાવો, ગલબો ડોસો અને કવિ દયાળ નદી તરફ વળ્યા. બાવાએ લઘુશંકાને બહાને ઝાડીને ઓળવે વળતાં ઈશારો કરી રાસંગને બોલાવ્યો.

'કશું સમજાય છે?' એમણે સમસ્યામાં આંખનો ઉલાળો પેલા ધૂણો ધખાવીને બેઠેલા જોગી ભણી કર્યો.

'મનેય વહેમ તો પડ્યો'તો...' રાસંગે કહ્યું : 'પણ એ અહીં ક્યાંથી હોય! એમાંય તે આ સ્વરૂપે!'

'પૂછી જોવું છે?' લખમણ બાવાએ મલકાઈને કહ્યું : 'બહુ બહુ તો રીસાઈને લાડવા ખાવાની ના પાડશે. બીજા શું ભડાકા કરી લેવાનો છે? ગમે તેમ તો ય ચોરના પગ કાચા - ભલો હશે તો ક'ગરી પડશે, પોલ ખૂલી જવાની બીકે!'

રાસંગને હિંમત આવી.

'ભલે, તમે નાહી-પરવારીને આવો. પછી વાત! ડોહાને કાને વાત નાખી મેલજો જરા.'

ઘરડેરા નદી તરફ વળ્યા અને રાસંગ એના રસોડાના કામમાં પરોવાઈ ગયો.

કલાકેકમાં પેલા પાછા આવ્યા ત્યારે જુએ છે તો બાપુ ગુમ! લખમણ બાવાએ પેલા સેવકને પૂછ્યું ય ખરું : 'અલ્યા બાપુ તો ખોવાઈ ગયા એટલી વારમાં? જરી પકડી લાવ તો!'

સેવકે બેફિકરાઈપૂર્વક ટાઢા કાળજે જવાબ વાળ્યો : 'હવે એવડા મોટા સિદ્ધપુરુષનું પગેરું લેવાનું મારું તે ગજું છે? આ તો સેંભરના ગોગ. ક્યારે આવીને ધૂણા પર બેસી જાય અને ક્યારે એમના દરમાં અલોપ થઈ જાય એની આપણા જેવા પામર જીવોને થોડી સમજ પડે?'

પછી એ એકલો નહોતો હસ્યો. ખંખડીને હાજર હતા એ બધા હસી પડ્યા હતા. એક પેલા કવિના જ મોઢે મેંશ વળી ગઈ હતી! ❑

દયાળુ ચોર

ડૉ. થૉમસ પરમાર

એક દિવસ હું બહારગામ હતો ત્યારે રાત્રે મારા ઘેર ચોરી થઈ હતી. બીજે દિવસે જ્યારે હું ઘેર પાછો ફર્યો ત્યારે મને તેની જાણ થઈ. રસોડાની બારીની જાળી તોડીને ચોર ઘરમાં આવ્યો હતો. ઘરમાં બધું વેર-વિખેર પડ્યું હતું. તિજોરીનાં બારણાં તોડી નાખીને તેમાંથી બધું આમતેમ ફેંકી દેવાયું હતું. પૈસા અને દાગીનાની શોધ માટે ચોરે કઠીન પરિશ્રમ કર્યો હતો. પણ બિચારા ચોરને ખબર ન હતી કે હું અપરિણીત છું. બારણાં આગળ લગાવેલ મારી નેમ-પ્લેટમાં મેં મારી અપરિણીત અવસ્થા જણાવી હોત તો ચોર વાંઝિયો શ્રમ કરવા માટે મારા ઘરમાં તેનાં પુનિત પગલાં ન પાડત. ચોર જે આશયથી આવ્યો હતો તે તેને મળ્યું નહીં. મને ચોર પર દયા આવી. સખત મહેનત કરવા છતાં તેને ઠાલા હાથે જવું પડ્યું! ઘરનું બરાબર અવલોકન કરતાં મને જાણવા મળ્યું કે ભોંયતળિયા પર આમતેમ તેલ રેડાયેલું હતું. મારી ચોપડીઓ ફેંદીને નીચે નાખી દીધી હતી. તેની પર પણ તેલ રેડવામાં આવ્યું હતું. ચોરને મુદ્દામાલ મળ્યા ન હતા તેથી તેણે રસોડમાંથી તેલની બૉટલ લાવીને ગમે ત્યાં તેલ રેડીને પોતાનો ગુસ્સો એ રીતે પ્રકટ કર્યો હતો. મારા નસીબમાં એટલું સારું થયું કે ચોરે તેને દીવાસળી ન ચાંપી. જો ચોરે એમ કર્યું હોત તો મારું આખું ઘર આગમાં સાફ થઈ જાત. આ વિચારથી મને સૌપ્રથમ અણસાર આવ્યો કે ચોર દયાળુ હોવો જોઈએ. તેણે દીવાસળી નહીં ચાંપીને મારા પર દયા કરી હતી.

આખો દિવસ બધું વેર-વિખેર પડ્યું હતું તે સરખું કરીને ગોઠવવામાં ગયો. જેમ જેમ ગોઠવતો ગયો તેમ તેમ ચોરાયેલી ચીજ-વસ્તુઓની ખબર પડવા લાગી. ઘરે પહેરવાનાં કપડાં હૅન્ગરે લટકાવી રાખેલાં તે ચોર લઈ ગયો હતો, પરંતુ તિજોરીમાં શૂટ લટકી રહ્યો હતો! એને થયું હશે કે 'આ બિચારા સાહેબ પાર્ટીમાં શું પહેરી જશે?' તેથી દયા કરીને શૂટની ચોરી કરી ન હતી. હૅન્ગરમાં બે બેલ્ટ લટકાવેલાં હતાં તેમાંથી જૂનો બેલ્ટ તે લઈ ગયો હતો અને નવો બેલ્ટ યથાવત્ લટકી રહ્યો હતો. કૅમરા બે હતા - એક જપાનીઝ અને બીજો ભારતીય. ચોર ભારતીય બનાવટનો કૅમરા લઈ ગયો હતો. મેં માન્યું કે આ ચોર સ્વદેશી ચીજ-વસ્તુઓનો આગ્રહી હશે. તેના આ સ્વદેશ-પ્રેમ પ્રત્યે માન ઊપજ્યું. તિજોરીમાં ચાર જોડ અન્ડરવેયર્સ અને બનિયન મેં રાખી મૂક્યાં હતાં. તેમાંથી એક જોડ રાખીને બીજાં બધાં અન્ડરવેયર્સ અને બનિયન ચોર લઈ ગયો. તેને થયું હશે કે 'જો આ બધાં જ લઈ જાઉં તો આ સાહેબ બિચારા દિગમ્બર અવસ્થામાં આવી જશે.' ચોરે અહીં પણ મારા પર દયા કરી હતી.

સાંજે તપાસ કરતાં માલૂમ પડ્યું કે ચોરે મારા ટેલિવિઝનમાં અને ફોનમાં પણ તેલ રેડ્યું હતું. કપડાં વડે લૂછીને બંને સાફ કરી દીધા. ટી.વી. અને ફોન બંને ચાલુ હતા. ચોરના ગુસ્સા માટે હું જ જવાબદાર છું એવું મને લાગ્યું. જો મેં તિજોરીમાં રૂપિયા અને દાગીના રાખ્યા હોત તો ચોર એ લઈને ખુશ થઈને જતો રહ્યો હોત.

ઘરમાં ચોરી થાય ત્યારે ઘર ભેંકાર લાગે છે. સતત ચોરનો ભય સતાવતો હોય છે. મારી પણ એવી જ મનોદશા થઈ. ચોરે સૌપ્રથમ રસોડાના બારણાની જાળીનો દરવાજો તોડવાનો પ્રયત્ન કર્યો હતો. તે ન તૂટ્યો એટલે બારી તોડી હતી. બારી સરખી કરાવવામાં બે-ત્રણ દિવસ જાય તેમ હતું. તાર બાંધીને જેવી-તેવી બારી બંધ કરી - માત્ર નામની જ. સહેજ ધક્કો લાગે તો પણ ખૂલી જાય. આવી સ્થિતિમાં ચોકી માટે રાત્રે જાગવું જરૂરી હતું. મારાં જાગરણ શરૂ થયાં. સૂવાનો ટાઈમ બદલી નાખ્યો. લોકો કહે છે કે ચોર રાત્રે એક થી ચાર વાગ્યામાં આવે છે. તેથી હું રાત્રે આઠથી એક સૂઈ જતો અને એકથી ચાર વાગ્યા સુધી જાગતો. આ જાગરણમાં મારાં વિચારોનું કેન્દ્રસ્થાન ચોર જ હતો. ચોર અને ચોરી વિશે હું ઊંડું ચિંતન (નિદિધ્યાસન) કરવા લાગ્યો હતો. સંસ્કૃત સાહિત્યમાં ચોર વિશેના ઉલ્લેખો વાંચ્યા. ખાસ કરીને 'મૃચ્છકટિક'માં ચારુદત્ત ચોરી કરવા જાય છે તે પ્રસંગ વાંચ્યો. 'ચૌરવિદ્યા' વિશે વાંચ્યું. જેને જેને મારા ઘેર ચોર આવ્યાની વાત કરું તો તેઓ ધ્યાનથી સાંભળતા. પછી જાતજાતની સલાહ આપતા - 'બારણે ચામડાંનાં ચંપલ મૂકજો, પનોતી સમજીને ચોર નહીં આવે', 'બારણા પાસે ઝાડું કે સાવરણી ઊભી મૂકજો, અપશુકન ગણીને ચોર ઘરમાં નહીં આવે', 'નાઈટ-લૅમ્પ ચાલુ રાખીને જ બહાર જજો', 'રાત્રે થોડી-થોડી વારે ખાંસી ખાતા રહેજો', 'આલ્શેશિયન કૂતરો પાળો તો સારું', વગેરે વગેરે. ચોર અને ચોરી વિશેનું જ્ઞાન મને સરળતાથી મળી ગયું. પીએચ.ડી. થતાં પાંચ વર્ષ લાગ્યાં અને આ ચોરીનું જ્ઞાન મને પાંચ જ દિવસમાં મળી ગયું! ક્યારેક રાત્રે બારીની સામે અનિમિષ નયને જોઈને ધ્યાન ધરતો. ચોરે બારી કેવી રીતે તોડી હશે એનું અનુમાન કરતો. જાળીની પટ્ટીઓ વચ્ચે લાકડાની વળી ખોસીને ઉચ્ચાલનના સિદ્ધાંતના આધારે ચોરે બારી તોડી હતી. મને ચોરના જ્ઞાન પ્રત્યે માન ઊપજ્યું. જાળીની પટ્ટીઓ એવી વિવિધ રીતે વળી ગઈ હતી કે બારી વિવિધ અંગ-ભંગિ સાથે કોઈ શાસ્ત્રીય નૃત્ય ન કરતી હોય! પડોશીઓને સહેજ પણ ન સંભળાય એ રીતે તેણે બારી તોડી હતી. ખરેખર આને તો શબ્દ વિનાની મૂક સાધના જ કહેવી જોઈએ. તૂટેલી બારીને જોતાં મને થયું કે હું પણ ચોરની જેમ બારી તોડી શકું કે કેમ? ચોર લાકડાની વળી મૂકતો ગયો હતો તે

બારીની બચેલી પટ્ટીઓ વચ્ચે મૂકીને જોર કર્યું તો પટ્ટી તૂટી ગઈ. ચોરની જેમ બારી-બારણાની જાળી તોડવાનું જ્ઞાન મને મળી ગયું. (આપના ઘરનાં બારી-બારણાં આ રીતે તૂટે તો મારી ઉપર શંકા ન લાવવા માટે આપને નમ્ર વિનંતી.) મકાનોમાં લગાવાતા દરવાજા, જાળી કે તાળાં એ બધું ચોર ન આવે એટલા માટે નથી, પરંતુ ઢોર ન આવે એટલા માટે છે. કારણ કે ચોર તો બધું જ તોડીને ઘરમાં આવી શકે છે.

ચોરી થયાને ચારેક મહિના વીતી ગયા. એક રાત્રે હું ટી.વી. જોતો હતો એવામાં જ તે બંધ પડી ગયું. બીજે દિવસે હું રિપૅરરને ત્યાં ટી.વી. લઈ ગયો. રિપૅરરે ટી.વી. ખોલીને જોયું. 'કેમ તમને બધું જ આવડતું હોય એમ તમે માનો છો?' રિપૅરરે ટી.વી. જોતાં મને પ્રશ્ન પૂછ્યો.

મને થયું કે આ ભાઈ આવો બેહૂદો પ્રશ્ન મને કેમ પૂછે છે? 'ના, ના. મને બધું જ આવડતું નથી, મને તો ફક્ત ભણાવતાં જ આવડે છે.' મેં જવાબ આપ્યો.

'તો પછી આ ટી.વી.માં તેલ કેમ રેડ્યું છે? શું તમે એમ માનો છો કે મશિન બંધ થઈ જાય અને તેલ રેડતાં ચાલું થાય એમ ટી.વી. પણ ચાલુ થઈ જાય? તમે ટી.વી.માં તેલ રેડીને ચાલુ કરવાનો પ્રયત્ન કેમ કર્યો?' રિપૅરરે પ્રશ્નોનો મારો ચલાવ્યો.

તેના આ પ્રશ્નોથી હું ડઘાઈ ગયો. મારી બુદ્ધિના જ્ઞાનકોશ સતેજ થયા, એટલે કે મને ધીરે ધીરે 'ટ્યુબલાઈટ' થઈ. અને તરત જ પેલો ચોર યાદ આવ્યો. ટી.વી.માં તેલ તો ચોરે રેડ્યું હતું. મેં કહ્યું, 'ભાઈ, તેલ મેં રેડ્યું નથી.'

'તો કોણે રેડ્યું છે?'

'ચોરે.'

'ચોરે?'

'હા, ચોરે.'

'કેમ?' તેણે પૂછ્યું.

'મારે ઘેર ચોર આવ્યો હતો. પરંતુ ઘરમાંથી તેને કશું જ ન મળ્યું એટલે ગુસ્સામાં આવીને તેણે ટી.વી.માં અને બધે જ તેલ રેડ્યું.' મેં ખુલાસો કર્યો.

રિપૅરર આ સાંભળીને આશ્ચર્ય સાથે હસી પડ્યો. તેને ચોરીની વાતમાં રસ પડ્યો. ચોરીનો એ પ્રસંગ મેં તેને વિગતે કહી સંભળાવ્યો. રિપૅરરે ટી.વી. રીપેર કરી આપ્યું અને બેહૂદા પ્રશ્નો માટે મારી માફી માગી.

પંદરેક દિવસ પછી મારો ફોન 'ડેડ' થઈ ગયો. મેં ટેલિફોન એક્સચેન્જમાં કમ્પ્લેન નોંધાવી. ઈન્સ્ટ્રુમેન્ટ (ફોન) ત્યાં લઈ આવવા મને જણાવાયું. હું ફોન મૂકવા ગયો અને મને બે કલાક પછી લઈ જવા કહ્યું. હું ફોન લેવા ગયો ત્યારે ત્યાંના ઑફિસરે મને ઊંચા અવાજે પૂછ્યું :

'આવી મૂર્ખામી કરાતી હશે?'

'કઈ મૂર્ખામી?' મેં પૂછ્યું.

'ફોન ડેડ થઈ જાય એટલે તેને ચાલુ કરવા માટે તેમાં તેલ રેડવાનું હોય?' જો તેલ રેડીને ડેડ ફોન ચાલુ થતા હોય તો પછી સરકારે અમને અહીં નોકરીમાં શા માટે રાખ્યા છે? તમે ભણેલા-ગણેલા આવી મૂર્ખામી કરો તે બરાબર નથી.'

ઑફિસરનો એકધારો વાક્-પ્રવાહ મારા પ્રત્યે નફરતથી વહી રહ્યો હતો. તેમની વાણી રૂપી ગંગાને ઝીલવા મારે ભગીરથ બનવું જ પડશે એમ વિચારતો હતો ત્યાં જ પેલો ચોર મને યાદ આવ્યો. એ ચોરે મને અહીં પણ ભોંઠો પાડ્યો. મને 'મૂર્ખ'નું શીર્ષક અપાવ્યું.

'સાહેબ, મેં ફોનમાં તેલ રેડ્યું નથી.' મેં ખુલાસો કર્યો.

'તો કોણે રેડ્યું છે?'

'ચોરે.'

'ચોરે?'

'હા, ચોરે.'

'કેમ?'

પછી તો ટી.વી. રિપૅરરને મેં જે ટેપ કહી સંભળાવી હતી તે ઑફિસરને પણ સંભળાવી. ઑફિસર અને તેમના સ્ટાફના સૌકોઈ મારું નિર્દોષ વક્તવ્ય સાંભળીને ખડખડાટ હસી પડ્યા. મારો ફોન રિપૅર કરી આપ્યો.

સ્વજનો અને મિત્રો મળતાં ત્યારે મારે ત્યાં થયેલી ચોરીની વાત નીકળતી. વારંવાર એ ટેપ મારે વગાડવી પડતી. એક મિત્રને આ જ રીતે 'ચોરપુરાણ' કહી રહ્યો હતો. પ્રથમ અધ્યાયમાં અન્ડરવેયર્સ અને બનિયનની ચોરીના પ્રસંગનું વર્ણન આવ્યું ત્યારે મિત્રનું હાસ્ય વેરાઈ ગયું. ટી.વી.ની કોઈ રસપ્રદ સીરિઅલ જોતા હોય અથવા તો કોઈ મુશાયરો સાંભળતા હોય એવા મુડમાં બોલ્યા : 'થવા દો, હજુ આગળ થવા દો. મઝા આવે છે.'

'ભલા માણસ, મારે ત્યાં ચોરી થઈ અને તમને મઝા આવે છે?' મેં પૂછ્યું.

'ના, ના, એમ નહીં. પરંતુ તમારે ત્યાં થયેલી ચોરીની ઘટના હાસ્યપ્રેરક છે.' તેમણે સ્પષ્ટતા કરી.

મારે ત્યાં થયેલી ચોરીના પ્રસંગમાંથી હાસ્ય પ્રકટ થાય છે એ સાચું, પરંતુ તેમાંથી ચોરની દયા-ભાવનાનાં પણ દર્શન થાય છે. ચોર તેલ રેડીને જ અટકી ગયો હતો. જો તેણે દીવાસળી ચાંપીને આગ લગાડી હોત તો? મારું ઘર ભસ્મ થઈ ગયું હોત. પરંતુ એ ચોર દયાળુ હતો. તેથી તેણે આવું અધમ કૃત્ય આચર્યું ન હતું. ❑

ધારો કે તમે નામદાર ન્યાયાધીશ હો તો...?!

હસમુખ દવે

એક નગર હતું. હવે નગર હોય તો પ્રજાજન પણ હોવાનાં અને પ્રજાજન હોય તો ત્યાં થોડાક વિદ્યાર્થીઓ પણ હોવાના અને વિદ્યાર્થીઓ હોય તો તેમને શિક્ષણપ્રદાન કરવા માટે ત્યાં શાળાઓ અને મહાશાળાઓ પણ હોવાની.

તો આવા જ એક નગરમાં ઘણાં બધાં પ્રજાજનો વચ્ચે થોડાક વિદ્યાર્થીઓ હતા અને આ વિદ્યાર્થીઓને શિક્ષણ પ્રદાન કરવા માટે શાળાઓ હતી અને એક મહાશાળા પણ હતી.

આવી એક મહાશાળામાં એક વિદ્યાર્થી અભ્યાસ કરતો હતો. આ મહાશાળામાં કાયદા-વિષયક શિક્ષણ અપાતું હતું. આપણો આ વિદ્યાર્થી કાયદાઓ વિશે જ્ઞાન પ્રાપ્ત કરતો હતો. આપણો આ વિદ્યાર્થી આમ તો હોંશિયાર હતો. પરીક્ષામાં પાસ થઈ જઈ સ્નાતકની ઉપાધિ મેળવવામાં એને કોઈ મુશ્કેલી નડે એમ હતું નહિ. છતાં એને એક વિચાર આવ્યો : 'પરીક્ષામાં સામાન્ય દરજ્જે પાસ થઈએ એના કરતાં થોડા વધુ માર્કસ્ મેળવી 'ડિસ્ટિંક્શન' મેળવીએ તો કેવું!?' બસ, આ વિચાર આવતાં જ એણે નિર્ણય કરી લીધો. 'કોઈ સારા કૉચિંગ ક્લાસમાં દાખલ થવું!' એણે સારા કૉચિંગ ક્લાસની તપાસ પણ આદરી દીધી.

હવે, જેમ બનતું આવ્યું છે તેમ એ જ મહાશાળાના એક પ્રાધ્યાપક એક 'સારો' કૉચિંગ ક્લાસ ચલાવતા હતા. આપણા આ વિદ્યાર્થીએ આ પ્રાધ્યાપકનો સંપર્ક સાધ્યો. વિદ્યાર્થીની વાત સાંભળી પ્રાધ્યાપકે કહ્યું, 'વેલકમ! મને આનંદ થશે તને મારા કૉચિંગ ક્લાસમાં પ્રવેશ આપતાં! ત્રણ વર્ષના કોર્સની ફી રૂ. ૧૦,૦૦૦/- છે. આ ફી તું ભરી જા અને કાલથી ક્લાસમાં આવવાનું શરૂ કરી દે!'

આ સાંભળી વિદ્યાર્થીએ કહ્યું, 'સર, આટલી મોટી રકમ એકસાથે હું ભરી શકું તેમ નથી. પણ હું તમને પ્રોમીસ આપું છું કે જેવો હું પાસ થઈ જઈશ કે તરત તમને તમારી ફીની રકમ ચૂકવી દઈશ!'

પ્રાધ્યાપક થોડી વાર માટે વિચારમાં પડી ગયા. થોડી વારે વિચાર કરી એમણે કહ્યું, 'જો દોસ્ત, આપણે એક કામ કરીએ. તું મારા ક્લાસ ભરવા આવ, વાંધો નહિ પણ જેવું તારી પરીક્ષાનું પરિણામ આવે અને તું પાસ ડિક્લૅર થઈ જાય કે તરત તારે મને ટ્યૂશન ફીના ડબલ પૈસા એટલે કે રૂ. ૨૦,૦૦૦/- આપવાના! છે કબૂલ?'

હવે, વિચારમાં પડવાનો વારો આપણા આ વિદ્યાર્થીનો હતો. એણે પણ થોડી વાર વિચાર કર્યો. પછી કહ્યું, 'સર, તમારી વાત મને મંજૂર છે. પણ આ વાતમાં તમારે મારી એક શરત માન્ય રાખવી પડશે!'

પ્રાધ્યાપકને થયું કે વિદ્યાર્થીના મગજમાં કદાચ એવો વિચાર આવ્યો હશે : 'ધારો કે હું નાપાસ થાઉં તો?' એટલે એ લાગલા જ બોલ્યા : 'ધાર કે તું નાપાસ થાય તો તારે મારી કોઈ ફી ચૂકવવાની નહિ! હવે તો રાજીને?'

આપણા આ વિદ્યાર્થીએ પ્રાધ્યાપકની એ મૂંઝવણ તો તાત્કાલિક દૂર કરી કહ્યું, 'સર, તમારા કૉચિંગ ક્લાસમાં જે દાખલ થાય છે તે ક્યારેય પણ નાપાસ નથી થતો અને તેથી તો હું અહીં દાખલ થયો છું. મારી તો સાવ જુદી જ શરત છે.'

પ્રાધ્યાપકે કહ્યું, 'ઓ. કે., બોલ શું છે તારી શરત?'

આપણા આ વિદ્યાર્થીએ શરત કહી. 'જુઓ સર, હું પાસ થઈશ અને પ્રૅક્ટિશ શરૂ કરીશ એટલે મને પ્રથમ કેસ તો મળશે જ. આ કેસમાં તમારે મારી મદદ કરી કેસ જિતાડવાનો. આ કેસ હું જીતી જાઉં પછી જ મારે તમને ફી ચૂકવવાની રહેશે. આ મારી શરત છે. છે તમને કબૂલ?'

પ્રાધ્યાપકને લાગ્યું, આ તો ખોદ્યો ડુંગર અને કાઢ્યો ઊંદર! એમને થયું કે આવા નવા વકીલને એવો તે કેવો મહાન કેસ મળી જશે જે જિતાડવામાં કંઈ તકલીફ પડે. જરૂર જિતાડી દઈશું એનો કેસ. એમણે તો ફટાક કરીને શરત કબૂલ કરી લીધી અને સાથોસાથ એક સૂચન પણ કર્યું : 'આપણે આ કરારને રજિસ્ટર્ડ કરાવી લઈએ, જેથી ભવિષ્યમાં કોઈ વાંધો ન આવે!' પછી તો કરારનામું તૈયાર થયું. સહી-સિક્કા થયાં અને રજિસ્ટર્ડ પણ થઈ ગયું.

ત્રણ વર્ષનો કોર્સ પૂરો થયો. આપણો આ વિદ્યાર્થી 'વિથ ફ્લાઈંગ કલર્સ' પાસ પણ થઈ ગયો, પરંતુ એક મુશ્કેલી પણ સર્જતો ગયો. આપણા આ વિદ્યાર્થીને એકાએક વિચાર આવ્યો : 'સા... લું... શું રાખ્યું છે આ વકીલાતમાં? નથી કરવી આ વકીલાત! આપણે તો એક સુંદર અને સરસ વ્યવસાય કરીશું અને પાવડે ને પાવડે ધન ઉલેચીશું!'

પ્રાધ્યાપકે તો એમની રકમની ઉઘરાણી શરૂ કરી દીધી, પણ આપણા આ વિદ્યાર્થીને તો બહેરા કાને ટકોરા! પ્રાધ્યાપકની સ્થિતિ તો દયનીય થઈ ગઈ.

પ્રાધ્યાપક પાસે હવે કોઈ વિકલ્પ જ નહોતો. એમણે તો કોર્ટમાં દીવાની દાવો દાખલ કરી દીધો. કોર્ટે આપણા આ વિદ્યાર્થીને નોટિસ મોકલી. આપણા વિદ્યાર્થીએ નોટિસનો સ્વીકાર કર્યો. જવાબ પણ આપ્યો. એના જવાબમાં એણે કહ્યું : 'મારે ફરિયાદીને રૂ. ૨૦,૦૦૦/-ની રકમ ચૂકવવાની છે તે વાત સોએ સો ટકા સાચી, પરંતુ મેં

વકીલાતનો ધંધો ન કરવાનો નિર્ણય કર્યો છે. અમારી શરત મુજબ મારો પ્રથમ કેસ ફરિયાદીએ મદદ કરી જિતાડવાનો છે. કેસ જીત્યા બાદ જ મજકૂર રકમ ફરિયાદીને ચૂકવવાની રહે છે. હું જ્યારે વકીલાતનો વ્યવસાય કરતો જ નથી, મને પ્રથમ કેસ મળવાનો નથી, અને તેથી આખી વાતનો છેદ ઊડી જાય છે. અમારા વચ્ચેની શરત જ્યારે પૂર્ણ થશે ત્યારે જ પ્રાધ્યાપક-ફરિયાદીને એમની રકમ મળશે!'

કોર્ટમાં દીવાની દાવો દાખલ થઈ ગયો. આપણો આ વિદ્યાર્થી વકીલાત ભલે નહોતો કરતો પણ વકીલ તો હતો અને સનદ પણ મેળવી ચૂક્યો હતો. એટલે પ્રતિવાદી તરીકે એણે પોતાના નામનું વકીલાતનામું દાખલ કર્યું.

વિદ્યાર્થી વકીલની દલીલ : 'ફરિયાદી પ્રાધ્યાપકે જે કરારનામું રજૂ કર્યું છે તે મુજબ મારે ફરિયાદી પ્રાધ્યાપકને રકમ ચૂકવવાની છે તે મને કબૂલ-મંજૂર છે! પરંતુ કરારનામાની શરત મુજબ હું જ્યારે વકીલાત શરૂ કરું અને જે પ્રથમ કેસ મેળવું તે કેસમાં ફરિયાદી-પ્રાધ્યાપક સાહેબે તે કેસ જિતાડવામાં મદદ કરવી અને એ કેસ જિતાયા બાદ જ રકમની ચુકવણી કરવાની રહે છે, તો નામદાર ન્યાયમૂર્તિ આ બાબતનો સંપૂર્ણ વિચાર કરીને ન્યાય આપે એવી મારી નમ્ર વિનંતી છે!'

ફરિયાદી પ્રાધ્યાપકની દલીલ : 'નામદાર ન્યાયાધીશસાહેબ, પ્રતિવાદીની વાત સાચી છે! એ પાસ થઈ જાય, એનો વ્યવસાય શરૂ કરે અને પ્રથમ કેસ - મારી મદદ વડે - જીતી જાય ત્યાર બાદ જ મને મારી રકમ મળે એ પણ સત્ય છે! પરંતુ પ્રતિવાદીએ એનો વકીલાતનો વ્યવસાય શરૂ કર્યો નહિ, એમાં કંઈ મારો દોષ છે? કદાચ, એવું પણ બને કે પ્રતિવાદી વકીલાતનો ધંધો શરૂ ન પણ કરે એટલે શું મારે મારા હક્કની રકમ જતી કરવી? આપને મારી નમ્ર પ્રાર્થના છે, આ સર્વ બાબત લક્ષમાં લઈ આપ ન્યાય આપશો!'

નામદાર ન્યાયાધીશે કરારનામાનો ખૂબ બારીકાઈથી અભ્યાસ કર્યો. ફરિયાદી તથા પ્રતિવાદીની દલીલ જડબેસલાક છે. બન્ને પક્ષની વાત પણ સત્ય છે. પ્રાધ્યાપક-ફરિયાદીની માગણી વાજબી છે અને એમને એમની રકમ ચૂકવી દેવા માટે હુકમ આપવો જોઈએ તેમ એમને લાગ્યું. પરંતુ કરારનામા પ્રમાણે વિદ્યાર્થી-પ્રતિવાદીનો પ્રથમ કેસ આ જ છે અને આ કેસ વિદ્યાર્થી-પ્રતિવાદી જીતી જાય ત્યાર બાદ જ ફરિયાદી-પ્રાધ્યાપકને રકમ ચૂકવવાની થાય, અન્યથા નહિ! પ્રાધ્યાપક પોતે ફરિયાદી છે એટલે એ વિદ્યાર્થીને કેસ જિતાડવામાં મદદ પણ ન કરી શકે!

નામદાર ન્યાયાધીશે 'આઉટ ઑફ કોર્ટ સેટલમેંટ' કરવા ફરિયાદી અને પ્રતિવાદીને સૂચન કર્યું. બન્ને નામક્કર ગયા.

નામદાર ન્યાયાધીશ સાહેબ મોટી ગડમથલમાં પડી ગયા. દાવો સાચો છે, ફરિયાદી સાચો છે, પ્રતિવાદી સાચો છે પણ ન્યાય કોને પક્ષે છે?

ધારો કે તમે નામદાર ન્યાયાધીશ હો તો...! ❑

લઘુકથા

બીજી ગોવાલણી

ભગીરથ બ્રહ્મભટ્ટ

વહેલી સવારે ચાલવા નીકળ્યો હોઉં ત્યારે મારે ત્યાં દૂધ આપવા આવતી બીજલ રબારણ ક્યાંક ને ક્યાંક અચૂક સામે મળે.

આછાં અજવાળાંમાં એનો ગૌર, ઊંચો દેહ ઝગારા મારતો હોય. પગમાં ગતિ, માથે માંડ, હાથમાં કંકણ અને પગમાં ભારેખમ કડલાં. સૂર્યોદય પહેલાંની ક્ષણોમાં એની ગરદન ઉપરનાં છૂંદણાંય મને દેખાઈ જતાં... એ આવે એટલે દૂરથી જ વરતી લઉં, ભરત ભરેલો કમખો અને બરડો તો સાવ ખુલ્લો... કસકસીને બાંધેલી દોરી જ દેખાય માત્ર! એ આગળ નીકળી જાય તો હું એની પીઠ જોઉં, એ ક્યારેક પાછું વળીને મને જુએ... હુંય હસું. સ્મિતના અજવાળે હું ઉજાસ અનુભવતો ત્યારે.

એક દિવસ મને રસ્તા વચ્ચે રોકી કહે—

'સાયેબ એક હિસાબ કરી આલસો?'

'શાનો?'

'દૂધનો જ સ્તો.'

'આવજે ને!' મેં કહ્યું.

મેં તે દિવસે તેને હિસાબ કરી આપતાં, એની નજરનો હિસાબ પણ કર્યો હતો. એણે કહેલું - 'દોઢશેર લેખે મહિનાના ગણી આપો.' અને એની નજાકતમાં મને વ્હાલપની વાંસળી સંભળાતી.

* * *

એક દિવસ પત્ની બહાર ગયેલી. સવારે એ 'દૂ...ધ' કહેતી આવી. હું ઊંઘમાંથી ઝબક્યો. ત્વરાભેર જે તપેલી આવી હાથમાં તે લઈ લીધી. દૂધ લીધું. તેણે પૂછ્યુંય ખરું—

'ચ્યમ આજે બેન નથી?'

* * *

બીજે દિવસે પત્ની, બીજલ દૂધવાળીને ધમકાવતી હતી—

'અલી, દૂધ કેવું લાવેલી? બગડી ગયું! હેં?'

'ના હોય બુન, કોઈનીય બૂમ નથી આઈ, તમે સાયેબને પૂછો તપેલી તો હારી હતી ને?' બીજલ હળવેથી બોલી.

હું ઘરમાં બેઠો બેઠો મયલાનિલની 'ગોવાલણી' વાર્તા વાંચતો હતો, અને પત્ની મને કહેતી હતી – 'કહું છું, શું ખબર પડે છે ધૂળ? તમે ભણ્યા... શું ભણ્યા? દહીંની તપેલીમાં તે વળી દૂધ લેવાતું હશે? સુધર્યા જ નહિ!'

ચેત મછંદર

હરનિશ જાની

બાબા ગોરખનાથે ગણેશને કહ્યું કે ' મારી પાસે એક એવી સ્કીમ છે કે જેનાથી તું માલામાલ થઈ જઈશ અને મને ખાસ્સી પબ્લિસિટી મળશે. આ અમેરિકામાં મારું પોતાનું તો કોઈ છે નહીં. સારું થયું તું મળી ગયો. મને તારા જેવા વિશ્વાસુની જરૂર હતી.'

* * *

અમેરિકામાં ગણેશ શર્માનું વજન ૨૫૦ પાઉન્ડ હતું. ભારતમાં ૧૧૫ કીલો હતું. અમેરિકામાં ઓવરવેઈટ હતો. ભારતમાં કોઠી હતો. આ વજન ૪૫ વરસની માવજત પછી થયું હતું. આખી જિંદગી મુંબઈમાં 'પૅરૅડાઈઝ હિંદુ લૉજ'માં રસોઈયાની પદવી ભોગવી હતી.

રસોઈ ચાખી ચાખીને શરીર વધાર્યું હતું. લૉજના ઓટલે સૂવાનું મળતું એટલે ફૅમિલિ લાઈફનો અંત ત્યાં જ આવી ગયો હતો. બહેનની સિટિઝનશિપ ઉપર તે અમેરિકા આવી ગયો હતો. મુંબઈનો રસોઈયો, ન્યૂયૉર્કમાં શેફ બની ગયો. 'શેરે પંજાબ'માં તાંદુરી ચિકન અને નાન શેકતો થઈ ગયો. પંજાબી ભોજનથી તેની ફાંદનું જતન થતું હતું. ગણેશને માથે એકે વાળ ન હતો પરંતુ સુંદર દાઢી રાખતો. તે માથાના વાળની ખોટ આ રીતે દૂર કરતો.

ગણેશને કદી લાગ્યું નહોતું કે તે જાડિયો છે. પંરતુ અમેરિકન બહેન-બનેવી હેલ્થ કોન્શિયસ હતાં.

બહેને પ્રસ્તાવ મૂક્યો, 'તારે વજન ઘટાડવું પડશે.' ગણેશ કહે કે 'શા માટે મારે વજન ઘટાડવું જોઈએ?' બહેને અને બનેવીએ તેને પેન્સિલવેનિયાના ગોરખ આશ્રમમાં લઈ જવાનું નક્કી કરી દીધું.

* * *

દશ વરસ અગાઉ, ચાલીસેક વરસનો સંતોકરામ ન્યૂયૉર્કના કૅનેડી ઍરપોર્ટ ઉપર ઊતર્યો હતો. ઍરપોર્ટ ઉપર તેણે એક વાત નોંધી કે આપણા દેશના પ્રમાણમાં અમેરિકામાં જાડાં સ્ત્રી-પુરુષો ઘણાં છે. લગભગ બધાં જ જાડાં છે. થોડા દિવસના વસવાટ પછી લાગ્યું કે બધાં જ ડાએટિંગ કરે છે. ખાસ કરીને, સ્ત્રીઓ, જે જાડી નથી તે તો ખાસ ડાએટિંગ કરે છે. તે સ્ત્રીઓએ શરીરના ડાએટિંગ કરવા કરતાં મગજના ડાએટિંગ કરવા જોઈએ એમ સંતોકરામને લાગ્યું.

તે વિઝિટર વિઝા પર આવ્યો હતો. 'વિઝા કી એસીતેસી. આપણે અહીં જ રહેવાના છીએ.' એ એનો નિર્ણય હતો. મુંબઈના 'પૅરૅડાઈઝ હિંદુ લૉજ'માં અંધારિયા રસોઈઘરમાં મજૂરી કર્યા પછી નક્કી કર્યું હતું. અમેરિકામાં રસોઈ કરવી નથી.

તેના બાપા કહેતા, 'શિક્ષક થવું. છોકરાં ભણે-ન ભણે, આપણને પગાર મળે. વકીલ થવું. કેસ જીતે કે હારે - આપણી ફી તો મળે. પરંતુ રસોઈયો ન રાંધે અને કડિયો દીવાલ ન ચણે તો ભૂખે તો મરવું પડે પણ ડંડા પડે તે નફામાં.'

સંતોકરામને વિચાર આવ્યો કે અમેરિકાનાં જાડાં લોકોનો લાભ લેવો જોઈએ. તેમાં તેને અમેરિકામાં ઠરીઠામ થવાનો માર્ગ દેખાયો. લોકોનાં શરીર પર ઘણી ચરબી છે અને જેના શરીર પર ચરબી નથી, એ લોકોનાં મગજમાં ચરબી ભરાઈ છે.

અમેરિકાની આ ચરબીમાં ભારતીય વેદપુરાણની ભવ્ય સંસ્કૃતિનો મસાલો ભેગો કરીએ તો એક બેમિસાલ વાનગી તૈયાર થાય!

સંતોકરામે બીજું એ જોયું કે જ્યારે ભારત એકવીસમી સદીમાં પ્રયાણ કરી રહ્યું છે ત્યારે અમેરિકાનાં દેશીઓ ઓગણીસમી સદી તરફ જઈ રહ્યાં છે. ભારતમાં ઠેર ઠેર સાઈબર કાફે ખૂલી રહ્યાં છે ત્યારે અમેરિકામાં દિવસ-રાત નવાં મંદિરો બની રહ્યાં છે. દેશમાંથી બધા દોરાધાગાવાળા અમેરિકા આવી ગયા છે. થોડા વખતમાં અમેરિકામાં કુંભમેળો ભરાય તો નવાઈ નહીં! આ બધાં અંધશ્રદ્ધાળુ લોકોના ઉદ્ધાર માટે સાધુ-સંતોના વેષમાં ભૂવાઓ પણ આવી ગયા છે, ખરા સંતો તો હિમાલય ગયા!

સંતોકરામે પણ આ પરિસ્થિતિનો લાભ લઈ આ દુઃખી આત્માઓના ઉદ્ધાર કરવાનું નક્કી કર્યું.

તેણે જોયું કે અમેરિકામાં 'વજન ઉતારવાની' અબજો ડૉલરની ઈન્ડસ્ટ્રી છે. હજારો જિમ્નેશિઅમમાં કસરત કરવા માટે જાય છે. હજારો પુસ્તકો લખાય છે. ઍરોબિક-કસરતોના સેંકડો વીડિઓ બને છે. તો આ ઈન્ડસ્ટ્રીમાં કેમ ન જોડાઈએ? ભારતીય વેદપુરાણની સંસ્કૃતિને વજન ઉતારવાના તુક્કામાં જોડવી જોઈએ. ઋષિમુનિઓના મંત્રોચ્ચાર આ અમેરિકાની ધરતી પર ગજાવો. જો નવ ગ્રહોને ખુશ રાખવાથી કોર્ટમાં કેસ જિતાતો હોય, પુત્ર-જન્મ થતો હોય, ભાગી ગયેલી પત્ની પાછી આવતી હોય, તો તે ગ્રહોના મંત્રોચ્ચારથી વજન કેમ ન ઘટે?

સંતોકરામે અમેરિકાની ધરતીનો અભ્યાસ કર્યો. ૨૦૦૨ની સાલમાં ૧૭ લાખ ભારતીયો અમેરિકામાં રહે છે. તેમાંના એક લાખ જાડિયાઓ આપણને વરસના ફક્ત દશ ડૉલર આપે તો પણ મિલ્યન ડૉલર થયા. તેમાંના અડધા એડવર્ટાઈઝમાં ખર્ચાય, તો બીજે વરસે બે મિલ્યનની શક્યતા થાય. દશ ડૉલરમાં આપણે તેને નવ ગ્રહોમાંથી કોઈ પણ ગ્રહનો મંત્ર પકડાવી દેવાનો. શરત એટલી જ કે મંત્ર રોજ સવારે ન્હાયા પછી દશ વાર જપવાનો. 'નો ડાએટિંગ, નો કસરત.' વજન ઊતરશે. વરસ પછી કોઈ નવરો ફરિયાદ કરવા આવે તો કહી દેવાનું 'તમારી સાધનામાં ભલી વાર નહીં હોય.' અમેરિકામાં દશ ડૉલર શું ચીજ છે? પીઝા પણ દશ ડૉલરમાં નથી મળતો.

સંતોકરામે વિચાર્યું કે મંત્રોચ્ચારથી વજન ઘટે કે ન ઘટે તે

અગત્યનું નથી. પરંતુ ગ્રહોના મંત્રોથી વજન ઘટી શકે એ વિચાર આ દોરાધાગાવાળી પ્રજાને વેચવાનો છે! ખૂબી એટલી જ છે. મારે એટલી જ બુદ્ધિ વાપરવાની છે. દશ ડૉલર એના છે!

* * *

શરૂઆતમાં તેણે મેલ ઑર્ડરથી ધંધો પોતાના સ્ટૂડિઓ અપાર્ટમેન્ટમાંથી ચાલુ કર્યો. જન્મ તારીખ આપો. દશ ડૉલર મોકલો. 'બાબા ગોરખનાથ તમને મંત્ર મોકલશે. ધાર્યું વજન પામશો.' વાત સીધી હતી. આમાં કોઈ ગોરખધંધો નહોતો.

ગોરખનાથની આગળ 'બાબા' લગાવી દીધું. જેથી મુસલમાન બિરાદરોને આકર્ષી શકાય. બાબા ગોરખનાથ તેમને અજમેરથી મંત્રાવેલું તાવીજ મંગાવી આપશે.

તેણે સૌપ્રથમ કામ કર્યું એડવર્ટાઈઝમેન્ટ આપવાનું. સંતોકરામનો મંત્ર હતો, 'અર્લિ ટુ બેડ, અર્લિ ટુ રાઈઝ, વર્ક લિટલ ઍન્ડ એડવર્ટાઈઝ.'

આ ન્યૂઝ પેપરમાં અને તે ન્યૂઝ પેપરમાં બાબાએ ફુલ પેજ જાહેરખબરો આપવા માંડી. થોડા મેલ ઓર્ડર આવવા માંડ્યા. ન્યૂઝ પેપરોની પાંચ-દશ હજાર નકલો પૂરતી નહોતી. ઈંગ્લન્ડ, ઓસ્ટ્રેલિયા, સિંગાપોર, આફ્રિકા - બધે જ ભારતીય છાપાંઓમાં બાબા ઝળક્યા. કહેવાની જરૂર નથી કે હવે બાબા ગોરખનાથની જુદી ઑફિસ છે. ચારપાંચ સ્માર્ટ છોકરીઓનો સ્ટાફ પણ છે. બાબાની જાહેરખબર પણ કેવી? મોટા અક્ષરે - 'મનિ બૅક ગેરન્ટી', 'ગ્રહોની શાંતિ, શરીરની ક્રાંતિ, સ્થાપના-૧૯૫૨'. ફોન નંબર, ફેક્ષ નંબર, ઈ-મેલ બધું જ છાપતાં.

દેશ-પરદેશમાં લોકો શંકાશીલ થઈને અંદરોઅંદર વાતો કરવા લાગ્યાં. આ વિજ્ઞાનના યુગમાં આમ બને ખરું? ખોરાકની કેલરી અને આ મંત્રોચ્ચારને સંબંધ ક્યાંથી હોઈ શકે? તેમ છતાં મેલ ઓર્ડરના પ્રવાહમાં કોઈ ભંગ ન થયો. કોઈ ન જાણે તેમ ઘણા ડૉક્ટરો પણ દશ ડૉલર મોકલવા લાગ્યા.

બાબા હવે ટીવી પર ઝળક્યા. બાબાએ વિચાર્યું, ૨૫૦ મિલ્યન અમેરિકામાં ૧૫૦ મિલ્યન જાડિયાંઓ હશે. તેમને પણ સમદૃષ્ટિ રાખી અને લાભ આપવો જોઈએ. આ ભણેલી પ્રજાને પણ અંધશ્રદ્ધા છોડતી નથી. ન્યૂ યૉર્કનાં બહુમાળી મકાનોમાં બારમા માળ પછી સીધો ચૌદમો માળ હોય છે. કારણ કે આ ભણેલાઓ તેરના આંકડાથી ગભરાય છે. વર્જિન મેરીની આરસપહાણની મૂર્તિની આંખમાંય આંસુ સરે છે એ જોવા હજારો માણસ ઊમટે છે. તો આ લોકોને આપણા હજરો વરસ જૂના ઋષિમુનિઓના મંત્રોચ્ચારનો જાદુ સમજાવવો અઘરો નથી.

બાબા ગોરખનાથ મંદ મંદ હસતા રહ્યા!

* * *

આજે પાંચ વરસ વીતી ગયાં. બાબા ગોરખનાથનો આશ્રમ ચાલુ થયો. પેન્સિલવેનિયાના પોકોનોઝ માઉન્ટમાં ૫૦ એકર જમીન પર ખૂબ રમણીય જગામાં. વચ્ચે આશ્રમનું ભવ્ય મકાન છે. આજુબાજુ રહેવાનાં સુંદર કૉટેજ છે. જેમાં જાડા ભાવિકો રહે છે. એક વિકએન્ડના બાબા હજાર હજાર ડૉલર ચાર્જ કરે છે.

સોએક જણ 'ફિઝિકલ થેરાપી થ્રુ સ્પિરિચ્યુઅલ થેરાપી' મેળવવા માટે હંમેશા રહેતા હોય છે. આશ્રમમાં ક્યારેય અગિયારસ કે ઉપવાસનું નામ નહીં લેવાનું. સમોસા-પકોડા-ગુલાબજાંબુ બધું ભરપૂર મળે છે. ખાવું હોય તે ખાવાનું, પરંતુ મંત્ર-જાપ ચૂકવાનો નહીં. બાબા ગોરખનાથે આશ્રમમાં એકે વજન-કાંટો રાખ્યો નથી. વજન ઘેર માપવું. અહીં તો મંત્ર તમારા શરીરનું જતન કરે છે. બાબા પાસે સર્વ પ્રકારની વાનગીઓ છે, ભાવુકો જાડા છે. તેમને વજન ઊતરે ન ઊતરે પરંતુ તેમને હંમેશા લાગે છે કે તેઓ વજન ઉતારે છે. ખાવું હોય તે ખાય છે. મંત્રોચ્ચાર ભણે છે! 'નો કસરત, નો ડાએટિંગ.'

છેવટે એક દિવસે બેન-બનેવી ગણેશને 'ગોરખઆશ્રમ' પર ઘસડી લાવ્યા. આશ્રમના એરકન્ડિશન્ડ રૂમમાં બધાં ભાવુકો ગોરખ-નાથની હાજરીમાં મંત્રોચ્ચાર કરતાં હતાં. ગણેશ, ગોરખનાથની સામે ગોઠવાયો. તેણે ગોરખનાથને જોયા. તાકી તાકીને જોયા. આમને ક્યાંક જોયા છે, એમ તેણે વિચાર્યું. ગોરખનાથની આંખો ખૂલી. તેમણે ગણેશને જોયો. ફરીથી જોયો, અને સ્મિત કર્યું. ગણેશની બત્તી ઝબકી. 'આ તો મારો બેટો સંતોકરામ.' તેણે સામે સ્મિત કર્યું.

મંત્ર-જાપનું સૅશન પત્યું. સૌના વિખેરાયા પછી બાબા ગણેશને પોતાના પ્રાઈવેટ રૂમમાં લઈ ગયા. બન્ને એકમેકને ભેટ્યા. ગૂડ ઓલ્ડ ડેઈઝની વાતો કરી. 'પૅરૅડાઈઝ હિન્દુ લૉજ'ને સંભારી. ગણેશે હસીને કહ્યું, 'લે, તું તો દેશમાં 'મહારાજ' હતો ને અહીં પણ 'મહારાજ' રહ્યો!'

ગણેશે જોયું તો એ રૂમમાં મહાત્માઓના ફોટા લટકાવ્યા હતા. બાબા બોલ્યા : 'આ મારો પ્રેરણા રૂમ છે. આ ફોટાઓ કરોડપતિ સાધુઓના છે. અહીં રામકૃષ્ણ પરમહંસ કે વિવેકાનંદ જેવા સંત ન શોભે. આ સાધુઓ અમેરિકાના વાર-તહેવારે અમેરિકાના ભારતીયોનો ઉદ્ધાર કરવા આવે છે.'

ગણેશે કહ્યું : 'આ ખાલી ફ્રેમો કેમ લટકાવી છે?'

બાબાએ કહ્યું : 'ગાંડા, એ તો 'પંડિત મહારાજ' અને 'સૈયદ પીર'ની જાહેરખબરનાં કટિંગ્સ છે. તે લોકોની પ્રેરણાથી તો આપણે આ પ્રવૃત્તિ ચાલુ કરી છે. એમના દોરાધાગા પાછળ લોકો દોડે છે. તો આપણા મંત્રો પણ તેમને આકર્ષે છે. જો તું કેવો દોડતો આવી ગયો?'

બાબાએ ગણેશને તથા તેનાં બહેન-બનેવીને મહાપ્રસાદ જમીને જવાનો આગ્રહ કર્યો. ગણેશ જાતજાતની મીઠાઈઓ જોઈને ખુશ થઈ ગયો.

બાબા ગોરખનાથે ગણેશને કહ્યું કે, 'મારી પાસે એક એવી

સ્કીમ છે કે જેનાથી તું માલામાલ થઈ જઈશ અને મને ખાસ્સી પબ્લિસિટી મળશે. આ અમેરિકામાં મારું પોતાનું તો કોઈ છે નહીં. સારું થયું તું મળી ગયો. મને તારા જેવા વિશ્વાસુની જરૂર હતી.'

બાબાએ વાત આગળ ચલાવી : 'આવતા વિકએન્ડમાં તું એકલો આવજે.'

* * *

બીજા શનિવારે ગણેશ, બાબાના 'ગોરખ આશ્રમ' પર ગયો. બાબા રાહ જોતા હતા. તેને પોતાના પ્રાઈવેટ રૂમમાં લઈ ગયા. પછી બોલ્યા : 'જો આ કૉન્ટ્રાક્ટ. મેં વકીલ પાસે બનાવડાવ્યો છે. તેમાં હું તને ગેરન્ટી આપું છું કે એક વરસમાં મારે મંત્રો વડે તારું વજન સો પાઉન્ડ ઉતારી દેવાનું. મારા મંત્રોથી કોઈનું વજન આજ સુધી ઊતર્યું નથી. હા, વજન ઊતર્યું હોવાનો આભાસ દરેકને થાય છે! અને જો તારું સો પાઉન્ડ વજન ન થાય તો તારે મને કોર્ટમાં લઈ જવાનો અને મારા પર પાંચ-દશ મિલ્યનનો દાવો માંડવાનો. મેં મારા ધંધાનો કરોડોનો ઈન્શ્યોરન્સ લીધો છે. આ દેશમાં તો કૉફીનો કપ એક સ્ત્રી પર પડ્યો અને તે દાઝી ગઈ. સ્ટોરવાળાએ ૭૦ લાખ ડૉલર ચૂકવવા પડ્યા હતા. આવા ખેલ આ દેશમાં બહુ થતા હોય છે. એટલે તારું વજન ઊતર્યું નથી એટલે તું જરૂર જીતીશ.'

ગણેશ કહે : 'પરંતુ હું ન જીતું તો?'

બાબા કહે : 'તું કેમ ન જીતે? તારા માટે કોઈ જ્યુઈશ લૉયર ગોતીશું અને મારા માટે ઈમિગ્રેશનવાળા દેશી વકીલને પકડીશું.'

બાબાએ વાત આગળ ચલાવી, 'આપણે જે પૈસાની વાત કરીએ છીએ તે મારી ઈન્શ્યોરન્સ કંપની તરફથી મળશે અને જે કાંઈ પૈસા તને મળે તેમાં અડધો ભાગ મારો.'

ગણેશે કશું જ ગુમાવવાનું નહોતું - વજન સુધ્ધાં નહીં. તે સંમત થઈ ગયો. કૉન્ટ્રાક્ટ પર સહી કરી દીધી. બાબા ગોરખનાથ પોતે જ નૉટરી પબ્લિક હતા. ભોજન પર પ્રતિબંધ નથી તેનો આનંદ ગણેશને હતો. દર મહિને બાબાને વજનનો રિપોર્ટ આપવાનો અને શક્ય હોય તો ગોરખ આશ્રમ પર ચક્કર લગાવી જવાનું અને મહાપ્રસાદ જમીને ઘેર જવાનું.

બાબા ગોરખનાથે ભક્ત ગણેશને ગુરુના ગ્રહનો મંત્ર પકડાવ્યો. રોજ સવારે દશ વાર જાપ કરવાની સલાહ આપી. અને પહેલા મહિને ગણેશનો ફોન આવ્યો કે મારું દશ પાઉન્ડ વજન ઓછું થયું છે. બાબાને એમ કે હશે! ગણેશ એક ટંક ન જમે તો પણ દશ પાઉન્ડ વજન તો ઊતરે. બીજા મહિને ગણેશનો ફોન આવ્યો કે તે મંત્રોચ્ચાર બરાબર કરે છે અને બીજા દશ પાઉન્ડ ઘટ્યું. બાબાએ વાત હસી કાઢી. ત્રીજા મહિને બાબાએ એને મળવા બોલાવ્યો. ગણેશે ખાસ્સી ત્રીસ પાઉન્ડની ચરબી ઉતારી હતી. બાબાએ તેને ગુલાબજાંબુ-સમોસા-પૂરીઓનો છપ્પનભોગ ખવડાવીને ઘેર મોકલ્યો. બે મહિના પછી ગણેશે બાબાને કહ્યું કે લગભગ ૫૦ પાઉન્ડ વજન ઓછું થયું. હવે બાબા ગૂંચવાયા. 'સાલા, આ મંત્રો તો સાચા લાગે છે!' ગણેશે કહ્યું કે ખોરાક તો એનો એ જ છે, બાબાએ તેને ગુરુના ગ્રહ પરથી લઈ લીધો અને શનિ પર ચઢાવ્યો.

ઉત્સાહમાં ને ઉત્સાહમાં ગણેશ એક નાનકડી વાત કહેવાનું ચૂકી ગયો હતો. તે હવે બહેન-બનેવી સાથે નથી રહેતો. તેણે ઘર બદલ્યું છે. પાંચ માળના લિફ્ટ વિનાના બિલ્ડિંગમાં પાંચમે માળે રહે છે. દિવસના પાંચ સાત વાર ચઢ-ઊતર કરવી પડે છે!

બાબાએ જોયું તો શનિ મહારાજે પણ કોઈ ચમત્કાર ન કર્યો. ગણેશ વજન ગુમાવતો હતો. દશ મહિને ગણેશ મળવા આવ્યો ત્યારે તેનું વજન સો પાઉન્ડ ઘટી ગયું હતું.

બાબા ગોરખનાથના હાથમાંથી વધારે પૈસાદાર થવાની સ્કીમ છટકી ગઈ. આશ્ચર્ય તો એ વાતનું હતું કે, 'સાલા, ગ્રહોના મંત્રો વજન ઘટાડી શકે!'

નિરાશ ન થતાં બાબા ગોરખનાથે ગણેશને કહ્યું, 'મને બે પાંચ દિવસ આપ. અને રવિવારનાં છ ન્યૂઝ પેપરમાં આપણી નવી જાહેરખબર જોવા મળશે. પછી આપણે નવો કૉન્ટ્રાક્ટ કરીશું.'

ગણેશ ખૂબ આનંદભેર આશ્રમમાં મહાપ્રસાદ આરોગીને ઘેર ગયો.

બીજા રવિવારનું છાપું તેણે ખોલ્યું. અંદર ફુલ પેજ ઍડ હતી : 'ગ્રહોના મંત્રોચ્ચારથી માથાના વાળ ઉગાડો - બાબા ગોરખનાથ.'❑

લઘુકથા

ચીજ

જગન્નાથ રાજગુરુ

એ જ હવેલી ને એ જ શેઠ. શેઠની કાયા જેવો હવેલીનો જર્જર ઈતિહાસ કરોળિયાના જાળાં બની ગયો છે. ફાંદ પર ચરબીની પેઠે ચાર પેઢીનું વ્યાજ શેઠને અધરાતે અજંપો કરાવે છે.

'હજૂર! આ રામસાગર ક્યારેક વગાડતા હો તો!' નમતા પહોરે મરક મરક હસતો શરણાઈવાળો ટાઢો ડામ ચાંપે છે. શેઠના શરીરમાંથી ઠંડીનું એક લખલખું પસાર થઈ જાય છે. સમસમી ઉઠેલા શેઠ તેને સાંબેલું આપતા કહે છે, 'લે, વગાડ આ, ભડનો દીકરો હો તો!'

લોકોના આશ્ચર્ય વચ્ચે સાંબેલું વાગતાં જ શેઠ નાદ-બ્રહ્મથી ડોલવા માંડ્યા. પ્રતિઘોષ શીર પરથી ગંગા બની વહેવા લાગ્યો. બ્રહ્મ લટકાં કરે બ્રહ્મ પાસે!

ટોળામાંથી એક ખાદીધારી માણસે નજીક આવી આંખ મીચકારતાં પૂછ્યું : 'જનાબ! આ અદ્ભુત ચીજ ક્યાંની?'

'—દિલ્હી ઘરાનાની.' કહી શરણાઈવાળો ભીડમાં ખોવાઈ ગયો.

નટુ મિસ્ત્રી 'ચેતક'નાં કેટલાંક કાર્ટૂનો




મારા પપ્પા ખરેખર બહાદુર છે તે પાંચ પેપર ફોડી લાવ્યા! તારા પપ્પા કેટલાં પેપર ફોડી લાવ્યા??
ખેલાડી ઉત્તમ છે.. પણ સિલેક્શનમાં ભૂલ થઈ ગઈ છે બિચારો રતાંધળો છે.. રાત્રિ મેચ માટે સાવ નકામો પડશે!
રાતના અંધારામાં બોલ ખોવાઈ જવાની ભારે શક્યતા હોઈ, અમે તો ઢગલા બંધ બૉલ તૈયાર રાખી દીધા છે!
મારા સામેના આક્ષેપો પર તમે ભલે મારું મોઢું કાળું કરો! પણ લોકો તો એમ હોળીમાં રંગાયો હું.. એમજ માનશે!


પહેલાં માત્ર પ્રકાશથી કવિઓ આનંદ પામતા. આજકાલ ગુંડાઓ આનંદ પામે છે!
હવાખાનુ
LIONS CLUB
નહિ, નહિ! છોકરાની નહિ' છોકરાની 'મા'ની કુંડળી આપો! આજકાલ તો સાસુ-વહુની કુંડળી મેળવવી પડે એમ છે!
નહિ નહિ જમાદાર સાહેબ! હું એમને લૂંટતો નહોતો.. હું તો બોણી માગતો'તો!

હાસ્ય

મધુસૂદન પારેખ

કુદરતે મનુષ્યેતર પ્રાણીઓને જે ખુશનસીબી આપી નથી, તે મનુષ્યને આપી છે અને તે છે હાસ્યની. હાસ્ય એ મનુષ્યને મળેલી નૈસર્ગિક અને વિશિષ્ટ શક્તિ છે.

સુપ્રસિદ્ધ કાર્ટૂનિસ્ટ આર. કે. લક્ષ્મણે હાસ્ય વિશે માર્મિકતાથી કહ્યું છે કે **'Laughter is the best antidote to sorrow and that is why it is used to comment on serious issues... Humour counters or balances pain. Man was destined to suffer much more than animals and therefore God said : 'Young man, go and laugh.'**

હાસ્ય એ જીવનની પાનખરમાં વસંત છે. સંસારની કૂટ સમસ્યાઓથી સંતૃપ્ત માનવીને માટે હાસ્ય એ નોળવેલ છે.

હાસ્યના ઉદ્ભવ વિશે અને એની પ્રક્રિયા વિશે વિવિધ ક્ષેત્રોના વિદ્વાનોએ ગંભીર ગ્રંથો લખ્યા છે છતાં હાસ્યતત્ત્વ એમનાથી ય ચોક્કસ પકડમાં આવ્યું નથી. હાસ્ય સ્મિતથી માંડીને અટ્ટહાસ્ય સુધી શારીરિક ચેષ્ટાઓ દ્વારા પ્રકટ થતું રહ્યું છે અને તે એ બધી સ્થૂળ-સૂક્ષ્મ ચેષ્ટાઓનો સંબંધ હાસ્યના વિવિધ પ્રકારો સાથે જોડાયેલો છે.

મનુષ્ય હૃદયમાં રહેલા વિવિધ સ્થાયીભાવોમાં હાસ પણ એક સ્થાયીભાવ છે અને એમાંથી હાસ્યરસ નિષ્પન્ન થાય છે. હાસ્ય એ મનશરીર વ્યાપાર છે.

વેબ્સ્ટરની 'ઑન ન્યૂ ઈન્ટરનૅશનલ ડિક્શનરી'માં (આવૃત્તિ બીજી) હાસ્યની વ્યાખ્યા આ મુજબ છે : **'Laughter is defined as a movement (usually involuntary) of the muscles of the face, especially of the lips. Usually with a peculiar expression of the eyes, indicating merriment, satisfaction or derision and attended by an interrupted explosion of air from the lungs.'**

હાસ્ય એ મુખના સ્નાયુઓની, વિશેષ કરીને હોઠના સ્નાયુઓની સામાન્ય રીતે મજાકના, સંતોષના અથવા ઉપહાસના ભાવ સૂચવનારી અને આંચકા સાથે ફેફસાંમાંથી હવા બહાર ફેંકનારી, સામાન્ય રીતે અનિયંત્રિત રહેનારી પ્રક્રિયા છે. રમણભાઈ નીલકંઠે પણ 'હાસ્યમંદિર'માં હાસ્ય વિશેના લેખમાં એવા જ ભાવાર્થની વ્યાખ્યા આપી છે.

આમ, હાસ્ય એ શારીરિક પ્રક્રિયા છે પણ હાસ્યરસનો અનુભવ એ માનસિક પ્રક્રિયા છે.

હાસ્ય કેટલાક વિદ્વાનોના મતે વ્યક્તિની કશીક નિર્બળતાનું નિર્દેશક છે તો વળી બીજાઓના અભિપ્રાયે એ શારીરિક અને માનસિક તંદુરસ્તી માટેનું ઔષધ છે. હાસ્યનો અનેક દષ્ટિબિંદુથી વિચાર થયો છે અને થતો રહેશે.

હાસ્યના વિષય સાથે સંકળાયેલા લગભગ બધા વિદ્વાનો એટલું તો સ્વીકારે છે કે ઊંચી હાસ્યવૃત્તિ હોવી અથવા પ્રસંગોચિત મુક્ત હાસ્ય કરવું એ ઈષ્ટ અને તંદુરસ્તીની નિશાની છે. સ્વચ્છ અને સ્વસ્થ હાસ્ય પ્રકટ કરવું એ વ્યક્તિનો કે પ્રજાનો નાનોસૂનો ગુણ નથી. ઉમાશંકર જોશીએ આ સંદર્ભમાં 'પ્રતિસાદ'માં નોંધ્યું છે કે સ્વતંત્ર સમાજો મુક્તકંઠે - મોકળે હૃદયે હસી શકે છે. જાત સામે હસવાની શક્તિ એ હાસ્યવૃત્તિનું ઉત્તમ લક્ષણ છે. મુક્ત સમાજો પેટ ભરીને આપ-ટીકા કરતા હોય છે. તેઓ પોતાની ભૂલો, મૂર્ખાઈઓ, અવળચંડાઈઓ ઉપર પેટ પકડીને હસવાની શક્તિ ધરાવતા હોય છે. એ શક્તિ તેમને તાજગી આપનારી ઉગારનારી નીવડે છે. થોડાં વર્ષો પહેલાં સ્વીડનના ડૉક્ટરોએ પ્રતિપાદન કર્યું હતું કે હાસ્ય એ ઉત્તમ ઔષધિ છે. સ્વીડનના મધ્યભાગમાં આવેલા મોતેલા ગામમાં દર્દીઓને એમનાં દુઃખ અને વેદનાઓને હસી કાઢવા માટે ઉત્તેજિત કરવામાં આવે છે. ગામનો મુખ્ય મેડિકલ ઑફિસર ડૉ. લાર્સ લિંગદહ માને છે કે હાસ્યને કારણે રોગ મટાડવાની શક્તિ વધે છે.

ઈ. ૧૯૮૨માં અમેરિકામાં એક પરિસંવાદમાં ડૉક્ટરોએ અને વૈજ્ઞાનિકોએ દર્દીઓ માટે ઔષધને સ્થાને હાસ્ય થેરપિની ચર્ચા કરી હતી. દર્દીને આનંદિત રાખવાથી તેની રોગપ્રતિકારક શક્તિ વધે છે. હાસ્યને કારણે શારીરિક અંગોનો વ્યાયમ મળે છે.

હાસ્યનો આવો બધો મહિમા વ્યક્ત થયો હોવા છતાં આપણા તેમજ પશ્ચિમના પ્રાચીન ચિંતકો - મીમાંસકોએ હાસ્યનું ઔચિત્ય પ્રમાણ્યું નથી અને હાસ્યરસને ગૌણ માન્યો છે. અરે, હાસ્યને અધમ કક્ષાનું અજ્ઞાની તેમજ મૂર્ખ માણસો માટે યોગ્ય ગણ્યું છે. 'ફિલેબસ'માં પ્લૅટોએ એવું પ્રતિપાદન કર્યું છે કે હાસ્ય એ આત્મજ્ઞાનની કમનસીબીભરી ઊણપમાંથી ઉદ્ભવે છે. ઍરિસ્ટોટલે હાસ્યને કોઈ પ્રકારની અશિષ્ટતા અથવા તો વિકૃતિ પર આધારિત અને નીતિકલા તેમજ ધર્મને હીન બનાવનાર તરીકે ઓળખાવ્યું છે અને સૂચવ્યું છે કે સંસ્કારી માણસોએ એનાથી દૂર રહેવું જોઈએ.

હાસ્યનો ચાળા-ચસ્કા તથા ઠઠ્ઠા સાથે ગાઢ સંબંધ છે એવી માન્યતા વર્ષો સુધી પ્રચલિત હતી. પણ અંગ્રેજ નાટ્યકાર બેન જોન્સને કૉમેડિને સામાજિક સુધારણાનું એક માધ્યમ ગણી હાસ્યને પ્રતિષ્ઠિત કર્યું એ રીતે ફ્રેંચ નાટ્યકાર મોલિયરે અને સ્વિફ્ટે પણ સત્તરમા-અઢારમા સૈકામાં પશ્ચિમી સમાજની મૂર્ખતા અને એના દંભને પ્રતિબિંબિત કરવા હાસ્ય-કટાક્ષનું આલંબન લીધું હતું.

ભારતની પ્રાચીન રસમીમાંસામાં પણ હાસ્યરસને ગૌણ માનવામાં આવ્યો છે. તેને શૃંગારના અનુકરણરૂપ ગણવામાં આવ્યો છે. નાટક-પ્રકરણ-નાટિકા જેવા નાટ્ય પ્રકારમાં પણ હાસ્યને મુખ્ય રસ તરીકે સ્થાન મળ્યું નથી. માત્ર ભાણ, પ્રહસન જેવા એકાંકી અને ગૌણ નાટ્ય પ્રકારોમાં તેનું સ્થાન સ્વીકારાયું છે.

ભારતીય રસમીમાંસક વિશ્વનાથે વાચા વગેરેની વિકૃતિમાંથી ચિત્તનો જે વિકાસ થાય તેને 'હાસ' કહ્યો છે અને તેમાંથી હાસ્યરસની નિષ્પત્તિ સમજાવી છે. 'દશરૂપક'માં ધનંજયે હાસ્યનાં કારણ તરીકે પોતાનો અથવા તો પારકાનો વિચિત્ર પહેરવેશ, ચેષ્ટા, શબ્દાવલિ વગેરેને ગણાવ્યાં છે.

ભરતે હાસ્યના છ પ્રકાર ગણાવ્યા છે. સ્મિત - આંખ, મોં ખીલી ઊઠે, ગાલ ઊપસી આવે, સહેજ દાંત દેખાય તે, હસિત; મધુર અવાજ સાથે આંખ-ગાલ સંકોચીને યોગ્ય કાળે પ્રકટેલું મુખરાગવાળું તે વિહસિત; નાક ફૂલે, નજર તીરછી થાય, અંગ અને મસ્તક નીચાં સંકોચાય તે ઉપહસિત; કવેળાએ આંખમાં પાણી આવી જાય ત્યાં સુધી ખભા અને માથું હાલી ઊઠે એવું તે અપહસિત; આંખમાંથી પાણી વહેવા માંડે, અવાજ વિકૃષ્ટ-મોટો, ખોખરો થઈ જાય, હાથથી પડખાં દબાવવાં પડે તેવું ઉદ્ધત હાસ્ય તે અતિહસિત.

સંસ્કૃત સાહિત્યમાં રસની ચર્ચા મુખ્યત્વે નાટકના અનુલક્ષમાં થઈ છે. તદુપરાંત મીમાંસકોએ એ સર્વ સૂત્રાત્મકવાણી રજૂ કરીને બાકીનું ભાવકની કલ્પના, બુદ્ધિ ઉપર છોડી દીધું છે.

પશ્ચિમના વિદ્વાનોએ હાસ્યની ચર્ચા વિસ્તારપૂર્વક કરી છે. કેટલાક વિદ્વાનોના મતે માણસ હસતો હોય ત્યારે અહંતાનો અથવા ચડિયાતાપણાનો ખયાલ હોય છે. હસતી વખતે હસનાર માણસ, હાસ્યપાત્ર માણસ કરતાં પોતાને ચડિયાતો ગણે છે. એ રીતે જોતાં ફતેહ અને કીર્તિની વૃત્તિઓ હાસ્યરસના મૂળમાં રહેલી છે.

'લાફ્ટર' પુસ્તકના કર્તા બર્ગસોંએ હાસ્યમાં, પરપીડનમાં અને આત્મમહિમાના સ્થાપનમાં રાચતા મનુષ્યનું પ્રકટીકરણ જોયું છે. અલબત્ત, એમાં તથ્યાંશ છે, તો પણ એ અભિપ્રાયને લાંબે સુધી તાણી શકાય નહિ. આખરે તો મનુષ્યનો મનુષ્ય પ્રતિ સમભાવ અને સહભાવ એ જ બળવાન છે. પરપીડનમાંથી પ્રકટતું હાસ્ય એ સાચું હાસ્ય કદાપિ હોઈ શકે નહિ અને સ્વકીય મહત્તામાંથી પ્રકટતું હાસ્ય તુચ્છ જ હોય. મનુષ્ય ભલે હસતું પ્રાણી હોય છતાં પારમાર્થિક વૃત્તિવાળું પ્રાણી છે. એ વિના સમાજ શક્ય જ બન્યો ન હોત. માણસ કોઈક વાર હાસ્ય દ્વારા પોતાની મહત્તાનું પ્રદર્શન કરતો હશે, પણ એ હાસ્ય ઊંચું હોતું નથી. પરિસ્થિતિમાં રહેલું વૈચિત્ર્ય નોંધનારી સમજણમાંથી પ્રકટેલું, જીવનના દ્વૈતનો સ્વીકાર કરનારું સહિષ્ણુ હાસ્ય તે શ્રેષ્ઠ હાસ્ય છે.

ફ્રૉઈડ જેવા મનોવિજ્ઞાનીને હાસ્યનું મૂળ કામવૃત્તિમાં દેખાયું છે. અલબત્ત, એ અભિપ્રાય પ્રતીતિકર લાગતો નથી. શૃંગાર અને હાસ્ય વચ્ચે સામ્ય છે ખરું, હાસ્યનું મૂળ શૃંગાર છે એ વાત પણ સાચી. તેમ છતાં એ બંનેનાં પ્રયોજન અને પરિણામમાં એટલો બધો ભેદ છે કે એકનો બીજાની સાથે સમભાવ સંબંધ બાંધવો મુશ્કેલ છે. પ્રાણીશાસ્ત્રની દૃષ્ટિએ પણ બંનેનાં પ્રયોજન સામસામી દિશાનાં છે. ખરું જોતાં કામવૃત્તિ જેવી ગંભીર વૃત્તિ સાથે હાસ્યવૃત્તિનો સંબંધ ગ્રાહ્ય બનવો જોઈએ નહિ.

તત્ત્વવેત્તા બર્ગસોંએ હાસ્યને એક બૌદ્ધિક વ્યાપાર ગણાવ્યો છે. એના મતે લાગણી સાથે હાસ્યનો કોઈ સંબંધ નથી. એના મંતવ્ય મુજબ માનવ-વ્યવહારમાં યાંત્રિકતા અથવા જડતા હાસ્યના કારણરૂપ છે. એ તો એટલે સુધી કહે છે કે હાસ્ય લાગણીનો અવરોધ કરે છે. બર્ગસોંનો આ અભિપ્રાય ચિન્ત્ય છે. હાસ્ય જો માત્ર બુદ્ધિનો જ વિષય હોય તો એના ઉપર હસનારનો અંકુશ હોત, પણ એવું બનતું જોવામાં આવતું નથી. હાસ્ય જો બુદ્ધિનો વિષય હોય તો એના પર હાસ્યનો અંકુશ હોત; પણ એવું બનતું જોવામાં આવતું નથી. હાસ્ય જો બુદ્ધિનો વિષય હોય તો બધા જ મનુષ્યમાં એ વ્યાપક રીતે જોવા મળત નહિ. એકને હસતો જોઈ બીજો, અને બીજાને જોઈ ત્રીજો હસવા માંડે છે અને હાસ્ય એમ અનાયાસે પ્રસરવા માંડે છે. દેખીતી રીતે જ ત્યાં બુદ્ધિ પ્રવર્તતી નથી. સંસ્કૃત રસશાસ્ત્રની પરિભાષામાં હાસ્ય એ અનુભાવ છે. અમુક પ્રકારની લાગણી અથવા તો ભાવ ઉત્પન્ન થાય છે ત્યારે તેની અભિવ્યક્તિ અમુક ચેષ્ટા દ્વારા થાય છે. આમ, ચિત્તમાં જાગેલા સંવેદનને બહાર લાવનારું એ સાધન છે. અલબત્ત, હાસ્યનો સંબંધ કેવળ લાગણી સાથે જ નહિ, બુદ્ધિ સાથે પણ છે. એમ સમાધાનવૃત્તિથી કહી શકીશું. કારણ હાસ્ય પ્રકટ થાય એ પૂર્વે બુદ્ધિયે કશાક વૈચિત્ર્યની નોંધ લીધી હોય છે. એટલે બુદ્ધિનો અંશ હાસ્યમાં છે અને બુદ્ધિ આખરે તો ઘનીભૂત થયેલી લાગણી જ છે.

હાસ્યના એક કારણ તરીકે વિસ્મયને પણ ગણવામાં આવ્યું છે. એમાં તથ્યાંશ છે. વિસ્મયનો ભાવ માત્ર હાસ્યરસ માટે નહિ, પણ બીજા અનેક રસ માટે કારણરૂપ છે. હાસ્યની પૂર્વે વિસ્મયનો ભાવ અવશ્ય રીતે જાગ્રત થાય છે તેમ છતાં વિસ્મય હોય ત્યાં હાસ્ય હોય જ એવો કોઈ નિયમ નથી. તદુપરાંત હાસ્યવૃત્તિ સામાજિક છે. માણસ એકલો એકલો હસતો નથી. બીજાઓથી જુદા પડી ગયેલા માણસને હાસ્યની વૃત્તિ થતી નથી. આનું કારણ બર્ગસોંના મત મુજબ એવું છે કે મનુષ્યનો સ્વભાવ એવો છે કે હસનારને પ્રતિઘોષની અપેક્ષા રહે છે, હાસ્યના પ્રસારની અપેક્ષા રહે છે.

સામાન્ય રીતે અમુક પ્રકારની વિચિત્રતામાંથી, કોઈ બે વસ્તુ વચ્ચે મેળ મળે એમ ન હોય તેવી અસંગત વસ્તુઓ આકસ્મિક

(અનુસંધાન પૃષ્ઠ ૮૪૦ ઉપર)

વિટ્...

વિનોદ ભટ્ટ

હાસ્યકાર ગગનવિહારી મહેતાએ 'રમૂજી' શબ્દની વ્યાખ્યા કરતાં લખ્યું છે કે જે કથનથી રડવું ન આવે તે. હાસ્ય વિશે ય આવી વ્યાખ્યા કરવી પડે એવા દિવસો આવી ગયા છે, કેમ કે સામાન્ય પ્રજાને જ્યોતીન્દ્ર દવે અને જૉની વૉકર (કે જૉની લીવર) વચ્ચેના ભેદની ખબર નથી, આ બન્ને હસાવે છે એટલી જાણ છે, તેને મમ્ મમ્-થી કામ છે, ટપ ટપ-થી નહીં. એક હાસ્યલેખક છે અને બીજો હાસ્ય કલાકાર છે એવી લાં...બી પીંજણમાં તેને રસ નથી. આ કારણે હ્યુમરિસ્ટ અને સૅટાયરિસ્ટ - હાસ્યકલાકાર અને વ્યંગકાર બન્નેને ગુજરાતી ભાષામાં હાસ્યલેખક તરીકે ઓળખવામાં આવે છે.

હિન્દી ભાષામાં હાસ્યકાર અને વ્યંગકાર જેવા સ્પષ્ટ ભેદ છે એટલું જ નહીં, પણ કેટલીક જ્ઞાતિઓના બ્રાહ્મણો પોતાને અન્ય જ્ઞાતિના બ્રાહ્મણ કરતાં ઊંચા માને છે એ જ રીતે હિન્દી ભાષામાં વ્યંગકાર પોતાને હાસ્યકારથી બે આંગળ ઊંચો માને છે. તેના મતે વ્યંગમાં હાસ્ય કરતાં બૌદ્ધિક સ્તર ઊંચુ હોય છે. વ્યંગકાર હાસ્યકવિ સંમેલનોમાં શરમ અનુભવે છે.

અને સંસ્કૃત સાહિત્યના વિદ્વાનોએ હાસ્ય અને વ્યંગ વચ્ચે એવા ચોક્કસ ભેદ પાડ્યા વગર વ્યંગનો હાસ્યમાં જ સમાવેશ કરેલ છે, કારણ કે સંસ્કૃતમાં વ્યંગ કહેતાં કટાક્ષનો અર્થ નેત્રકટાક્ષ એટલો જ થાય છે, અને તે પણ નાયિકાના રતિભાવના વર્તનના અનુસંધાને. ભવભૂતિના 'માલતીમાધવ'નો નાયક-નાયિકા માલતી વિશે વદે છે : 'એનો કટાક્ષ મારા હૃદયમાં ઊંડો ખૂંપી ગયો છે...' આ કટાક્ષમાં જે વેધકતા છે એની ફરિયાદ મીઠી હોય છે. આવા કટાક્ષ માટે માણસ તડપતો હોય છે, વલખતો હોય છે. એટલે જો કટાક્ષ કરવામાં ન આવે તો તે ફરિયાદનું કારણ બને છે. આ નેત્રનો કટાક્ષ પામનાર તેને પ્રેમનો પુરાવો માની જીવનને ધન્ય ગણતો હોય છે. આ કટાક્ષમાં બે તત્ત્વ છે : પરોક્ષ નજર અને તેની વેધકતા. આનો અર્થવિસ્તાર ડૉ. મધુસૂદન પારેખની શૈલીમાં કરીએ તો, તે નેણકટાક્ષમાંથી વેણકટાક્ષ સુધી થયો. હવે લક્ષણ યા કથનની શૈલીમાં વપરાતા આ કટાક્ષ શબ્દનો અર્થ તીરછી, આડકતરો અને હૈયું વીંધી નાખે એવો કરીએ છીએ. આમ, પ્રેમમાં જે કટાક્ષ મધુર અને પ્રસન્નકર લાગે છે તે સાહિત્યમાં તીખો અને કોઈ વાર કડવો લાગે છે - જેને વાગે છે તેને ચમચમી જાય છે, ક્યારેક તમ્મર આવી જાય છે.

જ્યારે અંગ્રેજીમાં હ્યુમરને બ્રૉડ કૅટિગરિમાં મૂકવામાં આવે છે ને સૅટાયરને સબ કૅટિગરિમાં મૂકવામાં આવે છે. સાથે ઉમેરવામાં આવે છે કે તમામ વ્યંગ એ હાસ્ય છે, જ્યારે સઘળા હાસ્યમાં વ્યંગનો સમાવેશ થઈ જાય એ જરૂરી નથી. હાસ્ય-વ્યંગના સંદર્ભમાં અંગ્રેજી ભાષામાં આ શબ્દો પ્રયોજાય છે : '**Laughter, Comic, Humour, Wit, Irony, Satire, Ridicule, Burlesque, Farce, Parody, Caricature, Travesty, Hudibrast, Lampoon, Raillery, Comedy, Buffoonery, Quip, Quil, Ludicrous, Droll, Funny, Grotesque, Farcical, Quaint, Eccentric, Smile, Smirk, Grin, Mirth, Giggle, Chuckle, Grffaw, Amusement, Jest, Joke** વગેરે. જ્યારે આને માટે ગુજરાતી શબ્દો છે : 'મનોરંજક, મનોરંજન, હાસ્યપ્રેરક, હાસ્યજનક, હાસ્યાસ્પદ, હાસ્ય, હર્ષ, મજાક, મશ્કરી, ઠઠ્ઠા, આમોદ યા ખુશી, વ્યંગ, વિનોદ, પરિહાસ, વાક્ચાતુરી, કટાક્ષ, ઉપહાસ, અવળવાણી, વક્રોક્તિ, પ્રતિકૃતિ, વિડંબન, રમૂજી, ઠાવકું હાસ્ય, મર્માળો કટાક્ષ, પ્રહસન, ઠઠ્ઠાચિત્ર, સ્મિત, ટીખળ, ભંડલેખ યા નિંદાલેખ, શ્લેષ, ઠઠ્ઠાબાજી, વ્યોજોક્તિ, કટુ મશ્કરી વગેરે.'

પશ્ચિમના હાસ્યવિદોએ હાસ્યના ચાર પ્રકાર પાડ્યા છે : (૧) **Humour** (હાસ્ય, વિનોદ કે પરિહાસ), (૨) **Wit** (વાક્ચાતુરી), (૩) **Satire** (વ્યંગ, કટાક્ષ કે ઉપહાસ), (૪) **Irony** (વક્રોકિત કે અવળવાણી). અહીં આપણે આ ચારમાંથી બીજો નંબર અપાયો છે તે **Wit**ની વાત, બને એટલા ટૂંકાણમાં કરવાની છે.

*

વિટ્

ઑક્ષફર્ડ ડિક્શનરી પ્રમાણે વિટ્-**Wit**નો અર્થ બુદ્ધિ, સમજશક્તિ, શોધક બુદ્ધિ (શક્તિ), બુદ્ધિમાન-હાજરજવાબી વગેરે થાય છે. ગુજરાતીમાં તેને માટે આપણે મર્માળાં કટાક્ષ, બુદ્ધિ ચમત્કૃતિ, બુદ્ધિચાતુર્ય, નર્મવૃત્તિ, નર્મોકિત જેવા શબ્દો પ્રયોજીએ છીએ. મૂળ ઍંગ્લો-સૅક્શન **Witan** - 'જાણવું' - માંથી **Witt** - સમજણ, પ્રજ્ઞા એવો અર્થ નીકળ્યો અને તેમાંથી અત્યારે ચમત્કૃતિપૂર્ણ હાસ્ય ઉપજાવે એવી બુદ્ધિ એવો અર્થ તારવવામાં આવે છે. આ વિટ્નો અર્થ અગાઉ બુદ્ધિ યા પ્રજ્ઞાની માનસિક શાખા (**Mental Faculty**) કે **Inventiveness** - શોધક બુદ્ધિ - થતો.

જો કે મોટા ભાગના વિદ્વાનો હજી સુધી નક્કી કરી શક્યા નથી કે વિટ્ને હ્યુમરના સ્વરૂપમાં ગણવી કે કેમ? જો કે કેટલાક તજજ્ઞોએ તેને વ્યાખ્યામાં ઢાળવા પોતપોતાની રીતે મથામણ કરી છે ખરી. કવિ ડ્રાયડનના મતે વિટ્ એ '**Property of words and thought adopted by the subject**'-વિષયને અનુરૂપ વિચાર અને ભાષાના પ્રયોગનું ઔચિત્ય છે. અલબત્ત, વિટ્ એ આમ તો શાબ્દિક અભિવ્યક્તિ છે જે અતિ સંક્ષિપ્ત અને ઈરાદાપૂર્વક હાસ્યજનક આશ્ચર્ય આપવાની નેમ રાખે છે. બેઈન

વિટ્‌ની વ્યાખ્યા આમ બાંધે છે : 'Wit in its most distinctive feature is play upon words rendered possibly by the fraquent pluraliy of meanings in the same language.' (વિટ્‌નું અલગ તરી આવતું લક્ષણ એ છે કે તે શબ્દરમત, શક્યતઃ એ જ ભાષાના શબ્દોના અનેક અર્થો આપે છે.)

વિટ્‌માં શબ્દો કરકસરથી જ નહીં, કૃપણતાથી વાપરવામાં આવે છે, કેમ કે Brevity - લાઘવ - એ વિટ્‌નો આત્મા છે. શેક્સ્પીઅરનાં નાટકોની સોલિલોક્વી (સ્વગતોક્તિ)ની જેમ બહુ લાંબાં વાક્યો તેમાં હોતાં નથી. એટલે જ કહેવાય છે કે 'Wit cannot exsist through any great length of words.'

વિટ્‌માં લાઘવ જેવું બીજું તત્ત્વ ચમત્કૃતિનું છે. ચમત્કૃતિનું આ લક્ષણ વિટ્‌ને ગુમાવવું પાલવે નહીં. આથી જ કોઈ એક રમૂજ બીજી વાર સાંભળવામાં એટલો આનંદ નથી આવતો. વિટ્ અણધાર્યો ફટકો મારીને ઘાયલ કરે છે. આથી જ કહેવાયું છે કે 'Wit can kill.'

વિટ્‌માં Repartee (રિપાર્ટી) અર્થાત્ પ્રત્યુત્પન્નમતિ, વિનોદી પ્રત્યુત્તર કે હાજરજવાબી ભળે ત્યારે તેમાં બુદ્ધિકૌશલ્ય ચરમ સીમાએ પહોંચતું દેખાય છે. એક વ્યક્તિએ કરેલ ઘા સામે ધારદાર બુદ્ધિની મદદથી વળતો હુમલો તેના જ શબ્દોમાં કરવામાં આવે છે, જે સામેનાની કલ્પના બહાર બૂમરૅંગની જેમ આવી તેને વાગે છે. દા.ત. એક વામનકદ વકીલ પર ખિજાઈ જતાં એક ઊંચા અને પહોળા કદના વકીલે તેને કહ્યું : 'તારા જેવા વેંતિયા વકીલોને તો હું મારા ખિસ્સામાં રાખું છું.' 'આ હિસાબે તમારા મગજ કરતાં ખિસ્સામાં કાયદાનું જ્ઞાન વધારે હશે...' ટેણિયા વકીલે તરત જ ફટકો માર્યો.

આપણા વિદ્વાન સર્જક-વિવેચક રામનારાયણ વિ. પાઠક પ્રશ્નોરા હતા અને તેમણે કપોળ વણિક એવાં હીરાબહેન સાથે સ્નેહલગ્ન કર્યાં હતાં. ક્યારેક બન્ને વચ્ચે હળવી શાબ્દિક ટપાટપી થાય. એક વાર હીરાબહેને પાઠકસાહેબને સહેજ ચીડાઈને કહ્યું : 'તમે પ્રશ્નોરા તો વાતવાતમાં પ્રશ્નો ઊભા કરો છો...' 'હા, પણ અમારા પ્રશ્નો કપોળ-કલ્પિત નથી હોતા...' પાઠકસાહેબે હીરાબહેનને હસીને જણાવ્યું.

બ્રેઈન તો વિટ્‌માં એપિગ્રામ અને શ્લેષનોય સમાવેશ કરે છે, તો સિડની સ્મિથ આ વાત સમજાવતાં લગ્નની વ્યાખ્યાનો દાખલો ટાંકતાં કહે છે : 'It resembles a pair of scissors so joined that they cannot be separated, often moving in separate directions yet always punishing one who comes between them.' (તે - પતિ-પત્ની કાતરનાં બે પાંખિયાં જેવાં છે કે જે છૂટાં પાડી શકાતાં નથી, વારંવાર બન્ને વિરુદ્ધ દિશામાં વિચરે છે, છતાં કોઈ તેમની વચ્ચે આવી જાય તો તે હંમેશાં વેતરાઈ જ જાય છે.) આ એપિગ્રામને Pointed saying - મર્મોક્તિ કહેવામાં આવે છે. એપિગ્રામનો મૂળ અર્થ ગ્રીકમાં Inscription - શિલાલેખ - થાય છે, પણ પાછળથી તેનો અર્થવિસ્તાર Encompass 'ચોતરફથી ઘેરી લેવું' એવો થવા માંડ્યો ને કોઈ પણ પ્રકારની ટૂંકી કવિતા તરીકે વાપરવામાં આવ્યો છે. એપિગ્રામનો અંત મોટા ભાગે ચમત્કારિક કે બુદ્ધિગમ્ય વિચારનો હોય છે. કોલરિજનો આ એપિગ્રામ ઘણો જાણીતો છે : 'Swan sing before they die. / It were no bad thing should certain people die before they sing.' વૉલ્ટર સેવેજ લૅન્ડોરે (૧૭૭૫-૧૮૬૪) વ્યંગ વગરના, નિર્મળ વિનોદના કેટલાક સુંદર એપિગ્રામ રચ્યા છે. એપિગ્રામમાં ઑસ્કાર વાઈલ્ડ, માર્ક ટ્વેઈન, બર્નાર્ડ શૉ વગેરેએ સારું એવું કામ કર્યું છે. ઑસ્કાર વાઈલ્ડના એપિગ્રામના એકાદ-બે નમૂના : 'Men marry because they are tired, women because they are curious, both are disappointed.' (પુરુષો પરણે છે કેમ કે તે થાકી ગયા હોય છે, સ્ત્રીઓ કુતૂહલવશ પરણે છે — બન્ને નિરાશ થાય છે.) 'A man cannot be too careful in the choice of his enemies.' (માણસ પોતાના શત્રુઓની પસંદગી બાબત ક્યારેય બહુ ચોક્કસ રહી શકે નહિ).

એપિગ્રામમાં બુદ્ધિની સાથે ડહાપણ પણ હોય છે. આવું ડહાપણ ઘણી વાર ધારદાર કહેવતોમાં જોવા મળે છે. તેના બે-ત્રણ નમૂના :

- 'ઈંડાંઓએ પથ્થરો સાથે ક્યારેય તકરાર કરવી નહીં.'
- 'જડબું ખડી જાય એટલું હસાય નહિ.'
- 'ઘંટ ચોરવા જનારે કાનમાં પૂમડાં ન ખોસવાં.'

*

Pun - પન - શ્લેષ

'પન' અથવા શ્લેષ એટલે એવી શબ્દ-રમત કે જેમાં શબ્દો ધ્વનિમાં એકસરખા હોય કે પછી સરખા ધ્વનિના હોય, પરંતુ અર્થમાં તે જુદા તરી આવતા હોય. શ્લેષમાં અનેકાર્થી શબ્દને કારણે હાસ્યનો આવિર્ભાવ થાય છે. શ્લેષમાંની ચાતુરી અતિ સાધારણ હોવાથી એડિસને તેને False Wit (આભાસી ચાતુરી) તરીકે ઓળખાવી છે. આ શ્લેષ માત્ર અને માત્ર શબ્દરમત પર જ નભે છે. આથી તેને ભાષાની મર્યાદા નડવાની. તેને અન્ય ભાષામાં ઉતારવા જતાં તેમાં રહેલું હાસ્ય ખોવાઈ જવાથી કે પછી તેની તીવ્રતા ગુમાવી બેસવાથી એ શ્લેષની કિંમત કોડીની થઈ જાય છે. દા.ત.

કોર્ટમાં છૂટાછેડાનો કેસ ચાલતો હતો. વકીલ પોતાની અસીલ સ્ત્રીને કહેતો હતો : 'તમારો ડિવૉર્સનો કેસ આવતી મુદતે ચોક્કસ પતી જશે...'

'ખરેખર?... પતિ જશેને?' સ્ત્રીએ આનંદથી સામે પ્રશ્ન કર્યો.

આ પતી (પતિ) જવાનો શ્લેષ અન્ય ભાષામાં ઉતારી શકાય ખરો? અને શ્લેષનો દાખલો ગુજરાતી સાહિત્યમાંથી લેવો હોય તો નટવરલાલ પ્રભુલાલ બૂચ (ન. પ્ર. બૂચ)નું એક કાવ્ય છે :

આટલો ફેર!

'પ્રભુનો પુત્ર પામ્યો ક્રૉસ અંત્ય કસોટીએ,
ગણાઈ પૂર્ણ ઉત્તીર્ણ; ગયો શાશ્વત સ્વર્ગમાં,
પ્રભુનો પુત્ર હું પામ્યો ક્રૉસ અંત્ય કસોટીએ,
ગણાઈએ અનુત્તીર્ણ, રખાયો એ જ વર્ગમાં!'

પ્રભુના-પ્રભુલાલના-પુત્ર નટવરલાલ અને પ્રભુના પુત્ર ક્રાઈસ્ટ : ક્રાઈસ્ટને ક્રૉસ - વધસ્તંભ મળ્યો, પણ આપણા આ પ્રભુપુત્રને ક્રૉસ - પરીક્ષામાં ચોકડો મળ્યો એમ અંત્ય કસોટીએ ઉત્તીર્ણ થઈને ક્રાઈસ્ટ ગયા સ્વર્ગમાં, અને આ પ્રભુપુત્ર નટવરલાલ અંત્ય અર્થાત્ વાર્ષિક કસોટીમાં નાપાસ થઈને રહ્યા એના એ જ વર્ગમાં. આ ચાર પંક્તિઓમાં શ્લેષનો જુદી જુદી રીતે ઉપયોગ થયેલ છે. પ્રભુલાલના પુત્ર હોવાનો જે આકસ્મિક લાભ કવિ નટવરલાલને મળ્યો છે એના પરનો શ્લેષ અંગ્રેજી કે બીજી કોઈ ભાષામાં ઉતારવા જતાં તેમાં રહેલી રમૂજ લુપ્ત થઈ જાય છે. કદાચ આથી જ કહેવાયું છે કે **'Pun is considered to be the lowest form of humour'** - શ્લેષને નિમ્ન પ્રકારનું હાસ્ય લેખવામાં આવે છે.

'વિટ્' અને 'પન'માં જે મુખ્ય તફાવત છે તે આ છે : વિટ્ને અન્ય ભાષામાં લઈ જવા છતાં તે પોતાની ચાતુરી અકબંધ જાળવી શકે છે. પણ માત્ર શબ્દ-રમત હોય તો તે ઝાકળની પેઠે ઊડી જાય છે. 'વિટ્'ના ત્રણેક દાખલા જોઈએ :

'તારે શરમાવું જોઈએ માયા...' મમ્મી તેને ઠપકો આપતી હતી : 'તારી ચાર ચાર બહેનપણીઓએ તો છૂટાછેડા લઈ લીધા ને હજી તો તારાં લગ્નનુંયે ઠેકાણું નથી!'

*

કોર્ટે ચુકાદો આપતાં જણાવ્યું કે કરસનદાસની કડકાઈ અને વીમાપૉલિસીના ઘર્ષણથી એમના ગોદામમાં આગ લાગી હતી.

*

કહેવાય છે કે બહારવટિયો જોગીદાસ ખુમાણ માત્ર પૈસાદારોને જ લૂંટતો, કારણ કે એને ક્યાંકથી ખબર પડી ગયેલી કે ગરીબો પાસે પૈસા હોતા જ નથી...

*

Joke : રમૂજી ટુચકો

જર્મન ભાષામાં Witzનો અર્થ વિટ્ અથવા Joke acumen-તીક્ષ્ણ બુદ્ધિવાળી રમૂજ એવો થાય છે. જ્યારે Anecdot (ઍનેકડૉટ) એટલે છૂટક પ્રસંગનું બયાન કે કોઈ ખાનગી બનાવની વાર્તા એવો અર્થ થાય છે. અર્થાત્ 'જોક' 'ઍનેકડૉટ'માં આવી જાય, પરંતુ 'ઍનેકડૉટ'નો 'જોક'માં સમાવેશ થઈ શકે નહીં. જો કે આપણે ગુજરાતીમાં આ બધા માટે ટુચકો શબ્દ વાપરીએ છીએ તે એટલે સુધી કે કોઈ બીમારી માટેના આયુર્વેદિક નુસખાને ડોસીમાના ટુચકા તરીકે ઓળખાવીએ છીએ. કિન્તુ 'જોક'નો અર્થ રમૂજી ટુચકો કરવામાં આવે છે.

રમૂજી ટુચકામાં કલ્પનાનાં તત્ત્વો ને અતિશયોક્તિનું વધુ પ્રમાણ જોવામાં આવે છે. ટૂંકી વાર્તાની જેમ તેમાં પ્રતીતિકરતા - અપ્રતિતીકરતા જેવું હોતું નથી. તેનું પ્રયોજન માત્ર મનોરંજન જ હોય છે. આમ, ટુચકામાં હાસ્ય એ અનિવાર્ય શરત છે. આથી જ નીચે જણાવેલ ઍનેકડૉટને આપણે 'જોક'માં સમાવી શકીએ નહીં.

'બાર બાર વરસનો દેશવટો ભોગવીને એક રાજકુમાર પોતાના વતનમાં પાછો ફરે છે. આટલાં વરસ દરમિયાન એની ગેરહાજરીમાં કુટુંબનો સર્વનાશ થઈ ગયો છે. એક માત્ર વિશ્વાસુ નોકર આ સર્વનાશનું બયાન આપવા જીવતો રહ્યો છે. રાજકુમારને લેવા જવા માટે આ નોકર પગે ચાલતો સામે ગયો છે ત્યારે સ્વામી અને સેવક વચ્ચે આ સંવાદ થાય છે :

'ઘોડી કેમ નથી લાવ્યો?'

'બાપુ, ઘોડી મરી ગઈ.'

'કેમ કરતાં?'

'ચંદી-ચારા વિના...'

'ચંદી-ચારો કેમ કરતાં ખૂટ્યો?'

'એ બધો દાદીમાના કારજમાં વપરાઈ ગયો.'

'હેં! દાદીમા દેવ થઈ ગયાં?'

'હા, બાપુ...!'

'કેમ કરતાં?'

'નાના કુંવરની ખોટ એમનાથી ના ખમાણી...'

'નાનકડા કુંવરને શું થયું?'

'મા... અહાંગરો.'

'પણ—'

'હા, માના ધાવણ વિના કુંવર સુકાતા ગયા ને ગુજરી ગયા...'

'ને ઠકરાણાં?'

'ઠકરાણાં પણ દેવ થયાં એટલે કુંવરને ધવરાવનારું કોઈ ના રહ્યું...'

રમૂજી ટુચકામાં હાસ્ય ઓછુવત્તું આવે એ વાત જુદી છે, પણ હાસ્ય તેમાં અભિપ્રેત છે જ. હાસ્ય ઉપરાંત લાઘવ અને અંતની ચોટ એ બે તેની પૂર્વશરત છે. **'Brevity is the soul of wit'** કહેવાયું છે એ એપિગ્રામ તેમજ જોકને એકસરખું લાગુ પડે છે. રમૂજી ટુચકામાં એની ચોટ, ભાષા, રજૂઆત, લાઘવ અને અકલ્પ્ય

(અનુસંધાન પૃષ્ઠ ૮૩૧ ઉપર)

હાસ્યનિબંધ : સ્વરૂપચર્ચા

—રતિલાલ બોરીસાગર—

હાસ્યનિબંધને, સામાન્ય રીતે લલિત નિબંધમાં મૂકવામાં આવે છે. હાસ્યનિબંધનું એક સ્વતંત્ર સ્વરૂપ છે એવું સ્વીકારવામાં નથી આવતું. હાસ્યનિબંધ સર્જનાત્મક નિબંધ હોવાને કારણે લલિત નિબંધ સાથે એનો ગોત્રસંબંધ અવશ્ય છે. કાકાસાહેબ જેવાના લલિત નિબંધોમાં હાસ્યનાં છાંટણાં, ક્યારેક તો વિનોદની લહેરો જોવા મળે છે એ ખરું, તેમ છતાં હાસ્યનિબંધનું નિજી સ્વરૂપ માન્ય કરવામાં આનાકાની ન કરવી જોઈએ.

લલિત નિબંધ અને હાસ્ય નિબંધ ગમે તે વિષય પર લખી શકાય. વિષયનું બંધન બેમાંથી એકે પ્રકારના નિબંધને નડતું નથી. પણ બંનેની રચનારીતિમાં, સંવેદનોની અભિવ્યક્તિમાં મૂળભૂત તફાવત છે. લલિત નિબંધ અને હાસ્યનિબંધ બંને 'પર્સનલ એસે' (અંગત નિબંધ) છે. પણ જે અર્થમાં લલિત નિબંધ 'પર્સનલ એસે' છે એ અર્થમાં હાસ્યનિબંધ 'પર્સનલ એસે' નથી. લલિત નિબંધમાં વિષય પરત્વે એના સર્જકનાં નિજી સંવેદનો ભાષારૂપ પામે છે. બકુલ ત્રિપાઠી 'ધજાઓ' વિશે લલિત નિબંધ લખે છે ત્યારે 'ધજા' વિશેના એમના ચિત્તનાં સંવેદનો એ સચ્ચાઈપૂર્વક આલેખે છે. એ હાસ્યકારનો લલિત નિબંધ છે એટલે એમાં હાસ્ય ફોરતું રહે એમાં નવાઈ નથી. પણ લેખક પૂરા ગાંભીર્યથી પોતાનું હૃદય અહીં ખોલે છે. ભાષાના લાલિત્યમાં વીંટાઈને આ સંવેદનો મૂર્તરૂપ પામે છે. પણ બકુલ ત્રિપાઠી 'એવા રે અમે એવા' નિબંધ લખે ત્યારે એ નિબંધ લલિત નિબંધના પુસ્તકમાં હોવા છતાં, લેખક પણ એ જ હોવા છતાં, હાસ્યનિબંધ બને છે. ભાષાનું લાલિત્ય આમાં પણ પ્રગટ્યું છે પણ એનું રૂપ જુદું છે; કારણ કે અભિવ્યક્તિની તરાહ જુદી છે. 'ધજાઓ', 'પર્સનલ એસે' છે. એમાં બધું જ 'પર્સનલ' છે - એમાં 'ધજા'ની બકુલ ત્રિપાઠીના હૃદયમાં પડેલી છબી આપણને જોવા મળે છે. એમાં પ્રગટતો 'હું' લેખકનું પોતાનું અસલી રૂપ છે. 'એવા રે અમે એવા'માં 'હું' સરેરાશ મનુષ્યનું પ્રતિનિધિત્વ કરે છે. હાસ્યનિબંધનો 'હું' મજાકો કરવા માટે આધાર તરીકે આવે છે. 'હું'ની મજાકો કરી, સમગ્ર મનુષ્યજાતની મજાક કરવાનો લેખકનો ઈરાદો હોય છે. એમાં લેખક પોતાની જાતનો સમાવેશ કરીને 'મનુષ્ય' નામના પ્રાણીનાં વિવિધ રૂપો બતાવે છે. એ અર્થમાં હાસ્યનિબંધ સર્જનાત્મક નિબંધ છે પણ 'પર્સનલ એસે' નથી.

લલિત નિબંધ જેમ લાલિત્યયુક્ત નિબંધ છે, ભાષાનું કમનીય રૂપ એની વિવિધ છટાઓ સાથે અહીં પ્રગટ થાય છે તેમ હાસ્યનિબંધ હાસ્યયુક્ત નિબંધ છે. ભાષાની અનેક છટાઓ દ્વારા અહીં હાસ્ય પ્રગટે એમ છે. આમ છતાં, ભાષાનાં વિવિધ રૂપોમાત્રથી લખાણ લલિત નિબંધ ન બની જાય, એ રૂપો નિબંધના ઘાટમાં પ્રગટવાં જોઈએ તેમ હાસ્યનાં વિવિધ રૂપોમાત્રથી લખાણ હાસ્યનિબંધ ન બની જાય, હાસ્યનિબંધનાં ઘાટમાં પ્રગટવું જોઈએ. ઘણી વાર એવું જોવા મળે છે કે લલિત નિબંધનો સર્જક નિબંધના કલાસ્વરૂપ પરત્વે જેટલો સજાગ હોય છે એટલો હાસ્યનિબંધનો સર્જક નથી હોતો. હાસ્યનિબંધમાં ઘણી વાર નિબંધના સ્વરૂપની સિદ્ધિની મથામણને બદલે હાસ્ય સિદ્ધ કરવાની મથામણ વિશેષ જોવા મળે છે. હાસ્યનિબંધના મૂલ્યાંકનમાં પણ ઘણી વાર હાસ્યનિષ્પત્તિની એની શક્તિ પરત્વે વધુ ધ્યાન અપાય છે ને એ હાસ્યનિષ્પત્તિ નિબંધના કલાસ્વરૂપની સિદ્ધિ દ્વારા થઈ છે કે કેમ તે અંગે દુર્લક્ષ સેવાય છે. હાસ્યનિબંધમાં હાસ્ય તો અનિવાર્યપણે હોય જ - હોવું જ જોઈએ; પણ નિબંધનું કલાસ્વરૂપ સિદ્ધ ન થાય તો એ હાસ્યકૃતિ બને પણ કલાકૃતિ ન બને. આ હકીકત પણ હાસ્યનિબંધને એક અલગ સ્વરૂપ તરીકે જોવા પ્રેરે છે.

હાસ્યનિબંધમાં જીવનનો સઘન સ્પર્શ અનુભવાય છે. જીવનના સ્પર્શ વગરનો હાસ્યનિબંધ કલાકૃતિ તરીકે ઊણો ઊતરે છે. હાસ્યનિબંધમાં લેખક અત્યુક્તિનો આશ્રય અવશ્ય લે છે. અત્યુક્તિભર્યાં ચિત્રણો વગર હાસ્યનિષ્પત્તિ અશક્યવત્ બની જાય છે. પણ આ અત્યુક્તિને કારણે હાસ્યનિબંધ જીવનથી છૂટો પડી જાય તો એનું કલાસ્વરૂપ જોખમાય છે. હાસ્યનિષ્પત્તિ માટે અસ્વાભાવિક પાત્રો કે પાત્રોનાં અસ્વાભાવિક વર્તનો રજૂ થાય છે, પણ જીવનની બનાવટવાળી આવી કૃતિઓમાં પ્રાણતત્ત્વનો અભાવ તરત જ વરતાઈ આવે છે.

હાસ્યનિબંધની રચનારીતિનાં કેટલાંક લક્ષણો તારવી શકાય :

(૧) લલિત નિબંધની જેમ હાસ્યનિબંધમાં 'હું'નું કેન્દ્રસ્થાને હોવું અત્યંત સ્વાભાવિક છે. પણ લલિત નિબંધના 'હું' કરતાં આ 'હું' જુદો હોય છે. આ 'હું' એટલે સરેરાશ મનુષ્ય - પોતાનામાં અનેક મર્યાદાઓ સમાવતો છતાં ચાહવો ગમે એવો સરેરાશ મનુષ્ય. હાસ્યકાર મનુષ્યમાત્રની નબળાઈઓ પોતાના પર ઓઢી લે છે. પોતાની મજાક કરતો કરતો એ સમગ્ર મનુષ્યજાતિની ગમ્મત ઉડાડે છે.

(૨) હાસ્યનિબંધમાં એક સાદી ઘટનાને બહેલાવીને રજૂ કરવામાં આવે છે. આ ઘટના પણ ઘણી વાર 'હું'ના જીવનમાં બનેલી જ બતાવાય છે. પણ એ હું-તું-તે કોઈના પણ જીવનમાં બની શકે એવી હોય છે.

(૩) હાસ્યનિબંધમાં વિષયનું બંધન નથી હોતું પણ જે તે વિષયમાં હાસ્યનિષ્પત્તિની કળા લેખકને સહજસિદ્ધ હોવી જોઈએ. આવી કળાનો ઉપયોગ કરી લેખક જે તે વિષયમાં ઘૂમી વળે છે.

(૪) હાસ્યનિબંધમાં આભાસી તર્કનો આશ્રય લેવાનું ઘણું સામાન્ય છે. આમાં સ્વીકૃત તથ્યોની વિરુદ્ધમાં સબળ દલીલો રજૂ કરવામાં આવે છે. દલીલો એટલી તર્કબદ્ધ હોય છે કે એ સાચી હોવાનો આભાસ ઊભો કરે છે, પણ આ આભાસ જ હાસ્યનું નિમિત્ત પૂરું પાડે છે.

(૫) જગતનાં ધર્મગ્રંથો, શાસ્ત્રો, તેમજ પ્રશિષ્ટ સાહિત્ય સામગ્રીઓમાંથી સંદર્ભો ઉપાડી હાસ્યનિબંધમાં એનો વિનિયોગ કરવામાં આવે છે. ગંભીર ઉક્તિઓને હાસ્યજનક પરિસ્થિતિ કે પાત્રો સાથે મૂકીને હાસ્યનિષ્પત્તિ સધાય છે. હાસ્યનિબંધને સમૃદ્ધ બનાવવામાં સંદર્ભસામગ્રીની ઉપયોગિતા ઘણી છે; પણ આ માટે સર્જક પાસે બહુશ્રુતતાની અને બહુશ્રુતતા દ્વારા મેળવેલી સંદર્ભસામગ્રીનો ઉચિત ને કલાત્મક વિનિયોગ કરવાની સૂઝની અપેક્ષા રહે છે.

(૬) હાસ્યનિબંધનો સર્જક દૃષ્ટાંતોનો પણ ખાસ્સો ઉપયોગ કરે છે. હાસ્યનિબંધમાં જે રીતે દૃષ્ટાંતો માટે અવકાશ હોય છે એટલો લલિત નિબંધમાં નથી હોતો. હાસ્યનિબંધમાં દૃષ્ટાંતોનો જે રીતે ઉપયોગ કરવામાં આવે છે તે રીતનો ઉપયોગ લલિત નિબંધમાં કરવામાં આવે તો નિબંધની આકૃતિની ચુસ્તતાને નુકસાન પહોંચે એમ બને. આ હકીકત પણ હાસ્યનિબંધના સ્વરૂપને લલિત નિબંધથી જુદું પાડે છે. દૃષ્ટાંતો તરીકે રમૂજી ટુચકા કે કાલ્પનિક પ્રસંગો-પાત્રોનો ઉપયોગ થાય છે. દૃષ્ટાંતો હાસ્યનિષ્પત્તિમાં મહત્ત્વનો ભાગ ભજવે છે. દૃષ્ટાંતો લેખકના વક્તવ્યને સ્ફુટ કરવામાં પણ ઉપયોગી થતાં જાય છે.

(૭) પાત્રો-પ્રસંગો-સંવાદોની મદદથી પણ હાસ્યનિબંધો રચાય છે. આ પ્રકારના નિબંધોને કેટલીક વાર 'હાસ્યવાર્તા'નું લેબલ લગાડી દેવામાં આવે છે. પણ એ હાસ્યનિબંધો જ હોય છે. રમણભાઈ નીલકંઠનો 'ચિઠ્ઠી' હાસ્યનિબંધ, મધુસૂદન પારેખનો હાસ્યનિબંધ કે તારક મહેતાની ટપૂડાની શ્રેણીના હાસ્યનિબંધો આ પ્રકારના નિબંધો છે. હાસ્યનિબંધમાં સંવાદોના ઉપયોગનું એક સરસ ઉદાહરણ નિરંજન ત્રિવેદીના હાસ્યનિબંધ 'જો સ્ત્રીએ...'માં જોવા મળે છે.

(૮) હળવાં રેખાચિત્રો પણ હાસ્યનિબંધો બને છે. આવાં રેખાચિત્રોનાં પાત્રો સાચાં હોય ને કલ્પિત પણ હોય. કલ્પિત પાત્રો નિજી વ્યક્તિત્વવાળાં હોવા કરતાં વર્ગપ્રતિનિધિ જેવાં વિશેષ લાગે છે. સાચાં પાત્રોવાળાં રેખાચિત્રો જે-તે પાત્રના વ્યક્તિત્વને ઉપસાવનારાં અવશ્ય હોય છે, પણ એમાં વ્યક્તિત્વને હળવી નજરે જોવાનો પ્રયત્ન હોય છે. આવાં રેખાચિત્રો જીવનચરિત્ર આલેખવાની દૃષ્ટિએ નથી લખાયાં હોતાં એટલે એમાં ક્યાંક કલ્પનાના અંશો ભળેલા હોય છે. પણ આવા કલ્પનાના અંશો જે તે પાત્રના વ્યક્તિત્વ સાથે સંગત હોવા છતાં અનિવાર્ય છે. આ ક્ષેત્રે સૌથી મહત્ત્વનું પ્રદાન વિનોદ ભટ્ટનું છે. 'વિનોદની નજરે'માં એમણે આપણા સુવિખ્યાત સાહિત્યકારોનાં હળવાં રેખાચિત્રો આલેખ્યાં છે. રઘુવીર ચૌધરીના 'સહરાની ભવ્યતા'માં 'સ્નેહરશ્મિ'નું હળવું રેખાચિત્ર આ પ્રકારના હાસ્યનિબંધનું ઉત્તમ ઉદાહરણ છે. અશોક દવેના નિબંધોમાં આવતાં 'પરવીણ ચડ્ડી' કે 'જેન્તી જોખમ' જેવાં પાત્રો કાલ્પનિક છે. ચંદ્રકાન્ત શેઠે પણ આવાં કાલ્પનિક પાત્રોનાં હળવાં રેખાચિત્રો આલેખ્યાં છે. ❑

અનુસંધાન] વિટ્... [પૃ. ૮૨૯ થી

અંત આ બધું એકસાથે જાળવવું પડે. આમાંનું એકેય તત્ત્વ મોળું હોય તો 'જોક' એની રંગત બગાડી બેસે છે. કોઈને ઉપદેશ આપી સુધારી નાખવામાં 'જોક'ને લેશમાત્ર રસ નથી, તેનો ધર્મ કેવળ મનોરંજન પૂરું પાડવાનો છે. હાસ્ય એનું સાધ્ય છે. દા.ત. :

ગ્રાહક : 'આ દૂધ તાજું તો છે ને?'

દૂધવાળો : 'સાહેબ, ત્રણ કલાક પહેલાં તો આ ઘાસ હતું.'

*

'એક બહુ ખરાબ સમાચાર લાવ્યો છું – તારી બૈરી તારા પડોશી રસિક સાથે નાસી ગઈ.'

'પહેલાં ખરાબ સમાચાર આપ...'

*

'તમારો ઘરધણી કેવો?'

'આમ તો સારો માણસ છે, પણ એની જિજ્ઞાસાવૃત્તિ નાના બાળક જેવી છે, જ્યારે ને ત્યારે પૂછ્યા કરે છે કે તમારું આઠ મહિનાનું ચઢી ગયેલું ભાડું ક્યારે આપશો?'

*

ચોરની પત્ની પૈસા માટે કકળાટ કરતી હતી. ચોરે છેવટે કંટાળીને કહ્યું : 'હવે કકળાટ મૂક, તને એક વાર કહ્યુંને કે આજે બૅન્ક બંધ થશે એટલે તને રૂપિયા લાવી આપીશ!'

*

અને જે રમૂજી ટુચકામાં તીવ્ર બુદ્ધિ પડેલી હોય એ જ મગજ પર ચિરંજીવ છાપ મૂકી જાય છે. દા.ત.

એક વાર હાથીઓ અને જીવજંતુઓ વચ્ચે ફૂટબૉલની મૅચ રમાઈ. શરૂઆતમાં જ હાથીઓએ છ ગોલ કરી નાખ્યા. પછી કાનખજૂરો રમતમાં ઊતર્યો. તેણે તો ઉપરાઉપરી ગોલ કરી નાખ્યા ને હાથીઓને હરાવી દીધા. આ મૅચમાં નાનાં જંતુઓનો વિજય થયો. સાંજે ઉજવાયેલ વિજય-મિજબાનીમાં પત્રકાર જેવા કોઈ પ્રાણીએ કાનખજૂરાને પૂછ્યું : 'તું આટલું સરસ રમ્યો તો રમતની શરૂઆતમાં જ મેદાનમાં કેમ ન ઊતર્યો?' ત્યારે કાનખજૂરાએ ચોખવટ કરી : 'એ વખતે હું બૂટ પહેરવામાં રોકાયેલો હતો...' વિટ્‌ની વાત લાઘવમાં જ કરવી પડે એટલે મને લાગે છે કે મારે અહીં અટકવું જોઈએ. ❑

પ્રતિકાવ્ય : પૅરડિ

—શાહબુદ્દીન રાઠોડ—

ગુરુ ગોવિંદ દોનું ખડે કિસકો લાગુ પાય,
બલિહારી ગુરુ આપકી ગોવિંદ દીયો બતાય.

ગુરુવંદનાનો આ દોહો ખૂબ જ પ્રચલિત છે. ગુરુની પ્રશંસા અને મહત્ત્વ દર્શાવવા તેની અવારનવાર રજૂઆતો થયા કરે છે.

આ દોહા પરથી એક કવિએ પૅરડિની રચના કરી, મૂળ કાવ્ય, દોહો, મુક્તક, ગીત કે ભજનના જે તે સ્વરૂપને અકબંધ રાખી તે જ શૈલીમાં મૂળ કાવ્યના ગંભીરભાવને સ્થાને ખૂબીપૂર્વક હળવા રમૂજી ભાવની અભિવ્યક્તિ કરવી તેને પૅરડિ - પ્રતિકાવ્ય કહેવામાં આવે છે. જેમ કે :

પત્ની ખડી, શ્વસુર ખડે, કિસકો લાગુ પાય,
બલિહારી શ્વસુર આપકી કન્યા દિયો બિહાય.

કોઈ વાર એક ચરણ એને એ જ રાખી બીજા ચરણને કવિ બદલી નાખી પૅરડિ રચે છે.

ચિત્રકૂટ કે ઘાટ પર ભઈ સંતન કી ભીડ
તુલસીદાસ ચંદન ઘસે તિલક કરે રઘુવીરઃ

આ પ્રચલિત દોહા પરથી એક કવિએ રચના કરી :

ચિત્રકૂટ કે ઘાટ પર ભઈ સંતન કી ભીડ
બાબા ખડે ચલા રહે નૈન સૈન કે તીર.

કોઈ વાર કોઈ પ્રસિદ્ધ કવિની શૈલીનું અનુસરણ કરી સીધી રચના પણ કરવામાં આવે છે.

સાંકર ઘર કી લગ ગઈ ભઈ રાત જો દેર
રહિમન ચૂપ હે બૈઠિયે દેખી દિનન કો ફેર.

આ તો હિન્દી સાહિત્યનાં ઉદાહરણો છે. ગુજરાતી સાહિત્યમાં પણ પ્રતિકાવ્યનો ઉમદા હાસ્યપ્રકાર ભલે થોડા પ્રમાણમાં પણ ખેડાયેલો તો છે જ. થોડાં ઉદાહરણો-મૂળરચના સાથે :

નિદ્રાને પરહરિ સમરવા શ્રીહરિ
એક તું, એક તું, એમ કહેવું.

નિદ્રાને પરહરિ સમરવાં શ્રીમતી
ચા મૂકો, ચા મૂકો એમ કહેવું.

*

અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રી હરિ.

અખિલ બ્રહ્માંડમાં એક તું સ્ત્રી ખરી.

*

દીકરી ને ગાય દોરે ત્યાં જાય.

દીકરી ને ગાય, માથું મારીને ખાય.

*

સંપ ત્યાં જંપ

સાઈકલ ત્યાં પંપ

*

કવિ શ્રી બાલાશંકર કંથારિયાની જાણીતી ગઝલ :

ગુજારે જે શિરે તારે જગતનો નાથ તે સ્હેજે
ગણ્યું જે પ્યારું પ્યારાએ અતિ પ્યારું ગણી લેજે.

કવિશ્રી જ્યોતીન્દ્ર દવેએ જે કાવ્યપ્રકારો અજમાવ્યા છે તેમાં પ્રતિકાવ્યોનો સમાવેશ પણ થાય છે. તેમણે ઉપરોક્ત ગઝલની પૅરડિ આ રીતે શરૂ કરી છે :

ગુજારે જે શિરે તારે વઢકણી વહુ તે સ્હેજે
ગણ્યું જે પ્યારુ પ્યારીએ અતિ પ્યારું ગણી લેજે.

કટાક્ષ, વિડંબના, વક્રોક્તિ, ઉપહાસ વગેરે દ્વારા જે હાસ્ય નિષ્પન્ન થઈ શકે છે તે તમામનો તેમણે સફળતાપૂર્વક પ્રયોગ કરેલ છે.

અરે સંતાન તો ઘેલા રહે એ દૂર માગે તો,

ન માગે દોડતાં આવે ન વિશ્વાસે કદી રહેજે.

'બોધ - ન શોધ' એવું શીર્ષક આપીને કવિશ્રી બાલાશંકરના જ શબ્દોમાં રજૂઆત કરી તેઓશ્રીએ મુક્ત હાસ્ય સર્જ્યું છે :

તિજોરીને દઈ તાળાં પછી કુંચી લઈ કરમાં
પ્રિયાની જાડી ગ્રીવામાં પરોવીને સુખે સૂજે.

'પ્રભુની પ્યારી ગ્રીવામાં' ને બદલે 'પ્રિયાની જાડી ગ્રીવામાં' જેવા શબ્દો અસરકારક હાસ્ય સર્જે છે.

કવિની મૂળ પંક્તિ પૅરડિ સાથે—

નિજાનંદે હંમેશા તું બાલ મસ્તીમાં મજા લેજે.
નિજાનંદે હંમેશા બાલ વસતીમાં મજા લેજે.

આગળની પંક્તિ સાથે પ્રતિકાવ્ય :

નિયંત્રણ સંતતિ કેરું ભલે સરકાર ફટકારે
નિજાનંદે હંમેશાં બાલ વસતીમાં મજા લેજે.

મસ્તીને વસતિમાં બદલી નાખીને હાસ્યકારે સમગ્ર ચિત્રને બદલી નાખ્યું છે. તેની ગઝલની આ બે પંક્તિઓ તેમની સર્જક પ્રતિભાનો ખયાલ આપે છે.

ગઝલ લઈ આવવા અમને અહીં આજ્ઞા કરાઈ છે,
ગઝલ છે નારી જાતિ તે અમારે મન પરાઈ છે.

કવિશ્રી નાનાલાલે ડોલનશૈલી નિર્માણ કરી. તેમાં કાવ્યો રચી નોખી કેડી કંડારી એમાં ઘણાંનો રોષ તેમણે વ્હોરી લીધો. ડોલનશૈલીનો વિરોધ પણ ખૂબ થયો અને ઉપહાસ પણ એટલો થયો.

કવિશ્રી જ્યોતીન્દ્ર દવેએ નાનાલાલના 'એ કોણ હતી?'

કાવ્યની પૅરડિ રચી છે.

ડોલન શૈલીની મજાક તો તેમાં છે સાથે વૈભવી વાણીમાં મોટો પ્રારંભ કરી ઊંચી જિજ્ઞાસા જગાવી છેવટે સામાન્ય અંત લાવી અસરકારક હાસ્ય સર્જ્યું છે.

સારાય જગતને પોષતી
માનવ ભાગ્યની કલ્યાણ વિધાત્રી
મસ્તક વડે પ્રેરણા પ્રેરતી,
એ તો હતી મહિષી—
એક મીઠી ભેંસલડી!

કલાપીની શૈલીનું અનુસરણ કરી તેમણે રચેલ પૅરડિ —

રહેવા દે રહેવા દે આ સંહાર પ્રિયે હવે
ઘટે ના સ્થૂળતા આવી નેહભીની કુશાંગીને.
બટાકો છોલવાને તું આવો ઉત્સાહ કાં ધરે?
બટાકાને પચાવાને બટાકો બનવું પડે.

કવિ નાનાલાલ સામે મોટાલાલ નામ ધારણ કરી કવિતામાં છંદના હિમાયતી કવિ ખબરદારે પણ ડોલનશૈલી સામે ઉપહાસનું શસ્ત્ર ઉગામ્યું. 'ગુજરાતનો તપસ્વી' નાનાલાલના કાવ્યની ખબરદારે 'પ્રભાતનો તપસ્વી' શીર્ષક આપીને પૅરડિ રચી છે જેમાંની થોડી પંક્તિઓ :

નાનાલાલ	**મોટાલાલ**
મંદિરોમાં પચ્ચાસ	આંગણામાં પચ્ચીસ વખત
દીપમાળા પ્રકટાવો	પાણી છંટાવો
પચ્ચાસ પચ્ચાસ	પચ્ચીસ પચ્ચીસ
આરતીઓ ઉતરાવો	ચોક પુરાવો
પચ્ચાસ પચ્ચાસ	આજે પચ્ચીસમી
દેવઘંટા વગડાવો	વેળાનો પુકાર છે
આજે પચ્ચાસ વર્ષનો	કૂકડે કૂક, કૂકડે કૂક
ઉત્સવ છે.	કોઈના ચૂક રે ચૂક.

આમ તો 'આ વાદ્ય ને કરુણગાન વિશેષ ભાવે' એવું કહેનારા કવિશ્રી નરસિંહરાવમાં પણ ક્યારેક હાસ્યની ઝલક જણાઈ આવે છે. તેમણે પણ નાનાલાલની ડોલનશૈલીનો ઉપહાસ કરવા એ જ શૈલીમાં પ્રતિકાવ્યની રચના કરી છે :

એ પતંગની પતાકાઓનું
દિવ્યગાન સુણતો
નિદ્રાવશ ઊભેલો,
મહાશ્વેતાની વીણાથી મુગ્ધ હિરણ શો,
પેલો દીન ગધેડો,
શેરીમાં સ્થિર ઊભેલો,
એ ગધેડાનો સુરેખ કાન
પોતાના હાથમાં ધરીને
જો! સખી! પેલા ગંગારામ,
ભૂગોળ શો ગોળ શરીરધારી,
સ્થિર ચિત્તે,
અક્ષુબ્ધ હૃદયે,
સમાધિલીન ઊભા છે!

મધ્ય યુગમાં જે રીતે રજપૂતોનાં ટેક, શૌર્ય અને વીરતાને બિરદાવવામાં આવતાં એમાં ઘણી વાર અતિરેક પણ થઈ જતો તેને હાસ્યનું લક્ષ્ય બનાવી એ લોકબોલીની યાદગાર પૅરડિ રચી છે, શેષના ઉપનામથી કવિશ્રી રામનારાયણ વિ. પાઠકે.

'એક રજપૂતની ટેક'નો પ્રસંગ તેમણે આ રીતે વર્ણવ્યો છે :

રજપૂતાણી રજપૂતને જણાવે છે.
સાંભળો છો કે સાયબા મારી કાયા કરમાણી
એક માખીને કાજે મારી ઊંઘ્યું વિખાણી.

એક માખીના ઉપદ્રવને લીધે રજપૂતાણીની ઊંઘ વેરણ થઈ અને રજપૂતાણીએ આવું રજપૂતને મેણું માર્યું એમાં રજપૂતને લાગી આવ્યું. તેણે ગૃહત્યાગ કરી વનરાવનનો મારગ લીધો. મેણાંની યાતના અસહ્ય થઈ પડી ત્યારે રજપૂતે વિઠલાનું સ્મરણ કર્યું. આ વિઠલો એટલે પ્રભુ વિઠ્ઠલ નહિ, દીનોનાથ નહિ. આ વિઠ્ઠલ એટલે વિઠલો વાળંદ. કવિએ આખાયે પ્રસંગનું હાસ્યરસિક શૈલીમાં ચોટદાર વર્ણન કર્યું છે :

વેલો આવે વિઠલા મારે હાથ નથી હથિયાર
આ મેણાંથી મુકાવવા, તું ચડજે મારી વાર
વેગે ધાયો વિઠલો કરતો કપરી કૂચ
મેણિયતે માથું ધર્યું એની મૂંડી નાખી મૂંછ.

પ્રતિકાવ્ય-પૅરડિ કઠિન પ્રકાર છે. હાસ-પરિહાસ, નર્મ-મર્મ, હાસ્ય-કટાક્ષની ઊંડી સૂઝ સર્જકમાં હોવી જરૂરી છે. જે શૈલીમાં પૅરડિ રચવી હોય તે શૈલીનું પર્યાપ્ત જ્ઞાન જરૂરી છે. મૂળ કૃતિના ભાવને કઈ રીતે હળવા ભાવમાં બદલી નાખવો તે પૂરતો પરિશ્રમ માગી લે છે.

વિશુદ્ધ હાસ્ય સર્જવાને બદલે જ્યારે તેમાં અંગત રીતે ઈર્ષા કે દ્વેષ ભળે છે ત્યારે બુદ્ધિહીન મૂર્ખાઈ ભરેલ પૅરડિ રચાય છે : ઉદાહરણ રૂપે 'એ દાળ હારે બિસ્કિટ ખાય છે તેમાં તારા બાપનું શું જાય છે?'

'હાસ્યમાં રિઅલાઈઝેશન થવું જોઈએ, રિએક્શન નહિ. ❑

પતિપત્નીનો ઝઘડો ચાલુ હતો. ગુસ્સાથી પત્નીએ કહ્યું, 'તમે તો મારા તમામ સંબંધીઓ તરફ એકદમ નફરત જ કરો છો ને!'

'ત્યાં જ તારી ભૂલ થાય છે.' પતિદેવ બોલ્યા. 'હું તારી સાસુને મારી સાસુ કરતાં પણ વધારે માનથી જોઉં છું; સમજી?'

હાસ્યસર્જકતા: અંગત ચિંતન

બકુલ ત્રિપાઠી

અંગત... ચિંતન?

અંચિંતન પૂરું થયું છે માટે હાશ કરીને - 'આ સાગરપેટાળેથી મોતી લાધ્યું!' કહીને હરખાતો તમારી જોડે વાત કરું છું એવું નથી. હજી ચાલુ જ છે... માટે જ ચાલતાં ચાલતાં સાત ડગલાં સાથે માણીએ, હાસ્ય વિશે ચિંતન, સર્જકતાની વાત નિમિત્તે. ઉત્તરો ઓછા છે, પ્રશ્નો વધારે છે, પણ નવા નવા, એ મોટો લહાવો.*

ઈ.સ. ૧૯૫૧ એ માનો, મારા હાસ્યલેખનનું પ્રારંભનું વર્ષ.

ઈ.સ. ૨૦૦૨ એ આજનું વર્ષ.

જાન્યુઆરી '૫૧માં 'કુમાર'માં પહેલી જ નિર્બંધિકા પ્રકટ થઈ. (એનું શીર્ષક 'સરવૈયું!') એ વર્ષની ૧૧ નિર્બંધિકાઓ માટે કુમારચંદ્રક મળ્યો'તો. આજે બરાબર ૫૧ વર્ષ થયાં - ૧૯૫૧ થી ૨૦૦૨!

૫૧ વર્ષ લખ્યાં જ કર્યું, લખ્યાં જ કર્યું, લખ્યાં જ કર્યું અને બોલ્યા પણ કર્યું, હાસ્ય, વિવિધ સ્વરૂપે, વિવિધ શૈલીએ, વિવિધ માધ્યમે, વિવિધ ભાવકગણ સન્મુખે. નિર્બંધ બનાવીને મનને, ઘૂમ્યાં કર્યું હાસ્યમાં, સર્જક રૂપે.

અને જોયાં કર્યું અને સાંભળ્યાં કર્યું, અહીં, ત્યાં, દેશમાં, વિદેશમાં, હાસ્ય ઉત્સવોમાં, હાસ્યસભાઓમાં, હાસ્યચિંતન મિલનોમાં, હસતા ચહેરાઓ વચ્ચે, હસતાં ટોળાંઓ વચ્ચે, સ્નેહીઓ, કુટુંબીઓ જોડે ઓટલે, ડ્રૉઈંગ રૂમમાં, ડાઇનિંગ ટેબલ પર, જાતજાતનાં લોકો વચ્ચે, ત્રણ ખંડોના ૧૧ દેશોની હાસ્યયાત્રાઓમાં... અને...

અને પ્રારંભે-લાગણીસહ કહું છું — મોટાભાઈ નિરંજન ત્રિપાઠી સાથે હીંચકે અને 'કુમાર'માં શ્રી બચુભાઈ રાવતની સામેની સફેદ બાસ્તા જેવી ગાદીવાળી, પણ મને જરા સાંકડી પડતી પાટલીએ, ઈ.સ. ૧૯૫૦માં, ૧૯૫૧માં...

અને ઓસાકા (જપાન)માં મિલેનિઅમ આંતરરાષ્ટ્રિય હાસ્ય ચિંતન સંવિવાદમાં અને શિકાગોમાં હાસ્યરસતરસ્યાં મારાં હાઉસફૂલ (!) શ્રોતાઓમાં, ઈ.સ. ૨૦૦૦માં, ૨૦૦૧માં...

શું શું જોયું, સાંભળ્યું, લખ્યું, બોલાયું ? એ બધું તો ઠીક, એની સંપૂર્ણ વિદ્વત્ચર્ચા કરવાની ઉતાવળ નથી; પરંતુ હાસ્યસર્જન પ્રવૃત્તિનું અચ્યુતમ્ કેશવમ્ ક્યાં થયું છે?

પણ, અધવચ્ચે પૂછું છું જાતને, કંઈ સમજાયું ખરું કે? શું સમજાયું અંદર જે થયું તેમાંથી? અને બહાર જે જોયું એમાંથી? હાસ્ય એટલે શું? - એટલું ય સમજાયું હોય તો ગનીમત!

માનવભાષામાં કદાચ સૌથી સંકુલ શબ્દ હશે 'હાસ્ય'! આમ સરળ લાગે, સૌને પ્રિય લાગે; પણ દરેકને મન, દરેક વ્યક્તિ માટે, દરેક સમાજ માટે, સંસ્કૃતિ માટે, કાલખંડ માટે, એનો અર્થ ભિન્ન! કદાચ એવો જ સંકુલ બીજો કોઈ શબ્દ હોય તો તે છે 'પ્રેમ'!

બેઉ શબ્દો સુખ સૂચવે છે, પ્રસન્નતા સૂચવે છે, પણ બેઉ દરેક વ્યક્તિ માટે અપેક્ષાએ વિશિષ્ટ છે અને વળી પરાવલંબી છે, સ્વાવલંબી હોઈ શકે, પણ અર્થપૂર્ણ લાગે છે વ્યક્તિનેય, અન્યના સંદર્ભે જ. બેઉની - હાસ્યની અને પ્રેમની - સહજપ્રાપ્તિ સૌ ઝંખે છે, પણ દુષ્કર છે બેઉની વ્યાખ્યા, દુષ્કર છે સહજ, સંતૃપ્તિદાયી, સંપૂર્ણ, સર્વ સમયની ચિરંજીવી, એક્કેયની પ્રાપ્તિ.

છતાં, હાસ્યચિંતનની વાત કરીએ, હાસ્યવિચારણાની વાત કરીએ, હાસ્યવિમર્શની વાત કરીએ તો એ અત્યંત ફળદાયી નીવડે. કારણ, એ પૂરી તો કદી થવાની જ નથી, અગાધ છે એનાં ઊંડાણો પણ એ તાગવાની ક્રિયામાં જ માનવમનને અને માનવવર્તનને (Human mind and human behaviour) ખૂબ સમજવાનું મળે.

જીવનમાં ટેકણલાકડી પણ એ મોટી.

આજે હવે ૧૯૫૧-૨૦૦૦ની યુદ્ધોત્તર અર્ધશતાબ્દી પછી હાસ્યવિચારણાની નવી નવી દિશાઓ વિકસી ચૂકી છે ત્યારે મને લાગે છે આટલી રીતે હાસ્યની નજીક જઈ શકીએ :

(૧) 'હાસ્ય' એ પદની વિચારણા. હાસ્ય એટલે શું? હાસ્યની વ્યાખ્યા શી? ભાષાની દૃષ્ટિએ? પરંપરાની રીતે? ચોકસાઈની રીતે? સર્વાશ્લેષી (All Embracing) રીતે?

(૨) હાસ્યનું માનવ-વર્તન તરીકેનું નિરીક્ષણ-વર્ણન. હાસ્ય કઈ કઈ રીતે માનવદેહ દ્વારા પ્રકટ કરાય છે? એ પ્રકટ ક્રિયાનાં (મનોગત) એવાં પ્રેરક બળો ક્યાં? શું પ્રકટ થતું હોય છે હાસ્ય દ્વારા વિવિધ સંસ્કૃતિમાં, વિવિધ સમાજમાં, વિવિધ વ્યક્તિઓમાં, વિવિધ સમયે? અંતરના હાસ્ય વિનાય ક્યારેક 'હાસ્યક્રિયા' દેખાય છે! હાસ્યવર્તનની બારાખડી શી? એક જર્મન વિદ્વાને (પત્રવ્યવહાર થયો છે એની જોડે!) ૨૦ વ્યક્તિને ૨૦ ટુચકા સંભળાવ્યા, પ્રયોગશાળામાં બેસાડીને. કેટલાક બધાને એકસાથે, કેટલાક દરેકને એકલા. સાથે જ દરેકના 'સ્મિત'ની, હાસ્યની નજીકથી 'ક્લોઝઅપ'માં ઑડિઓ-વિઝ્યુલ ફિલ્મ લીધી અને કઈ જોકની, કેવા પ્રકારની હાસ્યની, કઈ વ્યક્તિના ચહેરાના સ્નાયુઓ પર કેવી અસર થાય છે એ બરાબર માપ્યું. (મિલિમીટરમાં) પછી આંકડાકીય વિશ્લેષણ-કોઠા બનાવ્યા...! સંશોધન કરે છે એ હાસ્યવર્તન વિશે!

(૩) આનાથી બહુ દૂર નહીં એવો મનોવૈજ્ઞાનિક અભિગમ. (અ) માણસ સ્વયંભૂ હસે છે ત્યારે એનાં પ્રાકૃતિક અભિપ્રેરણો (Motivation) ક્યાં? માણસ શા માટે, ક્યા સંતોષ માટે હસે છે?

*ત્રણ લેખોની પ્રારંભિક શ્રેણીનો આ પ્રથમ લેખ.

(બ) 'હસવાની' પ્રવૃત્તિમાં (સર્જક કે કથક વ્યક્તિના - ખાસ કરીને સર્જક વ્યક્તિના) મનમાં પ્રકટતું જે હાસ્ય, એને બીજી વ્યક્તિ સુધી પહોંચાડવા, 'હસાવવા', એ પ્રવૃત્ત થાય છે એની વાત. (ક) હાસ્યના માત્ર વાહક - મીડિઆ - બનનારનું મન અને (ડ) કદી ન જ હસી શકનારનું મન. (હાસ્યની પ્રશિષ્ટ ૧૯૫૦ પહેલાંની વિચારણામાં આ બધાંની ઘણખરું એકાંગી ચર્ચા થઈ છે. આજનો અભ્યાસ અભિગમ અખિલાઈનો હોલિસ્ટિક - Holistic છે)

આમાંની પહેલી વાત, સ્વયંભૂ હાસ્યની વાત, સર્જકની દૃષ્ટિની વાત, એમાં મને અંગત રીતે ખૂબ મઝા આવી છે! એ અંગે સમજની જે પ્રાપ્તિ, તે અંદર જોવામાંથી જ મુખ્યત્વે. પણ જો દીર્ઘકાળ સુધી એકસરખી અંગત હાસ્યસર્જકશક્તિ પ્રફુલ્લિત રહેતી હોય, રહી શકી છે એમ કદાચ કહીએ તો... એમાં અંતર્મુખી દૃષ્ટિ (Ability to look within, introvert જેવી) એ ચૈતન્યલીલાનો ફાળો મોટો. એવા અભિપ્રેરણને જીવનરસની તરસ.

(૪) હાસ્યમાં સમાજશાસ્ત્રીય પ્રશ્નો ક્યા ઊભા થાય છે? કોઈની સાથે હસવું એક વાત છે, કોઈની સામે હસવું એ બીજી વાત છે. પણ કોઈની સામે હસવા અંગેની સંમતિ-અસંમતિ પર અન્ય કોઈની સાથે હસવાની ક્રિયા અવલંબે છે! હાસ્યની ચર્ચામાં ઘણી વાર છદ્મ રૂપે હસવા અંગેની નૈતિક, સામાજિક કે ધાર્મિક પરંપરાની સંમતિ-અસંમતિથી પ્રકટેલા પ્રશ્નો ઊભા થાય છે! સામાજિક સંમતિ એ વ્યક્તિના હાસ્ય સામેના મનના અવરોધો (Inhibitions) દૂર કરે છે. (લાફિંગ ક્લબોની સફળતાનું આ એક કારણ.)

સમાજની ઉત્ક્રાંતિને, સંસ્કૃતિને અને વિકૃતિને વ્યક્તિના હસવા જોડે સંબંધ હોય છે. ભારતમાં હાસ્યમાં રૂઢિગત નૈતિકતા - સામાજિકતાનો આગ્રહ ખૂબ હતો. હવે પશ્ચિમની અસરે જરા જુદી રીતે જોવાવા માંડ્યું છે ખરું. (પશ્ચિમમાંય અગાઉ ખૂબ તકલીફ હતી. ફ્રેંચ રાજ્યદરબારના મોલિયેરને પૂછો!) ભારતમાં હાસ્યસાહિત્યમાં છેક આજ સુધી શિષ્ટતાનો આગ્રહ હાસ્યરચના માટે ઘણો વધારે! કવિતા-નવલકથા બાબતમાં કંઈક 'પ્રગતિશીલ' સમાધાન શક્ય. પણ હાસ્યનો ભય તો ખૂબ જ મોટો, સર્વ સમાજોને. કારણ હાસ્યની અસર ગાઢી અને તત્ક્ષણ. હાસ્યને આવકાર ખરો પણ આવકારનારની એક આંખ હાસ્યકારની મૂઠી પર જ હોય. ક્યાંક એમાં ખંજર તો નથીને?! જો કે પશ્ચિમ તો ઉપરથી કહે છે, 'હાસ્ય ખંજરવાળું જ કરો! જેથી પછી ખરેખરા ખંજરથી ખંજરબાજી કરવાની જરૂર ઓછી થઈ જશે.'

(૫) હાસ્યના વ્યવહારુ ઉપયોગની વાત અને એ માટેના હાસ્યના ઘડતર ઉત્પાદનની (Production અને Manufacturing) ની વાત! આનો આખો ઉદ્યોગ ઊભો થઈ ગયો છે. ૧૯૫૧ પછી, વિશેષે ૧૯૮૧ પછી.* હાસ્ય વ્યાપારનો આ રીતનો જુવાળ એ વીસમી સદીના છેલ્લા દાયકાઓની મોટી સાહસસિદ્ધિ છે. આ નિમિત્તે હાસ્યની કારીગરી, નવી ટેક્‌નિક્સ પણ ખૂબ ખીલી.

(૬) હાસ્ય અને સર્જકતા, હાસ્યની એક કલા તરીકેની અભિવ્યક્તિ, શબ્દના માધ્યમથી કે અન્ય કલામાધ્યમોથી એ અત્યંત રસમય વાત પહેલાંય હતી, આજે ય છે. હાસ્યના પ્રભેદો, વિટ્, હ્યુમર, સૅટાયર, પૅરડિનાં વર્ણનો સૈકા ઉપરાંતનાં પ્રાચીન છે અને આજેય ચાલે છે. ભાષાવિજ્ઞાન અલબત્ત આના ઊંડાણમાં જઈ રહ્યું છે. આજે ફિનિક્સ (ઍરિઝોના)ની WHIM સંસ્થાએ આ કાર્યને ખૂબ ઉત્તેજન આપ્યું. પશ્ચિમે ઝાંર કે જૅનરની રીતે વધુ વિચાર્યું છે. આપણે રસશાસ્ત્રની દૃષ્ટિએ વિચાર્યું છે. 'સર્જકતા' (Creativity)નો અભ્યાસ વિજ્ઞાન માટે, વ્યાપાર માટે, શિક્ષણ માટે વધ્યો છે. પણ જેને સર્જકતાની પ્રક્રિયાનું શ્રેષ્ઠ ઉદાહરણ ગણે છે એડુઅર્ડ દ બોનો, 'લેટરલ થિંકિંગ' ગ્રંથમાં, તે 'હાસ્ય-સર્જકતા'નો અભ્યાસ અત્યંત મુશ્કેલ લાગ્યો છે.

મારો અંગત રસ 'હાસ્ય-સર્જકતા'માં ખૂબ અને સતત, જો કે અંતર્મુખી વધારે અને કદાચ તેથી જ ફળદાયી પણ ઘણો જ!

(૭) અને હાસ્યની જીવનદૃષ્ટિ? હાસ્યની જીવન ફિલસૂફી? હાસ્યનું અધ્યાત્મ?

બસ, હમણાં અહીં અટકીએ!

હાસ્યવિચારણની નવી નવી ક્ષિતિજો દેખાતી રહી છે. ઝડપભેર, ૧૯૩૯-૧૯૪૫ના વિશ્વયુદ્ધ અને તે પછીના તરતના કોરિયન યુદ્ધ પછી. યુદ્ધની વેદનાઓની તરતની અસર તો દિગ્મૂઢતાની, અને પછી વ્યક્તિજીવનની અર્થશૂન્યતાની અનુભૂતિની. યુગે યુગે બદલાતી પ્રકટતી માનવસમાજની લાગણીઓને અને વિચારોને એકરસરૂપે, સઘન અને અખંડરૂપે, પ્રથમ પ્રકટાવે છે સાહિત્યકાર-કલાકાર. અને એટલે જ યુરોપમાં ફિલસૂફીમાં અસ્તિત્વવાદ, રંગભૂમિ પર ઍબ્સર્ડ નાટક, સાહિત્યસર્જનમાં આધુનિકતાવાદ અને અનુઆધુનિકતાવાદ, કવિતામાં સર્રિયાલિઝમ અને વિવેચનમાં સંરચનાવાદ આવ્યાં. આપણે ત્યાં પણ આની અસરો ઝિલાયેલી છે.

હાસ્યમાં શું થયું ૧૯૫૧ પછી?

હાસ્યનો વ્યાપ જબરજસ્ત વધી ગયો. સ્વરૂપો વધી ગયાં. શૈલીઓમાં વિસ્મયજનક નાવીન્યો આવતાં રહ્યાં. નવાંનવાં સંચાર માધ્યમો આવ્યાં અને હાસ્ય એમને ભેટી પડ્યું. ક્યાંક પ્રેમથી, ક્યાંક ભૂતની જેમ, ઝોડની જેમ, વળગી પડ્યું. પલાયનવૃત્તિને તો હાસ્ય ખૂબ માફક આવી ગયું. કદી ન કલ્પેલું ત્યાં, કદી ન કલ્પેલી રીતે, હાસ્ય ગોઠવાઈ ગયું!

અમેરિકાએ તો અધધધ હાસ્યનો વ્યાપ વધાર્યો! અને વધાર્યો તે કેવો વધાર્યો! જનમનરંજન માટે હાસ્યનો શબ્દ, લેખન-મુદ્રણથી

*યાદ આવે છે ટીવી પર ૧૯૯૪માં, આપણે ત્યાં તદ્દન નવો સર્જકપ્રયોગ સૂચવ્યો, શરૂ કરાવ્યો, અને છ હપ્તા કર્યા મેં. આરંભે હાસ્યદૃષ્ટિના પ્રાકટ્ય-પ્રયોગનો રોમાંચ તાકેલો! પણ પછી એ 'ગમ્મતગુલાલ'ની જવાબદારીમાંથી મુક્ત થવાનું નક્કી કર્યું, કારણ કે તંત્રએ એને સર્જકતાલક્ષી રહેવા નહીં દીધું. તંત્રે એને વ્યાપારી સ્વરૂપમાં ઢાળી દીધું. આર્થિક રીતે દુઝણી ગાય સમું બની ગયું એ એમને માટે અલબત્ત, એ જ જરૂરી.

ક્યાંય આગળ વધીને અભિવ્યક્તિ-પ્રત્યાયનના એક્કેએક સ્વરૂપમાં વિસ્તર્યો. શબ્દના ઉપયોગ વિનાનું હાસ્ય પણ ધજા ફરકાવતું ચાલ્યું. હાસ્યનો અભૂતપૂર્વ કસ કાઢવા માંડ્યો છે અમેરિકાએ.

પણ એની મર્યાદા એ કે હાસ્ય હવે જીવનદર્શનની અભિ-વ્યક્તિ માટે ઓછું પ્રયોજાયું, જનમનરંજન માટે વધુ. (પણ, આગલી વાત તદ્દન જ નહીં એવું ન માનશો) આ તો ઠીક, પણ ઈંગ્લન્ડમાં હાસ્યવૃત્તિ (Sense of Humour) એક મૂલ્ય હતું, વ્યક્તિના ચારિત્ર્યનું અંગભૂત. જ્યારે અમેરિકાએ એને વ્યક્તિના ચારિત્ર્યની જાહેરખબરરૂપ બનાવી દીધું.! જ્યોર્જ બુશ સામે ગોર પ્રમુખપદ સ્પર્ધામાં હાર્યા, કંઈક અંશે અન્યાયભરી ચાતુરી લાગે એવી રીતે બુશ જીત્યા. તે વખતે દિવસો સુધી રાહ જોવડાવ્યા પછી, જ્યારે બુશ તરફી આખરી નિર્ણય આવ્યો ત્યારે, ગોરે પરિણામના સ્વીકારનું લોકશાહી રીતનું દસેક મિનિટનું પ્રવચન કરવાનું હતું. દેશ આખો ટીવી પર એ પ્રતિભાવની રાહ જોઈ રહ્યો હતો. એ વખતે કૉમેન્ટેટરોએ અગાઉની અમેરિકન પ્રજાની અપેક્ષા વર્ણવી નાખી! ગોર એના પ્રવચનમાં 'હ્યુમર' લાવશે કે નહીં?! ગોરે પછી દસ-બાર મિનિટમાં હાસ્યનાં ત્રણ વિનોદ ટપકાં મૂક્યાં! અને ખેલદિલીના પુરવારૂપે અને અમેરિકન 'સિસ્ટમ'માંની એની શ્રદ્ધાના પ્રતીકરૂપે પ્રજાએ પેલા ત્રણ ટચાકાને વધાવી લીધા! (આમાં સહાય કરવા અમેરિકામાં વ્યાવસાયિક હાસ્યકારો રોકવામાં આવે છે - પ્રમુખશ્રી સુધ્ધાં માટે.)

યુરોપ સદ્ભાગ્યે હાસ્યમાં વધુ ને વધુ ઊંડે જતું ગયું. યુરોપના વિવેચકોને ગાઢ પ્રીતિ હતી ટ્રૅજડિ જોડે. (વાંક ઍરિસ્ટોટલનો, શા માટે એણે કૉમેડિ વિશે ગ્રંથ ન લખ્યો? કે લખ્યો હોય તો શીદને ખોવાઈ જવા દીધો?!) એ ટ્રૅજડિએ પણ, જે ઉપરછલ્લી સપાટીની વાત માટે વિખ્યાત કે કુખ્યાત હતી, એ કૉમેડિ સાથે, હાથ મિલાવ્યા! ટ્રૅજીકૉમેડિનો પ્રસાર થયો!

ભારતમાં-એશિયામાં શું થયું? હાસ્ય અંગેની પરંપરાગત માન્યતાઓ, પદ્ધતિઓ, શક્તિમર્યાદાઓના ખયાલોમાંથી બહાર આવતાં વાર લાગી. લોકસાહિત્યનું હાસ્ય હજીય શક્તિપ્રેરક બની રહ્યું, પણ શહેરીકરણ સામે ઝંખવાતું બન્યું. ભારતમાં યુદ્ધની ભીષણતાનો અનુભવ પરિવર્તન માટેનો ધક્કો લગાવનારું બળ ન હતું, પણ નવાં લોકશાહી વાણીસ્વાતંત્ર્યે, હાસ્યસર્જનને નવો રંગ આપ્યો.* ચીન-જપાનને તો યુદ્ધનોય અનુભવ. પણ ત્યાં હાસ્યમાં પરંપરાગતતામાં સ્થિર થઈ રહેવાનું દેખાયું. જપાન રાજ્યવ્યવસ્થામાં નવી પ્રગતિશીલ લોકશાહી અપનાવીને પણ જીવનવ્યવહારમાં જૂનાં સાંસ્કૃતિક મૂલ્યોને દૃઢતાથી વળગી રહેવા મથતું. જપાન પોતાના જીવનની આ વિસંવાદિતા અંગે હસી ન શક્યું, ફ્યુડલ સમાજના કુંઠિત હાસ્યમાં સ્થિર થઈ રહ્યું.

અંગત રીતે બીજા વિશ્વયુદ્ધ જોડે - મારી તે સમયે અત્યંત સંવેદનશીલ વય તેથી - અધ્ધરજીવે કલ્પનાલોકમાં જોડાયેલા રહેવાનું બન્યું. અને ૧૯૪૨ની લડતમાં તો આવેશપૂર્વક - પૅશનેટલી - જીવેલો. પછી ૧૯૪૬, ૧૯૪૮, ૧૯૪૯, ૧૯૫૦માં પ્રથમ હાસ્યલેખો લખાયા એમાં તો પ્રચલિત સન્માનનીય સામગ્રી અને સ્વરૂપનું હાસ્ય પ્રકટાવવાનું સહજ રીતે બન્યું. તેવું જ ૧૯૫૧-'૫૨ના 'કુમાર'ના હાસ્યનિબંધોમાં પણ. પરંતુ ઝાંર કે જેનર વર્ણવ્યું 'નિબંધિકા' શબ્દથી નહીં પણ નિર્બંધિકા (રેફ ઉમેરીને) એ શબ્દથી. ક્યાં બંધન કઠતાં હતાં કે જેનાથી નિર્બંધ રહેવાનું મન થતું હતું? પછી તો હાસ્યલેખનસ્વરૂપોમાં મનીષા ફળવા માંડી. ૧૯૫૩થી ઉફરા ચાલવાનું બન્યું... ધીરે ધીરે...

કુટુંબના વેદ-ઉપનિષદ્ સંસ્કારે દીધી મનઃશાંતિ, કૈશોર્યમાંથી યુવાનીમાં ખાબકેલા મારા ત્રસ્ત મનના ભાગ્યમાં, ઝાઝો સમય ન રહી શકી. હાસ્યના સ્વરૂપમાં, શૈલીમાં, માધ્યમમાં આગવો રઝળપાટ શરૂ થયો. માધ્યમ તો પછી એક્કેય બાકી ન રાખ્યું અને સ્વરૂપો અજમાવ્યાં અગણિત.

પણ મૂળ વાત પર આવીએ. આ અર્ધશતાબ્દીમાં અગન-ઝાળોથી સદાના વેદનાગ્રસ્ત આફ્રિકામાં શું થયું? ત્યાંય સ્વાભાવિક રીતે જ આજનું હાસ્ય આવતાં ખૂબ વાર લાગી. પણ એની સૈકાઓ-જૂની લોકકથાઓ, પ્રાણીકથાઓ, ભૂતકથાઓ, અગાધ ભય અને અનંત કરુણતાની અનિવાર્યતાને સંપૂર્ણ સ્વીકારીનેય, જીવનની આનંદ-ચેતનાનો બાલસહજ, આદિમ, અભિવ્યક્તિ-તરફડાટ દર્શાવે છે. પશ્ચિમના સંશોધનપ્રેમે કરીને ખૂબ બહાર આવ્યું. આ પરંપરાગત સાહિત્ય એશિયાનાં પ્રાચીન લોકસાહિત્યમાં જે માંગલ્ય શ્રદ્ધા છે તે આફ્રિકાના લોકસાહિત્યમાં તદ્દન ઝાંખી-પાંખી.

ઑસ્ટ્રેલિયાએ આગંતુકોના પરંપરાગત યુરોપીય હાસ્ય સામે આદિવાસીના જાતિવર્ણીય (Ethnic) હાસ્યને જોડેજોડે મૂકીને સમાજશાસ્ત્રીય ચર્ચા આદરી છે. આદિવાસી અલ્પબુદ્ધિનો એટલે હાસ્યાસ્પદ એવું ખરું?

ડૅવિડ એસ. ઓબ્રે વિશ્વયુદ્ધ પછીના વીસમી સદીના પાછલા દાયકાઓની ટેક્નોલૉજીના યુગની 'મેલન્કલી' અને 'ડિપ્રેશન'ની વાત કરે છે એના ગ્રંથ 'Finding Hope in the Age of Meloncholy (પ્રકાશક લિટલ બ્રાઉન ઍન્ડ કંપની, બોસ્ટન. વર્ષ ૧૯૯૯) એમાં.

આ ઉદાસપણું, વ્યગ્રતાના વાતાવરણમાંય સર્જક હાસ્યકારો જેને શુદ્ધ હાસ્ય કહે છે તેવું હાસ્ય અને પ્રતિભાવ વિશિષ્ટ તથા પ્રતિકારપ્રધાન હાસ્ય પ્રકટાવવા તો સુપેરે મથી જ રહ્યા છે વિશ્વભરમાં.

પણ પ્રાબલ્ય રહ્યું છે સર્વત્ર પલાયનવાદી હાસ્યનું.

માનવજાતે પોતાના આધ્યાત્મિક, સાંસ્કૃતિક, પ્રાચીન વારસામાં પાછા જઈને ખાંખાંખોળાં કરવાં પડશે - ડૅવિડ ઓબ્રે કહે છે, 'હસવાની અખૂટ શક્તિનો સ્રોત ક્યાંકથી શોધવો પડશે.

હાસ્ય માનવજીવનયાત્રાનાં ડરાવનારાં શિખરો અને કંપાવનારી ખીણો વચ્ચે પર્વતખેડૂ માટે ટેકણલાકડી બની શકે? એવી શક્તિ ધરાવતું હાસ્ય ભારતીય તત્ત્વજ્ઞાનને ખપમાં લઈ શકે ખરું? કદાચ...* ❑

*જુઓ : 'સ્વાતંત્ર્યનાં ૫૦ વર્ષ : વાત હાસ્યવ્યંગની' - 'કુમાર' ઑગસ્ટ ૧૯૯૭, સળંગ અંક ૮૩૫, પાનું ૫૨૦.

*આ લેખ અંગે પત્રવ્યવહાર માટે લેખકનું સરનામું : ૮, રીવર કોલોની, નવરંગપુરા, અમદાવાદ-૯. ફોન : ૬૩૦ ૦૦ ૦૩)

નિમિશ ઠાકરનાં કેટલાંક કાર્ટૂનો





જીવનસંગીત
આલાપ
ખરીદી
ઉધાર
બિલ
આડી લય
સુસ્વાગતમ્
સમ
પગાર
Nirmish


મંદ્ર સપ્તક
મધ્ય સપ્તક
તાર સપ્તક
Nirmish


તીવ્ર સૂર
કોમળ સૂર
વર્જિત સૂર
Nirmish


વિલંબિત લય
મધ્ય લય
દ્રુત લય
પુરસ્કાર
Nirmish


Nirmish


Nirmish

'મારા હસ્તાક્ષર

—મધુસૂદન પારેખ—

મારા જન્માક્ષર જોઈને એક જોશીએ ભાખેલું કે આ મહાન માણસ થશે અને મારા હસ્તાક્ષર જોઈને મારા પ્રાથમિક શાળાના શિક્ષકે કહેલું કે આ ગાંધીજી થશે. મારા હસ્તાક્ષર વિશે ભલે વિવિધ મતમતાંતરો હોય, પણ મને પોતાને મારા હસ્તાક્ષર પર પ્રેમ છે કારણ કે એ મારા હસ્તાક્ષર છે.

જ્યારે મને લલાટે લાલચટક કુમકુમનો ચાંદલો કરીને નિશાળે બેસાડ્યો ત્યારથી મારે અને હસ્તાક્ષરને પરસ્પરની પિછાન થઈ ગઈ. શિક્ષકે મારા હાથમાં પેન (ઈન્ડીપેન કે બૉલપેન નહિ, સીસાપેન) પકડાવી અને સિલેટ પર, 'કમળ'નો 'ક' લખીને મારું કોમળ કાકડી જેવું કાંડું ગોળગોળ ફેરવવા માંડ્યું ત્યારે મારી આંગળીઓમાંથી સીસાપેન સરી પડી અને આંખમાંથી આંસુ સરી પડ્યાં.

'કમળ'ના 'ક'થી જ મારી કમબખ્તીનો પ્રારંભ થયો. પણ મારા શિક્ષક ઉદ્યમી હતા, આશાવાદી હતા. એમણે 'કરતાં જાળ કરોળિયો, ભોંય પડી પછડાય' એ કવિતા શીખી હશે અથવા તો વાંચી હશે એટલે એમણે કરોળિયા-ગુરુ પાસેથી પ્રેરણા લઈને મારું કાંડું કેટલીય વાર ગોળ ગોળ ઘુમાવીને છેવટે 'ક' ઉપર સ્થિર કર્યું. મારી તો 'ક' અક્ષર શીખતાં કમબખ્તી બેસી ગઈ અને હવે મારું કાંડું ગોળ ગોળ ફરતું રહેતું હોય તેવો ભ્રમ મારા ભેજામાં પેસી ગયો.

'ક' સારી પેઠે મેં એવો ઘૂંટ્યો કે ઊંઘમાં ય હું કાંડું ઘુમાવીને 'ક' ઘૂંટ્યા કરતો.

ઉમાશંકરે એક કવિતા, સમરકંદ-બુખારા વિશે લખી હતી. એમાં શિક્ષકે એવી તડાફડી અને ગોખણપટ્ટીનો આશરો લીધો હતો કે કવિને ઊંઘમાં ય સમરકંદ-બુખારા મગજમાં ઘૂમતા હતા. મારી પણ કંઈક એવી જ દશા હતી. 'ક' હું પાકે પાયે શીખી ગયો, એવો શીખી ગયો કે આખી જિંદગીમાંય કમળનો 'ક' હું ભૂલ્યો નથી.

'ક' શીખ્યા પછી મને નિરાંત થઈ કે ચાલો ભણતર પૂરું થયું. મેં શિક્ષકને 'ક' આખી સ્લેટ ભરાય તે રીતે ચીતરીને આપ્યો. શિક્ષક ખુશ થવા લાગ્યા. મને આનંદ થયો પણ એ ક્ષણભર ટક્યો. શિક્ષકે થૂંકવાળા હાથે 'ક' ભૂંસી નાખ્યો અને મને 'સતર્ક' કર્યો કે હવે 'ખડિયા'નો 'ખ'.

એમણે 'ખ' સ્લેટ પર ચીતરી આપ્યો. એનો આકાર જોઈને જ મને અરેરાટી થઈ ગઈ. 'ક' પછી 'ખ' મને ખાવા ધાશે એવી તો મને કલ્પના ય નહિ.

શિક્ષકે પુનરપિ મારી આંગળીઓ વચ્ચે પેન ખોસીને મારા કાંડાને વ્યાયામ કરાવવા માંડ્યો. 'ખ' ઘૂંટતાં એ અક્ષરમાં આવતા વળાંકોએ મારી આંગળીઓય વાંકી કરી નાખી. પણ છેવટે ખડિયાનો 'ખ' સિદ્ધ થયો ખરો.

એક અઠવાડિયા સુધી ક-ખની કસરત ચાલ્યા પછી મને શિક્ષકે 'ગધેડા'નો 'ગ' ઘૂંટાવ્યો. 'ગ' મને આસાન લાગ્યો. એટલે ગધેડો ય મને ગમવા લાગ્યો. મને થયું કમળ અને ખડિયા કરતાં ગધેડો સારો!

પછી તો કક્કાની વણઝાર ચાલી. એક પછી એક અક્ષર કાંડાની કરામત અને આંગળીઓની મરામત કરતા જ આવે. પણ ધન્ય છે મારા એ શિક્ષકને કે એમણે મારા કાન આમળી આમળીને, ચૂંટલા ખણી ખણીને અને ટપલા મારી મારીને મને કક્કા બારાખડીમાં પારં-ગત કર્યો.

અક્ષરની આરાધના પછી શબ્દની સાધના શરૂ થઈ. દરમિયાન કક્કો આખોય મારા ભેજામાં દોડાદોડ કરતો હતો. કોઈ ફાસ્ટ ટ્રેન જતી હોય ને એના ડબ્બા ખટાખટ ખટાખટ ઝડપથી પસાર થતા જાય તેમ કક્કાના ક, ખ, ગ, ઘ... ચ પણ એક પછી એક દોડ્યે જ જતા હતા.

કવિ ઉમાશંકરને જેમ સમરકંદ-બુખારા, શિક્ષકની 'કૃપા'ને કારણે મગજમાં એવા ચોંટી ગયા હતા કે મધરાતે કોઈ પૂછે તો સમરકંદ-બુખારા જીભ પર આવી જાય. કક્કોય એવો જ મારા ભેજામાં અંકાઈ ગયો હતો કે ઊંઘમાંય કક્કો હું કડકડાટ બોલી શકું.

શિક્ષકે 'કમળ', 'ખડિયો' વગેરે શબ્દોથી મારી પાસે શબ્દ સાધનાનો આરંભ કરાવ્યો પણ ધીમે ધીમે અમદાવાદ, અહમદનગર વગેરે મોટા શબ્દો શિક્ષકે લખાવવા માંડ્યા. એમાં મારી ઝડપ એવી પ્રશસ્ય હતી કે 'અમદાવાદ'માં 'અ' 'મ'ના ઉપર ચડી જાય અને 'દા' છેલ્લા બે અક્ષરોમાં એવો ઘૂસી જાય કે શિક્ષક પણ 'અમદાવાદ'ની સિકલ જોઈને આશ્ચર્ય પામી જાય. એ ફરી વાર પ્રત્યેક અક્ષર છૂટો પાડીને શબ્દ લખવાનું કહે... આમ અમારા બંનેનો 'વ્યાયામ' ચાલવા માંડ્યો.

માધ્યમિક શાળામાં તો મારો વાઙ્મય વિહાર (પ્ર)ગતિશીલ બની ચૂક્યો હતો. એક મિનિટમાં તો હું પંદરવીસ વાક્યો ખેંચી કાઢતો. એક વાર વર્ગશિક્ષકે અમને વરસાદ વિશે નિબંધ લખવા આપ્યો. મેં ગાઈડમાંથી વરસાદ વિશે પચાસેક લીટી ઘસડી મારી. શિક્ષકને નિબંધ બતાવ્યો. શિક્ષક મારા હસ્તાક્ષર સામે આશ્ચર્યવત્ જોઈ રહ્યા. એમની મુગ્ધતા હું જોઈ રહ્યો.

એમણે મને પૂછ્યું : 'આ બધું શું લખ્યું છે?'

'વરસાદ વિશે નિબંધ.' મેં ઉત્સાહથી કહ્યું.

એમણે ફરી વાર મારા હસ્તાક્ષર પર નજર ફેરવી, ઠેરવી અને મને કહ્યું કે ભઈલા! અક્ષરની હરીફાઈમાં તું તો ગાંધીજીનેય વટી ગયો.

કૉલેજમાં અભ્યાસ દરમિયાન તો મારા અક્ષરની અવાચ્યતાનો અદ્‌ભુત વિકાસ થતો રહ્યો. મારા હસ્તાક્ષરો જોઈ પ્રાધ્યાપકો મુગ્ધતા અનુભવતા હશે કે કેમ એ તો ખબર નથી પણ આશ્ચર્યભરી મૂંઝવણ તો જરૂર અનુભવતા હતા.

મારા પરસ્પર ભળી જતા શબ્દોથી સમૃદ્ધ મારી વાક્યમાળાએ મને ઘણો લાભ કરી આપ્યો છે. કૉલેજનાં બધાં વર્ષોની પરીક્ષામાં હું નિર્વિઘ્ને પસાર થઈ શક્યો - વગર વાંચ્યે - તે મારા અવાચ્ય અક્ષરોને આભારી છે.

મારી ઉત્તરવહીઓમાં આડાઅવળા, વાંકાચૂકા, અટપટા, અણિયાળા અક્ષરો જોઈ પરીક્ષકો પોતાની નિત્રરક્ષા માટે પાનાં ફેરવી જતા ને મારા જવાબોમાં કંઈક તથ્ય તો હશે એમ સમજીને પાસ થવા પૂરતા ગુણ મૂકી દઈને સંતોષ માનતા. એમનો સમય બચતો, મારું વર્ષ બચી જતું.

મને મારા હસ્તાક્ષર માટે અત્યંત પ્રેમ બંધાઈ ગયો છે. મહાન પુરુષોના અક્ષરો ઘણુંખરું નેત્રવ્યાયામ કરાવે તેવા હોય છે. અવાચ્ય અક્ષરો એ મહાપુરુષોની એક વિશેષતા ગણાય છે.

ગાંધીજી કહેતા કે ખરાબ અક્ષરો એ હિંસા છે, એ રીતે ગાંધીજી તો ભારે 'હિંસક' ગણાય, પણ એ પોતે ભારે અહિંસક હતા!

મારા મિત્રો કે સગાંસંબંધીને હું પ્રસંગોપાત્ત પત્ર લખતો, એ લોકો મારા પત્રોનો ક્યારેય જવાબ આપતા નહિ!

એક વાર મારા એક વડીલમિત્રને તેમની સાઈઠમી જન્મતિથિ નિમિત્તે પત્ર લખ્યો હતો. મારો પત્ર તેમણે વાંકોચૂકો, આડોઅવળો કરી, મોટા ગ્લાસવાળાં ચશ્માં ચડાવી વાંચવા પ્રયત્ન કર્યો, પણ અક્ષરો એમને નૃત્ય કરતા દેખાયા. એ વડીલ, આંખમાં કદાચ મોતિયો તો નહિ આવ્યો હોય એવા ભ્રમભીત થઈ ગયા.

મારી સગાઈ પછી લગ્ન પહેલાંના સુવર્ણ કાળમાં મેં ભાવિપત્નીને મારા હસ્તાક્ષરની ઝલક મળે તેવા સંખ્યાબંધ પત્રો લખ્યા હતા. એ ય મારા પત્રોની સામે એના પત્રોનો મારો ચલાવતી હતી.

લગ્ન પછી એક વાર વાત નીકળતાં મેં કહ્યું : 'મારા પત્રોના તું ફટાફટ જવાબ લખતી હતી. તને મારું **Material** કેવું લાગતું હતું?'

પત્ની વિસ્ફારિત નેત્રે કહે : 'મટિરિયલ? અહીં તમારા પત્રો વાંચ્યા છે જ કોણે? મારે ચશ્માં ખરીદવાં નહોતાં.'

'એટલે તું મારા પત્રો વાંચતી જ નહોતી? એમ ને એમ જવાબ દીધે રાખતી હતી?'

'હું સાર કાઢી લેતી હતી. એ સાર મેં સ્મરણરૂપે મારી ડબ્બીમાં સાચવી રાખ્યો છે.'

અને એણે હસતે મુખે ડબ્બીમાંથી ટાંકણીઓ કાઢી બતાવી.

હું આશ્ચર્યથી બોલી પડ્યો : 'તારામાં ય ગાંધીજી પ્રવેશી ગયા?' ❑

અનુસંધાન] હાસ્ય [પૃ. ૮૨૯ થી

ભેગી થઈ જવાથી હાસ્યની સ્ફુરણા થાય છે. આ જાતની અસંગતિ વસ્તુની હોય, વાણીની હોય, પ્રસંગની હોય કે માનવ-સ્વભાવમાં રહેલા ગુણોની હોય. અલબત્ત, એ અસંગતિ એવા પ્રકારની ના હોવી જોઈએ કે જે ગંભીર પરિણામી હોય.

વર્તન, વાણી અને વિચારમાં રહેલી અસંગતિ હાસ્યની પ્રેરક છે. વર્તનમાંથી નિષ્પન્ન થતું હાસ્ય ભવાઈવેડા કે વિદૂષકવેડામાં જોઈ શકાય. એ હાસ્ય મુખ્યત્વે ઘટના પર આધારિત સ્થૂલ પ્રકારનું હોઈ શકે.

વાણી દ્વારા નિષ્પન્ન થતું હાસ્ય વિલક્ષણ વાક્યરચનાઓમાં, બોલીના વૈચિત્ર્યમાં, શ્લેષ પર અથવા ચિત્રવિચિત્ર શબ્દો પર આધારિત હોય છે. આ હાસ્ય છીછરું હોય છે, અસરકારક હોતું નથી. સહુથી ઊંચું હાસ્ય વૈચારિક છે. એ માત્ર સ્મિત જ પ્રકટાવે છે તેમ છતાં બુદ્ધિના ઊંડાણમાંથી પ્રકટેલું એ હાસ્ય વાચકની કલ્પનાને ઉત્તેજિત કરે છે, બુદ્ધિને સંકોરે છે. ઊંચા પ્રકારનું હાસ્ય માનવપ્રકૃતિનું અને બુદ્ધિનું સૂક્ષ્મ રૂપ પકડે છે અને તેમાં રહેલી અસંગતિઓ દ્વારા ક્વચિત્ અવળવાણીની સહાયથી અથવા તો કટાક્ષ દ્વારા તે પોતાનું પ્રયોજન સિદ્ધ કરે છે. આ પ્રકારનો વિનોદ પરલક્ષી મટી આત્મલક્ષી બને છે. બાહ્ય જગતને બદલે આંતર જગતમાં એ ડોકિયું કરાવે છે.

હાસ્ય બહુરૂપી છે. સાહિત્યમાં તે સૅટાયર, વિટ, આયરની, પૅરડિ, લૅમ્પુન, ઈન્વેક્ટિલ, રિડિક્યુલ, કૉમેડી, ફાર્સ, કૅરિકેટર, બફૂનરી એમ અનેક રૂપે વિકસ્યું છે, વિલસ્યું છે.

આ હાસ્ય વિશે જુદા જુદા પ્રતિભાવો પ્રકટ થતા રહ્યા છે. કોઈકે એમ કહ્યું છે કે જે માણસ એની જિંદગીમાં ક્યારેય ખુલ્લા હૃદયે હસ્યો ન હોય તેનો વિશ્વાસ ના કરવો. જે વ્યક્તિમાં વિનોદવૃત્તિનો અભાવ હોય તે નિષ્ઠુર, અક્કડ અને જુલમી હોઈ શકે છે.

ફ્રૅન્ક એ. ક્લર્કે નોંધ્યું છે કે કોઈ પણ કૂટપ્રશ્ન હલ કરવો હોય તો તેમાંથી થોડું હાસ્ય ખોળી કાઢવું. **'I think the next thing to solving a problem is finding some humour.'** અને છેલ્લે એમ કહી શકાય કે બે દેશોની પ્રજા વચ્ચે હાસ્યનો સેતુ હોય તો ઘણા સંઘર્ષ ટળી જાય. ❑

ખોખલા જણની કેફિયત

—ચન્દ્રકાન્ત શેઠ—

આમ તો અમારું કુળ-મૂળ ઘણું ઊંચું. એક તબક્કે તો અમે સૌને ખુમારીપૂર્વક કહેતા કે અમે શુકદેવજીના સીધા વંશજ. ભાગવત-પૂજા શુકદેવજીના વારાથી અમારા કુળમાં. શુકદેવજીના સીધા આશીર્વાદ સાંપડેલા અમારા વડવાઓને! કેટલાકે અમારી આ ખુમારીની વાતો સાંભળી જ નહીં; કેટલાકે સાંભળી તો પેલી પૂતળીની જેમ એક કાનેથી સાંભળી સીધી બીજા કાનેથી બહાર કાઢી નાખી ને કેટલાકે જો સાંભળી તો ભીતરમાં જ પૂરી ભંડારી દીધી! અમારી આ કુળવાતોમાં જે ખાટલાની મોટી ખોડ હતી તે તો બતાવી અમારા ઘર-ઘાટી કનૈયાએ-કનિયાએ. એ કહે : 'કેવી નાખી દેવા જેવી વાત કરો છો? શુકદેવજી વળી કે દા'ડે પઈણેલા તે એના વંશની આમ માંડો છો? એ બાલબ્રહ્મચારી હતા બાલબ્રહ્મચારી! એના વંશજ તમે કેવી રીતે હો?' કનૈયાની વાત તો સોળ આની સાચી હતી - કાનની બૂટ પકડવી પડે એવી! અમારે નાછૂટકે શુકદેવજીને અમારા કુળ-આંબામાંથી પડતા મૂકવા પડ્યા, પણ એમ કંઈ અમે ગાંજ્યા જઈએ! અમે અમારા કુળના મૂળપુરુષ તરીકે એ જ ઘડીએ શુકદેવજીના - એ બાપને - વેદવ્યાસને જ સ્થાપી દીધા! કોની મગદૂર છે કે હવે એમને અમારા કુળપુરુષપદેથી પદભ્રષ્ટ કરે?

અમારો વંશ સીધો જ વેદવ્યાસમાંથી ઊતરી આવેલો એટલે અમારા કુળસંસ્કારોમાંયે કેટલુંક નોખું-અનોખું, ઉન્નત-ઊંચું હોય ને? અમે આમ તો સ્વયં પાકી, જાતે રાંધીએ ને એ જ રાંધેલું ખાઈએ, તેમ છતાં આસપાસની પાડોશણ વાર-તહેવારે મીઠાઈ-ફરસાણ આવીને આપી જાય તો તેનો ઓછો જ અસ્વીકાર થાય? આપણે તો ભાવના ભૂખ્યા! ભાવ જોઈને ભાવતું કરીએ! ભગવાન જેવા ભગવાન રામ પણ જો જનમભૂખી શબરી જેવી ભીલડીનાં એઠાં બોર આરોગી શકે તો આપણે શું એનાથીયે ગયા? આપણે તો આગ્રહપૂર્વક કહેવું પડે કે તમે જે કંઈ અમને ધરો એ ચાખીને જ ધરજો એટલે પાછળથી પછી ખાંડ, મીઠું કે મરચું વગેરે નાખવા-ભભરાવવાનો સવાલ જ ન થાય! અને આમ જુઓ તો ચાખીને ચખાડવું, પીતાં પીતાં પીવડાવવું એમાં પ્રચ્છન્ન પ્રેમાચાર જ હોય છે ને?

અમે પાકા મરજાદી વૈષ્ણવ! 'એક વર્યો ગોપીજનવલ્લભ નહીં સ્વામી બીજો' - એવું દયારામની રીતે ચુસ્તીથી કહેવાતા વૈષ્ણવ! દયારામની જેમ કોઈ સોનારણનું બેડું ફોડવાની - એવો કાંકરીચાળો કરવાની ઇચ્છા અમને ઊગી નથી એમ તો કેમ કહેવાય? પણ અમે એ સોનારણના સ્વામીનાથની દંડશક્તિનો ખ્યાલ કરીને અમારા મન-મર્કટને સદાયે સદાચારના ફાંસલામાં જ જડબેસલાક જકડી રાખ્યું છે. અમે હંમેશાં ડાહ્યાભાઈના દીકરા ડાહ્યા દલપતરામની શિખામણ યાદ કરી કરીને સૌના સાળા ને સૌના સસરા થવાની કઠણ પળોજણ જીવ પર આવીને કરતા રહ્યા છીએ. અમારી સાથી, કૉલેજમાં ભણતી, છોકરીઓ જે વિસ્તારમાં રહેતી હોય એ વિસ્તારમાં ડગલું ભરતાં પણ અમે બુદ્ધ ભગવાન કરતાંય વધારે વાર વિચાર-વિમર્શ કર્યો છે! આમ છતાં મીરાં જેવી મહિલા સ્ત્રીહઠથી પ્રેરાઈ ડાબે મેલ્યા મેવાડનું પાણી પીવામાંયે દોષ જુએ એવો દોષ જોવાનું અમે પુરુષ પ્રવરો તો ન જ કરી શકીએને? સ્ત્રીદાક્ષિણ્ય જેવીયે કોઈ બાબત હોય છે ખરી! કોઈ કૉલેજકન્યા બૉલબૅટ રમતાં થાકીને તરસ્યાં થયેલા અને કરુણાથી જો જળ પીવા ચાહે તો એની અવજ્ઞા અમારાથી કઈ રીતે થઈ શકે? જળ તો વરુણદેવતા. એનો અનાદર કેમ થઈ શકે. અમારે એ કૉલેજકન્યાના વરદ કરકમળથી પ્રાપ્ત થતું જળ આબેહયાત હોય એ રીતે અથવા તો પ્રભુજીની ઝારીનું યમનાજળ કે ગંગાજળ હોય એ રીતે પીવું જ રહ્યું. નરસિંહ મહેતાએ રતનના હાથનું જળ નહોતું પીધું? તો અમે તો વેદ-વ્યાસનું ખાનદાન! અમારાથી પેલી કૉલેજકન્યાના સાહિકૃત્યનો ઇન્કાર કઈ રીતે થઈ શકે? અમારે તો ઊલટું કલાપીની રીતે કહેવું જ રહ્યું : 'બીજું પ્યાલું ભરી દે ને, હજુ છે મુજને તૃષા!'

ક.મા.મુનશીની જેમ અમેય 'જીવનનું કચ્ચરિયું' કરવામાં જરા પણ ન જ માનીએ! અમે તો છાશવારે ગાતા હોઈએ છીએ - 'આજનો લ્હાવો લીજિયે રે કાલ કોણે દીઠી છે?' અમે તો 'પલે મળી તે પદમણી' એ કહેવત પણ અવારનવાર અમારા હમદર્દો ને પ્રશંસકોને યાદ કરાવીએ છીએ! એટલે અમને મેળામાં શું કે મેળાવડામાં શું, સર્વત્ર કહો કે હોથલ પદમણીની જ તલાશ રહે છે! પથ હોય કે પદ, એ શોભે પદમણીએ! ઘર હોય કે ગામ, અંદર હોય કે બહાર - બધું રૂડું લાગે રસ-રમણીએ! ગોળ વિનાનો કંસાર ને નાર વિનાનો સંસાર સાવ ફિક્કાં જ! સીતા વિનાના જેવા રામ, રાધા વિનાના જેવા કાન, એવા જ ભૂંડા અમે લાગતા હોઈશું તમને! પણ એમાં અમે શું કરીએ? અમે તો પેલા 'નળાખ્યાન' માંના દેવતાઓની જેમ નળનો વેશ લઈને કેટલાંય વાટ-ઘાટ ખૂંદી વળ્યા, પણ દમયંતી ક્યાં રેઢી પડી છે? અમે નામ-છાપે સદાચારી છતાં કોઈ અળવીતરાનાં કરતૂતોએ અમને 'સડાચારી'ના ચોકઠામાં હડસેલી દીધા છે ને તેથી અમને દમયંતીનો જ્યાં સ્વયંવર થવાનો છે એ દરબારમાં પેસવા સામે પણ પાકી મનાઈ છે!

અમે આમ તો ઘણા ઉદાર છીએ, પણ અનેક લોકો અમને

(અનુસંધાન પૃષ્ઠ ૮૪૮ ઉપર)

ભવ્ય હોટેલમાં પ્રથમ નિવાસ યાને બોરીસાગર ઈન વન્ડરલૅન્ડ

— રતિલાલ બોરીસાગર —

પાંચેક વર્ષ પહેલાં સેન્ટ્રલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ઈંગ્લિશ ઍન્ડ ફોરેન લૅંગવેજિઝના નિમંત્રણથી હું જીવનમાં પ્રથમ વાર વિમાનમાં બેસી હૈદરાબાદ ગયો હતો. એ વખતે અતિ ભવ્ય હોટેલમાં નિવાસ કરવાનું પણ પ્રથમ જ વાર બન્યું. વન્ડરલૅન્ડમાં ભૂલી પડી ગયેલી એલિસના જેવો એ અનુભવ હતો.

થ્રી સ્ટાર, ફાઈવ સ્ટાર હોટેલો વિશે અનેક દંતકથાઓ સાંભળી છે. હિન્દી ફિલ્મોમાં આવી હોટેલોની ઝાકમઝાળ પણ અનેક વાર નિહાળી છે. પરંતુ આવી હોટેલમાં આ પૂર્વે પ્રવેશ કર્યો નહોતો. થોડાં વરસ પહેલાં આકાશવાણીના કામે દિલ્લી જવાનું થયું હતું ત્યારે ત્યાંની સુવિખ્યાત ફાઈવ સ્ટાર હોટેલ 'અશોક' - જેનું અંગ્રેજી ઘણું સારું ગણાય છે એવાં લોકો જેને હોટેલ 'અશોકા' કહે છે તેની પાસેથી નીકળવાનું થયેલું. પરંતુ આવી હોટેલોની સામે જોવાનો પણ ચાર્જ કદાચ લેવાતો હોય તો એ ચાર્જ પણ ઘણો વધારે હોય - એ બીકે બહારથી પણ એ હોટેલ બરાબર જોઈ શકાઈ નહોતી, એટલે હૈદરાબાદની ભવ્ય હોટેલ 'વાઈસરૉય'માં ઊતરવાનું છે એવા સમાચાર મારા સહપ્રવાસી ડૉ. રાજેન્દ્રસિંહ જાડેજાએ આપ્યા ત્યારે એક દિવસ માટે દિલ્લીની ગાદી મળતાં ભીસ્તીને થયો હશે એવો - કદાચ એથી પણ વધારે રોમાંચ થયો. વિમાનમાં જવાનું ને ભવ્યાતિભવ્ય હોટેલમાં ઊતરવાનું - કોઈ વાર નસીબ અકાળે અપાત્રે અકારણ ખૂલી જતું હોય છે!

હૈદરાબાદ વિમાની મથકે ઊતર્યા. વિમાની મથકેથી 'વાઈસરૉય' જેવી હોટેલમાં રાજાની જેમ ટૅક્સીમાં જવાને બદલે રૈયતની જેમ રિક્ષામાં જવામાં ઔચિત્ય નહોતું. પણ સંસ્થા તરફથી મળેલા પત્રમાં વિમાનપ્રવાસનું ખર્ચ આપવાની વાત હતી પણ ટૅક્સીખર્ચ આપવાની ના પાડવામાં આવી હતી. જમવાનું અમારા ખર્ચે પણ ચા-પાણી તમારા ખર્ચે - જેવી વાત હતી એટલે અમે ટૅક્સીના બદલે રિક્ષામાં જવાનો નિર્ણય કર્યો. ખિસ્સું વધારે ઘસાય એના કરતાં સ્ટેટસ થોડુંક ઘસાય તો ભલે ઘસાય એવું બન્નેએ સર્વાનુમતે વિચાર્યું. (જો કે પછીથી સંસ્થાએ ટૅક્સી-રિક્ષા જેમાં આવ્યા હોય તે ખર્ચ પણ આપ્યો ત્યારે થોડો પસ્તાવો પણ થયો.) નક્કી કરેલી રિક્ષામાં અમે બેઠા અને મેં કહ્યું, 'હોટેલ વાઈસરૉય!' રિક્ષાવાળાએ ચાલુ કરેલું એન્જિન એકદમ બંધ કરી દીધું અને મુખ પૂરેપૂરું ફેરવી એની હૈદરાબાદી અંગ્રેજીમાં પૂછ્યું, 'હોટલ વાઈસરૉય કે નીઅર હોટેલ વાઈસરૉય?' હોટેલ વાઈસરૉયમાં જનારા આ પૂર્વે એની રિક્ષામાં નહિ બેઠા હોય એવું એના સાશ્ચર્ય પ્રશ્નમાંથી ફલિત થતું હતું. 'હોટેલ વાઈસરૉય' રાજેન્દ્રસિંહે શાંતિથી કહ્યું. રાજેન્દ્રસિંહજીનું વ્યક્તિત્વ અભિજાત, શાલીન અને રજપૂતી ગૌરવથી યુક્ત એટલે એણે 'યસ સર!' કહી તરત અમારી વાત માની લીધી. મેં મારા ગરીબડા મુખેથી કહ્યું હોત તો કદાચ એણે પ્રશ્ન બીજી વાર પૂછ્યો હોત.

હોટેલ વાઈસરૉયના પ્રાંગણમાં રિક્ષા ઊભી રહી કે તરત જ અમારું શાહી સ્વાગત થયું. બે પરિચારકો અમારો સામાન લેવા દોડી આવ્યા. પ્રવેશદ્વાર પર ઊભેલા પરિચારકે ઝૂકીને સલામ કરી. આ પરિચારકોને પણ ટૅક્સીને બદલે રિક્ષામાં થયેલું અમારું આગમન કંઈક અનૌચિત્યભર્યું લાગ્યું હોય એવો મને વહેમ પડ્યો પણ હું કાંઈ બોલ્યો નહિ.

કાઉન્ટર પર બેઠેલાઓને મારું અંગ્રેજી સમજાય એવી શક્યતા ઓછી હતી અને એમનું અંગ્રેજી મને સમજાય એવી શક્યતા પણ બિલકુલ નહિવત્ હતી. એટલે કાઉન્ટર પરનો વિધિ ભાઈ રાજેન્દ્રસિંહે સંભાળ્યો. આ વિધિ દરમિયાન હું એ ભવ્યાતિભવ્ય હોટેલને ચકળવકળ નજરે જોઈ રહ્યો. મારા માટે તો 'સુદામે દીઠી દ્વારામતી'-વાળી વાત હતી. દ્વારકાની સીમામાં દાખલ થતાં સોનાની દ્વારકાને જોઈ સુદામો આભો બની ગયો હતો. તેમ હું ય આ આલીશાન હોટેલ જોઈ આભો બની ગયો. પહેલી વાર લિફ્ટ જોયાને અને લિફ્ટમાં ચડ્યાને ઠીકઠીક વરસ થઈ ગયાં છે. પહેલી વાર લિફ્ટમાં ચડ્યાનો ગભરાટ પણ હવે યાદ નથી. પણ અહીં જે લિફ્ટ મેં જોઈ તેવા પ્રકારની લિફ્ટ મારી આયુષ્યયાત્રાના સવા ઓગણસાઠ વરસમાં કદી જોઈ નહોતી. હું દિગ્મૂઢ બનીને કાચના બારણાવાળી શંકુ આકારની પારદર્શક લિફ્ટને ચડતી-ઊતરતી જોઈ રહ્યો. થોડી વારમાં અમેય આ લિફ્ટમાં પ્રવેશી ઊર્ધ્વારોહણ કરીશું એ ખ્યાલે મને રોમાંચ થયો. 'લિફ્ટ' માટે કાકાસાહેબે 'પારણું' શબ્દ પ્રયોજ્યો છે. આપણી સ્થાનિક લિફ્ટ જોઈ મને એ શબ્દમાં કવિતા લાગતી એટલું ઔચિત્ય નહોતું લાગતું. પણ સુંદર ડિઝાઇનવાળી આ લિફ્ટ જોઈ મને કાકાસાહેબે પ્રયોજેલા શબ્દમાં રહેલાં કવિતા અને ઔચિત્ય ઉભયનો ખયાલ આવ્યો.

કાઉન્ટર ઉપરથી અમારા રૂમોની ચાવી લઈ, પારણામાં ઊભા રહીને (સૂઈને નહિ) અમે ઉપર આવ્યા. આ માયાનગરીમાં

પ્રત્યેક પગલે માર્ગદર્શનનો ખપ પડશે એમ કહી ફ્રેન્ડ અને ફિલૉસૉફર એવા ભાઈ રાજેન્દ્રસિંહને મેં ગાઈડપદેય સ્થાપી દીધા. રાજેન્દ્રસિંહે હોંશથી મારા ગાઈડ બનવાનું સ્વીકાર્યું.

અમારા રૂમો નજીકનજીક હતા. રાજેન્દ્રસિંહે મને મારા રૂમની ચાવી આપી. અપેક્ષા મુજબ - એટલે કે મારી અપેક્ષા મુજબ-મારાથી રૂમ ખૂલ્યો નહિ. દેશી તાળાં પણ મારાથી જલદી ખૂલતાં નથી - આ તો તદ્દન આધુનિક લૉક હતું. 'તમે જ તમારા વરદ હસ્તે રૂમનું ઉદ્‌ઘાટન કરો. ફોટોગ્રાફર તો નથી, પણ હું તાળી પાડીશ.' મેં કહ્યું. હસીને રાજેન્દ્રસિંહે રૂમનું ઉદ્‌ઘાટન કર્યું. મેં આપેલા વચન મુજબ તાળી પાડી. અંદર પ્રવેશતાં જ રૂમના બારણાની પાસેના નાના ખાનામાં રાજેન્દ્રસિંહે ચાવી નાખી ને તે ભવ્ય રૂમના દીવા ઝગમગી ઊઠ્યા. એકાએક થયેલા પ્રકાશથી હું ઝબકી ગયો. રાજેન્દ્રસિંહે કહ્યું, 'રૂમમાં દાખલ થઈ ચાવી આ ખાનામાં નાખવાની, એટલે બત્તી થશે. પછી અંદરની સ્વીચ ઑફ કરીને બત્તી બુઝાવી શકો. - હા, પણ એક વાતનું ધ્યાન રાખજો. બહાર નીકળતી વખતે ચાવી લેવાનું ભૂલશો નહિ. રૂમ બંધ ઑટોમેટિક થઈ જશે. એ વખતે જો ચાવી અંદર રહી ગઈ હશે તો રૂમ ખોલવામાં પ્રોબ્લેમ થશે.'

અમે રૂમમાં પ્રવેશ્યા. રૂમનો વૈભવ આંજી નાખે એવો હતો. રાજેન્દ્રસિંહે બાથરૂમ ખોલ્યો. બાથરૂમ પણ અતિભવ્ય! રાજેન્દ્રસિંહની સાથે બીતાં બીતાં હું એમાં પ્રવેશ્યો. અમારા રસોડાથીયે મોટો બાથરૂમ હતો. બાથરૂમમાં મોટું ટબ હતું. ટબમાં બેસીને કે સૂઈને હું કદી નાહ્યો નહોતો. બાથરૂમમાં મોટામોટા અરીસા, ટુવાલ અને બીજી પ્રસાધન-સામગ્રી હતી.

ટબમાં નાહવામાં ખાસ જોખમ નહોતું. ગરમ-ઠંડાં પાણી માટે નળને કેવી વિનંતી-વિનવણી કરવી એ રાજેન્દ્રસિંહે મને વિગતે સમજાવી દીધું હતું. પણ એક બીજા કારણસર હું ટબનો ઉપયોગ કરી ન શક્યો. જગપ્રસિદ્ધ ટાઈટેનિક સ્ટીમર ડૂબી ગઈ એ વખતે બહુ થોડા માણસો બચ્યા હતા. આવી વિકટ પરિસ્થિતિમાં ઊગરી ગયો હતો એવો એક માણસ કેટલાંક વર્ષ પછી ટબમાં નાહતાં નાહતાં હૃદય બંધ પડી જવાને કારણે ગુજરી ગયો હતો એવું મેં ક્યાંક વાંચ્યું હતું. હૃદયની તકલીફવાળા એવા મને આવું કંઈ થઈ જાય તો આ ભવ્ય હોટેલને કલંક ચોંટી જાય એમ માની આ ભવ્ય હોટેલની કીર્તિ અક્ષુણ્ણ રાખવા મેં ટબમાં નાહવાનો લોભ જતો કર્યો. ઘેર નહાતો હોઉં એવું જ સિમ્પલ સ્નાન કર્યું. અલબત્ત, સાબુ અને ટુવાલ હોટેલના વાપર્યા. નાહ્યા પછી વાળમાં તેલનું સિંચન કરવાનો પ્રશ્ન થયો. ત્યાં પડેલી શીશીઓમાં જાતજાતનાં પ્રવાહી હતાં. પણ ક્યું પ્રવાહી માથાના તેલ તરીકે વાપરવાનું છે એની સમજ ન પડી. અમારા એક મિત્રે માથામાં એક વાર એવો પદાર્થ નાખી દીધેલો કે એમના રહ્યાસહ્યા વાળ પણ જતા રહ્યા. રાજેન્દ્રસિંહને પૂછતાં પણ મને સંકોચ થયો એટલે ઘેરથી લાવેલા દેશી તેલનું જ વાળમાં સિંચન કર્યું.

મીટિંગમાં જવાને વાર હતી એટલે નાહ્યા પછી હોટેલના એ ભવ્ય કક્ષનું મેં અવલોકન કરવા માંડ્યું. બારી બહારનું દૃશ્ય ઘણું જ રમણીય લાગતું હતું. હું થોડી વાર બારી પાસે એમ જ શાંત ઊભો રહ્યો. પછી આમતેમ જોતાં દીવાલ પર એક ચાર્ટ જોયો. ઇમરજન્સી વખતે સહીસલામત રીતે બહાર નીકળવા માટે શું કરવું એ અંગેનું માર્ગદર્શન, રૂમનો નકશો ચીતરીને આપવામાં આવ્યું હતું. નકશો સમજવાનો મેં થોડી વાર પ્રયત્ન કર્યો. અમદાવાદમાં પચીસ વરસના નિવાસ પછી પણ કાગળ પર દોરેલી આકૃતિને આધારે મને ક્યારેય કોઈ સ્થળ જડતું નથી. સામાન્ય સંજોગોમાં પણ મંદ-સુમંદ ગતિએ ચાલતું મારું મગજ ઇમરજન્સીમાં તો તદ્દન બહેર મારી જાય, એટલે ઇમરજન્સીમાં નકશાના આધારે સહીસલામત નીકળવાનું તો મારા માટે અશક્યવત્ જ હતું. એટલે પછી નકશો સમજવાનો મિથ્યા પ્રયત્ન માંડી વાળ્યો. ઊલટું, ઇમરજન્સી વખતે ઘાંઘો થઈને આ દસમા-બારમા માળની બારીમાંથી પડતું મૂકી ન બેસું એ માટે બારી બંધ રાખવી સારી, એમ માની મેં બારી બંધ કરી દીધી. રમણીય દૃશ્ય અદૃશ્ય થઈ ગયું.

સૂવા માટે ભવ્ય પલંગ પર ફોમની ગાદી હતી. માથું ખૂંપી જાય એવાં પોચાં ઓશીકાં હતાં, પણ કેડના દુઃખાવાને કારણે હું તો કાયમ ભોંય પર જાજમ પાથરીને જ સૂઉં છું. બેત્રણ દિવસ આવી ગાદી પર સૂવાને કારણે કેડનો દુઃખાવો થઈ જશે તો? એવી બીકે ફોમની ગાદીનો રાજવૈભવ તજી એક રજાઈ પાથરીને અને એક રજાઈ ઓઢીને તપસ્વીની જેમ હું ભોંય પર જ સૂતો.

કવિ દયારામે કહ્યું છે ને કે, 'ઉત્તમ વસ્તુ મળે અધિકાર વિણ તદપિ અર્થ નવ સરે.' એ ભવ્યાતિભવ્ય હોટેલમાં મેં આપણા કવિની વાણી સાચી પાડી. જો કે એ કારણે જ આ લેખ લખી શકાયો. આ પણ નાની વાત ન કહેવાય. લેખ વાંચ્યા પછી તમે આ અંગે શું માનો છો? ❑

પાર્ટીજોગ અવસર

—મોહનલાલ પટેલ—

ઝુમખલાલે આંખ ઉઘાડી ત્યારે એમને સમજાઈ ગયું કે પોતે એક હૉસ્પિટલના પલંગ પર સૂતા છે. એમણે એમની છેલ્લી જાગ્રત અવસ્થા સાથે તાળો મેળવી જોવાનો પ્રયત્ન કર્યો. છેલ્લું દૃશ્ય - હાઈવે પર પોતે ભાડાની એક ટૅક્સીમાં, સામેથી પૂરપાટ આવી રહેલી એક જીપ, રસ્તાની બાજુમાં સમાંતરે જઈ રહેલો ઊંડો ખાડો, બાવળના ઝાડનું કાળું કાળું થડ...

અમદાવાદ...! અમદાવાદ...! ડાયરેક્ટ અમદાવાદ...! એવી ચીસો પાડી રહેલા એક છોકરાની વાણીથી પ્રભાવિત થઈને ઝુમખલાલ એક ભાડાની ટૅક્સીમાં બેઠા હતા. ટૅક્સી કોની હતી, એનો નંબર શો હતો, એનો ડ્રાઈવર કોણ હતો, પોતાની સાથે બીજા કોણ કોણ ઉતારુ હતા એની એમને કશી ખબર નહોતી. આ કળિયુગમાં અજાણ્યાના સથવારાના યોગ ઝાઝા હોય છે. હોટેલ, સિનેમા, સભા, સરઘસ, રેલી બધે જ એકબીજાથી અજાણ્યા માનવીઓનો મેળો હોય છે. કળિયુગમાં સંઘ એ જ શક્તિ! પણ આ વાત અહીં અપ્રસ્તુત છે. સામેથી જીપ આવી રહી હતી. એણે એક ગંજાવર ભારવાહક ટ્રકને ઓવરટેઈક કરવાનું સાહસ આદર્યું. ટ્રકે એક સ્થિતપ્રજ્ઞ સાધુની જેમ જરા પણ ચલાયમાન થયા વિના પોતાની ગતિ પકડી રાખી. ઝુમખલાલની ટૅક્સીના ડ્રાઈવરે એક ગાળનું શસ્ત્ર ફેંક્યું. પણ તેથી શો ફેર પડવાનો હતો? એણે ત્વરિત ઉપાય તરીકે ટૅક્સીની ગતિ મંદ પાડીને એને શક્ય એટલી રસ્તાની કિનાર તરફ લેવાનો પ્રયત્ન કર્યો.

આપણા દેશમાં કોઈ પણ રોડની ધારનો અભ્યાસ કરવા જેવો હોય છે. ક્યારે ધાર નમે, ખસે, ધસે કે ભાંગે એની ખબર ન પડે. આપણે ત્યાં રોડની બાજુમાં ખાડો હોવો એ તો દેહની સાથે આત્મા જડાયેલો હોય એવું રોડનું એક અભિન્ન તત્ત્વ હોય છે. રોડ ત્યાં ખાડો, પહેલાં ખાડો પછી રોડ. ખાડો થાય તો રોડ બને અને રોડ બને એટલે ખાડો થાય. આ ગણિત લખી રાખવા જેવું છે. રોડની કિનાર ભાંગવાના કારણે ઝુમખલાલની ટૅક્સી ખાડામાં ગોથું ખાય એ પહેલાં જીપ એની સાથે અથડાઈ અને પરિણામે અત્યારે ઝુમખલાલ હૉસ્પિટલના પલંગ ઉપર હતા!

ટૅક્સી અને જીપ અથડાયાં ત્યારથી ઝુમખલાલ બેહોશ હતા. આ સ્થિતિમાં જ એમને હૉસ્પિટલ ભેગા કરવામાં આવ્યા. તાત્કાલિક ઑપરેશન કરવું પડે એવું હતું. તે થયું. ઑપરેશન પછી દસ કલાકે એ ભાનમાં આવ્યા.

આંખ ઊઘડી ત્યારે પ્રથમ તો એમને એ જાણી લેવાની ઇચ્છા થઈ કે પોતાના શરીરને શું શું નુકસાન થયું છે. સામે કેટલાક સ્નેહીઓ હતા. ઝુમખલાલને ભાનમાં આવેલા જોઈને એ સૌ ઉત્સાહમાં આવી ગયા.

સામે ઊભેલા નરસિંહભાઈને ઝુમખલાલે પૂછ્યું : 'શું થઈ ગયું આ?'

'કંઈ નહીં, ઊગરી ગયા. પ્રભુની મહેરબાની.'

ઝુમખલાલને કશું સમજાયું નહીં. એમણે ફરી પૂછ્યું : 'શરીરને કેટલી ઈજા થઈ છે?'

'માથામાં ઈજા નથી થઈ એ મોટો લાભ છે. બાકી, હાથે, પગે અને પાંસળી ઉપર ફ્રેક્ચર થયાં છે... પણ એ તો ચપટી વગાડતાંમાં જ મટી જશે. એમ કહો ને, બચી ગયા. ભગવાનની કૃપા સમજવી.'

'આટલું બધું વાગ્યું એમાં પણ ભગવાનની કૃપા?'

'હાસ્તો, દરેક બનાવને બીજા શક્ય બનાવની તુલનામાં જોવો પડે.'

'ઠીક, ઠીક...' ઝુમખલાલ બોલ્યા : 'બીજા લોકોનું શું થયું?'

'સૌ સૌ નસીબ લઈને બેઠા હતા. જેના ભાગ્યમાં જે હતું તે થયું.'

'મતલબ કે કોઈ ન બચ્યું, એમ ને?'

'સાવ એવું તો નહીં, ડ્રાઈવર તો સ્થળ ઉપર જ ખલાસ થઈ ગયો હતો.'

'અને બીજા ચાર?'

'એક જણ દવાખાને લઈ જતાં રસ્તામાં ગુજરી ગયો. બેને ગંભીર ઈજાઓ હતી. એકને સાધારણ વાગ્યું હતું પણ એ બધાનું શું થયું એની ખબર નથી.'

ઝુમખલાલે એક નિઃશ્વાસ મૂકવા ઇચ્છા કરી પણ એ થઈ શક્યું નહીં એટલે એમને શંકા ગઈ કે છાતીમાં પોતાને ગંભીર ઈજા થઈ છે. એમણે પૂછ્યું : 'મને થયાં એ ફ્રેક્ચર કેવા પ્રકારનાં છે? દાક્તરે શું કહ્યું?'

આ દરમિયાન જનકભાઈ નામના એક સ્નેહી આવી પહોંચ્યા હતા. એમણે ઉત્તર આપ્યો : 'કશી ચિંતા કરવા જેવું નથી, ઝુમખભાઈ. કાયમી ખોડ રહી જાય એવી એકે ઈજા નથી. બંને પગના નળા ભાંગ્યા છે. એટલે કેટલોક સમય પથારીવશ રહેવું પડશે. પણ મોટી આફતમાંથી ઊગરી ગયાનો જે લાભ થયો છે એ કંઈ જેવોતેવો નથી. એની સરખામણીમાં આ નુકસાનની કંઈ વિસાત નથી. અમને એ વાતનો આનંદ છે. તમે પણ ખુશ થાઓ.'

'ખાટલાવશ થયા તો પણ ખુશ થવાનું?'

'ભગવાનને ઘેર પહોંચી ગયા હોત તો કેટલી મોટી હાણ થાત એની ખબર પડે છે કંઈ?'

એક ભાઈ સહેજ દૂર સ્ટૂલ ઉપર બેઠા હતા. તે બોલી ઊઠ્યા : 'ઊંધી વળી ગયેલી ગાડીમાંથી તમને કેવી રીતે ખેંચી કાઢ્યા એનું વર્ણન સાંભળ્યું ત્યારે તો અમારાં હાજાં ગગડી ગયાં હતાં. જેમણે તમને ખેંચી કાઢ્યા એ લોકો તો તમને લાશ સમજીને જ ખેંચતા હતા એવું એમનું કહેવું હતું.'

ઝુમખલાલ ચૂપ થઈ ગયા. પછી થોડી વારે કંઈક યાદ આવ્યું હોય એમ બોલ્યા : 'મારી બૅગ?'

'તમારી બૅગ?' જવાબ આપનાર પહેલાં તો હસ્યો. પછી બોલ્યો : 'કોઈનુંય કંઈ બચ્યું હતું કે તમારી બૅગ બચે? અકસ્માત થયાનું જાણતાં જ સામેના ગામમાંથી લોક દોડી આવ્યું, અને જેના હાથમાં જે આવ્યું એ લઈને ભાગવા જ માંડ્યું. મરેલા માણસનાં પેન, ઘડિયાળ અને પાકીટ ખેંચાઈ ગયાં ત્યાં તમારી બૅગનો શો હિસાબ?'

'પણ એમાં પાંચ હજાર રૂપિયા હતા.'

'એનો શોક ન કરવો. જાન બચી ઑર લાખો પાયે...' એ ન્યાયે લાખ મળ્યા બરાબરનો આનંદ માણવો.'

આ વાતો ચાલતી હતી એ વખતે નર્સ આવી. એણે ગુસ્સે થઈને કહ્યું : 'આ શો શોરબકોર માંડ્યો છે? દર્દીની હાલતનો કશો વિચાર કરતા નથી! એમને સંપૂર્ણ આરામની જરૂર છે.'

નર્સના આ શબ્દોમાંથી પોતાની હાલતનો પહેલો અણસાર મળતાં ઝુમખલાલ ગંભીર થઈ ગયા. એમણે નર્સને પૂછ્યું : 'સિસ્ટર, કેટલી ઈજાઓ થઈ છે?'

'તમને કોઈએ નથી કહ્યું?'

'આ તો બધા કહે છે - ખુશ થાઓ.'

'તો પછી ચિંતા કર્યા વગર ખુશ થાઓ.' કહી નર્સે પ્રશ્ન કર્યો : 'આમની સાથે કોણ છે?'

એ જ સમયે બુલાખીદાસ દરવાજામાં દાખલ થતા હતા. એમણે કહ્યું : 'એમની સાથે હું છું.'

'તમે દર્દી પાસે બેસો. બીજા બધાને જવા દો. અને જુઓ, ઈંજેક્શન અને દવાઓની અસર ઓછી થશે એટલે દુઃખાવો થશે. પણ એની ચિંતા ન કરતા. વધારે પડતી પીડા થાય તો ખબર આપજો. ડૉક્ટરની સલાહ હશે તો ઈંજેક્શન આપીશું અને બોટલ ખાલી થાય એટલે જાણ કરજો. જે ડ્યુટી પર હશે તે નવી ગોઠવી આપશે.'

રાત્રે ઝુમખલાલની શારીરિક પીડા વધી પડી. ઈંજેક્શન આપવું પડ્યું. બીજે દિવસે દર્દશામક ટીકડીઓ લેવા છતાં પીડા તો રહ્યા કરી. પગ બાંધેલા હતા એટલે પડખું ફેરવી શકાતું નહોતું. પીડાને સહેવાનો એક ઉપાય હતો - કણસવાનો!

ઝુમખલાલ અવારનવાર કણસવા લાગ્યા.

સંજોગો એવા ગોઠવાયા હતા કે અત્યારે આ પીડા ઝુમખલાલની આગવી મૂડી બની રહી હતી. એમાં ભાગ લેવાની વાત તો બાજુએ રહી. પણ કોઈ એ તરફ લક્ષ્ય સુધ્ધાં આપતું નહોતું. સૌ ઉત્સવમાં ગળાબૂડ હોય એમ આનંદમંગળ ઊજવતા હતા અને એ આનંદમાં ભાગ લેવા માટે ઝુમખલાલને પણ ઉશ્કેરતા હતા!

ઝુમખલાલે એક-બે વખત તો ગુસ્સે થઈને પરખાવી દીધું : 'અહીં જીવ જાય છે અને તમે ખુશ રહેવાની વાત કરો છો? પાંચ હજાર રોકડા ગયા અને આ ઑપરેશન તેમજ દવાઓના નાખી દેતાં ચાલીસ-પચાસ હજાર થઈ જશે. હું તે રડું કે ખુશ થાઉં?'

ખબર કાઢવા આવનારાઓનો તો પ્રવાહ ચાલુ જ હતો. સૌ પોતપોતાની શૈલીએ ઝુમખલાલ આગળ લાગણીનો ઊભરો ઠાલવતા હતા. સૌનો સૂર એક જ હતો - 'સારા નસીબે બચી ગયા, ખુશ થાઓ.'

એક સ્નેહી ધસમસતા ઝુમખલાલના પલંગ પાસે આવી પહોંચ્યા. એક મોટો ગુલદસ્તો એમના હાથમાં હતો. ઝુમખલાલ હાથ લાંબા કરીને એ સ્વીકારી શકે એમ નહોતા. એટલે પેલા સ્નેહીએ એ દસ્તો પલંગ પર મૂક્યો. પછી મોટા અને ઘોઘરા અવાજે બોલ્યા : 'ઝુમખભાઈ, અમારે તો તમારી પાસે એક પાર્ટી લેણી થઈ.'

આ સ્નેહી સુરતથી દોડી આવ્યા હતા એટલે વિવેક ખાતર પણ એમની વાત તરફ ધ્યાન આપવું પડે એમ હતું. એટલે ઝુમખલાલે કણસતાં કણસતાં કહ્યું : 'શા નિમિત્તે?' 'આના કરતાં બીજું મોટું શું નિમિત્ત હોય? માથેથી એક મોટી ઘાત ગઈ. નવું જીવન પામ્યા છો. પાર્ટી આપ્યા વગર ચાલશે કંઈ? અમે આ ફૂલનો ભારો કંઈ અમસ્તા લઈને નથી આવ્યા! સાજા થઈ જાઓ એટલી વાર...'

ઝુમખલાલ કશોક જવાબ આપવા માગતા હતા પણ લાંબું બોલી શકાય એમ નહોતું. એટલે એમણે બુલાખીદાસને કહ્યું : 'બુલાખીદાસ, મારા વતી તમે જ જીવણભાઈને જવાબ આપો.'

બુલાખીદાસે જવાબ આપ્યો : 'આજ સુધી ઝુમખલાલે તમારી કોઈ વાત પાછી ઠેલી છે, જીવણલાલ? પાર્ટી સાચી.'

અને હવે તો એક નિઃશ્વાસ મૂકવા માટે ઊંડો શ્વાસ લેવાની શક્તિ જ ન રહી હોય એમ ઝુમખલાલ દયામણે ચહેરે રૂમની છત તરફ તાકી રહ્યા! ❑

સ્વાવલંબનનો એક (અ)ખતરો

દુષ્યંત પંડ્યા

પ્રાચીન કાળથી આપણા સમાજમાં ચાર આશ્રમ રૂઢ છે. બ્રહ્મચર્યાશ્રમ સ્વાવલંબનની કેળવણી આપે છે. ગૃહસ્થાશ્રમમાં વ્યક્તિએ સ્વાવલંબી બનવું પડે છે. વાન-પ્રસ્થાશ્રમમાં અવલંબન ઓછું કરવાનું પગથિયું છે અને સંન્યાસ એટલે પૂરું નિરાવલંબન.

શિશુ જરાક મોટું થાય છે કે એક પછી એક ડગલું ભરતું એ સ્વાવલંબી બને છે. એ પોતાને પગે ચાલતું થાય છે અને માની કાંખની કે બાબાગાડીની કેદમાંથી એ મુક્ત થાય છે. પોતાનું ઝભલું, પેટ અને મોં ભલે દાળભાત અંકિત થઈ જાય પણ એને પોતાને હાથે જમવું ગમે છે. બાળકની સમગ્ર પ્રગતિ એટલે સ્વાવલંબનનો આલેખ.

પરંતુ મૂળથી મુખ તરફ વહેતી નદી, મૂળથી જેમ જેમ આગળ વધતી જાય છે તેમ તેમ એ વધારે ને વધારે પ્રદૂષિત થતી જાય છે તે રીતે સમયના વહેણ સાથે આપણો સ્વાવલંબનનો આદર્શ પણ પ્રદૂષિત થતો ગયો છે. માનવીની મહત્તાનું માપ એના પરાવલંબન પરથી આપણે કાઢીએ છીએ. આપણા મિનિસ્ટર, ગવર્નર કે રાષ્ટ્રપતિ મોટરનો દરવાજો કે પોતાના બંગલામાંના કોઈ પણ ઓરડાનો દરવાજો જાતે ખોલે નહીં. પાણી પીવા માટે પણ એ સૌ મહાનુભાવો પરાવલંબી.

ઓગણીસમી સદીમાં અમેરિકાના રાષ્ટ્રપતિ હતા તે લિંકનનો કિસ્સો જાણીતો છે. પ્રમુખપદ શોભાવતા હોવા છતાં પોતાના જોડાને પૉલિશ એ જાતે કરતા. એક વાર એ પોતાના જોડાને આમ ચકચકિત બનાવતા હતા ત્યારે, કોઈ મુલાકાતી ત્યાં આવી ચડ્યા અને બોલી ઊઠ્યા : 'રાષ્ટ્રપતિજી, આપના જોડાને આપ પૉલિશ કરો છો?' લિંકને એ ગૃહસ્થને સામો સવાલ કર્યો : 'તમે કોના જોડાને પૉલિશ કરો છો?'

સત્ય ગાંધીજીની સાથે ગયું. ગુનેગારને પકડવાની શક્તિ હરભાઈ દેસાઈ અને છેલભાઈ દવે સાથે ગઈ. હૉકિ ધ્યાનચંદ સાથે ગઈ. અભિનય નાટક સાથે ગયો અને ધર્મોદ્ધાર વૃત્તિ ભદ્રંભદ્ર સાથે ગઈ તેમ આપણી સ્વાવલંબનની વૃત્તિ મોટાઈના ખ્યાલ સાથે ગઈ.

પણ કાયદેસર અમેરિકા જનારાઓને કે ગેરકાયદે ત્યાં ઘૂસનારાઓને પાછા સ્વાવલંબી બન્યા વગર ચાલતું નથી. ત્યાં કન્યા મેળવવી સહેલ છે, કચરા-પોતાં કરનારી સહેલાઈથી મળતી નથી. રોજ વપરાતાં કાચનાં વાસણ ફોડી નાખી નવાં લેવાનું ત્યાં પરવડે પણ એ સાફ કરવા માટે રામો ન પરવડે. સઈ, સુતાર, મોચી, વાળંદ, વસવાયાં, બધાં ત્યાં ખૂબ જ મોંઘાં. એટલે તો, ખોટકાઈ ગયેલી મોટરને રસ્તા પર મૂકી, અમેરિકનો નવી મોટર ખરીદવાનું પસંદ કરે છે.

આજથી ચારેક દાયકા આસપાસ અમેરિકા જઈ આવેલા એક મિત્રે મને કહ્યું કે, ત્યાં વાળ કપાવવાનો ભાવ આપણે ત્યાં છે તેના કરતાં આઠ ગણો છે. અર્થાત્ એક જ હજામતમાં આપણે પૂરેપૂરા મૂંડાઈ જઈએ. વળી એમણે એમ પણ કહ્યું હતું કે ત્યાં ઘણી સ્ત્રીઓ પોતાના પતિના વાળ ઘેર જ કાપતી હોય છે. હું અમેરિકા સજોડે જતો હતો પણ મારાં પત્નીને મેં આ વાળ કાપવાની વાત કહી હોત તો એ કદાચ, સાથે આવવાનું જ માંડી વાળત. અમેરિકાથી અહીં આવતાં વિમાનો સંદેશા-ટપાલ મફત લાવતાં નથી અને જીન્સ-કોકો-પેપ્સી અને પિઝાના વાયરા અહીં આવે છે. તે રીતે વાદળો ત્યાંથી અહીં આવતાં નથી કે મહાકવિ કાલિદાસના યક્ષની જેમ હું મફત સંદેશાઓ મોકલાવી શકું અને મારી વિરહવેદનાને હળવી કરી શકું. બીજી અનેક બાબતોમાં શ્રીમતી સમક્ષ મસ્તક નત કર્યું છે. પણ, વાળ કપાવા માટે એમ કરવું મને જરાય યોગ્ય લાગ્યું નહીં.

સંસારનાં અનેકવિધ ટપલાં ખાધાં હોવા છતાં માથે ટાલ પડી ન હતી. વળી, શીખ ધર્મ પણ અપનાવ્યો ન હતો તેમજ હિપ્પી ફૅશન હજી ત્યારે અહીં સુધી પહોંચી ન હતી એટલે, બે-ત્રણ અઠવાડિયે વાળ તો કપાવવા જ પડવાના. એટલે, મારા એક વર્ષના અમેરિકાના રહેઠાણ દરમિયાન જે પંદર-સોળ વખત હજામત કરાવવી પડે તેમાંથી પેલા મિત્રના સમીકરણ મુજબ લગભગ એકસો ને વીસ વાર હું અહીં હજામત કરાવી શકું - અલબત્ત, એટલા સમય સુધી આપણે ત્યાં હજામતના ભાવ વધે નહીં તો.

મારે ત્યાં એક સ્કૂલમાં શિક્ષક તરીકે કામ કરવાનું હતું અને મને તેનો પગાર પણ મળવાનો હતો. પરંતુ સ્કૂલ ખૂલતી હતી સપ્ટેમ્બરની સાતમી તારીખે અને અહીંના પહેલી તારીખે પગારના રિવાજને અનુસરીને, મારી ગણતરી મુજબ, મને પગાર મળવાનો હતો પહેલી ઑક્ટોબરે. અમે મુંબઈ છોડ્યું હતું પહેલી ઑગસ્ટે અને લંડન, વૉશિંગ્ટન એમ ફરી ઑગસ્ટને અંતે અમે ન્યૂયોર્ક પહોંચ્યાં હતાં. સારા હવામાનની અસર આપણી તબિયત પર થાય છે. એમ, મારા વાળની વૃદ્ધિ પણ સારી થઈ ગઈ હતી. પણ પેલી 'આઠ ગણા ભાવ'ની વાત મારા કાળજાને કોરી રહી હતી. શ્રીકૃષ્ણની વેણુના નાદથી ગોપીઓનાં હૃદય કોરાતાં તેમ, ભારત છોડતાં પહેલાં સાંભળેલી મારા મિત્રની વાતનો નીરવ નાદ મારા હૃદયને કોરતો હતો. મારું ખિસ્સું કોરાય એ મને પરવડે તેમ ન હતું, કમસે કમ, પગાર ન મળે ત્યાં સુધી.

ગ્રીનિચ વિલિજમાંની એક હોટેલમાં અમારો મુકામ હતો. ત્યાંથી બહાર નીકળી, સેવન્થ એવન્યૂ પર, રાજેન્દ્ર શાહના કાવ્યને

અનુસરીને અમે નિરુદ્દેશે ભ્રમણ કરવા નીકળ્યાં. અમને ખબર ન હતી કે અમે ટાઈમ્સસ્ક્વેર અને ફોર્ટી સેકન્ડ સ્ટ્રીટના જંકશન તરફ જઈ રહ્યાં છીએ. દ્વારકાપુરીનો વૈભવ જોઈને સુદામા જેવી રાંક વ્યક્તિ જે અહોભાવ અનુભવે તે અહોભાવ ત્યાંનાં મસમોટાં હાટ અને હાટોમાંના એ સામાનના ખડકલાથી અમે અનુભવતાં હતા. જાપાનીઝ બનાવટના કૅમેરાઓ, સ્વિત્ઝર્લૅંડનાં ઘડિયાળો, આ અને, આપણે ત્યાં આભાની ગણાતી બધી વસ્તુઓ ત્યાં ખુલ્લે આમ વેચાતી હતી. બિરબલની વાર્તામાંના મીઠાઈની સુગંધ માણનારની અદાથી અમે આ બધી વસ્તુઓનું દર્શન માણી રહ્યાં હતાં. આ બધી વસ્તુઓ અમારે માટે મંદિરમાંના ભગવાનના શણગાર જેવી હતી. દુકાનોના શોકેસમાં આકર્ષક રીતે ગોઠવાયેલા આ પદાર્થો જોતાં જોતાં અમે આસ્તે કદમ આગળ વધી રહ્યાં હતાં. કોઈક વાર, બાલસહજ કુતૂહલથી 'પેલી વસ્તુ જોઈ?' એમ બોલી અમે એકમેકનું ધ્યાન પણ ખેંચતાં હતાં.

એક નાની હાટડીના શોકેસમાં એક ખુલ્લી પડેલી વસ્તુએ અને એની જાહેરાતે મારું ધ્યાન ખેંચ્યું. એ જાહેરાત પૂરી વાંચવાને અને એની પાસેના એ જાહેરાતમાંના યંત્રને જોવા માટે હું ત્યાં જ ઊભો રહી ગયો અને મારાં પત્ની આગળ નીકળી ગયાં. એ દસબાર કદમ ચાલ્યાં હશે ત્યાં સુધી હું ત્યાં જ જકડાઈને ઊભો હતો. એમને પાછાં આવવું પડ્યું. અંગ્રેજ કવિ કીટ્સના પ્રખ્યાત સૉનેટમાં એણે લખ્યા પ્રમાણે, પોતાના દૂરબીનની સહાયથી કોઈ નવો ગ્રહ શોધનાર ખગોળશાસ્ત્રીને થાય તેવો આનંદ મને પેલી જાહેરાત વાંચીને તથા બાજુમાં પડેલા બે જાહેરાતમાં ઉલ્લેખાયેલા યંત્રને જોઈને, નહીં તેથી ક્યાંય અદકેરો આનંદ મને થયો. મોદકને જોઈને બ્રાહ્મણને થતો આનંદ તો કંઈ વિસાતમાં ન હતો. રાતે, ચોરપગલે, બાલ્કનીને માર્ગે આવેલા રોમિયોને જોઈ જુલિયેટને પણ એવો આનંદ નહીં થયો હોય.

એ યંત્ર હતું હાથે વાળ કાપવાનું યંત્ર અને એની કિંમત હતી માત્ર બે ડૉલર જ. હેર કટિંગ સલૂનની એક હજામત કરતાં પણ સસ્તું - દુકાનદાર પાસે મેં એ યંત્રઅને એને લગતી માહિતીનું પતીકડું જોવા માગ્યાં. બગાસાં ખાતા દુકાનદારે મને તે આપ્યું. પતાકડામાંની વિગતો વાંચી મને લાગ્યું કે એ યંત્ર હું જાતે સરળતાથી ચલાવી શકીશ. મનમાં આવી ખાતરી થતાં, મેં પેલી પૈસાની ત્રિરાશી માંડી અને કેટલા ડૉલર બચશે એની ગણતરી કરી કાઢી. મનમાં તરત શેખચલ્લી સવાર થયો અને અહીં દેશમાં અમે ત્રણ ભાઈઓની અને અમારા પુત્રોની હજામતની બચતનો હિસાબ મંડાયો. મન અવકાશયાન છોડતા રૉકેટ કરતાંયે વધારે ઝડપી છે.

'મૂર્ખ માણસથી એના પૈસા તરત જુદા પડે છે,' એ કહેવત અનુસાર મેં બે ડૉલર મારા ગજવામાંથી કાઢી આપ્યા અને યાંત્રિક જીવનવાળા એ દેશમાં આ યંત્ર ચલાવી હું એ જીવનને અનુરૂપ થઈશ એમ મનમાં માનવા લાગ્યો. સ્વર્ગે પહોંચ્યા પછી આત્માની પ્રગતિ અટકી જાય છે તેમ, અમારી પ્રગતિ પણ અટકી ગઈ. જાણે કે હાથમાં કોહિનૂર હીરો આવી ગયો હતો, હવે આગળ જઈ કથીર શું લેવું? પછી આગળ જવાને બદલે હું પાછો ગ્રીનિચ વિલિજમાંની અમારી હોટેલ તરફ વળ્યો અને, સીતા રામને અનુસર્યાં હતાં, નર્મદ કલમને અનુસર્યો હતો. બીજું ઘેટું જેમ પહેલા ઘેટાને અનુસરે છે, રબડીદેવી જેમ પોતાના મહાન પતિને અનુસરીને બિહારનાં મુખ્યમંત્રી થયાં તે રીતે મારાં પત્ની પણ મને અનુસર્યાં.

પાછા વળતાં આખો રસ્તો મારું હૃદય આનંદથી વિભોર હતું. ગુરુત્વાકર્ષણની શોધથી ન્યૂટનને, રેડિયમની શોધથી ક્યૂરી દંપતીને, સાપેક્ષતાના સિદ્ધાંતની શોધથી આઈન્સ્ટાઈનને, વિધાનસભામાં સાવ લઘુમતિમાં હોવા છતાં સાત પક્ષોના શંભુમેળાથી કોઈ લુચ્ચાને મુખ્યમંત્રી પદ મળતાં થાય તેવો આનંદ મારા હૃદયમાંથી ઉભરાઈ, સેવન્થ એવન્યૂની ફૂટપાથને પવિત્ર કરતો હતો. મને ન હતી બોલવાની સૉ, ન હતી સાંભળવાની સૉ, હું 'આત્મન્યેવાત્મના તુષ્ટઃ' હતો. મારી આ ભાવાવસ્થા જોઈ, કદાચ, મારાં પત્ની કશું બોલ્યાં જ નહીં હોય અને એ બોલ્યાં હોય તો એમના મધુર બોલ મારા કાનમાં પ્રવેશી શક્યા ન હતા.

હોટેલની રૂમ પર અમે આવ્યાં. કોઈ નવકવિ પોતાની અછાંદસ કવિતાના છંદમાં ઝલાઈ જાય તે રીતે, પેલા યંત્રના કુતૂહલે મને કેદ કરી લીધો હતો. નવી સાડીનું પડીકું ઘેર લઈ જતી સ્ત્રીના જેવી મારી દશા હતી. નવોઢાના લજ્જાપટને દૂર કરવાની નવપરિણીત પતિની ઉત્સુકતા મારામાં હતી. એટલે, હોટેલમાં પ્રવેશી, અમારો રૂમ ખોલી, બત્તી કરી, પહેલું કામ મેં પેલા યંત્રના ખોખાને ખોલવાનું કર્યું.

એ યંત્ર સાવ સરળ હતું. સામસામા હાથાવાળા બે નાના દાંતિયાને જોડ્યા હોય એવો એનો આકાર હતો અને એ બે દાંતિયાઓની સંયોગીભૂમિ હતી. ત્યાં દાઢી બોડવાની સામાન્ય બ્લેડ ભરાવેલી હતી. એ ઘસાઈ જાય પછી બીજી કેવી રીતે મૂકવી તે સાથેના પરિચયપત્રમાં સચિત્ર દર્શાવ્યું હતું.

કબાટમાં પડેલા મોટા અરીસા સામે ખુરશી મૂકી મેં તેની પર આસન લીધું. યોગશાસ્ત્રમાં આસનનું મહત્ત્વ ઘણું છે. 'યોગઃ કર્મસુ કૌશલમ્' એ ગીતાવચન અનુસાર મારે પણ (ક્ષૌર) કર્મમાં કૌશલ દાખવવાનું હતું ને? યંત્ર વાપરવા માટેનો સૂચનાપત્ર હું બે વાર વાંચી ગયો જેથી, પછી પસ્તાવાનું ન આવે. ધનપ્રાપ્તિ માટે, પુત્રપ્રાપ્તિ માટે, પદપ્રાપ્તિ માટે, અરે ચોરી કરવાના પણ દેવ છે,, પરંતુ તેત્રીસ કોટિ દેવોમાંથી કયા દેવ ક્ષૌર કર્મના છે તે જાણતો નહીં હોઈ, કાર્યારંભે દુંદાળા દેવ ગણપતિને સ્મરવાથી કાર્ય સફળ

થશે એમ માની મેં એકદન્ત ગજાનનનું સ્તવન કર્યું અને પછી અરીસામાં જોઈ, મારા માથાની ડાબી તરફના ભાગ પર મેં એ યંત્ર ચલાવવાનો આરંભ કર્યો. મારા કેશનો પહેલો ગુચ્છો નીચે પડ્યો હતો પણ મારું હૃદય એવરેસ્ટ સર કરનાર તેનસિંગ અને હિલેરીના આનંદથી ઉભરાતું હતું. આ તેનસિંગની યાદ આવતાં મેં જોયું કે હેરકટિંગ સલૂનનો હજામ જે રીતે વાળ કાપે તેમ કપાવાને બદલે મારા વાળમાં પર્વતનાં ઊંચાંનીચાં શૃંગોની ડિઝાઈન ઊપસી હતી. એકાદ સ્થળે તો ગોરખ મઢી અને દત્તાત્રેયની ગિરનારી ટૂકો જેવાં બે ઉત્તુંગ શૃંગો કોરી કઢાયાં હતાં અને એ બે વચ્ચેની ઊંડી ખીણ જેવા કાળા ભમ્મર કેશ અણસ્પર્શી કન્યા જેવા મારા યંત્રથી અણસ્પર્શ્યા રહી ગયા હતા. મારા માથાનો પાછળનો ભાગ પછી હું દેખી શકતો ન હતો અને, ડાબી તરફ જે પ્રકારનું કેશવપન થયું હતું તે પછી જમણી તરફના વાળ પર હું અખતરો કરવા માગતો ન હતો. 'તમારા ગોરા હજામો મારા જેવા કાળા માણસના વાળ કાપતા નથી', એ ગાંધીદલીલ પણ મારાથી કરી શકાય તેમ ન હતું. હવે? આ તપોભ્રષ્ટ સ્થિતિમાંથી મુક્તિ કેવી રીતે મેળવવી?

પછી હોટેલની રૂમનું બારણું જરાક ખોલી જોયું કે ત્યાં લૉબીમાં કોઈ ઊભું તો નથી ને? અમારી એ હોટેલની બરાબર સામે, રસ્તાની બીજી તરફ એક હેર કટિંગ સલૂનનું બોર્ડ વાંચ્યું. પ્રયોગો કરવાની એડિસન જેવી અવિરત શક્તિ નહીં હોઈ, મારા ડાબા હાથે મારા મસ્તકની ડાબી બાજુને આડ કરી, મેં સીધું એ સલૂનનું શરણું લીધું. નત મસ્તકે એક ખુરશી પર હું મૂંગો મૂંગો બેસી ગયો. ત્યાંનો હજામ પણ અચંબો પામી ગયો. પરંતુ એ કેશવપનના કલાકારે મારા કેશને સરખો ઘાટ આપી મને મેણાની જણસમાંથી બચાવી લીધો અને, હું ખુલ્લે માથે વિના સંકોચ ફરી શકું એવું એણે કરી દીધું. મારી 'બીગડી' તે એણે 'સુધારી' લીધી.

મારો સ્વાવલંબનનો એ અખતરો ખતરો ન બન્યો. એ યશનો અધિકારી એ બાર્બર છે.

ગાંધી પગલે ચાલવું હોય તો ગાંધીની હિમ્મત જોઈએ. એ ન હોય તો મૂંડામણના ડૉલર દેવા સારા. ❑

અનુસંધાન] ખોખલાજણની કેફિયત [પૃ. ૮૪૧ થી

બેઠક વગરના લોટામાં ગણી કાઢે છે! અમે તો શુકદેવજી સરખા બ્રહ્મચર્યના અઠંગ વ્રતધારી, પણ ભગવાન સાક્ષાત્ મોહિની વેશે હાજર થઈ મહાયોગી શંકરને એમની રમણીય લીલા દર્શાવતા હોય ત્યારે અમારે શું આંખો મીંચી દેવી? અમે બરોબર જાણીએ છીએ કે એ રીતે અમારા પૂર્વજ વેદવ્યાસને જોઈને આંખો મીંચી દેવાથી જ ધૃતરાષ્ટ્રને આંધળા જન્મવાનું થયું. અમારે હવે એવી આફતો નોંતરવી નથી. અમે મોહાંધ થયા વિના મોહિનીને જોઈશું અને જરૂર પડ્યે મોહિનીની સર્વાંગીણ કેળવણી માટે 'બ્યૂટી પાર્લર' અને 'ફૅશનકોર્સ'ના વર્ગોથી માંડીને 'વ્યક્તિત્વ વિકાસ' નેતૃત્વ-વિકાસના વર્ગો સુધીના અનેકાનેક વર્ગો ચલાવવાની અમારી તાતી તૈયારી છે જ છે અને તે ય પાછી શુદ્ધ સેવાભાવનાથી. જનસેવા જો પ્રભુસેવા હોય તો એમાં નારીસેવાયે આવે જ ને? અમે તો જ્યાં નારીપૂજા થતી હોય ત્યાં દેવતાની જેમ રમણ કરવા સદાયે તત્પર હોઈએ છીએ! નારી-સેવકોને તો એ જ શોભે!

અમારી નારીસેવાની આવી વિશુદ્ધ વૃત્તિ છતાં નારી-સમાજને અમારા તરફ કેમ અભાવો ને અરુચિ છે તે મસમોટું રહસ્ય છે. એમને અમારો રજ પણ ભરોસો પડતો નથી. અમે જાણે બકરી હલાલ કરનારા કસાઈ હોઈએ એમ તેઓ અમને તીખી નજરે જુએ છે! અમને તેથી પારાવાર ક્ષોભ ને આઘાત લાગે છે! અમારું પુરુષવેષે આ અવનિતલ પરનું અવતરણ અમને અર્થહીન લાગે છે. અમે જાણે 'મહિષાસુરમર્દિની' પેલી જગદંબા માટે મહિષ ન હોઈએ! અમને અમારી આવી કઢંગી હાલતથી જોતાં અમારા પોતા પ્રતિ પારાવાર ક્રોધ અને કરુણા બેય સાથેલાગાં ઊપજે છે, પણ શું થાય? એક પ્રકારની કિંકર્તવ્યમૂઢતા અમને ઘેરી વળે છે! અમને અમારું રૂપ એવું અખળડખળ, ગરબડિયું, વરવું ને વસમું લાગે છે કે એને સરખું કરવા કોઈ મહાશક્તિને પ્રકટવું પડશે એમ લાગે છે! નહીંતર અમારા કૂડ કરમે જેમ આ ધરતી બગડી તેમ બહારનું અને અંદરનું આકાશ પણ બગડી શકે. ભગવાન અમને અમારા ખોખલાપણાથી બચાવી સૌને બચાવે. ❑

સગાં

બકુલ ત્રિપાઠી

સગાંવહાલાં! સગાં... અને વ્હાલાં!
મારી ભારતીય જિંદગીનું સુઘટ્ટ પોત... તાણા અને વાણા

જન્મ વખતે પેંડા ખાવા ને મોં જોવા
ને કોના જેવું છે તે કહેવા
ને જરાક શામળો છે મામાઓ
પર પડ્યો છે બિચારો
એવું એવું કહેવા આવશ્યક અનિવાર્ય
સગાં... અને વ્હાલાં

જેમ આકાશમાં સંધ્યાએ તારા
તેમ જીવનની ઉષાએ સગાં
એક પછી એક પ્રગટતાં જાય પરખાતાં જાય
પણ તારાઓ પ્રભાતે ઝાંખા પડી ખોવાઈ જાય
સગાંઓ જીવનસંધ્યાએ વધુ વીંટળાય
ઝગમગ ઝગમગ
ઝળહળ ઝળહળ

શરીરનાં અંગો નબળાં પડશે
જ્ઞાનેન્દ્રિયો શૂન્યવત્ થશે
છતાંય કાન ઝંખ્યા કરશે સગાંની વાતો
આંખો શોધશે સગાંના ચહેરા
જીવનરસ વહેશે સગાંની, સગાં વિષેની, સગાં દ્વારા
સગાંને મોંએ સરતી ખટમધુરી કુથલીથી
જ્ઞાનખૂજલી... કોણ ક્યાં છે ને શું છે ને કેમ છે ને કેવું છે
ખણ્યા કરવાનું
આ...હ! ટશિયા ફૂટે ને મીઠું મીઠું લાગે!

સગાં જ શોધી આપશે છોકરી
કે છોકરો
સગાં જ સંધાવશે તોડાવશે ઝઘડા કરાવશે
મ્હાલશે લગ્ન વખતે!
સગાં આવશે જશે રિસાશે મનારાઓ મનાવડાવશે
મનાવડાડાવશે
ખાશે-પીશે, સુધારશે-બગાડશે હોંસભેર

સગાંથી ખાનગી કશું ન હોય
રાખો ખાનગી... સાચવો, જાળવો, ભંડારી રાખો
તોય... રહે જ નહીં કશું ખાનગી... સગાંથી!

સગાં વિના હૉસ્પિટલમાં રહેવાય નહીં
રહી આવો તો એ ફોક!
ફરીથી જવું જ પડશે હૉસ્પિટલમાં જોજોને
સગાંવહાલાં જોવા આવી શકે માટે!
કૉરિડૉરમાં સગાં
રૂમમાં સગાં
ખાટલા પર સગાં
ખાટલાની નીચે ય જોઈ લેવું, કદાચ હોય સગાં!
બેસણાનું જાણે રિહર્સલ!
કેટલાં બધાં આવ્યાં છે ટૅક્સી-રિક્ષાનાં
ભાડાં ખર્ચીને
નર્સો-ડૉક્ટરો ચિડાય, ભલે ચિડાય
વ્યવહાર તો જાળવવો જ પડે ને ભાઈ!
ખબર કાઢવા ન જઈએ તો કેમ ચાલે મારી બાઈ!
સલાહો-પારાયણો, કોણ હજી નથી આવ્યું...
હાય હાય નથી આવ્યાં એ લોકો હજી?
લો કરો વાત! નજીકનું તદ્દન... ભાભીની ભાણીની
ફોઈના દીકરાની સગી સાળી થાય... તોય?
હાય હા...ય!

સગાં! સગાં! તમે મને ખૂબ વહાલાં છો
મારી ભારતીય જિંદગીનો શ્વાસ તે સગાં
ઉચ્છ્વાસ તે સગાં
હૈયાની ધડકન તે સગાં
મારા લોહીમાં સરે છે તરે છે ઊછળે છે સગાં

લગ્નમંડપમાં બેસી ગયેલો ઘાંટો તે સગાં
લોટો ભરીને દૂધપાક ચોરીય જાય સગાં
બે નંબરની આપણી છોકરી માટે છોકરો
બતાવે એક નંબરનો
અને છોકરાને વાઈ આવે છે તે કાનમાં
કહી જાય સગાં
'મંગળ છે ભરખી ખાશે' છોકરાનાં સગાંને
કહી આવે સગાં
નોકરી માટે ઓળખાણ શોધી આપે સગાં
પગાર પૂછે (જૂઠું બોલ્યા તો મર્યા!) સગાં
કોરટે ચડે ચડાવે, નહીં લડતાંને લડાવે, સગાં

મહિના છે - જાણી જાય સગાં
ડૉક્ટરોનીય પહેલાં
ન રહ્યા હોય તો કેમ નથી રહેતા?
પૂછે સગાં
'વહુમાં જ કંઈક હશે' સો ટકા સાચ્ચું
સંશોધન કરી નાખે સગાં

અને... પછી...
'અરેરે બિચ્ચારી...' એમની આગળ
'મૂઈ... મને તો પહેલેથી જ લાગતું'તુ'
બીજાની આગળ
જંતરમંતર બાધા-આખડી પ્રિસ્ક્રાઈબ કરે સગાં
સગાં, સગાં, સગાં!

તમે ન હોત તો અમારું શું થાત ઓ સગાં!
અમારી પુત્રવધૂઓનું શું થાત ઓ સગાં!

મોસાળનાં સગાં! સાસરાનાં સગાં!
નજીકનાં સગાં! દૂરનાં સગાં!
વહાલાં સગા! અળખામણાં સગાં!
પડોશી સગાં! ગામનાં સગાં!
ઓળખીતાં સગાં! નાતીલાં સગાં!
ઈન્ડિયામાં, આફ્રિકામાં, હૉંગકૉંગમાં સગાં
અમેરિકામાં તો સગાં સગાં સગાં સગાં જ
પણ દૂર દૂર દૂર
તોય ફોન ફોન ફોન પૂછ પૂછ પૂછ
સૌ શ્વસે સગાં સંબંધનો પ્રાણવાયુ
શું? ક્યાં? કોણ? કેમ? ક્યાંથી? ક્યારે?
હાય હાય! ખરેખર? હોય નહીં!
ચંદ્ર પર ઈન્ડિયન જાય (ફૉર એક્ઝામ્પલ)
તો એ કેટલી વાર બાથરૂમ ગયો (ચંદ્ર પર)
તેની અહીં બેઠે ખબર પડી જાય સગાંને
ભઈ સગાં છે! સગાંને બળેને? એવું કોઈને ના બળે!
હા આ આ આ આ...

વંદન સગાંઓ વહાલાં તમને
વંદન વહાલાં એવા સગાં તમને

જાણું છું હું છેક છેવટે 'ગયો' સાંભળતાં જ
આવી પહોંચશો પણ તમે જ વહાલાં સગાં!
ગંભીર મોં કરી ગુસપુસ વાતો કરશો
ને ક્યાં લઈ જવાના નજીક દૂર સૂચનો સલાહો
ને રિક્ષામાં સામાન લેવા જવાની ઑફરો
ને પછી? પહોંચાડીને તરત પારકાંઓ તો
જતાં રહેશે હૈયાસૂનાં
પણ છેક સુધી બેસશો તમે
(કદાચ પાછો ઊભો ન થઈ જાઉં!)
ઠારીને જશો
આંસુ લૂછ્યા કરશો આંખો પરથી
લૂછવા માટે પ્રગટાવશો આંસુ
ચાલે કંઈ?

લઘુકથા

ટોળી

સતીષ જ. દવે

આજે ટોળી અકસ્માતોની વાતોએ ચડી હતી. સૌ પોત-પોતાને ક્યારે ક્યારે અકસ્માત થયા તેની વિગતે વાત કરવા લાગ્યા... કાનજીભાઈથી ન રહેવાયું. એમણે પણ અનુભવ શરૂ કર્યો.

'એ વખતે મને બે-ત્રણ દિવસથી તાવ આવતો હતો. નબળાઈ પણ ખૂબ જ. માંડ ચલાય. એ વખતે હું ને તમારાં બહેન બહારગામ ગયાં. વહેવારિક કામે તો જવું જ પડે ને, શું થાય? તમારું શું કહેવું છે?'

'એમાં કાંઈ ખોટું નહીં...' રૂખડે ટાપશી પૂરી. કાનજીભાઈએ વાત શરૂ કરી... 'સાંજે મોડાં આવ્યાં. તમારા બહેનને કહ્યું કે તું ઘરે જા, હું વાડીએ જાતો આવું!' હું મંડ્યો હાલવા. નબળાઈ તો હતી જ. પડખેથી બસ પસાર થઈ. હું પડી ગયો. એ જ સમયે 'ભગત' નીકળ્યા. મને ઊભો કર્યો. ઊભો કરી ને કહે, 'બસ પાછળ ટીંગાણા'તા ને?' લ્યો કરો વાત! મેં કહ્યું, 'ના રે ના, બસ તો બાજુમાંથી નીકળી ને હું પડ્યો! કાંઈ ટીંગાણો નો'તો.' પણ એ કંઈ માને! તમારા બહેનેય કીધું કે એમને નબળાઈ છે. બીજે દી' તો આખા ગામમાં વાતો થઈ કે, કાનજીભાઈ બસ પાછળ ટીંગાણાં તેમાં પડ્યા! એક-બે જણે તો એમ જ કીધું કે, 'અમે તમને ટીંગાતા જોયા'તા હોં!' આવું છે ગામનું! ગામને મોઢે કાંઈ ગળણું બંધાય? શું કે'વું છે તમારું? હું કાંઈ બસમાં ટીંગાણો હોઉં?'

'ટીંગાણાય હો, તમારું કાંઈ નક્કી નહીં...' રૂખડે જવાબ દીધો ને ટોળી હસી પડી. કાનજીભાઈનું મોં સાવ પડી ગયું.

સગું હતું ભઈ!
વર્ષોનાં વર્ષોનાં વર્ષો વીતશે
સૌ ભૂલી જશે મને
સંભારશો માત્ર તમે જ, સગાં! આભાર!
મારી બીજી બેનની ત્રીજી દીકરીના!
ચોથા બાબાને જોઈને
ઝીણી આંખે સહાનુભૂતિથી
યાદ કરશો મને તમે જ! સગાં!
'છોકરો જરાક શામળો છે, નાકે બૂચો છે, આંખે
બાંડો છે
અદ્દલ એના મોટા મામા પર પડ્યો છે,
બિચ્ચારો!'
માત્ર તમે જ કરશો મને યાદ એ નિમિત્તે
ને સ્વર્ગમાં મારી આંખમાં હર્ષાશ્રુ... ❑

તેલ અને તેલની ધાર

ઉર્વીશ કોઠારી

તેલ કાઢવું એ કેટલી સહેલી વાત છે, તેનો અનુભવ મોટા ભાગના નોકરિયાતોને હશે. કર્મચારીઓનું તેલ કાઢી નાખવામાં 'બૉસ' નામની પ્રજાતિ બહુ હોશિયાર હોય છે. (મોટા ભાગના બૉસ કર્મચારીઓનું તેલ કાઢવા માટે હોંશિયારીનો નહીં, પણ સત્તાનો ઉપયોગ કરતા હોય છે એ વાત જુદી છે) 'નોકરી જાય તેલ લેવા' એવા અભિગમ રાખનારા અથવા સરકારી નોકરીના 'સુરક્ષાચક્ર' હેઠળ જીવતા લોકો જ પોતાનું તેલ નીકળવા દેતા નથી. કેટલાક કર્મચારીઓના મામલામાં, બૉસ એમનું તેલ શું કાઢતો હતો? એ લોકો જ બૉસનું તેલ કાઢી નાખે છે.

'ઉત્તરગાંધીયુગના સમાજજીવનમાં તેલ કાઢવાનું મહત્ત્વ' એ વિષય તરફ ધ્યાન દોરનારી ઘટના થોડા સમય પહેલાં બની. ઘરમાં તેલનો ડબ્બો ખલાસ થતાં નવો ડબ્બો કાઢવામાં આવ્યો. ડબ્બાવિષયક બાબતોમાં મારું જ્ઞાન દુર્યોધનના નીતિવિષયક જ્ઞાન જેવું હતું. તેલનો ડબ્બો તોડીને તેલ કાઢવાની ટૅકનિકોથી સૈદ્ધાંતિક રીતે હું પરિચિત હતો, પણ તેમાં પ્રવૃત્ત થવાનું મને કદી જરૂરી લાગ્યું ન હતું. ભૂતકાળમાં ગૅસનો સિલિન્ડર ખલાસ થતાં નવો સિલિન્ડર જોડી આપવાનો અનુભવ હતો, પણ એ લાયકાત નવા ડબ્બામાંથી તેલ કાઢવાની બાબતમાં કામ આવે એમ ન હતી.

અત્યાર સુધી મારી હાજરીમાં તેલનો ડબ્બો ખાલી થવાનો પ્રસંગ બન્યો ન હતો. એટલે રવિવારે ખાલી થયેલા તેલના ડબ્બાથી મારો કસોટીકાળ શરૂ થયો. હું આસ્તિક હોત તો 'ભગવાન પરીક્ષા લે છે' એવું માની લીધું હોત, ભાજપનો સભ્ય હોત તો 'રવિવારની એકતા અને અખંડિતતાને છિન્નભિન્ન કરવાનું આઈ. એસ. આઈ.નું કાવતરું છે.' એવી જાહેરાત કરી હોત, પણ આ બન્નેમાંથી કોઈ વિકલ્પ મને લાગુ પડતો ન હતો. પરિસ્થિતિનો સામનો કર્યા સિવાય છૂટકો ન રહ્યો, એટલે ભારતના નાગરિક તરીકેના બહોળા અનુભવને કામે લગાડીને મેં 'વિદેશી સહાય' માટે પ્રયત્ન કરી જોયો. મારી ગેરહાજરીમાં ડબ્બો તોડી આપતા મિત્રો-શુભેચ્છકોને ઘેર બે-ચાર ફોન કરી જોયા, પણ એ સૌ રહસ્યમય કારણોસર ઘેર ન હતા. મને લાગ્યું, 'ફોન કરવામાં કદાચ હું મોડો પડ્યો હોઈશ. એ લોકો બીજાના ઘરે તેલના ડબ્બા તોડવા માટે નીકળી ગયા હશે.'

'વિદેશી સહાય'ની આશા નહિવત્ હતી અને 'ઘરઆંગણે' 'દબાણ' વધતું હતું. છેવટે, રવિવારનાં છાપાંને ભારે હૈયે બાજુ પર રાખીને હું મેદાને પડ્યો. મનમાં એવું લાગતું હતું જાણે 'બૉમ્બે હાઈ' પર જઈને ચોકીદારો ન જુએ એમ તેલનો એક ડબ્બો કાઢી લાવવાનો હોય! તેલનો નવો ડબ્બો તેના રાજ્યાભિષેકની રાહ જોતો ઘરના એક ખૂણામાં પડ્યો હતો. રાબેતા મુજબ તેની પર ચીકાશનું સામ્રાજ્ય છવાયેલું હતું. એક કટકો લઈને તેને સાફ કરવાનો પ્રયત્ન કરી જોયો, પણ એમ કરવાથી ડબ્બો અને કટકો બન્ને વધારે બગડતાં હોય એવું લાગ્યું. તેલનો ડબ્બો તેની ચીકાશ છોડી શકે તેમ ન હોવાથી મારે જ મારી ચીકાશ છોડવી પડી. સંકોચ તજીને મેં તેલના ડબ્બાને બન્ને હાથે ઊંચકી લીધો. એ વખતે ભગવાન તેમને મેલાઘેલા ભક્તનો ઉદ્ધાર કરતા હોય એવું દૃશ્ય મનમાં રમતું હતું.

નવા ડબ્બાને રસોડામાં લઈ આવ્યા પછી વધુ મોટો પડકાર ઊભો હતો. તેલના ડબ્બાનું મોઢું એક ઢાંકણીથી સારી રીતે બંધ કરેલું હતું. ગમે તેવું ભીડી રાખેલું મોં માણસો કઈ ટૅકનિકથી ખોલી નાખે છે, એ ઘણી ફિલ્મોમાં જોયું છે. પણ બાવડાંબહાદુર હીરો તેલના ડબ્બાનું ફીટ ઢાંકણું ખોલતો હોય એવું દૃશ્ય એકેય ફિલ્મમાં જોવા મળ્યું નથી. પ્રેરણા કે અનુભવના અભાવે પહેલો સવાલ એ થયો કે 'ઑપરેશન કીચન થન્ડર'માં ક્યાં શસ્ત્રો વાપરવાં? પહેલી નજરે એવું લાગતું હતું જાણે આ ઢાંકણ વર્ષોથી બંધ પડ્યું હોય અને વર્ષો સુધી બંધ રહેવા જ સર્જાયું હોય. આ ક્રમમાં શા માટે ખલેલ પાડવી જોઈએ? તેનાથી પ્રાકૃતિક સંતુલન તો નહીં જોખમાય? પરંતુ પ્રાકૃતિક સંતુલન કરતાં સવારનું ભોજન વધારે મહત્ત્વનું હતું અને રવિવારના ભોજનનો આધાર આ ડબ્બામાંથી નીકળનારા તેલ પર હતો.

ડબ્બાનું ઢાંકણું ખોલવા માટે જાદુ કામમાં લાગે કે નહીં, એ જાણવા માટે એક જાદુગર મિત્રને ફોન કર્યો. એણે 'હા' કે 'ના'માં જવાબ આપવાને બદલે કહ્યું, 'મને જાદુ શીખવાનાર ગુરુને ઘેર તેલનો ડબ્બો તોડવાનો હોય ત્યારે ગુરુપત્ની મને જ બોલાવે છે. ડબ્બાનું ઢાંકણું ખોલવા માટે આંખથી કે મનથી નહીં પણ હાથથી જ ત્રાટક કરવું પડશે.' આ સલાહ અને 'અપના હાથ જગન્નાથ' જેવા પ્રેરક વાક્યને અનુસરીને પહેલાં મેં હાથથી ઢાંકણને ખોલવાનો પ્રયત્ન કર્યો. ઢાંકણ, જૂના રોગ જેવું, હઠીલું હતું. તે ચીકાશ અને કઠણાઈને કારણે પકડમાં આવીને છટકી જતું હતું. થોડો પ્રયત્ન કર્યા પછી સાબુથી હાથ ધોઈને, સવારની વધેલી ચા ટટકાવીને, મેં નવેસરથી મોરચો માંડ્યો. આ વખતે મદદમાં એક ચપ્પુ હતું. એવું લાગતું હતું કે ઢાંકણાની બાજુ પરના ખાંચામાં ચપ્પુ ખૂંપાવીને, તેને બળપૂર્વક ઊંચું કરવાથી ઢાંકણું આપોઆપ બહાર ઊછળી આવશે. આજુબાજુ ઊભેલા કુટુંબીજનોએ ચપ્પુના ઉપયોગ સામે ચેતવણી આપી. પણ 'આ પાર કે પેલે પાર'નો

(અનુસંધાન પૃષ્ઠ ૮૭૪ ઉપર)

કવિતાવાળો

મુનિકુમાર પંડ્યા

પ્રતિ,
તંત્રી શ્રી - 'શબ્દસરવાણી'

બાબત જે : 'અંતિમદાયકો'-માં મારી કાવ્યરચના નહીં લેવાયા સબબ અને 'સ્મૃતિઅંક' સબબ.

સંદર્ભ : 'અંતિમદાયકો'- પ્રતિનિધિ કાવ્યસંચય - પુસ્તક - પ્રથમ આવૃત્તિ, તથા કવિપદવાંછુની અપ્રકટ કાવ્યરચનાઓ.

જયભારત સાથે જાણ કરવાની કે જે શારદા ગૂર્જર સરિતા સંસ્થાએ મારી કાવ્યરચનાને ઉપરોક્ત 'સંચય'માં સ્થાન નહીં આપીને એક અઘટિત કાર્ય કર્યું છે.

'શા.ગૂ.સ.સં. - આપણી ભાષાની એક સુપ્રતિષ્ઠિત સંસ્થા છે. આપણી ગૌરવવંતી ભાષાના સાહિત્યને ઉજાગર કરવામાં હું પણ મારો યત્કિંચિત ફાળો 'કવિપદવાંછુ' ઉપનામે કાવ્યરચનાઓ રચીને આપી રહ્યો છું. જેનાથી આપ પૂરા પરિચિત છો. 'શબ્દ સરવાણી' આ સંસ્થાનું મુખપત્ર છે. આપશ્રી એના તંત્રી હોવાના નાતે સાહિત્યની સેવા કરી રહ્યા છો. આપણે બંને શબ્દસેવકો છીએ. (કેવળ) શબ્દો દ્વારા સાહિત્યની સેવા હું છેલ્લા પાંચ વર્ષથી કરી રહ્યો છું. અવારનવાર હું 'શ.સં.'- માટે કાંઈ ને કાંઈ મોકલતો રહ્યો છું. કાગળ અને પોસ્ટેજ પાછળ મેં કરેલો ખર્ચ શું આપશ્રીના ધ્યાનમાં જ નહીં આવ્યો? 'શ.સં.' માટે સ્વીકારાયેલી કૃતિની જાણ એના સર્જકને આપ એકાદ માસની અંદર કરી જ દો છો. પણ આપશ્રી તરફથી એવો સ્વીકૃતિ પત્ર મને ક્યારેય પ્રાપ્ત થયો નથી. આ અંગે આપને હું દોષિત નથી ઠેરવતો કે એમાં મારો પણ કાંઈ વાંક નથી ગણતો. કોઈ વાર ટપાલખાતાની હડતાલ નડે છે તો કોઈ વાર નડે છે જાહેર રજાઓ. સ્વીકૃતિપત્ર એમાં અટવાઈ જતો હશે એવી મારી ધારણા છે.

મારા સાંભળવા પ્રમાણે સામયિકો પાસે લખાણોનો ભરાવો થતો હોઈને કૃતિ પ્રકટ કરવામાં સારો એવો વિલંબ થાય છે. તો એક સૂચન કરું? આપના કાર્યાલયમાં પડેલી મારી કૃતિઓ એકસામટી એક જ અંકમાં મૂકીને 'કવિપદવાંછુ સ્મૃતિ અંક' પ્રકટ કરી દ્યો. એ અંકની પચાસ નકલો હું ખરીદી લઈશ.

મારા આ વિચાર સાથે એક ઘટના જોડાયેલી છે.

એક રવિવારે મારાં પત્નીએ મને કહ્યું : 'ઘરમાં પસ્તી વધી પડી છે. તમે કરિયાણાવાળાને આપી આવો.'

ભાર લઈને રસ્તે ચાલતાં જ ભાવિના સુંદર વિચારો આવે છે. આવી મતલબની એક બાળવાર્તા મેં બચપણમાં સાંભળેલી. હું પણ પસ્તીનું બંડલ લઈને જતાં રસ્તામાં વિચારે ચડ્યો : 'આ પસ્તીના પૈસા આવશે. બે-ત્રણ મહિના પછી બીજી પસ્તી વેચાશે. એના પૈસા આવશે. એમાંથી હું મારા સ્મૃતિ અંકની પચાસ નકલો ખરીદીશ. બંડલ લઈને હું આમ જ મિત્રોને અંક વેચવા નીકળી પડીશ. આહા... અચાનક મારા મુખમાંથી એક પંક્તિ સરી પડી : 'કહીં લાખો નિરાશામાં અમર આશા છુપાઈ છે.' ...ઘરે આવીને પંક્તિ ટપકાવી લેવા મેં બચુ પાસે કાગળ અને પેન માગ્યાં.

મને ગણગણતો જોઈને બચુ બોલ્યો : 'તમે ગાઓ છો એ કવિતા મારા ભણવાની ચોપડીમાં આવી છે. મણિલાલની કવિતા છે. ખરું ને? મણિલાલ સો વર્ષ પહેલાં થઈ ગયા છે એમ અમને મારા માસ્તરે વાત કરી હતી.'

'મરે રે મરે બચુડાનો માસ્તરિયો. આવું બધું વિદ્યાર્થીઓને કહેવાની જરૂર શું હતી?'

પણ કશો વાંધો નહીં. આ અમર આશાવાળી કવિતા હું તમને હવે પછી મોકલી આપીશ. મણિલાલે 'અમર આશા' લખી કે સો વર્ષ પહેલાં થઈ ગયા. આવું બધું સંશોધન કરવાની આપણે ભલા શી જરૂર? 'શ.સં.' તો સાહિત્યનું સામયિક છે. એ કાંઈ ઇતિહાસનું કે સંશોધનનું સામયિક થોડું છે? ભૂકોને એ બધી કડાકૂટ.

દરમિયાન બીજી એક રચના તમારા સામયિકમાં પ્રકટ કરવા માટે મોકલી આપું છું. ('પ્રકટ કરવા' ઉપર ભાર દીધો છે એ મનમાં નોંધી લેશોજી.)

કવિતાનું શીર્ષક છે 'કવિતાવાળો.'

ના. આ શીર્ષકથી ચમકશો મા. જેવી રીતે પટાવાળો, પાણીવાળો, સીંગચણાવાળો અને... અને.... શરણાઈવાળો (!) હોય છે, બસ - એવી જ રીતે આ કવિતાવાળો સમજશોજી. ઘણી વાર ભૂલ થઈ જતી હાય છે. લોખંડ બજારના વેપારી સમશુદ્દીન બદરુદ્દીનને કવિતા સંભળાવવાના ઈરાદાથી હું એની દુકાને ગયો.

સમશુદ્દીન મારો બાળ ગોઠિયો છે. ચાર ચોપડી સુધી અમે સાથે હતા. તે ચોથીમાં ત્રણેક વાર નાપાસ થયો એટલે અભ્યાસમાં 'ફૂલસ્ટોપ' આવ્યું સમજીને એના બાપા બદરુદ્દીને એને ઉઠાડી લીધો અને પોતાની દુકાને ગોઠવી દીધો.

'કવિતાવાળો' શીર્ષક સાંભળીને એને આશ્ચર્ય થયું. 'આ વળી કઈ ધાતુનો વાળો છે, મિત્ર? લોખંડ કે તાંબાનો વાળો હોય છે, આ કવિતા કઈ ધાતુ? કોઈ ખાણમાંથી નીકળે છે કવિતા? કે કોઈ બેત્રણ ધાતુનો ભેગ કરવામાં આવે છે?'

કવિતા અને ભેગ વિશે મેં એને સમજણ આપવા ટ્રાય તો કરી પણ તે પૂરું તો નહીં પણ અધુંપધું સમજ્યો હોય એવું લાગ્યું. કારણ કે મારી સમજૂતી દરમિયાન તેણે બગાસું આવતાં આવતાં અર્ધેથી રોકી દીધેલું.

'કવિતા' નાની છે અને જલદી કવિતા પતાવી (!) દઈશ એવું આશ્વાસન આપીને મેં કાવ્યપઠન કર્યું :

'કવિતાવાળો'
એક કવિપદવાંછુ સાત વર્ષ સુધી
ગદ્યપદ્ય તોડીફોડી કવિતા લખવામાં
વખણાયો છે.
માસિકે છપાવું એવી ટેક છેક રાખી
એક તંત્રીને રીઝાવી મોજ લેવા તે મંડાણો છે.
સાંભળી કવિતા તેની બોલ્યો તે માસિક-ધણી
કવિને ન લાયક તું ફોગટ ફુલાણો છે.
જોડકણાં જોડ્યાં એમાં કરી તેં શી કારીગરી?
ગ્રાહકો વધારે તો હું જાણું કે તું શાણો છે.

કવિતાનું પઠન થોડા મોટા અવાજમાં મેં કર્યું. મારો ઈરાદો હતો કે દુકાનના અંદરના ભાગમાં કામ કરતો વાણોતર પણ સાંભળી શકે અને એનેય તે કાવ્યના આનંદનો લાભ મળે. આપણને તો ભાઈ, ખોટું નથી કહેતો, ઊંચનીચના ભેદ પસંદ નથી. ભણેલા, અભણ, નાના-મોટા, તમામને સમાન ભાવે હું મારી કવિતા સંભળાવી શકું છું. બાળમંદિરનાં બાળકોથી માંડીને કૉલેજના પ્રોફેસર સુધીનાને જો એ ધારે તો (હું તો ધારું જ છું) મારી કવિતા સંભળાવવા તૈયાર જ છું.

શક્ય એટલા માણસો સુધી મારી કવિતા પહોંચાડવા માટેના મેં સન્નિષ્ઠ પ્રયત્નો કર્યા જ છે. મારા ઘરના બારણે નેઈમપ્લેટની જોડે મેં એક કાવ્ય કડી પણ લટકાવી છે :

કર્મચારી કે પગાર છૂપે નહીં
નેતા છૂપે ન ઈલેકશન આયો
તસ્કર દેખકે કુત્તા છૂપે નહીં
પળિયાં છૂપે નહીં મેંદી લગાયો
કહે પદવાંછુ સૂનો મેરે બંધુ
કવિ છૂપે નહીં શ્રોતા ઘર આયો.

જોઈ શકાશે કાવ્યરસિકોને ઘરે પધારવાનું આમંત્રણ છેલ્લી બન્ને પંક્તિઓમાં સૂચવાયેલું છે.

રાહદારી નેઈમપ્લેટ વાંચવાની સાથે જ કાવ્યપંક્તિઓ પણ વાંચે જ અને આગંતુકો મારી પહેલાં મારા કાવ્યત્વથી પરિચિત થઈને જ રહે. 'કવિતાને કોઈ વાંચવા તૈયાર નથી. અરે કોઈ હાથ સુધ્ધાં અડાડતું નથી.' આવા આવા નિઃશ્વાસ મેં કવિઓના મુખે સાંભળ્યા છે. એ બધાએ મારી આ શોધ અજમાવવા જેવી છે. આ શોધના કારણે કદાચ કોઈ મને ગાંડામાં ખપાવે એવું બને જ. દરેક જમાનામાં કશુંક નવું કરનારાઓને સમકાલીનો ગાંડા જ ગણે છે પણ આવતા જમાનામાં મારી આ શોધની કદર થતી તમે જોશો.

મારા ઘર પાસેથી પસાર થનારાઓમાંના દરરોજ કમસેકમ દસેક જણા તો કાવ્યકડી વાંચતા જ હશે. આ સાદી ગણતરી કરીએ તો મહિનામાં ત્રણસો અને વરસે દહાડે છત્રીસો માણસો સુધી મારી કાવ્યરચના પહોંચી વળે છે. એમાંય વળી અધિકમાસવાળા વર્ષમાં વધારે ત્રણસોને કાવ્ય લાભ પ્રાપ્ત થાય છે. આટલું સદ્ભાગ્ય તો કાલિદાસ કે રવીન્દ્રનાથને ય .... પણ જવા દો. એવી આત્મશ્લાઘા કરવા હું બેસું તો મારું 'કવિપદવાંછુ' બિરુદ લાજે.

દર દિવાળીએ મેં મોકલેલ દિવાળીકાર્ડ અને આપના સામયિકનું વાર્ષિક લવાજમ એ બે તમે ક્યારેય સાભાર પરત કરેલ નથી. એની પેઠે જ 'સ્થાનસમર્પિત' માટે એક નાનકડી કાવ્યરચના આ સાથે મૂકી છે જે પરત નહીં કરો એવી શ્રદ્ધા સહ વિનવું છું.

સહૃદયી
'કવિપદવાંછુ'

બિડાણ : સ્થાનસમર્પિત માટેની કાવ્યરચના
ધિક્ ધિક્ ધિક્
ધિક્ નોકરી એહ જહાં નહીં લાંચ પમાયે
ધિક્ ફ્રિજ ટીવી ફેન ગુલ જો વીજળી થાયે
ધિક્ ચૂંટાવું ગણો મંત્રી પદ હાથ ન આવે
પત્ની રુદન ધિક્ પતિ જો નહીં મનાવે
ધિક્ ડૉક્ટરી ધિક્ નિરોગી જનતા હોયે
'કવિપદ' કવિતા ધિક્ દાદ શ્રોતા નવ આપે.

વિશેષ નોંધ : આ કવિતાનું એક વખત જાહેરમાં પઠન થઈ ચૂક્યું છે. બનેલું એવું કે અમારા ગામની એક સભામાં હું ઉપસ્થિત હતો. જે સંસ્થા તરફથી કાર્યક્રમ ગોઠવાયેલો એના અધિપતિએ થોડી મિનિટો અગાઉ મને આભાર દર્શન કરવાનું કહ્યું. જે વ્યક્તિ આભારદર્શન કરવાની હતી એ અચાનક સ્મશાને પહોંચી ગઈ હતી (આભડવા). તાત્કાલિક તો હું તૈયારી વિના શું બોલી શકું? પણ મેં મારા બગલથેલામાંથી સ્વરચિત કાવ્યોની નોટ કાઢી. જૂના સમયના રાજપૂતો તલવાર સાથે જ રાખતા અને આજના નવપરિણીતો 'પોતાની' પત્નીને સાથે જ રાખીને નીકળે છે એવી રીતે હું મારી કવિતાની નોટ સાથે જ રાખીને ફરું છું. સભાખંડ ભરચક હતો અને અચાનક શરૂ થયેલા વરસાદે શ્રોતાસમૂહને અંત સુધી ટકાવી રાખવામાં મદદ કરી. વાહ વરસાદ!

હં, તો મેં આભારદર્શન શરૂ કર્યું. આભારની સાથે, પુરોગામી વક્તાઓની સાથે, મારા શહેરની સાથે મેં મારી કવિતાઓનો બાદરાયણ સંબંધ જોડીને કાવ્યપઠન પણ ભેગાભેગું કરી નાખ્યું. પિતાના શ્રાદ્ધમાં દાદાનું શ્રાદ્ધ ભળી જાય, સર્પનું ઝેર ઉતારવાના મંત્રમાં વીંછીનું ઝેર ઉતારવાનો મંત્ર ભળી જાય, દાળની સાથે ભાત ભળી જાય એવી રીતે આભારવિધિમાં

(અનુસંધાન પૃષ્ઠ ૮૭૪ ઉપર)

સાતમા આસમાન પર છું!

—અમૃતલાલ વેગડ—

વિશ્વાસ નહોતો કે આટલું જીવીશ. એથી જ્યારે નોકરીમાં હતો અને પંચાવન પાર કરી ગયો, ત્યારે ભગવાનને પ્રાર્થના કરવા લાગ્યો - પ્રભુ, એટલી ઉંમર તો આપજે જ કે થોડાં વર્ષ પેન્શનનું સુખ ભોગવી શકું.

સાઠ પૂરાં થયે રિટાયર થઈ ગયો અને પેન્શન લેતાંય જ્યારે બાર વર્ષ વીતી ગયાં ત્યારે વળી ભગવાનને વીનવવા લાગ્યો - પ્રભુ, ચારે બાજુ એકવીસમી સદીના આગમનની છડી પોકારાઈ રહી છે; થાય છે, આટલે આવ્યો છું તો ૨૧મી સદીયે જોતો જાઉં!

૨૧મી સદીમાં આવ્યે બે વર્ષ વીતી ગયાં છે. પ્રભુએ ખૂબ આપ્યું. એટલો બેશરમ નથી કે માગતો જ રહું. હવે કાંઈ નહીં માગું. બસ, એક જ ઇચ્છા છે - મારાં કોલાજચિત્રોનું આલ્બમ છપાઈ જાય.

હું નર્મદા-વ્રતી ચિત્રકાર-લેખક છું. નર્મદા પરિક્રમાના મારા લેખો પણ ઘણાં સામયિકોમાં લગાતાર છપાયા. પછી પુસ્તકરૂપે પણ પ્રસિદ્ધ થયા. નર્મદા પરિક્રમાનાં મારાં ચિત્રોનાં અનેક એકલ પ્રદર્શનો થયાં. મધ્યપ્રદેશ શાસનનું પ્રતિષ્ઠાપૂર્ણ 'શિખર સન્માન' પણ મળ્યું. પરંતુ જે રીતે મારા લેખોને પુરસ્કારરૂપે સ્થાયિત્વ મળ્યું, એ રીતે મારાં કોલમોનું કોઈ આલ્બમ ન છપાયું. જુદાં જુદાં માસિકો-સાપ્તાહિકોમાં ખૂબ છપાયાં પણ તિરોહિત પણ થઈ ગયાં.

કોઈ પ્રકાશક તો મારાં કોલાજોનું આલ્બમ છાપશે નહીં. વિચારું છું, હું જાતે જ છપાવું. આલ્બમ તો છપાઈ જશે, પણ એને ખરીદશે કોણ? આજકાલ આ જ મારી ચિંતાનો વિષય છે. પણ જ્યાં ઇચ્છા હોય, ત્યાં રસ્તો નીકળે જ. વાંચો આ આમંત્રણ પત્ર :

સુજ્ઞ મહાશય,

આવતી ૩ ઑક્ટોબર ૨૦૦૩ના દિને હું આયુષ્યનાં ૭૫ વર્ષ પૂરાં કરીશ. (સાચી વાત તો એ છે કે મનમાં હતું, ૭૫ સુધી પહોંચીશ કે કેમ. પરંતુ વરસ પર વરસ પસાર થતાં ગયાં અને હું અહીં સુધી આવી પહોંચ્યો.) આ ખુશીમાં મારાં કુટુંબીજનોએ અમારા નિવાસસ્થાને તે દિવસે સાંજે ૭ વાગ્યાથી પ્રીતિભોજનનું આયોજન કર્યું છે. આપ 'અમૃતમહોત્સવ'માં સાદર આમંત્રિત છો.

કોઈ પણ જાતની ભેટ સ્વીકારવામાં નહીં આવે.

લગભગ અડધી સદીની સુદીર્ઘ કલાસાધના બાદ મેં મારાં શ્રેષ્ઠ કોલાજચિત્રોનું આલ્બમ છપાવ્યું છે. ઊંચી જાતના આર્ટ પેપર પર ઑફસેટથી છપાયેલાં મોટા આકારનાં ૧૦ બહુરંગી ચિત્રોના આલ્બમની કિંમત માત્ર સવા સો રૂપિયા રાખવામાં આવી છે. કૃપા કરીને એ જરૂર ખરીદજો.

- અમૃતલાલ વેગડ

નોંધ : (૧) આલ્બમની ઓછામાં ઓછી ૨૫૦ નકલ વેચાશે ત્યાર પછી જ પ્રીતિભોજન શરૂ થઈ શકશે. (૨) આનાથી ઓછી નકલ વેચાશે તો પ્રીતિભોજનનું સ્થાન અલ્પાહાર લેશે. (૩) જો ૫૦ નકલોય નહીં વેચાય તો કદાચ આપને નિરાહાર પણ જવું પડે. એ સ્થિતિમાં બધી ખાદ્યસામગ્રી અનાથાલયમાં આપી દેવામાં આવશે. (૪) એક તરકીબથી આપને આ આલ્બમ સાવ મફત મળી શકે છે. હમણાં એ ખરીદી લો, નિરાંતે એનું રસાસ્વાદન કરો પછી કોઈને લગ્નપ્રસંગે ભેટ આપી દો! એ વળી બીજાને અને બીજો ત્રીજાને આપી શકે. પોતાને નહીં ગમતી સાડીઓને મહિલાઓ આ રીતે જ ઠેકાણે પાડતી હોય છે.

આશા છે કે આપ સૌના સહકારથી આલ્બમની પર્યાપ્ત નકલો વેચાશે અને કોઈને પણ નિરાહાર નહીં જવું પડે.

મિત્રોનું કહેવું છે કે આવી શરતો રાખીને મેં આમંત્રણને બહું અટપટું બનાવી દીધું છે, જ્યારે મને લાગે છે કે આનાથી મેં એમાં એક નવો રોમાંચ ભરી દીધો છે. મિત્રો કહે છે, આવી આકરી શરતો વાંચીને તો જે આવતો હશે એ ય નહીં આવે. (મિત્રોના ભારે દબાણને લીધે મારે ત્રીજા નંબરની નોંધ કાઢી નાખવી પડી.) મિત્રો કહે છે, ચાલ, માની લીધું કે તારા આલ્બમની સો-સવાસો નકલ વેચાણી. બાકીની નકલોનું શું? એને પસ્તીમાં વેચીને જાન છોડાવીશ કે પછી ઊધઈ જ એનો ઉદ્ધાર કરશે?

મિત્રો ઠીક જ કહી રહ્યા છે. પહેલા હલ્લામાં જે આલ્બમ વેચાઈ ગયાં એ વેચાઈ ગયાં. બાકીની નકલોને ઊધઈને શરણે જ જવું પડશે. પરંતુ આમાં નવું કંઈ નથી. ઊધઈ અને લેખકનો સંબંધ રામાયણ કાળથી ચાલ્યો આવે છે. રામાયણના રચયિતા મહર્ષિ વાલ્મીકિના શરીર ઉપર એવી તો ઊધઈ લાગી ગઈ હતી કે એ ઊધઈમય થઈ ગયા હતા. સંસ્કૃતમાં ઊધઈને વાલ્મીક કહે છે. ત્યારથી એ વાલ્મીકિ કહેવાયા. જો કે ઊધઈની પહેલી પસંદ લેખકનું પુસ્તક હોય છે, ખુદ લેખક નહીં. (પુસ્તકોમાંય એમને પ્રિય છે સરકારી ગોદામોમાં ખડકાયેલાં સરકારી પ્રકાશનો. લેખકોએ જાતે છપાવેલાં પુસ્તકો બીજે નંબરે આવે.) અને પોતાનું કામ એ કેવી તો ખૂબસૂરતીથી કરે છે! ઊધઈ-ખાધેલ ચોપડીઓનાં પાનંઓને મઢાવીને જો એનું પ્રદર્શન કરવામાં આવે તો કલાજગતમાં એક નવા ક્રાન્તિકારી યુગનો સૂત્રપાત થશે. એની આગળ મૉડર્ન આર્ટ પણ જુનવાણી આર્ટ લાગશે!

ખેર, મેં હિસાબ માંડ્યો. જો આલ્બમની ૨૦૦ નકલો વેચાય તો આવશે રૂપિયા ૨૫,૦૦૦ અને ગાંઠના થયા ૫૦,૦૦૦! (પાંત્રીસ હજાર આલ્બમના, પંદર હજાર પાર્ટીના.) આ નુકસાની ભરપાઈ કેમ કરવી? આજકાલ આ જ મારી ચિંતાનો વિષય છે. આલ્બમની ક્વૉલિટી સાથે હું કોઈ બાંધછોડ ન કરી શકું. હા, પાર્ટીમાં

કાપ મૂકી શકાય. ફણગાવેલા મગ, સાથવો, સક્કરિયાં, તલના લાડુ અને છેલ્લે લીંબુનું શરબત રાખીએ તો? ખરી રીતે તો એક પરકમ્માવાસીના જન્મદિનની પાર્ટીમાં આ જ ચીજો હોવી જોઈએ. આ સ્વાસ્થ્યવર્ધક ભોજનને લોકો લાંબા સમય સુધી ભૂલી નહીં શકે. પરંતુ મારાં કુટુંબીજનો આ સાત્ત્વિક ભોજન માટે તૈયાર ન થયાં. ૨૫ થી ૩૦ હજારનું નુકસાન નક્કી છે. આટલી ખોટ શું હું ખમી શકીશ? કે આ વિચાર જ છોડી દઉં?

ઉફ્! એવી તે શી ઉતાવળ છે! એ શુભ દિનને હજી ઘણી વાર છે. સમય પોતે જ કેટલીક સમસ્યાઓનું સમાધાન કરી લેતો હોય છે. બની શકે છે, આ લેખના લીધે આલ્બમની હમણાંથી જ ઍડવાન્સ બુકિંગ શરૂ થઈ જાય અને મનિ ઑર્ડરોની લાઈન લાગી જાય!

લાઈન લાગવી તો દૂર રહી, જો એકલ-દોકલ મનિ ઑર્ડર પણ નહીં આવે તો હું સમજી જઈશ કે હવાનું વહેણ કઈ તરફ છે. તો હું આલ્બમનો વિચાર માંડી વાળીશ. પરંતુ આમંત્રણ તો હૂબહૂ આ જ હશે. આ આમંત્રણ વાંચ્યા પછીયે જે ગણ્યા ગાંઠ્યા મિત્રો આવશે, એ જ હશે મારા સાચા સ્નેહી-સ્વજનો. એમને દિવ્ય ભોજન આપીશ ને કહીશ - ઓ મારા આત્મબંધુ! તમારે કોઈ આલ્બમ-ફાલ્બમ ખરીદવાનાં નથી. બસ ખાઓ, પીઓ અને મોજ કરો!

જો કોઈ રીતે આ વાત ફેલાઈ જાય કે આલ્બમ છપાણાં નથી, એ આપણે ખરીદવાં નહીં પડે (અને ભેટ લાવવાની મનાઈ છે) તો ભારે ભીડ એકઠી થઈ શકે છે! આ જ તો હું ચાહું છું. ચાહું છું કે આ ગલતફહેમીમાં વધુમાં વધુ લોકો આવે અને આવીને જુએ કે અહીં તો...

આગળનું વૃત્તાંત એક પત્રકારની કલમથી...

પત્રકાર : પાર્ટીમાં આવેલા મહેમાનોની તાજ્જુબીનો પાર ન રહ્યો, જ્યારે એમણે જોયું કે આલ્બમ તો ત્યાં વેચાણ માટે રાખેલાં હતાં! એમને પાકી સૂચના મળી હતી કે આલ્બમ નથી છપાયાં. આ ભ્રમણાને લીધે લોકોની જે ઠઠ જામી હતી અને ભારે ઉમંગ દેખાતો હતો, એ - હવે કંઈક ગભરાટમાં જણાય છે. વેગડજી બરોબર ઝાંપે ઊભા છે - પ્રકટમાં તો મહેમાનોનાં સ્વાગત માટે, પરંતુ ખરેખર તો એ સુનિશ્ચિત કરવા માટે કે કોઈ પણ આલ્બમ ખરીદ્યા વિના ચાલ્યો ન જાય. આથી એમનું ધ્યાન આવતા મહેમાનો પ્રત્યે ઓછું અને વિદાય લેતા મહેમાનો પ્રત્યે વધુ છે. એ યજમાન ઓછા ને પહેરો ભરતા પોલીસ જેવા વધારે લાગે છે. આવડી સખત નાકેબંધી હોવા છતાં કેટલાકે આલ્બમ ન જ ખરીદ્યાં. એમનું માનવું છે કે જે વસ્તુ ઉધાર મળી શકતી હોય, એ ખરીદવી નહીં.

કાઉંટર વેગડજીના પેલા દોસ્તોએ સંભાળી લીધું છે. જેઓ શરૂમાં એમને આ આંધળુકિયા માટે હતોત્સાહિત કરી રહ્યા હતા. એણે એટલે સુધી કહ્યું હતું કે તારો સૌથી મોટો દુશ્મન તું ખુદ છે. પરંતુ જ્યારે એમણે આલ્બમ છપાવી જ લીધું છે તો એમની મદદે ખડે પગે ઊભા છે ને પૂરી કોશિશ કરી રહ્યા છે કે વધુમાં વધુ વેચાણ થાય જેથી એમને ઓછામાં ઓછું નુકસાન જાય.

એક ખૂણે બે મિત્રો વચ્ચે બહુ દિલચસ્પ ચર્ચા ચાલી રહી હતી. ભરાઉ શરીરવાળો કહી રહ્યો હતો, 'વેગડજી, આપણે પૈસે પોતાનો શૉખ પૂરો કરી રહ્યા છે.' બીજાએ કહ્યું, 'હું આવું નથી વિચારતો, અને જો તું આવું વિચારતો હો તો તારે નહોતું આવવું. ઊલટું તું તો પત્ની અને ત્રણ બાળકોને લઈને આવ્યો છે. પાંચે જણ ઠાંસીને ખાવ ને મૂછે તાવ દેતા ચાલ્યા જાવ!'

પહેલો બે પળ માટે ચૂપ રહ્યો. પછી બોલ્યો, 'પરંતુ હું મૂછ નથી રાખતો. હું મૂછ પર તાવ શી રીતે દઈ શકું?' બીજાએ કહ્યું, 'મૂછો પર વળ દેવા માટે મૂછો જરૂરી નથી. આ એક પ્રતીકાત્મક ક્રિયા છે, વગર મૂછે પણ થઈ શકે. તેમ છતાં જો તારું મન ન માનતું હોય તો મારી મૂછ પર જ તાવ દઈ દે! તું મારાં છાપાં ને સામયિકો વાંચવા લઈ જાય છે, મારા ફોનનો ઉપયોગ કરે જ છે, આજે મારી મૂછનો વારો!'

ત્યાં જ ભીડનો એક રેલો આવ્યો ને આગળ શું થયું એ હું જોઈ ન શક્યો. કદાચ આ પાવન દૃશ્ય જોવાનું મારા નસીબમાં લખ્યું નહીં હોય.

વેગડજીએ ધાર્યું હતું કે આલ્બમ પર લોકો પડાપડી કરશે. પડાપડી થઈ જરૂર, પણ ખાદ્યસામગ્રી ઉપર, આલ્બમ ઉપર નહીં. મહેમાનોનો કેવો તે ફાલ ઊતર્યો હતો! પરંતુ એ મુજબ ફળ ન બેઠાં. ૩૦૦થી ય વધુ લોકો આવ્યાં હતાં પણ આલ્બમ ૧૩૦ જ વેચાણાં. કેટલાક ચતુર સુજાણ ઉધાર લઈ ગયા ને કહેતા ગયા કે પછી સમજી લેશું. તેઓ આલ્બમને હપ્તામાં ખરીદવા ઈચ્છતા હતા. વેગડજીને કાંઈ નહીં તોય ત્રીસ હજારનું નુકસાન થયું છે. મને એમના માટે અપાર દુઃખ છે. પરંતુ એમનાથી દૂર રહેવામાં જ મને ડહાપણ લાગ્યું. જો નજીક જાત તો મને જ કહેત - ભાઈ, તું જ મારાં બેપાંચ આલ્બમ વેચાવી દે! એમણે નર્મદાની પૂરી પરિક્રમા કરી ને હેમખેમ ઘેર આવી ગયા. આ આઘાતને તેઓ જીરવી શકશે કે કેમ એ કહેવું મુશ્કેલ છે. કદાચ એમનાં પત્ની કહી શકે.

કાન્તા : જ્યારે આલ્બમ છપાઈને આવ્યું હતું, ત્યારે એ એટલા તો ઉત્તેજિત હતા કે ઘરમાં ઊડાઊડ કરી રહ્યા હતા! એમની આંખોમાં નવી ચમક હતી. એમનો ઉલ્લાસ જોવા જેવો હતો. અને હવે એમનો વિષાદ જોયો નથી જતો. શરૂમાં જે આલ્બમ એમના માટે સુખનાં કારણ બન્યાં, એ જ હવે દારુણ દુઃખનાં નિમિત્ત બન્યાં છે. એમનો ઉત્સાહ ઓસરી ગયો છે. કોલાજ બનાવવા છોડી દીધાં છે. ઘેરથી બહાર નીકળતા કતરાય છે. વગર વેચાયેલાં આલ્બમોના ઘરમાં જે ગંજ ખડકાયા છે, એને ચૂપચાપ જોતા રહે છે ને ઝૂર્યા કરે છે. એક જ વાત એમના કાળજાને કોરી રહી છે - આ છીપર મેં છાતીએ ક્યાં બાંધી! આ આલ્બમ મારી પાંચ વરસની બચતને ખાઈ ગયું.

હું કહું છું, 'એક વાર તમે જ તો કહેતા હતા કે મારી કળા માટે હું મારા પ્રાણ પણ પાથરી શકું છું, અને હવે જરાક જેટલા નુકસાનમાં આવડો વલોપાત કરો છો? આટલી ખોટ આપણે ખમી શકીએ છીએ. આપણે ફના થઈ ગયાં, તેમ આપણી અર્થ-વ્યવસ્થા

પણ ચોપટ નથી થઈ ગઈ.' એ કહે છે, 'નુકસાનની વાત નથી. લોકોમાં બુક-કલ્ચર કેમ પેદા નથી થતું? લોકો પુસ્તકો ખરીદતાં કેમ નથી?' મેં કહ્યું, 'નથી ખરીદતાં તો શું એમનો જીવ લઈ લેશો? કે પોતાનો જીવ દઈ દેશો? શા માટે આવડો જીવ બાળી રહ્યા છો? આપણે જાણતાં જ હતાં કે આ થવાનું છે. આના પરિણામનું આપણને પૂર્વાનુમાન હતું. આપણે એક એવું નાટક જોઈ રહ્યાં હતાં, બલકે ભજવી રહ્યાં હતાં, જેના અંતની આપણને પહેલેથી જાણ હતી. જરા વિચારો, તમારાં આટલાં વર્ષોની હોંશ પૂરી થઈ, તમારાં કોલાજોને આલ્બમ રૂપે સ્થાયિત્વ મળ્યું, એ શું ઓછું છે? સમય આવ્યે બાકીનાં આલ્બમ પણ વેચાઈ જશે. જુઓ, બે વરસ પછી આપણાં લગ્નની ૫૦મી વર્ષગાંઠ આવશે. ત્યારે પણ આવું આયોજન થશે. થોડાં આલ્બમ ત્યારે વેચાશે. આકળા- ઉતાવળા ન થાવ. હિંમત રાખો. આશાવાદી બનો. આપણે ખોયું ઓછું ને મેળવ્યું વધુ છે.' પણ એ મારું સાંભળે તો ને!

એમનો સંતાપ જોયો નથી જતો. એ ન ખાય તો હું ખાઈ ન શકું. એ ન સૂએ તો હું સૂઈ ન શકું. એ બહાર ન જાય તો હું પણ ક્યાંય જવા ન ઇચ્છું. હે ભગવાન, મને સહારો આપ જેથી હું એમને ફરીથી ખુશખુશાલ જોઈ શકું.

પત્રકાર : આથીય વધુ ખરાબ સમાચાર આવવા તો હજી બાકી હતા. દિવસે તંદ્રામાં અને રાત્રે નિદ્રામાં વેગડજીને વગર વેચાયેલાં આલ્બમોના જ વિચાર આવતા રહ્યા. આ ભંગારને વેચવામાં તો આયખું વીતી જશે. આવા વિચારોએ આખરે એમને હૉસ્પિટલ ભેગા કરી દીધા. ઘાટો વધીને ચાલીસ હજારથીયે વધુનો થઈ ગયો.

ત્યાં જ અપ્રત્યાશિત ઘટના ઘટી. જો કે આજકાલ ભાગ્યની ચર્ચાને દકિયાનૂસી માનવામાં આવે છે, પણ જીવનમાં ભાગ્યની ભૂમિકા છે જરૂર. અચાનક વેગડજીને વિદેશથી એમના આલ્બમની ૧૫૦૦ નકલોનો ઑર્ડર મળ્યો! પહેલાં તો એમને પોતાની આ ખુશકિસ્મતી પર વિશ્વાસ ન બેઠો. પરંતુ પત્રનો પાંચ વાર પાઠ કર્યા બાદ એમને ખાતરી થઈ ગઈ કે આ સ્વપ્ન નથી પણ યથાર્થ છે. હારેલા જોદ્ધા જેવા વેગડજી ચમત્કારિક ઢંગથી સાજા થઈ ગયા. અવસાદની કાલિમા દૂર થઈ ને ખુશાલીની લાલિમા વેરાઈ. તાજી જાણકારી મુજબ એ હૉસ્પિટલથી સીધા મુંબઈ ચાલ્યા ગયા છે - પોતાના આલ્બમનો બીજો ભાગ છપાવવા માટે!

કાન્તા : આ ખુશખબર સાંભળીને હું પણ ઝૂમી ઊઠી. વેગડજીએ દુનિયાને બતાવી દીધું છે કે તેઓ સન્માન અને સરાહનાને યોગ્ય છે, માત્ર વૃદ્ધ પેન્શનર નથી. પરંતુ પ્રભુ! એમના ઉપર એટલી બધી કૃપા ન કરો કે એ બહેકી જાય! આ તો તમે એમને વધારે પડતા આશાવાદી બનાવી દીધા! ઘોર આશા અને ઘનઘોર નિરાશા - એમને આ બે અંતિમોની વચ્ચે રહેતાં શીખવાડો પ્રભુ!

વેગડ : મને તમારું કંઈ નથી સંભળાતું. અત્યારે હું સાતમા આસમાન પર છું! ❑

સાસરું

કરસનદાસ લુહાર

મહાત્મા ગાંધીજી જીવનમાં જેટલા ગંભીર હતા, એટલા જ હળવાફૂલ પણ હતા. રમૂજ કરવાનો કોઈ મોકો મળે તો જતો ન કરે. તેઓ કહેતા : 'હાસ્ય એ તો જીવનનું ટૉનિક છે.'

૧૯૪૦ની આસપાસનો સમય હશે. એ દિવસોમાં ગાંધીજી અને એમના સાથીદારોનો મુકામ સીતાપુર નામના ગામમાં હતો. એક દિવસ સૌ સાંજનું ભોજન લઈ રહ્યા હતા. બે પંગત પડેલી. એક પંગતમાં સરદાર વલ્લભભાઈ પટેલની પાસે બેસીને મૌલાના મહંમદઅલી જમતા હતા. તે દિવસે બાપુને એકટાણું હતું તેથી જમવા બેઠા ન હતા. પણ જમી રહેલા સૌને આગ્રહ કરવા ખાસ ભોજન-સ્થળે આવ્યા હતા. મૌલાના મહંમદઅલી સામે જોઈને બાપુએ સ્મિત કર્યું અને પછી બોલ્યા: 'મૌલાના, શરમાતા નહિ. બરાબર જમજો. આ તો તમારું સાસરું છે!'

મૌલાના મહંમદઅલી શરમાળ અને ઓછાબોલા હતા. તેઓ કશું બોલ્યા નહિ, પણ વિચારવા લાગ્યા : બાપુએ આમ કેમ કહ્યું હશે? મૌલાનાની મૂંઝવણ વલ્લભભાઈ કળી ગયા. મૌલાના વતી તેમણે જ પૂછી નાખ્યું : 'હેં બાપુ, અહીં વળી મૌલાનાનું સાસરું ક્યાંથી?'

બાપુ મરક મરક હસ્યા. પછી સામો પ્રશ્ન કર્યો : 'વલ્લભભાઈ, કહો આ ક્યું ગામ છે?'

'સીતાપુર, કેમ વળી?'

બાપુ ફરીથી મલકાયા અને કોળિયો મોંમા મૂકી રહેલા મૌલાના મહંમદઅલી સામે ફરીથી જોયું. મૌલાના ફરીથી મૂંઝાયા. બાપુએ તેમને પ્રશ્ન કર્યો : 'મૌલાના, તમારું ગામ ક્યું?'

'બાપુ, મારું ગામ રામપુર.' મૌલાના કોળિયો ચાવતા, ધીમેથી બોલ્યા. ને બાપુ ખડખડાટ હસી પડ્યા. છતાં મૌલાનાને કશું સમજાયું નહિ. વધારે મૂંઝાયા.

'જુઓ તમારું ગામ રામપુર ને આ ગામ છે સીતાપુર. થયું ને તમારું સાસરું!' બાપુની સ્પષ્ટતા સાંભળી સૌ ખડખડાટ હસવા લાગ્યા! મૌલાના, બાપુ સામે ક્યારેય હસતા નહિ, તેમની પૂરી આમન્યા જાળવતા. પણ આ વેળા હસવું ખાળી શક્યા નહિ.

પુસ્તક બનીને જીવો

— અશોક દવે —

ઘણાં લોકો આખું જીવન પુસ્તક બનીને જીવી નાખે છે. આપણને અઘરું પડે. પુસ્તકનાં પાને પાને કાંઈ ને કાંઈ લખાયું હોય છે અને પ્રત્યેક પુસ્તકનો આગ્રહ હોય છે કે, આપણે એ વાંચવું. જો કે, પુસ્તક ઊડીને આંખે વળગતું નથી, પણ આ રસિકો મળે ત્યારે આપણને આખા શરીરે વળગે છે કે, આપણે તેમને વાંચીએ. દાન-પુણ્યનો મહિમા આપણે યથાશક્તિ સ્વીકાર્યો હોવા છતાં એની આવી કિંમત ચૂકવવી પડે એ આપણને માન્ય હોતું નથી. એમનો પ્રચાર હોય છે કે, એ ખુલ્લી કિતાબ જેવા છે અને જ્યારે મળો ત્યારે એમને વાંચતા રહો તો સાક્ષર થવાશે. એવી શરૂઆત એમની હરેક પ્રસ્તાવનાથી થાય છે. 'હું માનું છું કે...' ત્યાંથી જ્ઞાનસત્રની શરૂઆત થાય અને એમની વાતના પહેલા પાને જ આપણને ખબર પડી જાય છે કે, એ જે માને છે એ તો એમનાં ઘરનુંય કોઈ માનતું નથી.

આપણે બાંધેલી વ્યાખ્યા મુજબ, સારું પુસ્તક સામાન્ય રીતે આપણે એને ગણતા હોઈએ છીએ જેના પહેલાં બે-ત્રણ પાનાં વાંચતાં ખયાલ આવી જાય કે આખું વાંચવાથી જ્ઞાન વધશે કે પસ્તી! આ ભાઈ એમની કથા શરૂ કરે એના પહેલા ફકરાથી પણ ભય વધવા માંડે છે કે હાલ પૂરતું તો, તેઓ જે માને છે એમાં આપણે સર્વથા સહમત છીએ, એવું કબૂલી લેવાનોય અર્થ નથી. તેઓ પોતાના વિશે 'આપણા કરતાંય' વધુ જાણે છે અને એ જણાવ્યા વિના રહેવાના નથી અને સરવાળે બન્નેના અજ્ઞાનની સજા આપણે એકલાએ ભોગવવાની છે.

જુલ્મ-ઓ-સિતમ વિશે અઢળક સાહિત્ય લખાયું છે, પણ એવું વાંચવાની આપણી રુચિ ન હોવાથી, 'મને કહોને પરમેશ્વર કેવા હશે' જેવી બાળ-સહજ જિજ્ઞાસા પરમેશ્વરના રુદ્ર સ્વરૂપે અહીં પૂરી થાય છે...! મુદ્રાથી ઊધઈ (**From Printing to Pest**) સુધીની આ યાત્રામાં પુસ્તકાવતારે પ્રકટ થયેલા સજ્જનોને જે ક્ષણોએ આપણે વાંચતા હોઈએ છીએ, તે ક્ષણોથી આપણને પરમેશ્વરનું સ્મરણ થાય છે, ખાસ કરીને ભગવાન સ્વામિનારાયણનું- એટલે કે, અક્ષરધામવાળા ભગવાન સ્વામિનારાયણનું! સ્વરૂપ સહેજ જુદું હશે પણ ત્યાંય આવો આતંક ચાલ્યો હતો કે નહિ? આ સ્મરણથી આપણને એ ખયાલ પણ આવે છે કે મરણિયો થયા પછી એક આતંકવાદી કેટલાને ભારે પડે છે, એની સાબિતી માટે કોઈ કવિને રૂબરૂ મળવું જરૂરી છે.

સમર્થ સાહિત્યકારો સામાન્ય રીતે, વિવેચકો, વાચકો અને શ્રોતાઓની પરવા કરતા નથી. આપણે જોઈને રસ્તે ઊભું રહી ગયેલું આ પુસ્તક પણ એના વિશે ભાવકોમાં કેવો મત બંધાશે એની ચિંતા કરતું નથી. મનુષ્ય મટીને 'પુસ્તકાવતાર' ધારણ કરવો, એ નિઃસંદેહ વિવેચક બનવા જેવું કઠિન કામ છે. મહાત્મા ગાંધી અને દાઉદ ઈબ્રાહિમ - આ બેની કક્ષાએ પહોંચનારા જ પોતાના વિશે પ્રજા શું માનશે, એની દુવિધા કરતા નથી. અલબત્ત, છેલ્લાં ઘણાં વર્ષોમાં આપણા કેટલાક મહાન કવિ-લેખકો આ બન્ને કક્ષાઓએ પહોંચેલા જોવા મળે છે. અલબત્ત, એમની આ બન્ને કક્ષાઓ સર્જક અને ભાવકે પોતાની સમજ, આવડત અને પડેલા મૂઢમાર મુજબ વહેંચી લેવાની હોય છે.

બહુ ઓછાને ખબર હશે કે આવા ભાવકો શ્રી શંકરાચાર્યના अंगम् गलितं पलितं मुण्डम् दशमविहिनम् जातम् तुन्डम् ના પવિત્ર આચરણને થોડા ફેરફાર સાથે વરેલા હોય છે. હાડ-માંસ ગળી જાય (આપણાં) ત્યાં સુધી આ નશ્વર આત્મકથાનો મોહ છૂટતો નથી.

કમાલ છે! આવાં કેટલાં પુસ્તકો આપણે વાંચવાં પડે છે? સારાં કપડાં અને મીઠી જબાન એટલે કે, એમની મુખપૃષ્ઠ સજાવટ મનભાવન હોય છે. એનો સાદો અર્થ એ થયો કે, મોટા ભાગનાં પુસ્તકોની જેમ મહીંનો માલ માથે પડવાનો છે, એવી શંકા હોવા છતાં એમના મુખ ઉપરનું પૃષ્ઠ (સરળ અનુવાદ મુજબ, પૂંઠા જેવું મોઢું) જોઈને છેતરાઈ જવાય છે. જેમ જેમ તેઓશ્રી પોતાના જીવનનું એક એક પ્રકરણ ખોલતા જાય છે તેમ તેમ ઘડિયાળની માફક આપણી નજર પાના નંબર ઉપર પડતી રહે છે પણ વહેલું પતતું નથી. અહીં તો દુર્યોધન આપણે હોઈએ અને દ્રૌપદીને શ્રી કૃષ્ણ ચીરને બદલે પાનાં પૂરતા હોય એવી શંકા થવા માંડે છે.

ગૌરવની વાત એ છે કે, સ્થળ અને કાળનાં બંધનો તેમને ચલિત કરી શકતાં નથી. (એમનાં સ્થળો અને આપણો કાળ). 'બોંઉતેરની સાલમાં હું મુંબાઈ ગીયો ઈ ગીયો... તે ઠેઠ પિંચોતેરમાં પાછો આઈવો. તીયાં બોરિવલીથી કાંદિવલી સુધી નનેકડું કૂતરું ય આપણો માન-મરતબો જાળવે... સું કિયો છો?'

આપણે નહિ લેવા કે નહિ દેવા છતાં આ ત્રણે વર્ષનું એક એક પ્રકરણ તેઓશ્રી એકેય છાપભૂલ વગર વાંચી એટલે કે બોલી સંભળાવે છે. જો કે, અસલી પુસ્તક વાંચવાનો એક ગેરફાયદો અહીં ઉપલબ્ધ નથી. કાગળનું બનેલું પુસ્તક વાંચતી વખતે આપણી પાસે કોઈ જવાબ માગતું નથી કે ન સમજાય તો સામા સવાલો પૂછતું નથી. જ્યારે અહીં તો સંવાદે સંવાદે સંવાદિતા સધાય છે. 'તીયાં ક્યાં ડાફરિયાં મારો છો...? આંઈ મારી વાતુંમાં ધિયાન આપો... સૂઉં સઈમજ્યા?'

દૈનિકોની માફક પુસ્તકોમાં ધારાવાહિક પદ્ધતિ હોતી નથી. હવે બાકીનું આજે ન વાંચવું હોય તો, કાલ પર છોડી શકાય છે.

એ આપણી મુનસફી. પણ આ કલાકારો તો જ્યારે મળે ત્યારે 'ગતાંકથી ચાલુ' ના ધોરણે તદ્દન તાજાં પ્રકરણો સાથે પ્રકટ થાય છે ને પહેલામાંથી માંડ છૂટીએ ત્યાં 'વધુ રસિક હપ્તો આવતા અંકે'ની સ્પેશ્યલ ઑફર સાથે 'અમારાં આગામી આકર્ષણો' સ્વરૂપે ફૂટી નીકળે છે.

એક માસણનું આમ પુસ્તક બની જવું તંદુરસ્તીની આગાહી નથી. (માનવજીવન માટે નહિ, સાહિત્યજગત માટે!) પુસ્તકો વચ્ચેથી કે ગમે ત્યાંથી ફાટી જતાં હોય છે. ખોવાઈ અને ખોતરાઈ જતાં હોય છે, આડે હાથે મુકાઈ જતાં હોય છે અને એક વાર કબાટમાં પુરાઈ ગયા પછીની મંઝિલ માળિયું હોય છે. વિશ્વનું શ્રેષ્ઠ સાહિત્ય માળિયે પડ્યું હોય છે. જ્યાં મોંપાસા, ઉમાશંકર કે પાસ્તરનાક એકબીજાની ઉપર પડ્યા હોય છે ને દાયકાઓના કારાવાસ પછી એમને આ યાતનામાંથી છોડાવવા કોઈ નવોદિત કે જૂનોદિત કવિ-લેખક આવતો નથી... ડાઘુ બનીને પસ્તીવાળો આવે છે. હવે તમે થોડું સ્મરણ કામે લગાડો તો યાદ આવશે કે, નનામી અને પસ્તી બન્નેના 'કાઢી જવામાં' ઝાઝો ફેર નથી હોતો. કાંઈ પાછું આવતું ન રહે, એ માટે બન્નેને સજ્જડબંબ - ટાઈટ બાંધવામાં આવે છે.

એમાં ય 'પસ્તીસ્થ' થયેલા વૃદ્ધ પુસ્તક માટે પરિવારજનોમાં શોકની નહિ, 'છૂટવાની' રાહત અનુભવાતી હોય છે. આવી લાગણી શૂન્યતા માનવજીવન માટે સારી કહેવાતી હશે, સાહિત્ય જગત માટે નહિ. મારા પહેલાં પણ ઘણા પશ્ચિમી લેખકો કહી ચૂક્યા છે કે સારું સાહિત્ય લખાતું નથી અને જેટલું લખાય છે એ કોઈ વાંચતું નથી. પ્રસ્તુત લેખ ભલે મેં લખ્યો છે, પણ વાંચ્યો તો મેં ય નથી.

પોતાના વિશે ઊંચો અભિપ્રાય બાંધવો અને મોટા મને પ્રજામાં વહેંચવો એને કાયદાની કે કોઈ પણ ભાષામાં Culpable homicide (સાપરાધ હત્યા) કહેવાતું નથી પરંતુ એવું જોવામાં જરૂર આવ્યું છે કે, જે મિત્રો આ મિત્રોનો શિકાર બને છે તેઓ લાંબા સમય સુધી ભાનમાં આવતા નથી અને 'મેં શું ભૂલ કરી...?' એના પશ્ચાત્તાપમાં સમાહો ખેંચી નાખે છે. કેટલાકે તો આવી ઘટના પછી માનસિક સ્વસ્થતા ગુમાવી હોવાનું પણ જાણકારોએ કબૂલ્યું છે. 'એ બોંત્તેરની કે છોંત્તેરની સાલમાં મુંબઈ ગયો એમાં મારો શું વાંક હતો?... મને શા માટે બોરવલી કે કાંદિવલીની ગલીઓમાં ફેરવ્યો?... અને એ ય અડધી કલાક સુધી?... આની પહેલાંય મળી ગયો ત્યારે વગર વાંકે મને, એણે '૬૬ની સાલમાં ધોરાજીની પ્રાથમિક શાળાનાં બાળકોને ઉપનિષદોની કેવી આધ્યાત્મિક વાતોમાં રસતરબોળ કર્યાં હતાં, એની સંભળાવીને મને પીટી નાખ્યો હતો. મેં કીધું, 'આપની વાતોનું તો પુસ્તક થાય એવું છે... શા માટે પ્રકાશિત કરતા નથી?' તો કહે, 'હું જ સ્વયં પુસ્તક છઉં ને...? મારું પાનેપાનું ઉઘાડશો, તો નોખુંનોખું જ્ઞાન મઈલશે, સુઉં હઈમજ્યા? એક વાર તો... ઊફ્, કઈ સાલ હતીઈઈઈ... ઠીક, યાદ આઈવું... સન સિત્તોતેરમાં મેં જ્યારે સાયકલની દુકાનની નોકરી છોઈડી, ઈ પછી---'

આ કૌશલ્યમાં તો ખુદ આપણે ય ઓછા હોતા નથી. યથા સમયે લાગ મળે આપણે પણ પુસ્તકાકારે પ્રકટ થતા હોઈએ છીએ. ક્યારેક તો આવો શિકાર શોધવા છટકું ગોઠવતા હોઈએ છીએ-જેવો ઘરાક. જિંદગીમાં આપણે ઘણું મેળવ્યું હોય છે અને એમાંનું કેટલુંક તો પ્રામાણિકતા અને જાતમહેનતથી મેળવ્યું હોય છે. પણ શું એ સિદ્ધિઓ જોવા દર વખતે સમાજ હાજર હતો? 'જંગલ મેં મોર નાચા કીસને દેખા?' કોઈ જાણતું નથી ને જીવ બળી જાય છે. આ વખતે નછૂટકે પુસ્તક બનવું પડે છે... જમાનો બનાવે છે, મજબૂર કરે છે. એક વાર ઉધરસે ચઢેલા એક અપરિચિત વડીલના બરડે મેં હાથ ફેરવ્યો હતો. હવે, શું આ ઘટના નાની કહેવાય? મારામાં માણસાઈનું પ્રકટ થવું અને વડીલના ખોંખારા બંધ થવા, એ સત્ય ઘટના ઘેર ઘેર ન પહોંચે અને નોંધમાં ન લેવાય તો કાલ ઊઠીને ક્યો યુવાન કોઈ વૃદ્ધની સેવા કરવા જવાનો છે? આવનારી પેઢી ઉપર કેવી છાપ પડશે? પુસ્તક નહીં તો છાપું બનીને ઘેર ઘેર હું જ પ્રજાને આ સંદેશો નહિ પહોંચાડું તો કોણ પેલો ખોંખારા ખા ખા કરતો ડોહો પહોંચાડવાનો છે? આપ મૂવા વગર સ્વર્ગે ન જવાય...! આપણા વિચારો અને આપણું જીવન નવી પ્રોડક્ટ્સ જેવા હોય છે. યોગ્ય માર્કેટિંગ ન કરો તો વેચાય કેવી રીતે? શું તમે નથી જાણતા કે મોટા ભાગની પ્રોડક્ટસ ઘરાકને બઝાડવાની હોય છે? અને આ વેચાણ તમે છરી-ચપ્પુ બનીને નહિ, પુસ્તક બનીને જ વાપરી શકો છો.

માણસો જ પુસ્તક બની જાય છે, એવું નથી, ક્યારેક પુસ્તકો પણ માણસવેડા કરતાં ઝડપાયાં છે. ઘણાં પુસ્તકોએ માણસોને માણસ બનાવ્યા છે... અને આવું પવિત્ર કામ ફક્ત માણસને જ આવડે છે...! ❑



ભગત નાના - ભાગવત મોટું (ઇન્દ્રદેવ આચાર્ય)

દુનિયા રંગરંગીલી

રિદ્ધિ દેસાઈ

(નીલેશ અને લીલા ઉદ્વિગ્ન વદને બગીચામાં બેઠાં છે.)

નીલુ!

હંઅ...

બધું ખતમ થઈ ગયું નહીં?

હજી કાંદા-મરચાંવાળી દાળ પડી છે ને! ખા, ડાર્લિંગ!

હું ખાવાની વાત નથી કરતો! આપણી મહોબતની વાત કરું છું. મારાં મમ્મી-પપ્પા પેલા ઊંટ જેવા બિરેનિયા સાથે મારું પાકું કરી રહ્યા છે. પણ હું એની જોડે લગ્ન કરીને બરબાદ થવા માગતી નથી, હું તો તારી જોડે...

લીલુ! મારેય બીજલ સાથે પરણીને ભવ બગાડવો નથી, મોરે તો તારી સાથે...

હાય રે! હવે શું કરીશું? આ જાલિમ જમાનો આપણને ક્યારેય મળવા નહીં દે, નીલેશ!

હા લીલુ, લોકો આપણા પવિત્ર પ્રેમ પર કીચડ ઊછાળ્યાં કરશે એના કરતાં બહેતર છે કે આપણે માટીમાં મળી જઈએ!

ઓહ, નો નીલુ! માટીમાં ઘણા જર્મ્સ (જંતુઓ) હોય છે...

ઓફ્ફો ડીઅર! તું રહી સાયન્સ સ્ટુડન્ટ! આ તો એક રૂઢિપ્રયોગ છે. માટીમાં મળી જવું એટલે મોતને ભેટવું, સમજી?

હા નીલેશ, હવે તો એકમાત્ર રસ્તો છે... આપણે પ્રેમની રાહમાં ફના થઈ જઈએ!

તો ચાલ લીલે! કાળી પહાડી પર જઈને ખીણમાં ઝંપલાવીએ! બિલકુલ ચક્રવાકમિથુનની પેઠે...

હેં! મિથુન ચક્રવર્તી નામ સાંભળ્યું છે, પણ આ મિથુન ચક્રવાક કોણ છે?

મિથુન ચક્રવાક નહીં, ચક્રવાક-મિથુન! પણ રહેવા દે, અત્યારે એ સમજાવવાનો વખત નથી. આપણા ચિરમિલનની અર્થાત્ મોતની વેળા સરી જાય છે...

હા, ચાલ વહાલા!

(નીલેશ અને લીલા ભારે હૈયે કાળી પહાડી પર જાય છે.)

લીલે!

શિલા કેટલી કાળી છે, નહીં?

હેં! આ શિલાડી કોણ છે?

આપણે જેના પર બેઠાં છીએ તે!

ઓહ... હા, હા, નીલેશ, બિલકુલ આપણા ફ્યુચર જેવી! લીલી! મને તો ચોતરફ અંધકાર જ અંધકાર દેખાય છે. તને?

મને પણ ડીઅર! પણ હા, ત્યાં ડાબી તરફ રોડ પર પાણી-પૂરીવાળાની રેંકડી દેખાય છે, નીલુ! મેં સાંભળ્યું છે કે સ્વર્ગમાં પાણી-પૂરી મળતી નથી...

હા, નર્કમાં પણ!

છેલ્લી વાર મોં જરાક તીખું કરી આવીએ? પ્લીઈઈઝ...!

ઓ. કે.! ચાલ, પ્રિયે...

(બંને જણ પાણીપૂરી ખાઈને પાછાં પહાડી પર આવે છે.)

જાનેમન! પાણીપૂરી કેવી લાગી?

આ જાલિમ દુનિયા જેવી! પેટમાં આગ લગાડી ગઈ...

દુનિયાને ઠોકર માર, યાર!

(નીલેશ એક પથ્થરને ઠોકર મારવાની ચેષ્ટા કરે છે.)

આઉચ! મારા બૂટ... બૂટનો સોલ ગયો! ડીઅર, આપણે ખીણમાં પદયાત્રા નથી કરવાની, કૂદવાનું છું!

આઈ નો, જાન. પણ મેં સાંભળ્યું છે કે મૃત્યુ બાદ ઉપર પરીઓ આપણું સ્વાગત કરવા ઊભી હોય છે. ત્યાં હું ફાટેલા સોલવાળા બૂટ પહેરીને જાઉં તો મારી આબરૂ ના જાય?

તો હવે?

અહીંના બજારમાં ફાટા શૂઝનો નવો શોરૂમ ખૂલ્યો છે. ઈફ યુ ડૉન્ટ માઈન્ડ...

ઓહ... આઈ ડૉન્ટ માઈન્ડ, યાર!

(બંને નવા બૂટ લઈને પુનઃ પહાડી પર આવે છે.)

ચાલ વહાલા, હવે સમય થઈ ગયો છે... આપણે એક થઈ જઈએ.

હેં? અહીં પહાડી પર? જાહેરમાં?

મારા ભોળા સાજન, હું કાયમ માટે એક થઈ જવાની એટલે કે મોતને ભેટવાની વાત કરું છું.

ઓહો... હા, હા, હવે મરીએ... મરીશું જ! પણ એ પહેલાં એક સુસાઈડ-નોટ થઈ જાય?

સુસાઈડ નોટ?

મારી ભોળુડી, હિન્દી ફિલ્મો જોવામાં ને જોવામાં તો તારે કૉલેજમાં ત્રણ ત્રણ ટ્રાયલો આપવી પડેલી, તો ય ખબર નથી કે સુસાઈડ-નોટ એટલે શું? ક્યા ક્યા પાજીઓને કારણે આપણે આત્મહત્યા કરી રહ્યાં છીએ એની કાચી ચિઠ્ઠી... સમજી?

હા વહાલા, એમાં પહેલું નામ લખ ચોસઠ ઈન વન જોગણી એવી તારી મમ્મીનું!

યસ ડીઅર, તારા નરાધમ પપ્પાનું અને ગુંડા, મવાલી જેવા ભાઈનું પણ લખીશ...

જો જે હોં! તારી ભટકું ભ્રમણસુંદરી મામીનું નામ લખવાનું ભૂલતો નહીં! એ ભટકતી ભામાએ આપણને ઘણી વાર સાથે

જોયેલાં ને પછી તારા બાપુજી સમક્ષ આપણી ચુગલી કરી હતી...

હા, પ્રિયે! તારા બદચલન બનેવીનો પણ અચૂક ઉલ્લેખ કરીશ! ખબર છે ને... તે દિવસે થીએટરમાં આપણને ઝડપી પાડેલાં... એની સાથે એક ફટકી પણ હતી, યાદ છે ને?

બસ હવે! બહુ થયું, ચિઠ્ઠી વાંચ.

આ પત્ર લખનાર અમો નીલેશકુમાર અને કુ. લીલાવતી જીવના સોગન ખાઈને કહીએ છીએ કે અમે એકમેકને જીવથીય વધુ ચાહીએ છીએ, પણ અમારા જીવનાં દુશ્મન બનેલાં હૈયાસૂનાં સંબંધીઓ અમારો જીવ લેવા બેઠાં હોય એમ અમને સાથે જીવવા દેતાં નથી. અમે એકમેક વિના જીવી શકતાં ન હોવાથી જીવ આપી દઈએ છીએ.

લિ.
જીવનના અડધે રસ્તે જીવન
ટૂંકાવી નાખનાર મળેલા જીવ-
નીલેશ અને લીલા

ચિઠ્ઠી તો થઈ ગઈ. હવે શું કરીશું ડીઅર? કરવાનું શું હોય? હવે તો ધ્યેય કહો કે મંઝિલ, બસ એક જ! મોત...

હા નીલેશ, આપણો આખરી પડાવ... તો પડ! પડ?

હા, ખીણમાં કૂદી પડ!

હેં, ખીણમાં? પણ એક મિનિટ... અરે હા, તને આખરી આલિંગન આપવું તો રહી જ ગયું! આ પ્રિયે. (નીલેશની જર્સી સૂંઘતાં) વાઉ! કેટલું સરસ પરફ્યુમ છે... કયું છે?

સેઈન્ટ લુઈ! ઓરિજિનલ ફ્રેન્ચ પરફ્યુમ છે! કેવું લાગ્યું?

વન્ડરફૂલ!

તું કલાક રોકાતી હોય તો ઘેર જઈને લઈ આવું... ના નીલેશ ના! મર્યા પછી આમેય લોકો આપણી ઉપર પરફ્યુમ છાંટવાના જ છે ને! હવે તો બધું પતી ગયું. હવે માયા કેવી? લે! બધું પત્યું ક્યાં છે? હજી તો તને ધારીને જોઈ પણ નથી! લીલુ...

હંઅ...

તું કેટલી સુંદર છે એની તને ખબર છે?

હંઅ... ગઈ કાલે મનિયો પણ કહેતો'તો. વહાલી, આ તારો ગુલાબ જેવો રૂપાળો ચહેરો...

હંઅ...

ને બીજી બાજુ આ ખીણના અણિયાળા પથ્થરો! તું નીચે પડીશ તો તારો આ સુંદર ચહેરો ખોચડાઈને સાવ કદરૂપો થઈ જશે!

તો પછી એમ કર, તું એકલો જ પડ!

હેં? ના ના, એવું તે હોય? જ્યાં તું ત્યાં હું...

તો પછી ઝંપલાવ!

હા, પણ છેલ્લી વાર આ હરીભરી વસુંધરાને જોઈ લેવા દે. વાહ! કેવી મનભર હરિયાળી... છલછલ વહેતી નદી... ભૂરું સ્વચ્છ આકાશ અને હા, લીલુ! ઉપર હંસલા ઊડે છે એ તો જો!

એ હંસલા નથી, ગીધડા છે! આપણી રાહ જોઈને ચક્કર મારી રહ્યા છે. ભૂખ્યાંનું ભોજન બન, ચાલ પડ!

હંઅ... હું.. હું... હું... પડું છું... પણ પહેલાં તું પડ!

અહં! પહેલાં તું!

નો! લેડીઝ ફર્સ્ટ!

ના નીલેશ ના! નાયક તો સદૈવ નાયિકા કરતાં અગ્રક્રમે જ રહેતો આવ્યો છે અને એ જ ભારતીય સંસ્કૃતિની પરંપરા છે.

હવે એવું કાંઈ રહ્યું નથી પ્યારી, આ તો સ્ત્રી-સ્વાતંત્ર્યનો નવયુગ છે. આ એ જ ભૂમિ છે જ્યાં બેગમ રઝિયા, લક્ષ્મીબાઈ, ઇન્દિરાજી અને ફૂલને જન્મ લીધો હતો. તો હે નારીશક્તિ! યા હોમ કરીને પડો!

નહીં, પ્રાણવલ્લભ, નહીં! પુરુષોના જીવતેજીવતાં સ્ત્રી અધિકારિણી બને તો આર્યનારીની છબિનું શું? આપ જ પ્રથમ ખીણગામી થાઓ, આર્યવર!

ના સહચરી! હું પ્રથમ પડવાનો લહાવો લઈ લઉં તો મારું સ્ત્રી-દાક્ષિણ્ય લજવાય નહીં? મને એક વાત કહે પ્રિયે, આપણા બેમાં વધુ ઈન્ટેલિજન્ટ કોણ?

આપણે બંને!

તો પછી બંને સાથે જ પડીએ! હું દસ ગણું છું. એક... બે... ત્રણ... ત્રણ... ચાર... ચાર... ચાર... ચાર... હાય રે! ચાર બોલ્યો ને એક હૃદયવિદારક યાદ આવી ગઈ... કહું પ્રિયે?

હા, બોલ ને! તારા મોઢે ગળણું થોડું બંધાય? યાર, એક ચોથી ઑગસ્ટે મારી વર્ષગાંઠ હતી. પપ્પાનો પગાર તો ઠેઠ બારમીએ થાય. વળી એ દિવસોમાં એન્ટિકરપ્શન ડિપાર્ટમેન્ટવાળાનોય જબ્બર ત્રાસ એટલે ઉપરની આવક પણ નહીં! પરંતુ પપ્પાજીનાં અરમાન હતાં કે લાડકા દીકરાનો જન્મદિવસ ધામધૂમથી ઊજવવો...

પછી?

પછી શું! કોઈ દિવસ પત્તાં પણ નહીં રમેલા એવા મારા પવિત્ર પપ્પા લાલચના અખાડા સમા રેસના મેદાનમાં ગયા અને બચી-કૂચી રકમ 'જંગલી ગધેડી' નામની એક ઘોડી પર લગાવી દીધી. પણ બદકિસ્મતીએ પાસે હતું એ ય ગુમાવી બેઠા. આખરે મારે માટે એમણે સિંહણની ગુફામાં હાથ નાખ્યો...

સિંહણની ગુફામાં?

હા, મારી મમ્મીની ચાર-ચાર બંગડીઓ વેચી નાખી. મારી સિંહ-સુતિકા મમ્મીની બંગડીઓ વેચવી એટલે શું કહેવાય એ તું નહીં સમજે. એમ જ સમજ કે મારો જન્મદિવસ મનાવવા પપ્પાજીએ જીવસટોસટનો જંગ ખેલેલો!

નીલેશ!

હંઅ...

એક વાર મારી મમ્મીએ પણ મારે ખાતર બહુ મોટું બલિદાન આપેલું. એક વાર મને ભયંકર ટોઇફૉઇડ થઈ ગયો હતો. બધા ડૉક્ટરોએ હાથ ઊંચા કરી દીધેલા. શહેરના સૌથી મોટા ડૉક્ટરે પણ કહી દીધું કે હવે તો ભગવાન જે કરે તે ખરું... બસ! એ જ પળે મારી માતા ભગવાનના મંદિરમાં ગઈ. ખાસ્સો અડધો કલાક છાતીફાટ રુદન કર્યાં બાદ પ્રભુ સમક્ષ બે હાથ જોડ્યા ને હથેળી વચ્ચે રાખેલું પંઢરપુરી તમાકુનું પડીકું ભગવાનનાં ચરણોમાં નાખતાં તે બોલી : હે જગન્નિયંતા! હે પરમકૃપાળુ! મારી છોકરી જીવી જશે તો જીવનભર તમાકુનું મોં નહીં જોઉં! આ રીતે મમ્મીએ તમાકુ-ત્યજન વ્રત લીધું ને અઠવાડિયામાં તો હું સાજી થઈ ગઈ. હજુ આજેય મારી મમ્મી બિચારી તમાકુને બદલે છીંકણીથી કામ ચલાવે છે!

ડાર્લિંગ, મને લાગે છે કે તારી મમ્મી અને મારા પપ્પા બંને સરખાં મહાન છે. આ રીતે જો આપણે મરીશું તો માતૃઋણ અને પિતૃઋણનું શું?

હા નીલેશ! મા-બાપ કદાપિ સંતાનનું બૂરું ન ઈચ્છે. મારા પપ્પાએ પસંદ કરેલો બિરેન લાંબો ખરો પણ એની આવક પણ એવી જ! વળી, એની મા ત્રણ વર્ષ પહેલાં જ સવેળા સ્વર્ગે સિધાવી ગઈ... અને... બિરેનનો સ્વભાવ એટલો નરમ કે ગામ આખું એને 'બટાટાવડું' કહીને ખીજવે છે. એક સ્ત્રીને આનાથી વિશેષ તો બીજું શું જોઈએ?

દોસ્ત, બીજલ પણ આમ તો રૂપનો કટકો! એક સો વીસના ખૂણેથી પૂજા ભટ્ટ જેવી લાગે ને પાછું મોંમાં રાજમા ભર્યાં હોય એટલું ઓછું બોલે. ગોટા ફક્કડ બનાવે અને દહેજ પણ... યુ નો!

તો હવે?

આપણે બંને ભારતીય આર્ય-નાગરિક આપણાં પૂજનીય માતા-પિતાને ખાતર આપણી આત્મહત્યાનું બલિદાન આપી દઈએ તો? આપનું કહેવું શું છે, મૅડમ?

હા, નીલેશસાહેબ, એમાં જ આર્ય-સંસ્કૃતિનાં આદર્શ સંતાન તરીકેનું આપણું ગૌરવ છે. એમાં જ આપણા સંસ્કાર છે.

અરરર... આપણે અજાણતાં કેવો ગુનો કરવા જતાં હતાં નહીં, લીલાજી?

હા, આપ સત્ય વદો છો, નીલેશજી! મારા ખયાલથી હવે આપણે છૂટાં પડવું જોઈએ...

ત્યાં બહારથી ટૅક્સી કરી લઈએ, લીલાદેવી? જી હા. કિન્તુ અલગ અલગ! હવે આપણે બંને બીજાં કોઈની અમાનત છીએ... ખરું ને ભાઈસાહેબ? હા બહેન! સો એ સો ટકા!

આવજો, ભાઈ!

આવજો, બહેન! ❑

જાદુઈ ચોરસ

કિશોર ન. ગોરધનદાસ

૧૦૧	૧૧૭	૧૨૭	૧૨૩	૬૦	૬૭	૧૦૩	૯૩	૧૦૯
૬૧	૧૨૫	૧૧૩	૧૦૪	[illegible]	૧૩૬	૧૩૭	૮૫	૬૯
૭૧	૬૫	૧૩૮	[illegible]	૮૦	[illegible]	૧૨૨	૧૦૫	૭૯
૧૧૧	૬૬	[illegible]	૮૨	[illegible]	૯૮	[illegible]	૧૧૪	૧૧૯
૧૩૨	[illegible]	૧૧૬	[illegible]	૧૦૦	[illegible]	૮૪	[illegible]	૬૮
૮૧	૮૬	[illegible]	૧૦૨	[illegible]	૧૧૮	[illegible]	૧૩૪	૮૯
૧૨૧	૯૫	૭૮	[illegible]	૧૨૦	[illegible]	૬૨	૧૩૫	૧૨૯
૧૩૧	૧૧૫	૬૩	૬૪	૧૩૦	૯૬	૮૭	૭૫	૧૩૯
૯૧	૧૦૭	૯૭	૧૩૩	૧૪૦	૭૭	૭૩	૮૩	૯૯

જાદુઈ ચોરસ ૯ x ૯ = ૮૧ ખાનાંનો જાદુઈ સરવાળો.

(૧) મુખ્ય ૯ x ૯ = ૮૧ ખાનાં = ૯૦૦

કુમારનો સળંગ અંક નંબર ૯૦૦.

(૨) વર્તુળમાંના દોરેલા આંકડાઓથી થતો ૫ x ૫ = ૨૫ ખાનાંનો જાદુઈ ચોરસ - જાદુઈ સરવાળો = ૫૦૦

(૩) ઘાટાં ખાનાંવાળા ચોરસ ૪ x ૪ = ૧૬ ખાનાંથી થતા ચોરસનો જાદુઈ સરવાળો = ૪૦૦

આ ઉપરાંત નાનીમોટી ખાસિયતો આ ૯ x ૯ = ૮૧ ખાનાંના જાદુઈ ચોરસમાં જોવા મળશે. જેમ કે...

મધ્યસ્થ નંબર = ૧૦૦, વત્તા ચાર ખૂણાઓના આંકડાઓ = ૪૦૦ વગેરે.

એકાએક પતિદેવ આનંદથી બોલી ઊઠ્યા : 'જોયું, ચોથી પંચવર્ષીય યોજનાથી બેવડો લાભ થશે.'

'હાય, હાય!' પત્ની ચિંતાભર્યા સ્વરે બોલી ઊઠી.

'કેમ! બેવડા લાભથી શું નુકસાન થવાનું છે?'

'...ત્રીજી પંચવર્ષીય યોજનામાં આ લાઈટ દિવસમાં દસ વખત ચાલી જાય છે, તો શું ચોથી પંચવર્ષીય યોજનામાં લાઈટ વીસ વખત જશે?'

સાહિત્યનો સાક્ષા'તા'કાર

—વાલ્મીક મહેતા—

ભલે આજના સાહિત્યકારો, વીર નર્મદ, કવિ દયારામ કે ગો.મા.ત્રિ. જેવી માથે પાઘડી પહેરતા નથી, છતાં એમનાં માથાં ઉપર 'હું કંઈક છું'-નો ભાર-'દશાનન'ના દસ મુગટના વજન જેટલો હોય છે. અન્યથા... સાહિત્યકાર તો, એક રસિક જીવડો હોય છે. કૉલેજ-કાળથી જ સાહિત્યના પીયૂષ પી... પીને..., એને 'હેવી-ડાયબીટીઝ' અને 'હાઈ-બ્લડ-કૉલેસ્ટરોલ' હોય છે. 'ડાયાબીટિક' વ્યક્તિને ગળી-ચીજો ભાવે બહુ...., પણ એ તો 'ગળ્યો' ના હોય... એવું જ સાહિત્યકારનું સમજવું! આવું તારણ કાઢવાનું મને, આમ તો ના ગમે, છતાં... આ અભિપ્રાય ધરાવું છે, કારણ કે હું આજથી બાર વર્ષ અગાઉ 'સાહિત્યકાર' નહોતો.. અને આજે ગણનાપાત્ર સાહિત્યસેવી છું!... એટલે કે બન્ને પરિસ્થિતિઓમાંથી પસાર થયેલો છું.

હું કૉલેજમાં 'જનરલ સેક્રેટરી' હતો, ત્યારે એક જાદૂગર શર્માજીને, જાદૂનો કાર્યક્રમ આપવા બોલાવી લાવ્યો હતો. જાદૂના ખેલ જોઈ હું દિગ્મૂઢ થઈ ગયો...! બાળકની જેમ... આ જાદૂગરમાં મને – 'કોઈ દૈવી માયાવી શક્તિ હશે...' – એવો અહોભાવ થઈ ગયો હતો! પણ પછી એ જાદૂગર શર્માજી સાથે... ધીમે ધીમે ઘનિષ્ઠતા બંધાઈ... એમના 'ઈલમ'ની પાછળનાં બધાં રહસ્યો, એમણે દોસ્તીમાં જ્યારે ખુલ્લાં કરી દીધાં, ત્યાર પછી... મને એ જાદૂગર... મારા જેવો સામાન્ય... ભૂમિ પર પગ ચોંટાડીને ચાલતો... મનુષ્ય જ છે... એવો 'સાક્ષાત્કાર' થયો હતો!

હું જ્યારે માત્ર... વાચક-ઉપભોક્તા જ હતો ત્યારે હર કોઈ સાહિત્યકારના માથા પાછળ મને... 'તેજવર્તુળ'નો આભાસ થતો..., હવે જ્યારે હું ખુદ... લેખક કહેવાઉં છું, ત્યારે... આયના સામે ઊભા રહી... પેલું 'તેજવર્તુળ'... મારા માથા પાછળ જોવા-ચકાસવા પ્રયત્ન કરું છું, ત્યારે એવી કોઈ આકૃતિ નજરે ચઢતી નથી...! કદાચ પોતાનું 'તેજવર્તુળ', પોતાને નહિ દેખાતું હોય...! પણ ના...! મને હવે... કોઈ સાહિત્યકારના માથા પાછળ... પેલું ઝગમગ... ઝગમગ થતું... જગત્-વંદ્ય-તેજવર્તુળ દેખાતું નથી...!!

સહેજે વિચાર આવે કે, 'સાહિત્યકાર'નાં એવાં તે... ક્યાં રહસ્યો હતાં કે જે ઊઘડી ગયાં?! અને એ રહસ્યસ્ફોટ થયા પછી... એટલે કે... કલ્લાઈ ઊતરી ગયા પછી... એ વાસણ તાંબાનું નીકળ્યું... પિત્તળિયું નીકળ્યું... કાંસાનું... કે કથીરનું નીકળ્યું, એ જાણવાનું કુતૂહલ ઘણાંને થાય... પણ... પણ... એવું પત્રકારિત્વ ફિલ્મી-આલમની જાણીતી હસ્તીઓ માટે થાય છે, સારસ્વતો માટે થાય?!... ના થાય... ના થાય. વ્યક્તિગતપણે કશું ના લખાય...!

ફિલ્મ-ઇન્ડસ્ટ્રિની જાનીમાની હસ્તીઓની પરદાનશીન 'વાક્યા'ને બેનકાબ કરવી... એ ફિલ્મી-પત્રકારિત્વની એક પસંદીદા હરકત રહી છે, પણ સાહિત્યકારોના અંગત જીવન વિશે કશું જ લખાતું નથી. સાહિત્યકાર... આમ જોવા જાઓ તો... બિચારો, કથાનકો અને ગીતોનો લેખક... કવિ..., પેલી દૃશ્ય-શ્રાવ્ય સૃષ્ટિનો મૂળગામી... સાચો સર્જક છે... પણ એ સ્વપ્નોના કિલ્લા... માત્ર કાગળ ઉપર ચીતરેલા પડી રહે છે... જ્યારે ભજવાય છે, ત્યારે સ્વપ્નોની દુનિયામાં જાન આવે છે! સાહિત્યકાર... એણે સર્જેલાં પાત્રોને સજીવ થયેલાં જુએ છે... પણ ખુરશીમાં બેઠાબેઠ... ભીષ્મ-પિતામહ જેને નિર્મોહી રહીને...! ઘણી નવલકથાઓમાં લેખક જ... નાયકના પાત્રમાં..., પોતે જે કાયાપ્રવેશ કરી બોલતો હોય છે... છતાં જ્યારે એનું નાટક ભજવાય... કે ફિલ્મ બને, ત્યારે લેખકને 'હીરો'નો પાર્ટ ભજવવાનું... આમંત્રણ નથી મળતું! આ બહુ દુઃખદ પરિસ્થિતિ છે. 'નાયક'ના પાત્ર માટે... લેખક, કદાચ ઘરડો પડે... તેથી શું!..., સંવેદનો તો એણે પોતે અનુભવ્યાં હોય...! કેવું આબેહૂબ કામ કરી શકે!... નિર્દેશનની જરૂર જ ના પડે! આંખોમાં 'ગ્લિસરીનનાં ટીપાં' પડાવ્યાં વિના ધોધમાર અશ્રુ વહાવી શકે!

થોડા અપવાદો બાદ કરતાં, મોટા ભાગના કવિ-લેખકોએ 'કૉલેજ' કરી હોય છે... એટલે કે 'સ્નાતક', 'અનુસ્નાતક' થયેલા હોય છે. જ્યાં સાહિત્યનાં બીજરૂપ સૌન્દર્યપ્રેમ... આકર્ષણ અને સંવેદનાઓ, ભીના-પોટલે બંધાયેલા લીલા-લીલા મગની જેમ ફણગી ઊઠતી હોય છે... તે છે - આપણાં વિદ્યાધામો - 'કૉલેજો'...! અહીં કૉલેજોમાં 'નૈમિષારણ્ય' જેવું નિર્ભીત વાતાવરણ હોય છે. વૃક્ષો નીચે... વેરવિખેર ઝૂકી પડેલી લતિકાઓ જેવી... યુવતીઓ, અંગો થરકાવતી... થથરાવતી ઊભી હોય છે...! થોડે દૂર... ઋષિકુમારો, કળાયેલ મોરલાની જેમ નર્તન્તા... દશદિશે ગોળ-ગોળ ફાંફાં મારતા ટહુકા કરે છે...! આ રમ્ય વાતાવરણમાં... 'પ્રાધ્યાપકો' સાવ કંઈ... કણ્વ ઋષિ જેવા કૃશ નથી હોતા... કે શરીરે રખિયા ચોળી... નાક પકડી પ્રાણાયમ કરતા બેસી રહ્યા હોય! પ્રાધ્યાપકો... શિષ્યગણના સમૂહવર્ગનાં પ્રવચનોમાં જેટલા ખીલી ઊઠે છે, તેનાથી વધુ પુલકિત તો ખાસ વિદ્યા-વિશારદ ગણની હાજરીમાં જોવા મળે છે. શિષ્યગણના મુખેથી 'સર... સર...!' સ્રવ્યા કરે, તેમતેમ..., ગુરુઓની દૃષ્ટિ પણ, જ્ઞાનના અગોચર ખૂણાઓનું રસશોધન કરતાં કરતાં આકળવિકળ બ્હાવરી બને છે... અને ક્યારેક પુસ્તકિયા પાઠને પરહરી... અપૂર્વ સર્જકતાવાળા મૌલિક શ્લોકોનું ગુરુઓ ગાન કરે છે! આમ, પ્રાધ્યાપકોમાં

સ્વતંત્ર-સાહિત્ય રચવાની પીઠિકા બંધાય છે. સહુ પહેલાં કાવ્યો સ્ફૂરે છે..., કારણ કે જમીન બહુ-ઉગાઉ... વગડાઉ હોય છે, હવા... માદક ભીની-ભીની...!! માટે તો... કવિની કારકિર્દીનો સહુપ્રથમનો ફાલ... શૃંગારથી લથપથ હોય છે...! પછી સમયાંતરે... જોઈએ, શું થાય છે...!

'ફિલ્મ-ઈન્ડસ્ટ્રિ'ના અદાકારોનાં અંગત જીવનની 'વાક્યા'માં (બનાવ... સમાચાર) irrespective of Age... દિલ ધડકાવનારી હલચલ હોય છે... માટે લોકોનાં મનમાં તેનું કુતૂહલ જાગે છે. સાહિત્યકારની કૃતિઓના પ્રત્યક્ષ આલાપ પણ, પ્રલાપ નીવડે છે, કારણ કે એ માત્ર Narrator - નિવેદક બની રજૂ થાય છે...! કોઈ કવિ... ક્વચિત્ પોતાની કેફિયત દર્દીલી-ગઝલમાં... સ્વમુખે રડી-સંભળાવે 'લાલ-લગામવાળી ઘોડી' છે... આજન્મ યુવાન ઈશ્કબાજ છે, એમ સમજી અભિવાદન કરે છે! મશ્કરીખોર હસે છે... અરે રે!

જેમ ઈયળ-ભમરી અને પતંગિયાના જીવનનાં રૂપાંતરનો અદ્ભુત... અકલ્પ્ય... અસાધારણ ઘટનાક્રમ છે... તેવી જ સાહિત્યકારના પ્રેમજીવનની કરુણાંતિકા હોય છે!

(૧) કવિ, ક્યારેક... એની હૃદયેશ્વરી... સ્વપ્નમાં સેવેલી પ્રેમિકાના કરસંપુટમાં... કે એની પથારીના ઓશીકા નીચે, પોતાની કવિતાની ચબરખી મૂકી દેવામાં સફળ થાય છે ખરો...! પછી જવાબ મળે છે..., 'મને તમારાં કાવ્યો બહુ જ... બહુ જ... એટલે કે બહુઉઉ જ ગમે છે...! લખતા રહેજો... હોં કે...! મારાં લગ્ન પછી... હું અને મારા મિસ્ટર, અમારા ખર્ચે તમારો 'કાવ્યસંગ્રહ' 'પબ્લિશ' કરાવીશું.'!!! આવું પાત્ર પણ ના મળતાં, 'વાલ્મીક' મહેતાનો કાવ્યસંગ્રહ... આજ લગી 'પ્રકાશ્ય-અપ્રકાશિત' રવડી રહ્યો છે.!

(૨) ઉમંગી... તરંગી... ઊભરાતા નવા કવિની કવિતા, ભલે આમલોકોને સમજાય - ન સમજાય..., પણ કોઈ સહૃદયી અવલોકનકારને, સૂક્ષ્મદર્શક 'સ્પેક્ટેકલ્સ'ની મદદથી, એમાં 'પ્રેમની ઊર્મિઓનાં જંતુ' નજરે ચઢે..., જોઈ-તપાસી 'પ્રેમરોગ'નું નિદાન કરે, પછી તરત જ એ યુવાન કવિને એનાં મા-બાપ ઘાંટા કાઢી ક્યાંક પરણાવી દે! તેઓ સુખી-લગ્નજીવન માટે 'કવિતાને'... વિઘાતક ઉપદ્રવ માને છે.!

(૩) પછી જ્યારે સાહિત્યકાર 'પાંચ માણસમાં પુછાતો' થાય છે ત્યારે, ઘરમાં એક અવાજ... પડઘાયા કરે છે..., 'આ... એમને ટૅમ-કટૅમનું ક્યાં ભાન જ છે!... ઉજાગરા ચેટલા કરે છે...! પરમ-દહાડે, 'કલોલ' ભાષણ કરવા જવાનું હતું, 'ટિકિટ'તો સામાવાળાએ કઢાઈ આલી'તી..., મફત જવાનું હતું, મફત આબ્વાનું'તું, ... પણ 'એવા એ'... ગાડીમેં ઝોકે ચઢી જ્યા...! ઠેઠ... ઠેઠ 'સિદ્ધપુર' પોંકી જ્યા! કહો..., આ તો પેલું 'સસ્તું ભાડું, ને સિદ્ધપુરની જાત્રા' જેવું થયું...!!'

(૪) પછી જ્યારે સાહિત્યકાર લબ્ધપ્રતિષ્ઠિત થાય છે, ત્યાં સુધીમાં વયસ્ક એટલે કે માથું ધોળું... અને મોં પોલું થઈ જાય છે!

ફિલ્મલોકમાં પાછોત્તર ઉંમરે પણ અદાકારો સિમેન્ટ-કોંક્રિટના ધાબાની જેમ જીવનસંધ્યા ટાણે પણ ગરમ રહે છે, જ્યારે સાહિત્યકાર દેશીનળિયાં જેવો... હાલ ગરમ - હાલ ઠંડો હોય છે!

બહુ ઓછા સાહિત્યકારોનાં અંગત જીવનની વાતો પ્રકાશમાં આવી છે. છેલ્લે-છેલ્લે કહેવાય તો સુરસિંહજી તખ્તસિંહજી ગોહિલ - 'કલાપી'એ રાજાશાહી ઠાઠમાઠથી પ્રેમ... પણ કર્યો... અને એનું ખુલ્લેઆમ સાહિત્ય પણ રચ્યું. બાકી બધાંએ માત્ર 'વાણીવિલાસ' કર્યો...! જો કે... એ તો સારું જ થયું... નહિ તો બદનામ સાહિત્યકારનું 'બચારા'નું ગજું શું! 'બહાદુરશાહ ઝફર' જેવી ગતિ થાય...!

'સાક્ષરનો સાક્ષાત્કાર' (રાધેશ્યામ શર્મા સંકલિત)માં સંકલનકારે એવમ્ લેખકે, સાક્ષરોને એમનાં અંગત જીવનની ટેવ... આદત અને 'હૉબિ' જણાવવાનું ઈજન આપ્યું છે... ઑફ કોર્સ-મરજિયાતપણે! છતાં, પોતાને ગમતાં સાબુ... તેલ... અત્તર... ફુલેલની કબૂલાત કરતાં પણ સાહિત્યકારો 'ખમચાય' છે. 'લગ્નેતર સંબંધ' સંબંધી પૃચ્છામાં, સાક્ષરો 'રોતા યે નથી... ને 'કુંજરાતા' યે નથી...' (નરો વા કુંજરો વાનો પર્યાય!)! મેં રાધેશ્યામભાઈને કહ્યું કે, 'સાક્ષરોએ એમનો સાક્ષાત્કાર મહાદેવજીના 'લિંગ' - જેવો ગોળ-ગોળ (અવ્યક્ત) કરાવ્યો છે. શિવમંદિરમાં આપણે લંબગોળ શિવલિંગ તો રોજ જોતા હોઈએ છીએ, પણ શંભુનો સાક્ષાત્કાર થાય... તો 'જટાધર... ચંદ્રમૌલિ... નીલકંઠ... ત્રિનેત્ર'નો (સાક્ષાત્ + આકાર) 'સાક્ષાતાકાર' મળવો જોઈએ, તે મળતો નથી... અપાતો નથી! કેટલાકને તો મેં, રૂબરૂ નિહાળ્યા છે... પણ 'ફોટા'ઓમાં તે બહુ રૂપાળા દેખાય છે... એનું મને આશ્ચર્ય થાય છે! અને જૂજ એવા ચાર-પાંચ સાક્ષરોએ, 'સાક્ષરનો સાક્ષાત્કાર'નું પ્રશ્નોત્તરીનું ભરતિયું 'ના-ભરી'ને... એમનો 'અસ્સલ સાક્ષાત્કાર' - પરચો આપી દીધો છે!!

હવે હું મારા મનમાં પ્રતિબિંબિત થયેલું... સાહિત્ય-વિશ્વદર્શન કરાવીશ. સાહિત્યકારોને વિનતિ... કે... કોઈએ એમના 'અવગુણ ચિત્ત ન ધરવા'!

આમ તો મને... શ્વેતરંગી બધાં જ પક્ષી ગમે છે... ભલે પછી સફેદ કબૂતર હોય ... કે હંસ... રાજહંસ હોય... કે બકઃ - બગલો હોય! મને બધા સાહિત્યકારો માટે માન છે. હું 'ઓગણોત્તેર'નો છું, છતાં ઘણાં અનુજોને હાથ જોડું છું. છતાં એક

(અનુસંધાન પૃષ્ઠ ૮૯૮ ઉપર)

બસ-મુસાફરી : આપણું અહોભાગ્ય

પરાગ મ. ત્રિવેદી

'બસ'! માત્ર બે અક્ષરનું આ નામ પોતાની અંદર કેટલી મોટી સૃષ્ટિ સમાવી લે છે! ભારત દેશમાં ભાગ્યે જ કોઈ એવો માણસ હશે, જે બસમાં નહિ બેઠો હોય. પોતાના જીવનના અમુક કલાકો તો લગભગ દરેક માનવે બસની મુસાફરીને અર્પણ કર્યા જ હોય છે. કોઈ-કોઈ તેના ચાહક હોય છે, અને રોજેરોજ બસમાં અમુક કલાકો ગાળે છે. એમને લોકો અપ-ડાઉન કરવાવાળાં કહે છે. જ્યારે અમુક વ્યક્તિઓ તો રીતસર તેના પ્રેમમાં પડી જાય છે અને જીવન તેને સમર્પિત કરી પોતાની જિંદગીનો મોટા ભાગનો સમય તેમાં જ વિતાવે છે — જેને લોકો ડ્રાઇવર - કંડક્ટર જેવા નામોથી ઓળખે છે.

જે ગયા જન્મમાં ખૂબ-ખૂબ પુણ્ય કમાયા હોય, તેમને જ આ જન્મમાં ડ્રાઇવર-કંડક્ટર જેવું પદ મળે છે. એનાથી કંઈક ઓછું પુણ્ય કમાયેલાં લોકો અપ-ડાઉનવાળાં તરીકે ખ્યાતિ પામે છે અને આપણા જેવા - ખાસ પુણ્ય ન કમાઈ શકેલા લોકો મહિને-બે મહિને બસ-મુસાફરીનો લાભ ઉઠાવી શકે છે.

બસમાં મુસાફરી કરવાના એટલા બધા લાભો છે કે સમુદ્રના પાણી જેટલી શાહી અને આકાશ જેટલો કાગળ હોય, તો પણ ઓછા પડે. છતાં આપણે યથાશક્તિ તેના લાભો વિશે વિચારીએ.

બસમાં બેસવા માટે ઘરેથી નીકળવાનું હોય છે. બસ ઊપડવાનો જે સમય હોય, તે સમયે પહોંચવાનું હોય છે. તે સમયે ટાઢ, તડકો, વરસાદ જોવામાં આવતો નથી. મરેલા માણસને સ્મશાને લઈ જવામાં વરસાદ બંધ રહેવાની રાહ જોઈ શકાય છે. પણ બસમાં જવા માટે એવી રાહ જોઈ શકાતી નથી. કારણ કે મડદું ક્યાંય જતું રહેતું નથી, જ્યારે બસ ચાલી જાય છે. આમ, બસ-મુસાફરી સમયપાલન ન કરે, તો નિસ્પૃહ બનીને કેવી રીતે તેને સહી લેવું, એ પણ બસ પોતે અવારનવાર મોડી પડીને આપણને શીખવે છે.

કહેવાય છે કે એક વરદાન મેળવવા વર્ષો સુધી તપ કરવું પડતું. આ જ રીતે ક્યારેક બસમાં પાંચ કલાકની મુસાફરીનું વરદાન મેળવવા માટે બસ સ્ટેશનમાં બંને પગ ઉપર ઊભા રહીને સાત-આઠ કલાકનું અઘોર તપ કરવું પડે છે. કહેવાની જરૂર નથી કે બસની મુસાફરી એક વરદાન જેટલી જ અમૂલ્ય છે.

ઘરેથી નીકળતી વખતે ખાસ્સો સામાન ઊંચકીને થોડું, ને ક્યારેક વળી ઘણું ચાલવું પડે છે - રિક્ષા સુધી પહોંચવા માટે. આથી આપણું શરીર ખડતલ બને છે. સામાન લઈ રિક્ષામાં બસ-સ્ટેશને જઈએ ત્યારે જ આપણને ખબર પડે છે કે આપણને રિક્ષામાં ફક્ત દસ-પંદર મિનિટ બેસવાનો જેટલો ખર્ચ લાગે છે, તેનાથી બે-ત્રણ ગણા ખર્ચમાં બસ આપણને પંદર-વીસ ગણી મુસાફરી કરાવે છે. આમ, તે પોતાની જાતને ઘસીને આપણને આનંદ આપે છે.

બસ બસ-સ્ટેશનમાં આવે ત્યારે તે બસ આપણે જેમાં જવાનું છે તે જ છે કે બીજી તે જાણવું આવશ્યક હોય છે. આ માટે આપણે બસના પાછળના ભાગ તરફથી - કે જ્યાં આપણે ઊભા હોઈએ છીએ - ત્યાંથી ચાલીને બસના આગળના ભાગ તરફ જવું પડે છે, કારણ કે પ્રસિદ્ધિથી દૂર રહેવામાં માનતી બસ લોકો તરફ રહેતી પોતાની પાછલી બાજુએ પોતાનાં નામનું બોર્ડ લગભગ ક્યારેય રાખવા દેતી નથી. આમ, ઝડપથી પાછળથી આગળ ચાલીને દસ-પંદર બસનાં બોર્ડ આપણે જોવા જવાનું બને છે. આથી જો જમીને નીકળ્યા હોઈએ તો, ખોરાકનું સરસ પાચન થાય છે અને જમ્યા વિના નીકળ્યા હોઈએ તો બરાબર ભૂખ લાગે છે. વળી, બસ ક્યારેક દૂરથી આવતી હોય અને તેની આગલી બાજુ આપણી સમક્ષ હોય, તો આંખોને શક્ય એટલી ઝીણી કરી દૂરથી તેનું બોર્ડ વાંચવાનો યત્ન કરવાથી આંખોને કસરત મળે છે અને તે તેજસ્વી બને છે.

આપણે જેમાં જવાનું છે, તે આ જ બસ છે - એમ ખબર પડી જાય પછી એની અંદર ચડવાનું હોય છે. ભક્તો યથાશક્તિ દ્રવ્ય લઈ ભગવાનને ચરણે ધરે, એમ આપણે યથાશક્તિ સામાન બસદેવીને ધરવાનો હોય છે. આ માટે સામાન હાથમાં લઈને બસની અંદર ચડવાનું હોય છે. કેટલાક અતિભાવિક મુસાફરો બસદેવીને જોતાં જ તેની સમક્ષ પોતાનો સામાન લઈ દોટ મૂકે છે અને અંદર જઈને સામાન ધરવા જેટલું મોડું ન કરતાં બારી વાટે જ પોતાનો સામાનરૂપી થાળ બસદેવીને ચરણે - બલકે ઉદરમાં - ધરી દે છે. તો કેટલાક ઉચ્ચ કક્ષાના ભાવિકો પોતે પણ બારી વાટે બસદેવીના ઉદર મહીં પેસી પોતાની બસદેવી પ્રત્યેની સમર્પણ ભાવના દર્શાવે છે. બારણા વાટે પ્રવેશવા ઇચ્છતા કેટલાક ભક્તોમાં કોઈ અલૌકિક શક્તિનો સંચાર થાય છે અને તે હાથ વડે બીજાને હડસેલતો, પગ વડે કચરતો, સંસારના અન્ય મનુષ્યો કરતાં પોતાની સર્વોપરિતા સાબિત કરતો બધાથી પહેલાં બસદેવીનાં આંતરિક દર્શન પામે છે. બસદેવીનાં બાહ્ય કરતાં આંતરિક સૌંદર્યનાં દર્શન કરનાર આવો પરમ ભક્ત બસદેવીને પ્રિય હોય છે. આવા ભક્તના માર્ગે બીજા પણ પછી ચાલે છે અને દેવીદર્શન પામી કૃતાર્થ થાય છે. આમ, બસની અંદર પ્રવેશવાથી કોઈ ભક્તને ભગવાન સાથે એકરૂપ થવાથી મળતા પુણ્ય જેટલું પુણ્ય મળે છે.

બસમાં ચડવાની ક્રિયા ઑલિમ્પિકની કોઈ પણ રમતને

ઝાંખી પાડે એવી હોય છે. આપણે ઊભા હોઈએ એ સ્ટૅન્ડ સુધી બસ રિવર્સમાં આવતી હોય, તો ક્યાં સુધી પાછળ પાછળ ચાલી આવશે એ આપણને કળાવા દેતી નથી અને ક્યારેક એ જ બસમાં આપણે જવાનું હોવા છતાં આપણે તેની વિરુદ્ધ દિશામાં સામાન સહિત દોડવું પડે છે - તેના પૂંઠપ્રહારથી બચવા. આમ, બસ આપણને તેમાં ચડતાં અગાઉ જ જાગ્રત થઈ જવા કહે છે, જે આપણને ક્ષુલ્લક વિચારોમાંથી બહાર કાઢી જીવન, મૃત્યુ, મોક્ષ જેવા ઉચ્ચ કક્ષાના વિષયો પર વિચારવા પ્રેરે છે.

બસમાં બેઠા પછી બસ ઊપડે છે અને પોતાના વિશિષ્ટ અવાજમાં ગાયન શરૂ કરે છે. ક્યારેક તે તાર સપ્તકમાં ગાય, ક્યારેક મંદ્ર સપ્તકમાં. પણ મોટે ભાગે તો તે મધ્ય સપ્તકમાં ગાતી હોય છે. 'તમારી આસપાસ ગમે તેવો ઘોંઘાટ હોય, તમે શાંતચિત્તે રહેતાં શીખો અને તમારું રોજિંદુ કાર્ય કરતા રહો'- આવો સંદેશો આપણને સતત આપતા રહેવું એ બસ પોતાનો ધર્મ માને છે. તે સતત ઢરડ... ઢરડ... એવો અવાજ કરી આપણને આપણા ચિત્ત સાથે વધુ ને વધુ એકરૂપ થવા પ્રેરે છે. કોઈ-કોઈ નસકોરાંનો ઘરડ... ઘરડ... અવાજ ભેળવે છે ત્યારે બસદેવી અત્યંત ખુશ થઈ જાય છે અને તેની આ સ્થિતપ્રજ્ઞતામાંથી અન્ય મનુષ્યો પ્રેરણા લેવા પ્રયત્ન કરે છે.

આપણો સામાન સીટની ઉપર રહેલાં સ્ટૅન્ડમાં મૂકવાનો હોય છે. ત્યાં જગ્યા ન હોય તો પછી પોતાના પગ પાસે, સીટ નીચે, ખોળામાં મૂકવાનો હોય છે. આ જગ્યાઓ પૈકી કોઈ ખાલી ન હોય, એવા સંજોગોમાં સામાનને સીટ ઉપર અથવા કોઈના પગ ઉપર (તે પગ લઈને જગ્યા ન કરી આપે અથવા પાટું મારી સામાન ઉથલાવી ન નાખે ત્યાં સુધી) પણ મૂકી શકાય. બહુ મોટી બૅગ હોય, તો તેને આપણી સીટ ઉપરના સ્ટૅન્ડમાં ન મૂકતાં કોઈ બીજાની સીટ ઉપરના સ્ટૅન્ડમાં મૂકવી જોઈએ. જો સ્ટૅન્ડ તેને લાંબો સમય સુધી ગ્રહણ ન કરી શકે અને અધવચ્ચે મુક્ત કરી દે તો બીજાના માથા પર પડેલી બૅગને આપણે જાતે જ ઊંચકી શકીએ અને બીજા કોઈની સીટ ઉપરના સ્ટૅન્ડમાં મૂકી શકીએ. જો આપણી ઉપરના સ્ટૅન્ડ ઉપર મૂકી હોય, તો આપણા માથા ઉપર પડ્યા પછી આપણે તેને ઊંચકી શકવા અસમર્થ બનીએ અને આપણી બૅગને ઊંચકીને બીજે મૂકવાનું અઘરું કાર્ય બીજાને કરવું પડે. પણ આપણું કામ આપણે જાતે જ કરવું જોઈએ અને આથી જ બૅગને બીજાના સ્ટૅન્ડ પર મૂકવી જોઈએ.

સીટોની બે હરોળની વચમાં બે-એક બૅગ અને ત્રણેક થેલા અમુક ચોક્કસ પદ્ધતિથી ગોઠવવાથી ઑલિમ્પિકમાં થતી હર્ડલ-રેસ બસમાં બેઠા-બેઠા જ આનંદપૂર્વક, બસની ટિકિટ ઉપરાંતનો એક પણ પૈસો દીધા વિના જોઈ શકાય છે. સીટની બહારની બાજુએ બેઠેલી વ્યક્તિઓ ઑલિમ્પિકની બૉક્સિંગની રમતમાં જાતે જ ભાગ લઈ શકે એટલી મજબૂત બની જાય છે. ચડતાં-ઊતરતાં, આગળ-પાછળ જતાં લોકો તેઓનાં મોં-મસ્તક ઉપર આઠે દિશાએથી પ્રહાર કરતાં હોય છે. તેઓને આ બધું ય સહન કરવાનું હોય છે અને તક મળે ત્યારે પોતાનું મસ્તક બચાવવાનું પણ હોય છે. વળી, તેઓ જ્યારે આગળ-પાછળ જાય,ત્યારે બીજાને પણ બૉક્સિંગની રમત શીખવતા જતા હોય છે.

તમે કેટલા નમ્ર બની શકો છો? તમે તમારી જાતને કેટલી સંકોચી શકો છો? એનો અંદાજ તમને પોતાને જાતે આ બસ-મુસાફરી દરમિયાન આવી જાય છે. બેની ખાલી સીટ પર તમે બેસો અને તરત કોઈ શરીરસુખ ધરાવતી વ્યક્તિ આવી ચડે ને તમારી બાજુમાં બેસે, તો તરત તમારે તમારી જાતને કાચબાની પેઠે સંકોચવા માંડવી પડે છે. 'આ મારું સ્થૂળ શરીર, જે પહેલાં અઢી ફૂટની જગ્યા રોકતું પડ્યું હતું એ હવે ફક્ત સવા-ફૂટની જગ્યામાં સ્થાન પામી રહ્યું છે' - આવો ભાવ થાય અને તમને તમારામાં રહેલી આ અજાણી શક્તિનો પરિચય થાય, તમારી જાત ઉપર માનની લાગણી થાય. 'આમ શરીર સંકોચી શક્યો, તો પછી ઈન્દ્રિયોને પણ કેમ ન સંકોચી શકાય - તેની ઉપર કાબૂ કેમ ન મેળવી શકાય?' એવો વિચાર આવે અને તે તમારા જીવન-પરિવર્તનનું નિમિત્ત બને એવું પણ બને.

બસ-મુસાફરી આપણને કલમવત્ જીવતાં શીખવે છે. આજુબાજુની સ્થૂળ ગંદકી વચ્ચે તમે કમળની જેમ રહી શકો છો? તમે સુગંધ-દુર્ગંધથી પર થઈ શકો છો? આવું જો તમે તમારી જાત વિશે જાણવા માગતા હો, તો બસ-મુસાફરી વિના એ શક્ય જ નથી. ભારતભરમાં થતા પાણીના દુરુપયોગનો આજીવન વિરોધ કરતી રહેલી કેટલીક વ્યક્તિઓ સ્નાનાદિ પાણીનો દુરુપયોગનાં કાર્યો કરતાં નથી. પાણીના દુરુપયોગથી દૂર રહેલાં આવાં પવિત્ર શરીરો એટલાં જ પવિત્ર કપડાં ધારણ કરી બસમાં આપણી વચ્ચે વિહરતાં હોય છે. તેઓ આપણી આજુબાજમાં બેઠાં હોય છે અને પાણીનું મૂલ્ય આપણને 'મારું જીવન એ જ મારો સંદેશ છે'ના કથન દ્વારા આપણને સમજાવતાં હોય છે. અતિમૂલ્યવાન એવા પાણીના રક્ષણના લાભ સામે તમે તમારા નાકને લેવી પડતી થોડી દુર્ગંધને સુગંધ માની તેમની જળપ્રીતિને સમજી શકો છો કે નહિ? આ બધું સમજીને સહી લેવાની ખેલદિલી બસની મુસાફરીથી જ કેળવાય છે.

'આ જીવન ક્ષણભંગુર છે' - એવું સતત યાદ રાખવા માટે અને બીજાને યાદ દેવડાવવા માટે કેટલાક પરોપકારી જનો બસમાં બીડી-સિગારેટ પીતા હોય છે. તેમાંથી ઉચ્ચ પ્રકારનું ચિંતન કરવાની પ્રેરણા લેવાને બદલે કેટલાંક લોકો નાક બંધ કરી, મોં બગાડી તેમની અવગણના કરવા પ્રયત્ન કરતા હોય છે. 'વહેંચવાથી સુખ વધે છે' - એ ન્યાયે ઘણાં લોકો પોતાના નાસ્તાના કણો આમતેમ ઉડાડતા હોય છે, વહેંચતા હોય છે. પીવાના

પાણીની છાલકો પણ આવા જ ઉમદા વિચારથી કેટલાંક આજુબાજુ ઉડાડતા હોય છે. કેટલાંક અણસમજુ લોકો તેનાથી સુખી થવાને બદલે દુઃખી થતાં હોય છે.

ધરતીમાતા આપણને કેટલું બધું આપે છે! આપણે તેના બદલામાં શું આપીએ છીએ? બસના મુસાફરી કરતા કેટલાક સુંદરાત્મા મનુષ્યો બસમાં બેઠા-બેઠા પણ ધરતીમાતાનું ઋણ અદા કરવા પ્રયત્નશીલ હોય છે. 'જે લઈએ તેમાં કંઈક ઉમેરીને પાછું આપવું જોઈએ'-એવા પુણ્યવિચારથી પ્રેરાઈને તેઓ ધરતીમાતા પાસેથી લીધેલું જળ તેમાં સોપારી, ચૂનો, કાથો, તમાકુ વગેરે ઉમેરી બારી વાટે થૂંક સ્વરૂપે પાછું આપતા હોય છે. ક્યારેક ધરતીમાતાની સાથોસાથ રસ્તા પરથી જતા કોઈ મનુષ્યો કે પછી પાછલી સીટમાં બેઠેલા મુસાફરો પણ આ જલાભિષેકના અધિકારી બને તે વળી વધારાનો લાભ.

'આ મારું, આ મારું' એમ કહેવાથી ઝઘડો થાય છે અને 'આ તારું, આ તારું' એમ કહેવાથી પ્રેમ વધે છે એ તો જાણીતું છે. પોતાની વસ્તુ પોતાની હોવા છતાં પોતાની માની લેવી, એ ખોટું છે અને બીજાની વસ્તુ બીજાની હોવા છતાં બીજાની માની લેવી એ પણ એટલું જ ખોટું છે. 'તારું-મારું' નહીં પણ 'આપણું' હોવું જોઈએ. આવી વિશ્વબંધુત્વની ભાવના વિકસાવવા માટે કેટલાક વિરાટહૃદયી યાત્રિકો 'મારું તે તારું અને તારું તે મારું' એવું વિશાળ દૃષ્ટિમય ચિંતન કરીને પોતાની લોખંડ-પિત્તળ વગેરે વજનદાર ધાતુઓ ભરેલી બૅગનો ત્યાગ કરીને બીજાની ક્ષુલ્લક કાગળિયાંની નોટો ભરેલી બૅગ લઈ જતા રહે છે.

આવી જ ભાવનાથી પ્રેરાઈને ઘણાં લોકો છાપું ખરીદવાનું હાસ્યાસ્પદ કર્મ કરતા નથી. અને પોતાની જાતને ઉડાવગીર થતી અટકાવે છે. એક વ્યક્તિએ લીધેલું છાપું તેના વાંચવાથી કાંઈ ઝાંખું પડી જતું નથી, કે નથી તેમાંનું છાપેલું ઓછું થઈ જતું. તે તો જેમનું તેમ રહે છે. તે છાપું પોતાના વજન થકી ખરીદનારની થેલીમાં પધરાવવાનું હોય છે. આવાં છાપાં જો દરેકેદરેક વ્યક્તિ ખરીદે, તો બસને બિનજરૂરી કેટલું વજન ઊંચકવાનું થાય? આથી ઘણાં સમજુ અને ભલા લોકો છાપું ખરીદતાં નથી, એક જ છાપામાંથી અનેક જણ વાંચી લે છે અને આમ બસને વજન ઊંચકવાના શ્રમમાંથી બચાવી લે છે.

લગભગ દરેક સ્ટેશને બસમાં પ્રવેશતા ફેરિયાઓ તમારા મોંથી વધુમાં વધુ અઢી ઈંચ દૂર તરેહ-તરેહની વસ્તુઓ રાખીને મનની કસોટી કરે છે. પ્રલોભનો સામે દૃઢતાપૂર્વક તમારી જાતને અચળ રાખી શકવાની તમારી ક્ષમતાનું તમે માપ કાઢી શકો.

ઘણા યાત્રિકો બસની અંદર ઊભા હોય, ત્યારે તેને 'ગિરદી થઈ' - એવું કહેવામાં આવે છે. પણ ખરેખર તો સર્કસના ખેલો બસની ટિકિટના પૈસામાં જ જોઈ શકવાની આ એક સગવડ હોય છે. ચાલુ બસે આગળથી પાછળ અને પાછળથી આગળ જતે વખતે ઘણાં મુસાફરો અદ્‌ભુત શારીરિક સમતોલનનો પરિચય આપતાં હોય છે. એ જુદી વાત છે કે તેઓ બસમાં રહેલા પકડવાના પટ્ટાનો ઉપયોગ કરે ત્યારે ઝૂલાનો ખેલ બતાવતા હોય એટલાં આકર્ષક લાગતાં નથી, પણ તેઓ પ્રેક્ષકસમુદાયને મનોરંજન પૂરું પાડવાનો નિષ્ઠાપૂર્વક પ્રયાસ તો કરે જ છે. આ માટે તેઓ માત્ર પટ્ટાઓ કે સીટનો જ પકડવાના સાધન તરીકે ઉપયોગ નથી કરતા. કોઈનો ખભો, કોઈનું માથું, કોઈનો હાથ પણ તેમના પકડવાના ઉપયોગમાં આવી શકે છે. અને તેના સહારે તેઓ આગળ-પાછળ જાય છે. ક્યારેક તો પોતાનું આખું શરીર બીજાના શરીર ઉપર નાખી દઈ ખૂબ ભારપૂર્વક પોતાને ટેકો દેવા બદલ આભાર માને છે. સીટ ઉપર બેસી તંદ્રાવસ્થામાં સરી પડેલા કોઈ અજાગ્રત જીવને તેઓ એકાદ ધક્કા કે પ્રહાર વડે જાગ્રત અવસ્થામાં લાવે છે અને તેના ઉપર ઉપકાર કરે છે.

'આ જગતમાં કેદ કરાયેલી વસ્તુઓ ક્યારેક ને ક્યારેક તો મુક્ત થવાની જ છે' - આ સિદ્ધાંત અનુસાર બસના ટાયરમાં રહેલી હવા પણ પોતાને તક મળે ત્યારે ખીલી, ખીલા, કાંટા, કાચ જેવા નિમિત્ત શોધી ટાયરમાંની કેદમાંથી મુક્તિ મેળવે છે અને પૃથ્વી ઉપરના ખુલ્લા વાતાવરણમાં વિહાર કરવા લાગે છે. પણ તેનો સ્વભાવ પરોપકારી હોઈ, તે એકલી જ મુક્ત થતી નથી. તે પોતાની સાથોસાથ ટાયરને અને ટાયરમાંની ટ્યૂબને પણ વહેલામોડા મુક્ત કરે જ છે. આમ, હવા પોતાના આશ્રયદાતાને પણ બસથી મુક્ત કરાવીને જ જંપે છે. બસની અંદર કેદ થયેલા મુસાફરોને અડધો કલાક, કલાકથી માંડીને બે-ત્રણ કલાક સુધી મુક્ત કરવાનું પરોપકારી કામ પોતાની મુક્તિની સાથોસાથ હવા કરે છે.

'જીવનનો દરેક દિવસ મૃત્યુને નજર સામે રાખીને પસાર કરો'-એવું મહાપુરુષો કહી ગયા છે. બસની મુસાફરી તો તેથી પણ આગળ વધીને કહે છે — 'મૃત્યુને ક્ષણે-ક્ષણે સામે જુઓ અને જીવો.' રાતની મુસાફરી વખતે સમ્- સમ્ અવાજ સાથે બાજુમાંથી પૂરઝડપે પસાર થતાં વાહનો કે પછી દિવસે સીધાં સામે ધસી આવતાં અને આપણી આંખ બંધ થઈ જાય, પછી છેક છેલ્લી ઘડીએ બાજુ પર વળી જતાં વાહનો ક્ષણે-ક્ષણે આપણને મૃત્યુનું સ્મરણ કરાવી જીવનનું મૂલ્ય સમજાવે છે.

આમ, બસની મુસાફરીના લાભ અખૂટ છે. તેનું પૂરેપુરું વર્ણન કરવાની શક્તિ મારા જેવા પામર મનુષ્યમાં નથી જ. તમે તમારાથી શક્ય એટલી વધુ બસમુસાફરી કરી તેના લાભ લૂંટો, જીવન ધન્ય બનાવો. હું તો પેન-કાગળ મૂકીને આ ચાલ્યો બસસ્ટેશને! ❑

અબ હમ અભય ભયે

—ગુલાબ દેઢિયા—

હું ક્યારથી એ દિવસની રાહ જોઈ રહ્યો હતો. બસ, આજે સોનાનો સૂર્ય ઊગ્યો. સોનાનો નહિ અભયનો સૂર્ય ઊગ્યો. સવારે રોજની જેમ છાપું વાંચવા લીધું. રોજ જેવી જ ખબરો પર આંખો ફરી વળી પણ ક્યાંય ન ઠરી. અખબાર મૂકવા જતો હતો ત્યાં આંખોને વૃંદાવન મળી ગયું એક ખૂણામાં. ખૂણામાં એક જાહેરખબર છપાયેલી હતી. : હવે પરીક્ષાનો ભય રાખવાની શી જરૂર? એક સુકુમાર નિર્દોષ પ્રસન્નવદન કિશોરનો ફોટોગ્રાફ છપાયોલો હતો. એનું આનંદનિવેદન પણ હતું કે, 'નવમા ધોરણની પરીક્ષામાં ગભરાટથી હું બધું ભૂલી ગયો. માર્ક્સ ઘણા ઓછા મળ્યા. પછી अबक નામની ગોળીઓ ખાધી. મારો ભય છૂ થઈ ગયો. દસમા ધોરણમાં તો મને ખોબો ભરીને માર્ક્સ મળ્યા.'

આ લખાણ નથી, જાદુ છે. જાદુ નથી ચમત્કાર છે. વિદ્યાર્થીઓ માટે પરીક્ષાઓ સામે સામી છાતીએ ઊભા રહેવાની હિંમત છે. છાપાના તંત્રીને એના બાપા પણ કંઈ ન કહી શકે તો આપણા જેવો એક અદનો વાચક શી સલાહ આપી શકે? તંત્રી મહાશયે જેને જાહેરખબર માનીને, પૈસા લઈને એક ખૂણામાં છાપી છે તે નોંધ તો પહેલા પાનાના મોટા હેડિંગ સાથે આઠ કૉલમના સમાચાર બની શકે એવી ઘટના છે. આપણું માને તો છાપાવાળા શેના?

એ નિશાળિયાને અભય બનાવનારી શ્રેષ્ઠ રામબાણ ઔષધને મામૂલી સમજી મોટી પહાડ જેવી ભૂલ કરી છે સાહેબ!

સૃષ્ટિના આરંભકાળથી (જરા વધુ પડતું લાગે છે, વાંધો નહિ) આપણે એટલે મનુષ્યો અને પશુઓ આહાર, નિદ્રા, ભય અને મૈથુનમાં તો સરખાં જ છીએ. એ ચારે પીડે છે, એ ચાર પાસે પશુ ને માનવ એક હારમાં ઊભાં રહે છે. (અહીં ચારનો અર્થ ચારો નથી કરવાનો) ભયમાંથી મુક્તિ આટલી સહજ રીતે મળી શકે એ માનવા મારું મન - આજીવન ગાભરું મન - તૈયાર નથી. બસ, એ મનને ભીતિ તજવાની વેળા આવી ગઈ છે.

જ્યારે હું શાળામાં ભણતો હતો ત્યારે મને પરીક્ષાનો બહુ ડર લાગતો. સામાન્ય દિવસે શાળાએ ન જવું હોય તો મારું પેટ મદદે આવતું. પેટ દુઃખે છે એમ કહેવાથી, થોડો અભિનય ઉમેરવાથી છુટ્ટી મળી જતી પણ પરીક્ષાથી તો મા-બાપ પણ ડરે, તેથી કડવી દવા પીવડાવીને પણ શાળાએ ધકેલતાં. ત્યારે મને થતું કે બીજા રોગોની દવાઓ છે. આ ગણિત, ઇતિહાસ, અંગ્રેજી જેવા વિષયોની ગોળીઓ શોધે તો! આજે જ્યારે જાહેરખબરના બટુકને નિર્દોષ ભાવે સ્વાનુભવ વર્ણવતો અને સંપૂર્ણ સત્ય બોલતો જોયો તે વખતે અનહદ આનંદ થયો. મને તો થાય છે કે નિશાળની સામે જ ઊભો રહી આ અભય ગોળીઓ વેચું. દેવોના યુદ્ધમાં શસ્ત્રની સામે શસ્ત્ર છૂટે છે તેમ અહીં પરીક્ષાના ભય સામે અભય ગોળી. જાતે ખાવાની અને મિત્રોને ખવડાવવાની. પછી નાચતા-ગાતાં પરીક્ષા દેવાની. સરકારનું શિક્ષણખાતું હંમેશા ટ્યુશનો સામે ફુગ્ગા ફોડે છે. કંઈ વળતું નથી. ટ્યુશન-શિક્ષકો માંધાતા થતા જાય છે. આ અભય ગોળીઓ ટ્યુશનની દવા ન બની શકે? ગોખવું, વાંચવું, લખવું, ઉજાગરા, એ બધા સામે એક જ ઉપાય. પછી તો શિક્ષકો અને ટ્યુશનિયા થરથર કાંપશે, પોષમાં કાંપતા પર્ણની જેમ.

આબાલવૃદ્ધ સૌ ભયથી કાંપે છે. કોઈ ને કોઈ પ્રસંગ, કોઈ વ્યક્તિ, કોઈ પરિસ્થિતિ આપણાં હાજાં ગગડાવી દે છે. બીજા શત્રુઓને તો પહોંચી વળીએ; આ મનમાં અડ્ડો જમાવી બેઠેલા ભયને જીતવો કેમ! પરીક્ષાનો ડર, અંધારાનો ડર, ખીસું કપાઈ જશે તેનો ડર, ટાલ પડી જવાનો ડર, નોકરી છૂટી જવાનો ડર, ચોરી પકડાઈ જવાનો ડર, ભૂલ થવાનો ડર, ડર લાગશે તેનો ડર, મૃત્યુનો ડર, મૃત્યુ પછી કેવી ગતિ થશે તેનો ડર. અરે! અરે! આ ડરની યાદી તો અનંત ડરામણી છે. હવે બીજા ભયોને સંભારતાં ભય લાગે છે.

મારા જેવા રાષ્ટ્રપ્રેમીને ગૌરવ થાય છે કે આવી ઔષધિ આપણા દેશમાં શોધાઈ. ધન્ય છે ગોળીઓ બનાવનારને. એમણે પોતે કેવો ભય જિંદગીમાં ખમ્યો હશે ત્યારે આવી અભય ટીકડીનું નિર્માણ કરી શક્યા હશે? આ શોધ આપણા દેશમાં થઈ એનું કારણ સ્પષ્ટ છે. કારણ કે જગતની બધી મહાન શોધો આપણા ભારત દેશમાં જ થઈ છે. વિદેશીઓ પછીથી બીજી વાર શોધ કરી જશ ખાટી જાય, એ તો ચાલે.

આપણા દેશમાં ગભરાવા માટે પણ એટલી બધી ઉજ્જ્વળ તકો છે કે માણસ ધારે તે વાત માટે ધાસ્તિ અનુભવી શકે. આપણે અંગ્રેજોથી ડર્યા, અંગ્રેજીથી ડર્યા, ઘરઆંગણે પંડિતો અને ઉપદેશથી ડર્યા, ક્રિયાકાંડથી ડર્યા, રાતે ઘેર મોડા પડ્યા તો અર્ધાંગનાથી ડર્યા, સેવકોના ભાષણોથી ડર્યા, આપણે ન ડર્યા તો માત્ર આળસથી, ગંદકીથી, વસ્તીવધારાથી, કામચોરીથી, હુંસાતુંસીથી, અનીતિથી તો લેશ પણ ન ડર્યા. એ જ તો આપણી શૂરવીરતાનું પ્રમાણ છે.

મને હજી એક ડર સતાવે છે આ અભય ગોળીનું શું થશે? શું થશે એટલે એની સામે કોઈ જોરાવર દવા છાતી કાઢીને ઊભી રહી તો! પરીક્ષાર્થીને ડરાવવા પરીક્ષકો મહાભયની કૅપ્સ્યૂલ કાઢશે. જે ખાઈ શિક્ષકો પ્રશ્નપત્રો તૈયાર કરશે. શ્રોતાઓ અભય ચાટણ ચાટીને સભામાં જશે તો વક્તા મહાભયનું ઈંજેક્શન લઈને વધુ ત્રાસજનક ભાષણ લઈ આવશે.

હા એક ઉપાય છે ખરો. આપણે થોડોક અભિનય શીખી લઈએ તો લાભ થાય ખરો. તમે કહેશો આ ઉંમરે નાટક કરાવશો?

અમને.નાટકવેડા ન આવડે. હા ભાઈ,હા, હું નાટક કરાવવાની વાત નથી કરતો. હું તો સૂચવું છું કે આપણે અભય ઔષધિ લઈ અંદરથી અભય બની જઈએ અને બહારથી ભયનું નાટક ચાલુ રાખીએ, જેથી આતતાયીને ખયાલ જ ન આવે કે આપણે નિર્ભય છીએ કે પહેલાં જેવા ભયભીત.

વિદ્યાર્થી, નોકરિયાત, પતિદેવ, આમ નાગરિકની કોઈ પણ ભૂમિકામાં રહીએ પણ પેલી ટીકડી તો પાસે રાખવાની જ. જથ્થામાં ખરીદવાથી સસ્તી પડશે. વધારાના ખર્ચનો ડર નહિ રાખતા હોં!

મને અંદરની ખબર છે ત્યાં સુધી કંપનીની યોજના એવી છે કે અભય ગોળીની બે સ્ટ્રીપ લેનારને એક અન્ય ખાસ ગોળીની સ્ટ્રીપ મફત આપશે. અને મફત મળતું હોય તો કોણ ન લે! મફતમાં મળતી ગોળીઓ જુદી હશે. જે ખાઈને આપણે બીજાને ડરાવી-ધમકાવી-તતડાવી શકીશું. ખરેખર આ ગોળીઓ લેવી જ જોઈએ. કારણ આપણને કોઈ ધમકાવી જાય તો આપણે બીજા કોઈને ધમકાવી ખાતું સરભર કરી લેવું જોઈએ. આપણે જેને ધમકાવીશું એ પણ ભોટ થોડો હશે? એ પણ 'પરડર'ની ગોળી લઈ લેશે. 'પરડર' શબ્દ નવો છે પણ ગોળીની જેમ જ પ્રચલિત અને ચલણી થઈ જશે. પરડરનો અર્થ પરનો ડર નથી કરવાનો. એ તો હોય જ છે. એની તો મોંકાણ છે. પરડરનો અર્થ છે પરને ડર પમાડવો તે.

અભય અને પરડર ગોળીની ફૉર્મ્યુલા લગભગ એટલે ઘણી બધી સરખી જ છે. રંગ કે સ્વાદમાં જ જરાતરા ફેર છે. ભાવ સરખો જ છે. એ શેમાંથી બને છે એ બતાવતા નિર્માતાઓને ડર છે કે એમના હરીફો એ ગોળીઓ બનાવી કાઢશે. એ બનાવતાં ખર્ચ કેટલો આવે એ બતાવવું પણ શક્ય નથી; કારણ કે તેથી કંપનીના કર્માચારીઓને નફાની ખબર પડી જશે અને તેઓ વધુ બૉનસ માગશે એનો ભય પણ માલિકને સતાવે છે અને ઊંઘ બગાડી દે છે.

પોતાનો એક દર્દી મુઠ્ઠી ભરીને ગોળીઓ લાલ-પીળા રંગની જુદી જુદી બીમારીઓ માટે રોજ ખાતાં ગભરાતો હતો. ડૉક્ટરે તેને અભય ગોળી આપીને કહ્યું : 'પહેલાં આ ગોળી ખાજે જેથી બીજી ગોળીઓ ખાવાનો ડર નહિ લાગે.' દર્દીને શી અસર થઈ તે અમે જાણી શક્યા નથી; પરંતુ એ દર્દીની પત્નીએ કહેલું કે 'મારા પતિ હવે એ વાતથી ગભરાય છે કે આ અભય ગોળી ખાવાથી કોઈ આડઅસર તો નહિ થાય.' ડૉક્ટરે હસીને કહેલું, 'તમે ગભરાતા નહિ, હું છું ને! આડઅસર દૂર કરવા હજી અનેક લીલી કૅપ્સ્યૂલ તો મેં લખી જ દીધી છે!'

અભય ગોળી વિશે તમને કોઈ હિતશત્રુ ડરાવે તો ડરતા નહિ. આ ગોળી અસર કરે જ છે. મોંમાં રાખીને મોટા ડરનો વિચાર કરવો, મોટો ડર આવશે ત્યારે નાના ડર ડરી જશે. મોટો ડર કોને કહેવો એ તમારે નક્કી કરવાનું છે. કોને મોટો ડર કહેવાય એ કહીને હું તમને ડરાવવા નથી માગતો. ❑

અનુસંધાન] સાહિત્યનો સાક્ષા'તા'કાર [પૃ. ૮૯૩ થી

'વ્યંગલેખક' તરીકે અળવીતરું લખવાનો મારો ધર્મ છે... એમ સમજું છું.!

સાહિત્ય વિષયક 'શબ્દકોશ'માં સુધારો સૂચવતી... કેટલીક અરુચિકર પણ નગ્ન વ્યાખ્યાઓ વાંચશોજી...

(૧) સાહિત્ય (નવા-આયામના નામે રચાતું) : વાઙ્મયનું 'ઑફબીટ' નૃત્ય 'બેતાલી કૂદાકૂદ'..., કુતૂહલપ્રદ વધારે... કર્ણપ્રિય ઓછું... ઉફરું... ઉફરું... ઉફરું...!!!

(૨) 'લબ્ધપ્રતિષ્ઠિત' સાહિત્યકારો : પ્રતિષ્ઠાના પુનઃ-મૂલ્યાંકનના ભય-ઓથાર નીચે શ્વસતા... તરફડતા... in coma... Intensive Care Unit ના ત્રિશંકુઓ!

(૩) 'નવોદિતો' : પ્રસ્થાપિત મૂલ્યોની વાડમાં છીંડાં પાડનારાં બકરાં. (હું મધ્યસ્થી છું.)

(૪) સાહિત્યિક પાક્ષિકોના સંપાદકો... પ્રકાશકો... તંત્રી... સહતંત્રીઓ... : સાહિત્યના ઢોલનું ચામડું... બિચ્ચારું...!

(૫) 'નવા આયામ'નો (ટૂંકી) વાર્તા-લેખક : થોથવાતો... તોતડાતો... 'વાર્તા' ના કહી શકતો વાર્તાકાર.

(૬) 'નવલકથાકાર' : પોતાનાં કર-ચરણ-કાયા-કર્મ-શ્રવણ-નયન અને મનમાં ઊપજેલા વિકારોનું નવલકથારૂપે વમન કરતો - યોગભ્રષ્ટ આત્મા.

(૭) (નવો) કવિ : ભવ્ય-કવિતાના 'છંદ'માં સાવ-'સ્વચ્છંદી'! ગેયતા-સુગેયતાનો 'ઔરંગઝેબ'!! અને વગર પીધે... 'હમ પીકે આયે'માં લથડાતો Fake - દારૂડિયો.

(૮) નિબંધકાર : સાવ મોળી સર્જકતાવાળો... Void of Creativity... શાળોપયોગી ૪૦ લીટીના નિબંધમાંથી ૪૦૦ લીટી લખતો થયેલો... મુમુક્ષુ 'સુદામો'... અકિંચન!

(૯) દલિત-વાર્તાકાર : 'દાસીપુત્ર' હોવાની લઘુતા-ગ્રંથિથી પિડાતો 'વિદુર'! 'ઉચિત'ની 'ઓચિંતી' મહેરબાની પામી ગયેલો 'સાહિત્ય'કાર.

(૧૦) વિવેચક : વિવેકપૂર્ણ કચ-કચ કરનાર 'રેચકિયો' કે 'કચકચિયો'.

(૧૧) હાસ્યલેખક : જેનો-જેનો 'ખભો'... યોગેશ્વર શ્રી કૃષ્ણ (જ્યોતીન્દ્ર દવે) સાથે 'ઘસાયો હોય...' 'કુબ્જા'માંથી સૌન્દર્યવતી થયેલી કૃષ્ણભક્ત જેવા નસીબવંતા હાસ્યલેખકો!

અને એક હું... દાદા (કૃષ્ણ)ની અનુપસ્થિતિમાં નવી ગીતા માંડનારો 'અનિરુદ્ધ'!!

સાહિત્યકાર પ્રિય મિત્રો,

ઉપરની વ્યાખ્યાઓ તમારા કાન કરડીને મેં નથી કહી. 'એક દુઃસ્વપ્ન જોયું હતું' - એમ સમજીને વિસારે પાડજો. ❑

'પહેલેથી ખબર હોત તો...'

—કલ્પના દેસાઈ—

મારાં લગ્ન નક્કી થયાં ત્યારે (અમારાં બંનેનાં ચોકઠાં જોઈને ચોકઠું ગોઠવાયેલું ત્યારે) મને ખબર નો'તી કે મારાં સાસુ દાંત પણ કાઢી શકે છે! બધા દાંત પડી ગયા હોવાથી ચોકઠું પહેરતાં સાસુજી, જમ્યા પછી બંને ટાઈમ ચોકઠું કાઢીને ડબ્બીમાં મૂકી દેતાં! (એને કોણ લઈ જવાનું હતું?) અને એ ડબ્બીને પણ પાછાં, જ્યાં જાય ત્યાં સાથે ને સાથે, જીવની જેમ સાચવીને રાખતાં! મારાં માબાપે, પોતાના અને એકબીજાંના દાંત સાચવ્યા હોવાથી ચોકઠાંની જરૂર એમને નો'તી પડી. મેં મારાં મા-બાપ જન્મારામાંય કોઈ દિવસ ચોકઠું જોયું નો'તું. ને લગ્ન પછી વીસ વર્ષની નાની વયમાં જ સાસુજીનું ચોકઠું હાથમાં લેવાનો પ્રસંગ આવેલો ત્યારે હું ધ્રૂજી ઊઠેલી! (એમની બત્રીસી મારા હાથમાં હતી તોય!! સાસુની ગેરહાજરીમાં એની નકલી બત્રીસી પણ વહુને ધ્રુજાવી શકે એટલી તાકતવર હોય છે!)

બનેલું એવું કે, વહુ આવતાં વેંત એને 'નવ દિવસ નવી' રાખીને દસમે દિવસે સાસુજીએ મને હેતથી પાસે બોલાવી! ઘરેણાંનો ડબ્બો કે ઘરની ચાવી સોંપતાં હોય એટલી કાળજીથી એક નાની ડબ્બી આપતાં કહ્યું, 'આમાં મારા દાંત છે. જો ત્યાં બ્રશ ને સાબુ પડ્યાં છે. એનાથી આ દાંત સાચવીને સાફ કરી લાવ. જો જે પડી ના જાય - તૂટી જશે.' ખૂબ જ સાવધાનીથી ડબ્બી ખોલવા છતાં દાંત જોઈને હું છળી ઊઠેલી. ફિલ્મોમાં હાડપિંજર જોયેલાં, ખોપરી, દાંત ને બીવડાવી શકાય એવું બધું ઘણુંય જોયેલું. મને તે સમયે એ બધું યાદ આવી ગયું. ગભરાતાં ગભરાતાં મેં ચોકઠાનો એક ભાગ હાથમાં લીધો. રામનામનો જાપ કરતાં કરતાં, વહેલાં વહેલાં બ્રશ પર સાબુ લગાવી દાંત સાફ કરી નાખ્યા. પાણીથી ધોઈ, બીજો ભાગ પણ એ જ રીતે સાફ કરી નેપકીનથી કોરા કરી પાછા ડબ્બીમાં મૂકી દીધા. ડબ્બી સાવધાનીથી બંધ કરી સાસુજીને સોંપી દીધી. માથા પરથી (એક ઘાત ગઈ) એક મોટો ભાર ઊતર્યો હોય એમ ગભરાટ પણ ઓછો થઈ ગયો.

ખબર નહીં કેમ પણ સાસુની હાજરીમાં, વહુની બત્રીસી અને જીભ(ડી) બેને મોંની ડબ્બીમાં બંધ થઈ જતાં હોય છે! સાથે સાથે થોડી ઘણી સેન્સ ઑફ હ્યુમર હોય તો તે ય અલોપ થઈ જાય. એટલે સાસુનું વેણ, નેણ નીચાં કરીને સ્વીકારી જ લેવાનાં હોય! ચૂં કે ચાં થાય જ નહીં. એમની દસેય આંગળીઓને ઈશારે ઘરમાં ફેરફુદરડીઓ ફરવી પડે. વર નું કે પોતાનું ધ્યાન ન રખાય તો વાંધો નહીં, પણ સાસુજીના ઘેરામાંથી છટકવું એટલે સિંહના પંજામાંથી ઉંદરના છટકવા બરોબર થયું!

તો વાત હતી ચોકઠાંની! તે દિવસોમાં તો, મને ચોકઠું ધોવાનું શરૂમાં નો'તું ગમ્યું. પણ મારી ચોકઠું ધોવાની ધગશ, આવડત અને નિપુણતા જોતાં, એ કામ જ્યાં સુધી સાસુજી અને ચોકઠું બંને રહ્યાં ત્યાં સુધી મારે માથે જ રહ્યું. જવાબદારીનું કામ હતું ને! જો કે, કોઈ દિવસ એ બાબતે, મારાં સાસુએ કોઈની આગળ મારાં વખાણ સુધ્ધાં નો'તાં કર્યાં! કે'વું પડે! મારી વહુ તો મારું ચોકઠું એટલું સરસ ધૂવે છે કે, એવું તો મેં ય ક્યારેય નથી ધોયું!' ખેર, આમેય સાસુઓને, વહુઓને વખાણવાની ક્યાં ટેવ હોય છે? દાંતે (કે ગળે) વળગી ગઈ તો?

પણ આજે, આટલાં વર્ષો પછી સદ્ગતની અને સદ્ગતનાં સદ્ગત ચોકઠાંની ઘણી વાર યાદ આવે છે ત્યારે થાય છે કે, જો મને પહેલેથી ખબર હોત કે, મારાં સાસુને ચોકઠું છે તો...? તો હું શું કરત?

એક વાર મારી નણંદનું માથું ઓળતી વખતે (વાળ ઓળતી વખતે) મેં ગમ્મત કરેલી, 'તમારી ચોટલી મારા હાથમાં છે.' મારી સામે ત્રાંસી નજરે જોતાં નણંદને હસવું આવી ગયેલું. ચોકઠા વિશે પણ હું કહી શકતે, 'વગર પાડ્યે તમારા દાંત મારા હાથમાં છે, સાચવજો. તમે ધારો તો ય મારી સામે દાંત નહીં કચકચાવી શકો કે દાંતો તલે ઊંગલી (મારી કે તમારી) દબાવી નહીં શકો! જે તાકાત અસલી દાંતમાં છે તે ચોકઠામાં નથી.' એટલે જ, ચોકઠાંવાળા શેકેલો પાપડ (ભાંગી કે ખાઈ) શકે છે પણ તેનો કાચો માલ - ગુલ્લો કે લૂવો - ખાઈ શકતા નથી! ચોકઠું હોવાથી તેના દાંત ટૂથપેસ્ટથી જ સાફ કરવાનો આગ્રહ સાસુજીએ મને કેમ નહીં રાખ્યો હોય? ઘણી વાર નહાવાનો કે કપડાં ધોવાનો સાબુય ચાલી જતો! જમતી વખતે સાસુજી ખાસ બોલતાં નહીં અને બાકીનો સમય ચોકઠું ડબ્બીમાં રહેતું તેથી બોબડું બોલતાં (કે એવો ભાસ કરાવતાં) તેથી દાંત પીસીને કે ભીંસીને મારી સામે (!) બોલવાનો ખાસ પ્રસંગ ઊભો ન થતો, છતાં ઘણી વાર ચોકઠા પર લીંબુ કે આંબલી લગાવીને મને એમના (નકલી તો નકલી) દાંત ખાટા કરી નાખવાનું મન થઈ જતું!

મને કાયમ એક જ વાતનો અફસોસ રહેશે કે, દુનિયાનાં કોઈ પણ મા-બાપ પોતાની પુત્રીને આવી બધી તૈયારીઓ કરાવતાં નથી. ફક્ત 'વડીલોની સેવા કરજે, બધાંનું માન રાખજે, કોઈની સામે બોલતી નહીં, કામકાજમાં તારી જાતને ખોઈ નાખજે' વગેરે વગેરે સલાહો આપીને ગરીબડી ગાય બનાવીને મોકલતાં હોવાથી, લગ્ન પછી કેવી કેવી સમસ્યાઓનો સામનો કરવો પડે છે એનો અંદાજ એમને ક્યાંથી હોય? આજે મારાં સદ્ગત સાસુની બત્રીસીને, જગબત્રીસીએ ચડાવી મેં એક સમસ્યાનું વર્ણન કર્યું છે. આવી તો કેટલીય સમસ્યાઓનો અવારનવાર સામનો કરવો પડે પણ તે સમયે દાંત કચકચાવીને નહીં, દાંત કાઢીને જ એના ઉપાય શોધવા પડે, નહીં તો દાંત પાડવા-પડાવવાની નોબત આવી જાય! ❑

મારું નામ

—હસમુખ કે. રાવલ—

વૈદિક ઋચાઓએ 'વસુધૈવ કુટુમ્બકમ્'-નું છપ્પન મણનું એવું ભારેખમ સપનું જોયું કે સળેકડી જેવો માણસ ઉપાડતાં જ કચડાઈ જાય. તેથી કરુણાસાગર ઈસુ એની વહારે ધાયા અને 'તું તારા પાડોશીને ચાહ' જેવું હળવું સપનું આપ્યું. આય તે ચાર કૅરેટના માણસને ભારે લાગ્યું. તો શ્રીમાન સૉક્રેટિસ બે પગથિયાં વધારે નીચે ઊતર્યા : 'મિત્ર, તું તારી જાતને જાણ.' જેવું સૉફ્ટ ડ્રિંક સામે ધર્યું. તો ય માણસો કહે : આ પણ સાવ તૂરું છે : જાત તો સાલી હજાર આવરણમાં લપેટાયેલી. રામ-રાવણ ને પોર્શિયા-શાઈલૉક સાથે ડાન્સ કરે એવી મલ્ટિ ઈમેજ રંગભૂમિ. કાચા પારા જેવી અવળચંડી જાતને કેમ પકડવી? કંદ કહેતાં કાંદો કાપવા જેવી આ મહાપીડા કાપી હું કંઈક કાંદો કાઢવા મથતો હતો ત્યારે મારી આંખમાંથી ટપ કરતું એક તીખું મોતી ટપક્યું. 'બકા, તું તારા નામને ચાહ.' શતરૂપા જાત ભલે છેતરામણી હોય પણ નામ તો ઠોસ છે. બે કે બાર અક્ષરનું નામ તેને જીભની સાણસીથી કે કલમના સાણસાથી પકડી શકાય છે. ઊંધું-ચત્તું, ઉપર-નીચે કરી શકાય છે. માઈક્રોસ્કોપથી પણ... આ તો બાવાની લંગોટી જેવું... લાંબું લાંબું... મનમાં પરણું ને મનમાં ભાંડું. પણ ચહેરો સાલો ચાડિયો તે...

મારા મનમાં કોઈ ભયંકર કૌભાંડ ચાલતું હોય એમ કોઈ તહેલકા કુળનો રિપોર્ટર જાણી ગયો ને ટીવી ચૅનલો પર મારો મનસૂબો લીક કર્યો. તે ધૂળાભાઈ, કચરાભાઈ, ગાંડાભાઈ... વગેરેના કાનપુરમાં જઈ એવો ફૂટ્યો કે બધાએ હાજર સો હથિયાર લઈ, મારી સામે સામટો હિંસક બળવો પોકાર્યો. ચેત હસમુખ, ધોળા આવ્યા... કચરા આયા... ગાંડા આયા... એવરેડિ ટૉર્ચવિહોણો છું, શરણની સર્ચમાં આમતેમ અથડાતો હતો. ત્યારે રાજીવલોચન રામ પણ રાવણની સર્ચમાં ભરબપોરે ય મશાલ લઈ વ્યાકુળ વદને અથડાતા હતા. શરણ સેવવા તેમના ચરણારવિંદમાં આળોટ્યો ત્યારે તેમની તૂટેલી ચાખડીઓ સંતાડતા એ દશરથનંદન રઘુકુલનાયક રામચંદ્ર મંદ મંદ હાસ્ય વેરતા બોલ્યા, 'વત્સ, હું એક પત્નીવ્રતા ખરો, પણ એક નામવ્રતા નહીં. એકોડહં બહુસ્યામ્...' જેવાં નિર્દય વચનો વિવેકપૂર્વક સમજાવતા 'સીતે... સીતે...' રટતા આગળ નીકળી ગયા.

પછી તો સિક્યુરિટીઝની આંખમાં ચા નાખી... સૉરી... સિક્યુરિટીઝના કપમાં ચા પધરાવી હું દિલ્હીસ્થ રાષ્ટ્રપતિભવનની તાજી ફોટોકૉપી જેવા વિષ્ણુભવનમાં ઘૂસ્યો. તો એક નહીં, હજાર દરવાજે હજાર નેમ પ્લેટ ઝળહળ ઝળહળ... થાય. ક્યા દ્વારે ઘંટડી વગાડવી! ને લટકામાં બધે 'આઉટ...' 'આઉટ...' ચીતરેલાં ચાંદીનાં પાટિયાં લટકે. કોઈ નામકરણ સંસ્કાર કાર્યક્રમની સિલ્વર રીબન કાપવા વિશ્વપતિ મહોદય લક્ષ્મીજી સહિત સિધાવેલા, તે નૅચરલી અહીં કોઈ ન્યૂઝ ચૅનલનું કૂતરું ય ફરકે નહીં. ભભૂતિ ચોળ્યો ભેંકાર ચીપિયો ખખડાવે એ પહેલાં તો હું ગોલોકની સીડી સડસડાટ ઊતરી ગયો.

નીચે જોઉં તો પગ રાખમાં ખરડાયેલા. આ તો સ્મશાન. સાચું સુખ સ્મશાનમાં. તો ત્યાં પણ ભોળાશંકર 'નામના' હજાર સાપ ધારણ કરી, સમાધિની ચલમ ફૂંકે. કાનને ફરજિયાત લાંબી રજા પર ઉતારી દીધેલા. જાગેલા શબ જેવો મારો આર્તનાદ શરણું શોધતો શોધતો છેવટે મારા શરણમાં આવ્યો.

મેં ઘરનું શરણું સેવ્યું. ત્યારે ઘરે - ઈડરનો એક વાણિયો. ધૂળો એનું નામ. તેનો આવેલો કાગળ સામે ધર્યો. 'વહાલેશ્રી, લીલાલહેરને! અ. સૌ. ધૂળી સાથે, તારો વ્હાલીડો - હું - ધૂળો. ખુશખુશાલ છું. લવકુશ જેવા ગાંડાકચરાએ આંગણે સુખના હરાયા અશ્વમેધી ઘોડાને તાણી બાંધ્યો છે. ને મસ્તીથી સવારી કરે છે. સ્કૂટર તો શું સાઇકલે નથી. પણ ધૂળી નારાજ નથી. મારી સાથે ટાયડી પર તબડક તબડક સવારી કરવાની એ ય મજા લૂંટે છે. પાસે કોથળો અને પાંચશેરી પણ છે. ભલા ભૂપની ય સાડાબારી નથી. કોઈ રંજાડે તો બેફિકર અહીં આવી જજે. અથવા બોલાવી લેજે. હું, તારી ભાભી. કચરોગાંડો. કોથળો ને પાંચશેરી તારા પડખે છીએ. લિ. ધૂળધોયો તારો ધૂળો.'

તો અમારા પાડોશી ધૂળાભાઈ અને ધૂળીબેન રાતોરાત નામાંતર કરી ધર્મેન્દ્ર અને ધર્મિષ્ઠા બની ગયાં હતાં તો ય ધૂળમાં આળોટતાં હતાં એટલું જ નહીં, હીરાભાઈ અને હીરાબહેન પણ હીરાચંદ, હીરલ, હીરવા, હિતેશ, હીનાથી ખરડાઈ ગયાં હતાં. બીજાને શું કહીએ? દાસાનુદાસ મોહનદાસનેય લોકોએ બાપુના વાઘા પહેરાવી દીધા હતા ને દાસ પણ ભોળા તે મોહનને ભૂલીને પત્રોમાં બાપુના આશીર્વાદ લખવા લાગેલા. અરે, વલ્લભભાઈને 'સરદાર' (ના. 'જી' ભૂલથી ય નહીં.) ને સુભાષનેય 'નેતાજી' (મિલેનિયમ ગાળ) થી ગળાડૂબ નવડાવી દીધેલા. પછી તો લોકોની મીઠી મંથરામતિ કંઈ શાંત પડે...!? કેટકેટલાંને આજીવન (ને મરણોપરાંત પણ) નામવટો અપાવી દીધો!... લોકનાયક, બીગબુલ, બીગ બી., નટસમ્રાટ, છોટે સરદાર, છોટા રાજન, છોટે મોરારી... ઈત્યલમ્.

હસવું તો જાત પર હસવું એવો પરોપદેશ સાંભળતાં સાંભળતાં તેપન ગયાં, પણ રતાંધળી આંખ હજુ મલ્ટિકલર જાત જોઈ શકી નથી. તેથી બ્લૅક ઍન્ડ વ્હાઈટ 'હસમુખ' નામ પર હસવાના, ને એ દ્વારા 'સૂળી ઉપર સેજ અમારી' ચડવાના

મહાબ્રેવો (અને મહાબુડથલ) અભિયાનના શ્રીગણેશ કરું છું.

આ હસવું અને શ્રીગણેશ જ્યાં ભેગાં થાય છે ત્યાંથી મારો નામપ્રદેશ શરૂ થાય છે. મૂળાક્ષરોની માલગાડીનો છેલ્લી હરોળનો ડબ્બો 'હ' તમે ધ્યાનથી જોયો છે? (મારો છે એટલે) મેં જોયો છે. ઘણાં લોકો એને મહાપ્રાણ પણ કહે છે. તમારા નામમાં ક્યાંક ભરાઈ ગયો હોય તો તમે ય જોજો. જોવા જેવો છે. ઉર્ધ્વાંગ 'ડ' વક્રતુંડ શેઈપ ધારણ કરે છે અને શેષ વધતો 'ઁ' ચંદ્રાકાર દુંદાળો દુઃખભંજણો છે. (પછી છો મારું પેટ પાતાળમાં બેઠું મોદકનાં મરશિયાં ગાતું હોય!) હ મૂળે તો હાસ્યખોર વિદૂષક છે. દુઃખકર્તા... સુખહર્તા... ગાય એવો ભોટ. પેલો દુંદાળો દુઃખભંજણો ભોટને ય વિનાયક બનાવે છે. વિવેકચૂડામણિનું બલ્લૈયું ધારણ કરાવે છે. અઢારે વાંકાને સમ્યક્ (સીધાં દોર) રાખે છે.

સમ્યક્ કહેતાં 'સ' એકીશ્વાસે દોડી આવે છે. આ બળૂકો 'સ' એક જ ઝાટકે ઘર... ઘરર... એરકંડિશનનો વધ કરી લીલીછમ સીમમાં મારું અપહરણ કરી જાય છે. તળાવમાં ઝબોળે છે ને ઘાસમાં રગદોળે છે. વાછરડો બનાવી ગાય પાછળ દોડાવે છે. પગમાં પંખીનાં પીછાં ભરાવે છે ને કાનમાં ગીતોની માળા ગૂંથે છે. ચામડીના ખાલીખમ કોથળામાં ઠાંસી ઠાંસીને ખેતર ઠાલવે છે. ભૂખડી બારસને છપ્પન ભોગ ધરાવે છે. લંગડાને વાડ લંઘાવે છે. કુબડાને મોરમુકુટ પહેરાવે છે. ખિસ્સામાં કાબર, કોયલ, હોલા, દેડકાં શું શું નથી ભરતો...! 'સ' માત્ર કૌતુકરાગી નથી, કર્મરાગી પણ છે. પૂર્વાંગ 'ર'માં મારી મૂઢમતિ ધૂંસરી જોડ્યા બે બળદ જુએ છે. ઉત્તરાંગ ધારણ કરતી પેલી આડી ઊભી રેખા 'ન' હળ બની જોતરાય છે ને આખ્ખેઆખ્ખો 'સ' ખેતર ખેડે જાય છે અને હોલાતેતર સાંભળે જાય છે. મારી કેડને ચીમટા ભરતો પરસેવો ય પારસપંખીના સ્પર્શથી આનંદના સોનેરી ઢૂંડે સુરભિત, પુલકિત, મુખરિત (કર્ટસી : કવિશ્રી, સુંદરમ્) થાય છે.

મુખરિત સાથે જ 'મુ' અને 'ખ' સાથે ઝડપાઈ ગયા. મુ મને મુંબઈ (કહેતાં શહેર કહેતાં નગર કહેતાં સિટી) ના મુમ્માદેવી ચોકમાં લઈ જાય છે. ટ્રામ, ઘોડાગાડી, કાર... કાલબાદેવી, કબૂતરખાનું, પાંજરાપોળ ને કુંભારટુકડામાં ઘસડી જાય છે. મ મને મૂંઝવે છે. ખોવાઈ ના જાઉં એટલે સજ્જડ રીતે આંગળી પકડી રાખે છે ને પાંજરાપોળ ને કબૂતરખાનામાં પૂરી રાખે છે. બદલામાં મ મોટર પણ આપે છે ને 'ભોંપૂ... ભોંપૂ...' કરતો ચોપાટી પર ફેરવે છે. વાંદરા આગળ દરિયાનું દર્પણ ધરે છે ને ચમક ચમક રેતમાં ખેલ કરાવતો નચાવે છે.

'ખ' પાછો ખેતરમાં લાવી મૂકે છે ને બાજરીનાં ડૂંડાં, ઘઉંની ઊંબી, જીરુ, વરિયાળીની તીવ્ર ગંધ મારા કાન પકડે છે, તંગડી ખેંચે છે, બકીઓ કરે છે ને અધૂરો દાવ મગાવે છે. મારી પંચેન્દ્રિયો ઘીમાં લબાલબ...

આ હસમુખ સાવ તળપદો, આમ સાલસ. પણ સ્વમત ધરાવતો, રાતદિન ઊંઘતો ને જરૂર પડે ક્યારેક જાગી જતો, નધણિયાતો દેશી નાગરિક.

આ હસમુખનો પિંડ કોણે ઘડ્યો, ખબર નથી. ફોઈ તો સમ ખાવા યે ન હતાં. ને બાને તો તેના વહાલના પ્રાઈમ ટાઈમમાં આવું ફાલતું પૂછવાનું યાદ જ ન આવે ને...! ને હવે પૂછવા જાઉં તો તમને બતાવવા પાછો ના આવી શકું! ને તમે બધા મને ગોતવા...!! ના... ના... એવું બધું માનું એવો હવે ભોળો નથી...!

હસમુખ પ્રાગ્-ઈતિહાસ કાળમાં 'હસુ' હતો. ચડ્ડી વગરના દોસ્તારો 'હસુડો' કહેતા ને દાવ છોડી ભાગી જાય તો 'હસુડો ઢસુડો' ય કહેતા, ટીચતા ને મણનો છ શેર કરતા. બાકી એ હસુરાજ્ય, રામરાજ્યને ભુલાવે એવું. હસુનું ગળપણ ઘરમાં ને મહોલ્લામાં મિનિટે મિનિટે ટપકતું. 'હસુ... હસુ...' કરતાં બા-બાપુ, કાકા-કાકી, ભાઈ-બહેન, ભા-માનાં ગળ્યાં મધ થઈ જતાં. હા, ભાભીઓ હંમેશાં વેંતભર્યા હસુને હસુભૈના ઊંચા આસને બેસાડતી. હસુભૈ ક્યારેય રડુભૈ ના થાય માટે બચારીઓ જીવ પાથરતી. આ પ્રેમના મૂળમાં તે વખતે દરેક ઘરમાં ભજવાતી 'સાસ સિર્ફ સાસ થી' સીરિઅલ કારણભૂત હતી તેવી લોકવાયકા છે.

આ હસુ નામના કોશેટોમાંથી હસમુખ નામનું પતંગિયું ક્યારે સર્જાયું તેની ચોક્કસ તવારીખ ઈતિહાસમાં મળતી નથી. પણ સંશોધકોને ડૉક્ટરના પ્રિસ્ક્રિપ્શનની યાદ તાજી કરાવે તેવા મામાના પત્રો, સગાંની લગ્નપત્રિકાઓમાં ચમકતા 'ધલુલ ધલુલ પધાલજો...' કહેતા ટચુકડા હસમુખભાઈને શાળાની નોટબુકો અને પરિણામપત્રોમાં અસંખ્ય લેખિત દસ્તાવેજી પુરાવા પ્રાપ્ત થયા છે ને એ સમય પ્રવાહ આયુષ્યના ત્રણ વર્ષથી તેર વર્ષ વચ્ચેનો કોઈ પણ હોઈ શકે તે વિશે વિદ્વાનો મતમતાંતર ધરાવતા હોવા છતાં લગભગ એકમત જણાયા છે. (જુઓ : આ લેખના અંતમાં મુકાયેલી અદૃશ્ય પાદટીપ.)

આ હસમુખ નામે મારા અસ્તિત્વમાં આંખો પટપટાવી ત્યારે હું મુગ્ધ વત્સ હતો. શરૂઆતથી જ ઠંડા લોહીનો તેથી હું સર્વકાળે સર્વમિત્ર રહ્યો છું. હસમુખ સાથે મારો સંસાર સુખપૂર્વક ચાલતો હતો. પણ ઉપરવાળાની અવળી ગંગા તો જુઓ! મારો ય એક દુશ્મન ઊભો કર્યો. કોણ? તો કહે સાક્ષાત્ મારું નામ - હસમુખ! આમ તો સીધું પણ વાંકી આંગળિયે ઘી કાઢવા મથે. પહેલાં તો થતું : ઠીક છે બચારું નામ છે. નાનું છે. સોળે સાન ને વીસે વાન. કાલ મોટું થશે ને સુધરી જશે. પણ આ તો મોટું એટલું મોટું થતું ચાલ્યું. તે નાની ચડભડથી માંડી ફારગતિ સુધી મામલા પહોંચ્યા. (નબળો માટી બૈરી પર શૂરો એવી ચૂંઈગમ મફતમાં મળી જાય તો મમળાવી લેવી.) ક્યા સમરક્ષેત્રમાં કેવાં યુદ્ધો ખેલાયાં ને ક્યા નરપુંગવે કેટલાં શ્રીફળ વધેર્યાં... તેના રાગડા

તાણતા વહીવંચાના અવશેષો શોધ્યા જડતા નથી. એક સાંત્વના છે. દરેક ધજાગરે હસમુખની મિનિ ધજા પીપળાના પાનની જેમ ફરકતી રહી છે.

ચિનગારી યાને પહેલો ભડકો : (બધી તારીખો માટે જુઓ : અદૃશ્ય પાદટીપ) ભોગ લાગ્યા કે બાજુમાં ભોગીભાઈ રહેવા આવ્યા. લેખક. નામ લખે ભોગીન્દ્ર. બીજાના હાથમાં બરફનો રંગીન ગોળો જોઈ છોકરું પછડાટો ખાય એમ હસમુખે પછડાટો ખાવા માંડી. મને ય હસીન્દ્ર અપાવો તો હા, નહીં તો ના. ભાઈ, બહેન, સાહેબ કહે : હસીન્દ્ર ન થવાય. થવું હોય તો હરીન્દ્ર થવાય. પણ જીદ એટલે જીદ. નોટોમાં ય હસીન્દ્ર... ઘરની ભીંતો પર પણ હસીન્દ્ર... ને છેવટે દોસ્તારોએ શેરીની ભીંતે ભીંતે કોલસાથી હસીન્દ્ર નામ અમર કર્યું. ને મને જોતાં ચોરે ને ચૌટે 'હસીન્દ્ર... હસીન્દ્ર...!'નાં ગગનભેદી સમૂહગીત ગવાયાં, ત્યારે માંડ હસમુખ ભાનમાં આવ્યો ને ભર બપોરે, લાંબી લાકડી લઈ, હડકાયા કૂતરાની જેમ હસીન્દ્રને તગેડી મૂક્યો.

કોઠાયુદ્ધ ઉર્ફે ભાઈલાલદાસ રાય યુદ્ધ : આમ તો આ બધાં છૂટાં-છવાયાં નાનાં-મોટાં ધીંગાણાં કહેવાય. નિશાળમાં એક કે.લાલ સાહેબ. હાથમાં કાષ્ઠની છડી રાખે તેના જાદુથી છોકરાંની હથેળીઓ જ નહીં, નામે ય લાલ કરી નાખે. મારું નામ કેમ બચે...! તે ય લાલ લાલ હસમુખલાલ...! તો પંડ્યાસાહેબ પંગતમાં દાળ પીરસતા હોય તેમ હાજરી પૂરતાં બધાં નામને વણમાગે ય 'ભાઈ... ભાઈ...' પીરસે જાય. પટેલસાહેબ સાવ સમાજવાદી. એમનો એક જ ટ્રેડમાર્ક. 'દાસ'. કાંનદા... જીવણદા... ને હસમુખદા... તો વળી પંડિતસાહેબ બ્રાહ્મણના આ રંક ખોળિયામાં રાય જ નિહાળે. તે કાયમ ખબર પૂછે, 'કેમ છો, હસમુખરાય? અભિમન્યુ જેવો બાળારાજા હરખાતો છોલાતો હસમુખલાલને કાપે તો ભાઈ ઊગે ને ભાઈ કાપે તો હા... હા... હા... હા... કરતો દાસ સામે આવે. પછી તો ભણતરની ઉપાધિઓ... એક નહીં, બે નહીં, હસમુખ બાર પૂંછડિયો બની ગયો. એક પછી એક પૂંછડિયા કોઠા હારે ને જીતે... જીતે ને હારે...

(ઉપ) નામ યુદ્ધ-૧ : આઠમામાં સાહેબે પહેલી વખત ફોડ પાડ્યો કે 'કલાપી' એ કોઈ ફોઈએ પાડેલું નામ નથી. કવિએ જાતે જ ફોઈકર્મ કર્યું છે. મૂળમાં તો સૂરસિંહજી તખ્તસિંહજી ગોહિલ. ઉપનામ કેમ? તો કહે : મૂળ નામ પાણીમાં પલળેલી રેતીની ગુણ જેવું ભારેખમ લાગવા માંડે ત્યારે ફૂલ જેવું હળવું ઉપનામ. સુગંધ... સુગંધ... ફેલાવે! પછી તો 'સુંદરમ્'ની થેલીમાંથી ત્રિભુવન પુરુષોત્તમ લુહાર નીકળ્યા... ને દ્વિરેફ. શેષ, સ્વૈરવિહારીનાં પોટલાં છોડ્યાં તો દરેકમાંથી એ રામનારાયણ વિ. પાઠક જ નીકળ્યા. ઊગતા ઉમાશંકર 'વાસુકિ'ના ફૂંફાડા મારતા હતા તો મણિશંકર 'કાન્ત' બની ચમકતા હતા.

વળી, ઇતિહાસે પુનરાવર્તન કર્યું. પેલા બરફના ગોળાવાળી જ વાત! ઉપનામ હોય તો હા નહીં તો ના. પણ ઉપનામ રળવા માટે કવિ-લેખક બનવું પડે. ને કવિ-લેખક બનવા કવિતા-વાર્તા કરવી પડે એવો તુઘલગી નિયમ જાણ્યો. ત્યારે કવિતા તો ઠીક... બવિતાની આડમાં... 'ઉપનામ લેકે રહેંગે'ના ઘોષ સાથે તુઘલગી-યાત્રા શરૂ કરી.

સાહેબ કહે : 'કવિતા છંદોથી બને.' ને ગાવા લાગ્યા... આ તો : મંગલાષ્ટક. વરકન્યા સાવધાન... મનેય આવડે... ને આતો : ન મંત્રં નો યંત્રં... દેવીસ્તુતિ. એ ય આવડે. હા. આ તો સહેલુંસટ. રાગમાં લખાય તો કવિતા ને કહેવત છે ને : દેનેવાલા છપ્પર ફાડકે દેતા હૈ. તે ખરેખર મારું છપ્પર (માથું) ફાડીને દીધું. વાત એમ બની કે કબાટ ખોલતાં મારા છપ્પર પર મોટું થોથું પડ્યું : વ્યાકરણ. તેમાં છંદનું પ્રકરણ. કવિતાના ગઢનો બુલંદ દરવાજો. પણ બંધ. છંદ ઉકેલવાનો છંદ લાગ્યો. વંચાય પણ પમાય નહીં. સાહેબ પણ (શિષ્યના દેદાર જોઈ) પાછા પડી ગયા. સોટી બતાવે ને કહે, 'ગણિત ગોખ, ગણિત.' તે સેલ્ફ રિલાયન્સ. હું, ફાનસ ને છંદ. કોઈ કોઈને મચક આપીએ નહીં. છેવટે ગગનવિહારી લલિતા(કવિતા)દેવી કમલગિરિ પરથી મારો (ઉપનામનો) મનોરથ પૂર્ણ કરવા લલિતછંદમાં આડ પેદાશરૂપે પ્રગટ્યાં. સાહેબો અને સોબતીઓના : સરસ તફડાવ્યું... ને ઘણું તફડાવો-ના હાર્દિક આશીર્વાદ પામ્યાં ને એક જ્ઞાતિમાસિકમાં (મુજ મુખે સ્ફુરે કાવ્ય તો કદી! કવિ બનું દિલે આશ તો હતી! પણ વિના જીભે શું પ્રભો કરું! પ્રભુ ચિરાગ હું એક યાચું છું...) ખાસ્સી ચોવિસ પંક્તિઓના પટમાં વહ્યાં પણ ખરાં... તેનો જયઘોષ પત્રોમાં (બાળમંદિર શોભાવતી ભત્રીજી સુધ્ધાં), શાળામાં (પટાવાળાઓ સુધ્ધાં), શેરીમાં (શિવકોરમા સુધ્ધાં) કર્યો. અરે, ખીલે બાંધ્યાં ગાય-વાછરડાંને ય ચોપાનિયું બતાવવા ઊછળતો હતો ત્યાં પેલા વિવેકચૂડામણિ હ-એ ઠમઠોર્યો : હવે ઝાઝો વેવલો થા મા... ત્યારે માંડ ઘેલી પાંચમ છૂટી.

દરમ્યાન મનમાં હજારો ઉપનામ જન્મેલાં ને કલાક બે કલાક બે દિવસનું આયુષ્ય ભોગવી વીરગતિ પામેલાં. એવામાં ઝીણાભાઈ દેસાઈનો (રચેલો) ઇતિહાસ ભણવામાં આવતો હતો. ચોપડીનું પૂંઠું ગરીબી રેખાથી નિમ્ન કોટીનું. તે ઢાંકેલું રતન 'સ્નેહરશ્મિ' ઝબક ઝબક થાય. બરાબર એ જ સમયે મારા મનમાં ઝબક ઝબક થયું : 'સ્નેહસાગર'. ઝીણાભાઈ તો 'રશ્મિ' ને હું 'સાગર!' પહેલા રાઉન્ડમાં જ ઝીણાભાઈ ચિત. ને દુકાળના ખાબોચિયા જેવો હું વગર વરસાદે સાગર થઈ ગયો...! (ઘરનો પ્રેસ તે) મામા રિઝ્યા ને 'સ્નેહસાગર'નાં બસો કવર મફતમાં છાપી આપ્યાં. અણમાનીતો હસમુખ ભૂખ્યોતરસ્યો ખૂણામાં પડ્યો રહે ને પઠ્ઠો સ્નેહસાગર હરાયા ઢોરની જેમ લીલા શ્રાવણમાં આખી

સીમ મહાલે.

તે દિવસોમાં ગામમાં તરગાળા આવેલા તે ખાટલે ચડી 'સ્નેહસાગર' ડોલે ને ભવાઈ માણે. ત્યાં ભૂંગળ વગાડતો રંગલો : ભાઈ ભલા... તા... તા... થઈક... થઈ... થા...' કરતો બોલ્યો : '... માએ નામ તો રૂપાળું પાડેલું : ભલાભાઈ. પણ પીટ્યો ભલોભઈ તો તેતરાં મારે. ઘૂમટો તાણીને વહેલડીમાં બેહી, છમકછમ કરતાં ચોટલાબા આ'યાં, તે આખું ગામ ઘેલું થયું : ચોટલાબા આ'યાં. ચોટલાબા આ'યાં... પણ ચોટલાબાએ ઘૂમટો ઊંચો કર્યો તો માથું બોડુંરોળું! બોડી બામણીના શેતર જેવું! અરે, મારા ઢેંચણ જેવું... હાવ સફાચટ...!' બસ એ રાતે અશોકે કલિંગનું યુદ્ધ ખેલ્યું ને સ્નેહસાગરનો વધ કર્યો. કેરોસીનની પવિત્ર આહુતિઓ અપાઈ ને પેલાં બસો કવારિયાં રાતે ને રાતે જ ઓમ સ્વાહા. સવારે ભૂખ્યા હસમુખને ખીર ખવડાવી પારણાં કરાવ્યાં ને ભીતરના સેફવૉલ્ટમાં પધરાવ્યો.

નામયુદ્ધ-૨ : ...પણ રાવલ અટક બસની તૂટેલી બારી જેવી ખડખડ ખડખડ થયે જ જાય. તે શિયાળામાં ઠારે ને ઉનાળામાં બાળે ને ચોમાસામાં પલાળે. રાવળ સાથે ગધેડાં ને ગુણ ને રેત ને ઈંટો ને કપચી જ યાદ આવે જાય... બિચારી ઊડતી હસમુખડીના માથે પથરા પડે જ જાય. ત્યાં કલાગુરુ ર.મ.રા. રવિશંકર રાવળ ('કુમાર' ફેઈમ) મારી વારે ધાયા ને દુખતાં અંગો પર ચિત્રોનાં પાનાંનો (આકડા, એરંડાનાં પાનની જેમ) હૂંફાળો શેક કર્યો ત્યારે બૅનરજી ને ઘોષ ને ... ન જાણે બીજું શું શું બનવાના મનસૂબા કરતો આ ભોળો ભ્રમચારી (બ્રહ્મચારી નહીં) બચી ગયો.

નામયુદ્ધ-૩ (પૂર્વાર્ધ) : કાળે કરીને શિક્ષક થયો ત્યાં ખબર પડી કે સંસ્થામાં બીજા ય હસમુખ રાવલ છે. પછી તો મિનિટે મિનિટે મહાકૉમેડિ. 'ટાળો, ટાળો તો ય ગોટાળો' ભજવાયા કરે... એ તો ઠીક છે વચ્ચે અમારા પૂજ્ય પિતાશ્રીઓ પડ્યા ને ભેળસેળ અટકાવી. હું એચ. કે. ને એ એચ. એસ. થયા. આમ નામ અને અટકની વચ્ચે 'કે.'નો માણેકસ્તંભ રોપાયો. પછી તો નવરો પડું ત્યારે મારો કાન આમળું : કમબખ્ત, તું તે હસમુખ... 'કે....' રાવલ...?! જટાયુની માફક બે પાંખો કપાઈ ગયેલી તે કોઈ કહે હસમુખ, કોઈ કહે રાવલ ને વળી કોઈ રઝળતું ધડ-માથું દેખાઈ જાય તો બિચારા દયાભાવે બે ને ભેગાં કરી કહે : કેમ છો એચ.કે.?

નામયુદ્ધ-૪ (મધ્યાર્ધ) : લખવાની દુનિયામાં કલમને પગ પડતાં જ ખબર પડી કે હસમુખ એ કોઈ સંજ્ઞાવાચક નહીં, પણ જાતિવાચક નામ છે. હા. સાહિત્યના ગોળગુંબજમાં હસમુખ... હસમુખ... હસમુખ... પડઘાય છે તે તો હસમુખ પહેલો, હસમુખ બીજો... હસમુખ ત્રીજો... છે; કોણ જાણે તું કેટલામો હસમુખ? કે પછી માત્ર પડઘો જ કે... પાછી કૉમેડિ ફિલ્મ! 'કોઈનું મીંઢળ કોઈના હાથે.' ટપાલી બારણે ટકોરા મારે ને નજરમાં યશકુંવરી આકારાય. પણ બારણું ખોલું તો લંબાવેલો હાથ ટપાલી પાછો ખેંચી લે અને 'આ તો હસમુખ બીજો...' કહેતો ટપાલી બીજી ગલીમાં વળી જાય. તો કોઈ વખત ટપાલમાં આવ્યું કાળોતરીનું કાર્ડ ચિત્તુપટ પડ્યું હોય... ઉપરના ભાગે કાળી ધજા ફરકતી હોય : લૂગડાં ઉતારી વાંચશો. વચ્ચે ભખ... ભખ... દોડતું અક્ષરનું ધુમાડિયું એન્જિન ને તળિયે ટચુકડું સ્ટેશન હોય : અપયશ. ઉલટાવીને સરનામું જોઉં તો બીજી ગલીનો 'હસમુખ બીજો...' નીકળે. એવો પરેશાન થતો કે બાપના બાપ પોકારી જતો. પણ વારે તો દાદાજી નહીં. પિતાશ્રી જ ધાયા. બચપનમાં દવા પાતી માને ચોક્કસ જોઈ ગયા હશે. તે તેમણે ય, નામ બિચારું રોતું રહ્યું ને બે પગ વચ્ચે બરોબરનું દબાવી ગાલ પર પરાણે 'કે.'નું છુંદણું છુંદાવી દીધું. આગવી ઓળખ આપવા : ન ચોરહાર્યમ્ ન ચ રાજહાર્યમ્ પણ ભાતૃભાજ્યમ્... એવા 'કે.'ને તાણી બાંધ્યો : 'જા બેટા, લીલાલહેર કર.' પણ અડિયલ હસમુખને ભાતૃભાજ્યમ્ એવો 'કે.' ઘણો ભારકારી લાગે. તે તોબરો ચડાવી કહે : મારા નામમાં 'કે.' શું કામ ભળે? હું એટલે હું એટલે હું. માત્ર હું. ઠીક છે, 'હ' મૂઆ છીએ એટલે હસીએ. શ્રવણ બની કે.ને કાવડમાં બેસાડી દેશાટન કરાવીએ ને કાંધ (મોં પણ) રાતી રાખીએ. પણ... હાફ હાર્ટેડ. હાંફતા હાંફતા...

નામયુદ્ધ-૫ (ઉત્તરાર્ધ) : વગર આગે મનના ટેલિકાસ્ટ સ્ટેશનની લાઈબ્રેરી બળી ગયેલી. બસ એક અને માત્ર એક જ કસેટ બચેલી તે ચોવીસ કલાક એક જ ગીત ટેલિકાસ્ટ થયા કરે : હો રાજ રે... ઢાંકણીમાં અખ્ખર ભરવા ગ્યાં'તાં, મને 'કે...' કાંટો વાગ્યો, મને 'કે...' કાંટો વાગ્યો... હો રાજ રે... વડોદરાથી વૈદ તેડાવો, મને 'કે...' કાંટો...

ત્યાં મૅનમેઈડ વલ્કલધારી ઋષિ સિતાંશુ (યશચન્દ્ર) પસાર થતા હતા. મૂળે અંતર્યામી, શૉખે અખ્ખરના દરિયાના મોજીલા મરજીવા પણ સ્વભાવે ધન્વંતરી, તેમના માટે : હો રાજ રે... નું સૅમ્પલ પૂરતું હતું. ચુટકીમાં તેમણે 'કે...'ના રોગની દુઃખતી રગ પકડી લીધી. ને તરત તેમણે 'દીકરાને' નામની ગુટિકા પોતાના ખરલમાં ખૂબ ઘૂંટી ને મારું નાક દબાવી પીવડાવી દીધી. તેની આંશિક ફૉર્મ્યુલા નીચે મુજબ છે :

... ત્યારે મળી આવે તને તારું નામ
તારા પ્રથમ નામ અને અટક વચ્ચે, પૂરી ખાતરી કરાવતું,
મારું યે, (નામ)
પૂર્ણવિરામવાળા એક અક્ષર રૂપે.
અથવા, બહેતર, થોડીક કોરી જગ્યા રૂપે.
ડાઘડૂઘ વગરની...

તેનો પહેલો, બીજો ને ત્રીજો ડોઝ જેવો મનમાં પડ્યો કે મનનો મેલ વિખરાવા લાગ્યો : 'ઊગે છે સુરખી ભર્યો રવિ મૃદુ

હેમંતનો પૂર્વમાં/ભૂરું છે નભ સ્વચ્છ, સ્વચ્છ દીસતી એકે નથી વાદળી.' (કર્ટસી : કલાપી)... આપની આંખ 'નભ'ના બદલે 'મન' વાંચી બેસે તો વાંચવા દેશો. બિચારીને ફટકારશો નહીં, પ્લીઝ.

'કે....'ની કર્કશ રેકર્ડ પળમાં કામરૂપાં બની ગઈ, ને ઘેલી આત્મરચિત... ત્વમેવ તાત ન ચ વિપ્રયોગ... ગાતી મોહી પડી. પછી તો નિરામય એવો હું ધન્વંતરીને થૅંક્સની શાલ ઓઢાડવા ઊભો થાઉં ત્યાં તો એ અંતર્ધ્યાન થઈ ગયા. ને આકાશવાણી થઈ : નામાટવિમાં આજીવન ભટકી ઉઝરડાયેલા હે વત્સ, હવે શોક ત્યજી શાલ ધારણ કરી શયનનું શરણ સેવ. (ટીંગટોંગ.)

શાંતિપાઠ : ના, આ મહાભારતનો ઓગણીસમો દિવસ નથી... મોતનાં માતમ નથી. કોઈ લંકા બળી નથી... રાવણ છે જ નહીં. સીતાને છાયાસીતા ગણતા રામને સીતાનો સાક્ષાત્કાર થયો એટલું જ વગર શાપે વર્ષોનો વનવાસ અને વિગ્રહ સેવતા હસમુખને અનુકૂલનનું ઓશીકું મળ્યું. હવે તો હસમુખ સરોવરની પાળ, હસમુખ આંબાની ડાળ, હસમુખ ભૂખ્યો નથી, હસમુખ તરસ્યો નથી. હસમુખે હસમુખે હમણાં તો હસમુખ કે. રાવલ સુધી ચાદર લંબાવી છે. ઊંઘ આવશે તો જાત... પાડોશી... ને વસુધૈવ કુટુમ્બકમ્નાં રંગીન સપનાં જોશે. શાંતિરેવ શાંતિઃ

તમે ય તમારા નામ સાથે કુરુક્ષેત્રમાં સૉરી... કુશળક્ષેમ હશે. મારી શુભેચ્છાઓ તમારી સાથે છે. રાત્રીનો ત્રીજો પ્રહર છે તો મારા અષ્ટાક્ષરી ફાર્મના કૉટેજમાં પોઢું. ❑

અનુસંધાન] તેલ અને તેલની ધાર [પૃ. ૮૫૧ થી

જંગ હોય ત્યાં શાસ્ત્રાસ્ત્રોની બીક કેવી? ચપ્પુની આગળની ધાર થોડેક સુધી ખૂંપી એટલે 'ઢાંકણવિજય' મને હાથવેંતમાં લાગ્યો, પણ કમબખ્ત ચપ્પુ થોડુંક નાજુક અને ઢાંકણ થોડુંક વધારે જિદ્દી નીકળ્યું! ચપ્પુ એક હદ સુધી વળ્યા પછી 'કટ્ટ' અવાજ થયો. એ ઢાંકણના ખૂલવાનો નહીં, પણ ચપ્પુના તૂટવાનો હતો. ચપ્પુની અડધી ધાર તો મુખ્ય શરીરથી છૂટી પડી ગઈ. ચપ્પુની શહીદીથી પ્રેક્ષકગણના મુખમાંથી હાયકારો નીકળી ગયો. સદનસીબે લોહી ન વહ્યું. પણ મને કામગીરી છોડી દેવાનાં સૂચન થયાં. તેમાં મારી સાથોસાથ ભવિષ્યમાં વપરાનારાં સાધનોની પણ ચિંતા હોય એવું જણાઈ આવતું હતું.

હવે પ્રશ્ન ઢાંકણનો નહીં, પણ પ્રતિષ્ઠાનો હતો. મેં સાણસીની મદદ લીધી. તેનાથી પણ ઢાંકણ ન ખૂલ્યું. પકડ અજમાવ્યું. એ પણ નિષ્ફળ ગયું. દરમ્યાન 'તેલના ડબ્બાને એક સાદી ફોઈલથી પેક કરતાં આ લોકોનું શું જાય છે?'થી માંડીને 'ફરી એક વાર આજુબાજુના બે-ચાર જણને ફોન કરી જોઉં' એવા વિચારો આવવાના શરૂ થઈ ગયા હતા. 'ફાઈન્ડ ધ કૉઝ ઍન્ડ મીન્સ વીલ ફૉલો' એ સૂત્ર મને ખોટું પડતું લાગ્યું. અંતે કુટુંબીજનોની સંમતિથી મેં ઢાંકણ ખોલવાને બદલે તેમાં કાણું પાડવાનું નક્કી કર્યું. 'તમારે કામ તેલ સાથે છે કે ઢાંકણ સાથે?' એવું મારું આશ્વાસન હતું. એક ખીલો લીધો. તેને ઢાંકણ પર ઊભો મૂક્યો અને વજનદાર પથ્થરથી તેની પર પ્રહાર કર્યો. ખીલો ઢાંકણની આરપાર ગયો એ સાથે જ અંદરથી તેલની નાની છોળ ઊડી. એ વખતે મને તેલની છોળથી કપડાં બગડ્યાનો અફસોસ નહીં, પણ રણમાં લાંબા ખોદકામ પછી તેલ (ક્રુડ ઑઈલ) મળ્યું હોય તેવો આનંદ થયો.

હવેથી દર શનિવારે રાત્રે વાતવાતમાં હું તેલના ડબ્બાની સ્થિતિ જાણી લઉં છું. તેની સપાટી 'ભયજનક'થી નીચે ઊતરી ગઈ હોય તો તરત મિત્રો-હિતેચ્છુઓને ફોનથી જાણ કરી દઉં છું. પરાવલંબન ઇચ્છનીય નથી, પણ અડધો કલાકની મહેનતના અંતે અપપ્રતિષ્ઠા અને તેલથી ખરડાવાનું મને વધુ અનિચ્છનીય લાગે છે. ❑

અનુસંધાન] કવિતાવાળો [પૃ. ૫૫૩ થી

કાવ્યપઠન ભળી ગયું. 'ધિક્ ધિક્' કાવ્યપઠન પૂરું થતાંમાં જ શ્રોતાજનો પણ મારી સાથે અને સામે હાથ લાંબા કરીને બોલી રહ્યા 'ધિક્ ધિક્'.

પરિચિત શ્રોતાઓ વચ્ચે ઊભવાનો આ જ મોટો ફાયદો છે.

તા.ક. : એક જરૂરી ખુલાસો :

મેં વર્ષોથી સરકારી ઑફિસમાં કામ કર્યું છે. સરકારી તુમારો જે ઢબથી લખાતા હોય છે એનાથી હું ઘડાયેલો છું. એમાંથી હું બહાર નથી નીકળી શકતો. સાદા વ્યાવહારિક પત્રોમાં ય મારી તુમાર શૈલી વારંવાર ડોકાયા કરે છે.

તમને થશે : 'આવું બને ખરું?'

મારો જવાબ છે : 'હા બને, દાખલો આપું?'

મારા એક સંબંધી મિત્ર ઘોડા-ડૉક્ટર હતા. નિવૃત્ત થયા બાદ એ પોતાના વતનના ગામડે જઈને રહ્યા. દાક્તર હોવાના નાતે કોઈ વાર માનવદર્દી પણ દવા લેવા એની પાસે આવતો. પ્રાણીમાત્રમાં ઐક્ય છે એવા વેદાંતી જ્ઞાનથી દાક્તર વેગળા હતા પણ સામે ઊભેલો દર્દી ઢોર હોય કે પછી માણસ હોય, બધા એને મન સરખા જ હતા. ટેવવસાત્ તેઓ દર્દીના હાથની નાડના બદલે પગ પકડતા. એમાંય એક વાર તો ભારે થઈ. એમની માસીની દીકરીને સુવાવડ આવી છે એવા સમાચાર મળતાં હૉસ્પિટલમાં ખબર કાઢવા ગયા. માસીને પૂછી બેઠા, 'તમારી દીકરી ક્યારે વિયાણી?'

આવી જ કાંઈક ચૂક ટેવના લીધે પત્રલેખન વખતે મારાથી થઈ જાય છે.

અને છેલ્લે, ભાઈ કમ્પોઝિટરને સૂચવશો કે 'સ્થાન સમર્પિત'માં મારું કાવ્ય મોટા ટાઈપ - ૩૬ પોઈન્ટમાં લે અને 'કવિપદવાંછુ' નામ ૪૮ પૉઈન્ટમાં લે. ❑

ડૉ. ઈન્દ્રદેવ આચાર્યનાં કેટલાંક અર્થસભર અને રમૂજી રેખાંકનો

— સમીર પાલેજા —

ગુજરાતી પત્રકારત્વમાં વ્યંગચિત્રના ક્ષેત્રમાં પોતાનું આગવું સ્થાન પ્રાપ્ત કરનાર ડૉ. ઈન્દ્રદેવ આચાર્યના (એમ.એ., પીએચ.ડી.)ના નામથી ભાગ્યે જ કોઈ અજાણ હશે. ૧૯૫૯ના જૂન માસમાં શરૂ થયેલી 'આચાર્યની આજકાલ' નામની ચિત્રવિનોદિકાએ (પૉકેટ કાર્ટૂન) ૨૦૦૨ની સાલમાં તેંતાલીસ વર્ષ પૂરાં કર્યાં છે. ગુજરાતી પત્રકારત્વમાં આટલા લાંબા સમય સુધી એકધારી ચાલુ રહેલી તે એકમાત્ર કટાર છે. આ માટે ડૉ. આચાર્ય અભિનંદનને પાત્ર છે. તેમના આ મહત્ત્વના પ્રદાનને ધ્યાનમાં રાખીને ઑલ ઇન્ડિયા ફાઈન આર્ટ્સ ઍન્ડ ક્રાફ્ટ્સ સોસાયટીએ એમને વેટરન આર્ટિસ્ટ્સનો ખિતાબ એનાયત કર્યો હતો. (જે કોઈ પણ વ્યંગ ચિત્રકારને અપાયેલો પ્રથમ જ ઍવૉર્ડ હતો.) તાજેતરમાં ગુજરાત સરકારે પણ ડૉ. આચાર્યની આ સિદ્ધિને યોગ્ય રીતે મૂલવતાં તેમને શ્રેષ્ઠ કાર્ટૂનિસ્ટના ઍવૉર્ડથી નવાજ્યા હતા. દેશવિદેશનાં કાર્ટૂન-પ્રદર્શનોમાં પણ ડૉ. આચાર્યનાં કાર્ટૂનો અનેક વાર રજૂ થયાં છે અને એનાં સંપુટોમાં સ્થાન પણ પામ્યાં છે.

અવિરત રીતે, દરરોજ કટાક્ષ-વ્યંગની લ્હાણી કરતી એમની કૉલમ 'આચાર્યની આજકાલ'માં સમાજજીવનનું રમૂજી પ્રતિબિંબ જોવા મળે છે. એમનાં રેખાચિત્રોમાં કટાક્ષ તો હોય જ છે પણ વાચકોને એ નાનકડા ચિત્રમાં ગાગરમાં સાગર સમાવી દેવાની એમની વ્યંગ કળા પણ અનુભવવા મળે છે. તંત્રીલેખનું જોરદાર લાંબું લખાણ જે કહેવામાં સફળ થતું નથી એ વાત કહેવામાં આચાર્યનાં રેખાચિત્રો સફળ થાય છે. ડૉ. આચાર્યની કાર્ટૂન-કળા વિષે અગાઉ 'કુમાર'માં ઘણા લેખો આવી ચૂક્યા હોવાથી અત્રે એ વિશે વધુ ન લખતાં, એમનાં રમૂજી ચિત્રોમાં થોડામાં ઘણું કહેવાની આવડત છે એ વિશે વાચકોનું ધ્યાન દોરવા ઇચ્છું છું.

ગુજરાત સમાચારની રવિવારીય પ્લસ પૂર્તિમાં હું ઘણાં વર્ષોથી 'મેરા ભારત મહાન' નામની રમૂજી કટાર લખું છું. આ કટારમાં ડૉ. આચાર્યનાં રેખાંકનો હોય છે. તેમાં ચિત્રામણ ખૂબ ઓછું હોય છે. પણ છતાંય લખાણનો સાર તેમાં અદ્‌ભુત



ચિતરામણ-કળા — "મૉર્ડન આર્ટ" — ચીતરવાનો ખેલ

રીતે પ્રકટ થતો જોવા મળે છે. વાચકોને આ રેખાંકનો ખૂબ જ પસંદ આવે છે. આપણી ભાષાનાં બીજાં વર્તમાનપત્રો અને સામયિકોમાં આ મુજબનાં રેખાંકનો બહુ જોવા મળતાં નથી. તેથી જ 'કુમાર'ના ક્લાસિક વાચકોનું આ પ્રત્યે ધ્યાન દોરવા તેમજ ઊગતા કાર્ટૂનિસ્ટોને પ્રોત્સાહન મળે તે શુભ આશયથી ડૉ. આચાર્યનાં રમૂજી રેખાચિત્રો અહીં રજૂ કરું છું. આ ચિત્રોમાં વેધકતા છે, તીક્ષ્ણતા છે, બોલકાપણું છે અને થોડામાં ઘણું કહી દેવાની ક્ષમતા છે. દરેક ચિત્ર સ્વયંભૂ રીતે બોલતું હોય છે, આમ છતાં ય વાચક તેની ગમ્મત માણી શકે એ માટે ચિત્ર સાથે નાનીશી ટિપ્પણી પણ મૂકી છે. આશા છે કે વાચકો આ ચિત્રોને હરખથી વધાવી લેશે. ❑



ગંગાજળની ઘડૂલી



મોંનો ગોળીબાર



પ્રેમપંખીડું - હૈયા ઉપર



કાતર-જીભ



રાજકારણનું ગણિત



યોગ



ખોટો રસ્તો



હૈયું તૂટ્યું



યાદશક્તિનો ઘસારો



લેખનવર્ષા



બ્રેઈનમાં બત્તી થઈ



હેડ કિક - જેમાં ફૂટબૉલ તૂટ્યા



ફૂટબૉલ - યાને ટાંટિયાતોડ



કૌભાંડપ્રેશર



કવિતાનાં છાંટણાં



ભેજાગેપ



મગજનાં ફૂલ



લેખક કે લહિયો



પુસ્તકપ્રેમી



ચહેરો-મહોરું



શ્રીમાન સગવડિયા



પાટિયાં બોલે છે



હવાઈ-પ્રવાસ



રક્ષાબંધન



'હું' પદનો હુંકાર



શરદીવર્ષા



એઈડ્સની પકડ

ઝઘડો અને ભક્તિ

— રાજેન્દ્ર જ. જોશી —

આ લેખનું શીર્ષક જોઈને જ શાણા વાચકો સમજી ગયા હશે કે આમાં સરખામણી કરવામાં આવી છે. સામાન્ય રીતે બે લેખકો, બે નિષ્ણાતો, બે નેતાઓ કે બે અભિનેતાઓની સરખામણી કરવાની આપણે ત્યાં પ્રથા છે, પ્રાચીન પ્રથા છે. પણ આ લેખમાં, માનવજાત સાથે સંકળાયેલી બે વૃત્તિઓ અને પ્રવૃત્તિઓની અમે સરખામણી કરવા માગીએ છીએ. આ સરખામણી એટલા માટે કરીએ છીએ કે આ બેઉ 'તત્ત્વો' વૃત્તિઓ પણ છે અને પ્રવૃત્તિઓ પણ છે. સામાન્ય રીતે બીજી ક્રિયાઓ કે બીજી વૃત્તિઓ એકબીજાથી સ્વતંત્ર હોય છે.

આ બે વૃત્તિઓ કમ પ્રવૃત્તિઓ છે 'ઝઘડો' અને 'ભક્તિ'. સાંભળીને કોઈને નવાઈ લાગશે કે કંઈ નહિ ને વળી આ બેની સરખામણી? ક્યાં સરગવો ને ક્યાં સફરજન? આ બેઉનો તો કોઈ રીતે મેળ બેસે તેમ નથી - એમ ઘણાને લાગશે. પણ તે બંને વચ્ચે ઘણા મેળ બેસે છે, બન્નેમાં ઘણી સમાનતા છે, માટે જ તો અમે લખવા બેઠા છીએ.

વ્યાકરણની રીતે જોઈએ તો 'ઝઘડો' પુલ્લિંગ છે અને 'ભક્તિ' સ્ત્રીલિંગ છે. પણ તે બંને ભાવવાચક નામો છે. ઝઘડાને કે ભક્તિને ભરી કે તોળી શકાતાં નથી. અરે તેને જોઈ જ શકાતાં નથી, માત્ર અનુભવી શકાય છે. ઝઘડો અને ભક્તિ એ કોઈ પણ જાતના ભેદભાવ વગર કોઈ પણ વ્યક્તિમાં હોઈ શકે છે. તેની પાસે ભાષા, પ્રદેશ કે સમય, જાતિ કે વચનના કોઈ ભેદભાવ હોતા નથી. વધારે સ્પષ્ટતા કરીએ તો કોઈ પણ ભાષા બોલતાં, કોઈ પણ પ્રદેશમાં ગમે તે સમયે રહેતાં સ્ત્રી કે પુરુષ, એકલાં કે સમૂહમાં આ ઝઘડો યા ભક્તિ કરી શકે છે. આમ, બેઉ સર્વવ્યાપી છે અને કોઈ પણ જાતના ભેદભાવથી પર છે.

છતાં એક વિશેષતા ખાસ નોંધવી રહી કે ઝઘડો અને ભક્તિ એકસાથે એક જ સમયે એક વ્યક્તિમાં પ્રગટી શકતાં નથી, ભલે તેનામાં હજાર જાતની સમાનતાઓ હોય, જે રીતે સમાન ગુણ ધરાવતા હોવા છતાં ગૉળ અને ખાંડ એકસાથે હોઈ ન શકે તે રીતે ઝઘડો અને ભક્તિ પણ એકસાથે હોતાં નથી.

ઝઘડવાની કે ભક્તિ કરવાની વૃત્તિ માણસમાત્રમાં પડેલી હોય છે. પણ ઘણું કરીને તે બીજા કોઈ ઉદ્દીપનથી જ પ્રગટ થાય છે. કોઈ પણ માણસ કશા આધાર વગર ઝઘડો કરી શકતો નથી, ઝઘડવા માટે કારણ મળવું જરૂરી છે. ભક્તિનું પણ તેવું જ છે. માણસને સંસાર અસાર લાગે યા તો કોઈ દુઃખ આવી પડે ત્યારે જ તે ભક્તિ તરફ વળતો હોય છે. આમ આ બેઉ વૃત્તિમાં પાયાની સામ્યતા એ છે કે તે જાતે પ્રકટતી નથી પણ કોઈ ઉદ્દીપન મળવાથી પ્રકટે છે. શ્રાવણ મહિનો આવે ત્યારે બીજાને ભક્તિ કરતા જોઈને ઘણા લોકો ભક્તિ કરવા તરફ વળે છે. આ જ રીતે કોમી દંગા વખતે તોફાનના સમાચારોમાંથી પ્રેરણા (?) લઈને કેટલાય લોકો ટોળે મળીને લડવા માંડે છે. તે જોતાં સમજી શકાય કે આ બેઉ વૃત્તિઓ પરોપજીવી છે, બીજાના સહારે જ ફૂલેફાલે છે.

વધારે સ્પષ્ટતા કરીએ તો આ વૃત્તિઓ બીજાની પ્રેરણાથી કે બીજાના કારણે કાર્યમાં પરિણમે છે. કોઈ વ્યક્તિને પ્રેમ કરવા માટે પ્રેરી શકાતો નથી પણ ઝઘડો કરવા માટે પ્રેરી શકાય છે. આ જ રીતે ઈશ્વરની ભક્તિ કરવા માટે કોઈને પ્રેરણા આપી શકાય, ઈશ્વરનો વિરોધ કરવા માટે પ્રેરી શકાય નહિ. આમ, ઝઘડો અને ભક્તિ બેઉ મનુષ્યની વૃત્તિઓ હોવા છતાં તે બીજાની દોરવણી કે બીજાની 'દીવાસળી'થી જ ઉદ્ભવતાં હોય છે.

ભક્તિ અને ઝઘડા વ્યક્તિગત તેમજ સામુહિક તેમ બન્ને પ્રકારનાં હોઈ શકે છે. એટલે કે તે એકલા એકલા યા ટોળે મળીને તેમ બેઉ રીતે થઈ શકે છે. આ વિશેષતાઓ ખાસ નોંધપાત્ર ગણવી જોઈએ કારણ કે કેટલાંક કામો માત્ર એકાંતમાં જ થઈ શકતાં હોય છે. (દા.ત. સ્નાન કરવું) તો કેટલાંક માત્ર સમૂહમાં જ થઈ શકે છે. (દા.ત. દાંડિયારાસ લેવા.)

માણસ ઝઘડો કરે કે ભક્તિ... તેને પરિણામ તો મળે જ છે. કોઈ ઝઘડો કરી કરીને મરી જાય અને કંઈ ન મળે અગર કોઈ જીવનભર ભક્તિ કરે ને છતાં કંઈ ન પામે તેમ લગભગ બનતું નથી. પરિણામ તો મળે, મળે ને મળે જ! મળનારા પરિણામનો આધાર તેની પ્રવૃત્તિની માત્રા પર રહેલો છે તે ખાસ નોંધવું જોઈએ. પ્રવૃત્તિ જેમ વધારે તેમ તેનાં પરિણામ પણ વધારે. આપણે ત્યાં એ જાણીતો નિયમ છે કે ગૉળ નાખો એટલું ગળ્યું થાય - વધારે ગૉળ નાખો તો વધારે ગળ્યું અને ઓછો નાખો તો ઓછું. જેટલું કરો એટલું પામો એ સિદ્ધાંત તેમાં કામ કરતો હોવાથી વધારે મેળવવા માટે વધારે પ્રયાસ કરતા રહેવું પડે છે.

હા, તેમાં વળી કોઈ અપવાદ હોઈ શકે છે ખરા... જેમ કે કોઈને સાધારણ ઝઘડો કરવાથી હાડકાં ભાંગી જાય એટલા દંડા પડે છે તો કોઈને સાધારણ ભક્તિ કરવાથી પાર નહિ એટલી સુખસમૃદ્ધિ મળે છે. કોઈ માણસ સતત તોફાનો કરે ને છતાં હર વખતે સજામાંથી બચી જતો હોય છે તો કોઈને જીવનભર ભક્તિ કરવા છતાં ખાવાનાં ફાંફાં હોય છે... અપવાદ ભલે હોય પણ અપવાદ આખરે અપવાદ છે.

ઝઘડો કે ભક્તિ કશુંક પામવાના ઈરાદાથી થતાં હોય છે. હા, કોઈ ભક્ત કદાચ તેમ કહી શકે કે મને કોઈ અપેક્ષા નથી, મારે તો માત્ર ભક્તિ જ કરવી છે. પણ તેમાં ય ભગવાનને ભજતાં રહેવાનો તેનો ઈરાદો તો છતો થાય જ છે. આ જ રીતે ઝઘડો કરનાર વ્યક્તિને પણ બીજાને હરાવવાની કે તેને બદનામ કરવાની ઈચ્છા હોય છે. આમ, બેઉમાં કશુંક પામવાની વૃત્તિ રહેલી જ છે. તે પામવા માટે કાર્યશીલ રહેવું પડે છે - ભક્તે ભક્તિમાં રમમાણ રહેવું પડે તો ઝઘડાખોરે ઝઘડા કરતા રહેવું પડે. 'જે કરો તે જ ભરો' તે નિયમ અહીં અસર કરે છે.

ઝઘડો અને ભક્તિ ભાષા, સ્થળ કે કાળથી પર છે તે આપણે જાણી ગયા છીએ. કોઈ પણ ભાષા જાણનાર વ્યક્તિ અન્ય ભાષક સાથે ભક્તિ કરી શકે છે, તે જ રીતે ઝઘડો પણ કરી શકે છે. દાખલા તરીકે તિરૂપતિના મંદિરમાં એકબીજાની ભાષા ન જાણનારા લોકો સાથે જ લાઈનમાં ઊભા રહીને દર્શન-પૂજા કરે છે. આ જ રીતે એકબીજાની ભાષા ન જાણનાર પરસ્પર ઝઘડો કરી શકે છે.

થોડા દિવસ પર એસ.ટી.ની એક બસમાં અમે એક સુંદર ઝઘડો જોયો હતો. એક યાત્રી પોતાને બેસવા માટે જગ્યા રોકી નીચે ઊતર્યો, એ વખતે બીજો મુસાફર તેનો સામાન ખસેડીને સીટ પર બેસી ગયો. એ યાત્રી આવતાંની સાથે જ ગુસ્સે ભરાયો કે મારો સામાન હટાવ્યો જ કેમ? પોતાની જગ્યા પચાવી પાડનાર હિન્દીભાષી છે તે જાણ્યા પછી તે જોરથી બરાડ્યો - 'મગર મૈં જબ નીચે ઊતર્યા ત્યારે સીટ ઉપર મેરી બૅગ મૂક કર ગયા થા. તુમને મેરી બૅગ ક્યું હટાવી?' જગ્યા પચાવી પાડનાર હિન્દીભાષી પણ સૌજન્ય બતાવવામાં પાછો પડે તેમ ન હતો. ઝઘડો કરનારને હિન્દી આવડતું નથી તે સમજતાં તેણે ગુજરાતીમાં મોરચો સંભાળ્યો - 'પણ બૅગ મૂક્યા તો શું થઈ ગયા? હું પહેલે આવ્યા એટલે જગા પર હું બેસી ગયા...' ઝઘડો લાંબો ચાલ્યો. એકબીજાની ભાષા સારી રીતે નહિ જાણવા છતાં તે બન્ને જવાંમર્દો ખેલદિલીથી લડ્યા અને છેવટે સમાધાન પણ કરી લીધું. જેની સીટ હતી તેણે સીટ જતી કરવાની ઉદારતા બતાવી. પણ પેલો માણસ સીટ ખાલી કરવા માગતો હતો. ગુજરાતીભાષી બોલ્યો - 'તમે બેસો... નહિ બેસો તો મેરા સમ હૈં...' આમ ભક્તિને કે ઝઘડાને ભાષા સાથે સંબંધ નથી.

ભાષાના જેવું જ સ્થળનું છે. આ બેઉ પ્રવૃત્તિઓ ગમે તે સ્થળે થઈ શકે છે. ભક્તિ ઘરના બાથરૂમથી માંડીને હિમાલયની ટોચ સુધીના ગમે તે સ્થળે થઈ શકે છે... તેમાં કોઈ બાધ નથી. આ જ રીતે ઝઘડો પણ જાજરૂની લાઈનથી માંડીને જમ્બો વિમાનની હવાઈયાત્રા સુધી ગમે તે સ્થળે થઈ શકે છે - કોઈ બંધન નથી. હા, તેમાં પ્રવૃત્ત થવાની તૈયારી હોવી જરૂરી છે.

ઝઘડો હોય કે ભક્તિ...! તેમાં વધારે ઊંડો ઊતરનાર માણસ પોતાની જાતમાં એટલો રમમાણ થઈ જાય છે કે તે બીજાની પરવા કરતો નથી. તેમાં કોઈ વાર તો એટલો મગ્ન થઈ જાય છે કે ઘણી વાર તો એ વિવેક ચૂકી જાય છે. ઝઘડો કરનારો માણસ કોઈની પરવા કરતો નથી એ જ રીતે ભક્તિ કરનારો પણ કોઈની સાડાબારી રાખતો હોતો નથી.

આ બેઉ ક્રિયાઓના અંતે માણસ નિર્લેપ કે સંતુષ્ટ થઈ જાય છે. બહુ વર્ષો ભક્તિ કરનાર માણસ એકદમ વિનમ્ર અને નિર્ભય થઈ જાય છે તો વર્ષો સુધી ઝઘડાખોરી કરનાર માણસ વધારે પડતો માથાભારે કે પછી એકદમ ડરપોક થઈ જતો હોય છે. ટૂંકમાં આ પૈકીની કોઈ પણ ક્રિયા કરનાર વ્યક્તિની આવૃત્તિ બદલાઈ જાય છે.

ઝઘડો અને ભક્તિની વિશેષતા એ છે કે તેમાં પડનાર માણસને તે ચાહે કે ન ચાહે થોડીઘણી પ્રસિદ્ધિ મળતી હોય છે. તેમાં માણસ જેમ વધારે ઊંડો ઊતરે તેમ તેને વધારે પ્રસિદ્ધિ મળતી હોય છે. ઝઘડામાં કે ભક્તિમાં જે વ્યક્તિ નિપુણતા પ્રાપ્ત કરે તેની સામે લોકો ઝૂકતા હોય છે. ભક્તની સામે આદરથી ઝૂકે અને ઝઘડાખોરની સામે ભયથી ઝૂકે, પણ ઝૂકે ખરા...!

આમ, ઝઘડો અને ભક્તિ અનેક રીતે સામ્યતા ધરાવે છે. તેની મહત્તા સમજવા માટે તેમાં ઝંપલાવવું જ જોઈએ તેવી અમારી સલાહ છે. હા, આગળ જોયું તેમ આ બન્ને વૃત્તિઓ આપમેળે પ્રગટતી નથી. તેના માટે કોઈ 'દીવાસળી'ની જરૂર પડે છે. તો એમાં ઝંપલાવવું કઈ રીતે? તેવો સવાલ કોઈને થશે. તો એમાં ઝંપલાવવા માટેનો ટૂંકો રસ્તો એક છે કે ઝઘડાની ભક્તિ કરવી જોઈએ કે ભક્તિ કરવા માટે ઝઘડો કરવો જોઈએ. ❑



સાચી વાત સમજે એ બીજા
(રેખાંકન : ઇન્દુદેવ આચાર્ય)

પરીક્ષાઓની પરીક્ષા

— વિક્રમ રાણા —

થોડા સમય પહેલાં ગુજરાતમાં કોમી દાવાનળ ભભૂકી ઊઠ્યો હતો. અમારું ગામ પણ તેની ઝાળથી દાઝ્યું હતું. દાળ-ઢોકળી અને બિરયાની તમતમી ઊઠ્યાં હતાં. પોલીસ હંમેશની જેમ તોફાનો ડામવામાં નિષ્ફળ નીવડી હતી. લશ્કરની પણ ઝાઝી અસર પડતી ન હતી. અરે, નેતાઓનાં ભાષણથી કંટાળીને પણ લોકો લડવાનું છોડતાં ન હતાં! તેવામાં સરકારે કરફ્યૂ લાદવાને બદલે અચાનક પરીક્ષાઓ લાદી દીધી - ધોરણ ૧૦ અને ૧૨ની જાહેર પરીક્ષાઓ! અને જાણે ચમત્કાર થયો. તોફાનો તદ્દન બંધ થઈ ગયાં! હિન્દુઓ અને મુસલમાનોને લાગ્યું કે પરસ્પરના સહકાર વગર તેમનાં બાળકો પરીક્ષામાં સારો દેખાવ નહીં કરી શકે એટલે તેમણે સંધિ કરી લીધી. આવી આશ્ચર્યજનક ઘટના જોઈને મારા તત્ત્વચિંતક ભેજામાં એક તેજ-લિસોટો થયો. ખરેખર મારા જેવા વિચારકો (ચશ્માં વગર પણ) ઘણું દૂરનું જોઈ શકતા હોય છે! મેં વિચાર-સાગરમાં ડૂબકી મારી. છેવટે મારા ગહન ચિંતનના પરિપાકરૂપે 'જાહેર પરીક્ષાઓની જનજીવન પર અસર' નામના ધીર-ગંભીર અને મૌલિક 'મહાનિબંધ'નો પ્રાદુર્ભાવ થયો. ગુજરાતની કોઈ યુનિવર્સિટીમાં મારા સંશોધનની કદર કરવા જેટલી પ્રગલ્ભતા તો ક્યાંથી હોય? તેથી મારા જેવા (કદાચ મારા જેવા જ!) ભાવિ સંશોધકને ઉપયોગી થઈ પડે તે હેતુથી મારા એ 'મહાનિબંધ'માંથી કેટલાક અંશો પ્રસ્તુત કરું છું :

તોફાનો પછી તરત લેવાયેલી પરીક્ષાના પ્રથમ દિવસે હું પરીક્ષાકેન્દ્ર પર ગયો હતો. શાળાના કેમ્પસમાં જ હિન્દુ-મુસ્લિમ વચ્ચે મારામારી થઈ જશે એવો ડર સ્વાભાવિક રીતે જ બધાને લાગતો હતો. પરંતુ ત્યાંનાં દશ્યો જોઈને મને લાગ્યું કે હું સ્વર્ગમાં તો નથી આવી પડ્યો ને? ગઈ કાલ સુધી એકબીજા પર પથ્થરમારો કરતા તોફાની છોકરાઓ ગુરુકુળના શિષ્યોની જેમ ડાહ્યા-ડમરા બનીને પરસ્પર ભેટતા હતા અને શુભેચ્છાઓ પાઠવતા હતા. પરીક્ષાખંડમાં એકબીજાને કઈ રીતે મદદરૂપ થવું, સ્કવૉડના સભ્યોને (ડૉગ સ્કવૉડ નહીં!) કેવી રીતે છેતરવા વગેરે બાબતોની ત્યાં ગંભીર ચર્ચા થઈ રહી હતી. ત્યાંથી હું શાળાની નજીકમાં આવેલી ચાની લારી પર ગયો. ત્યાંનું દશ્ય જોઈને હું અવાચક બની ગયો :

અમારા ગામના બે દાદાઓ - સાદીકભાઈ અને લાખુભા - પોતાના સાથીદારો સહિત, સાથે બેસીને ચા પી રહ્યા હતા. એકબીજાના જાની દુશ્મન આજે દોસ્ત બની ગયા હતા. વાઘ અને દીપડો જાણે સ્નેહથી એકબીજાને ચાટતા હતા! તોફાનો દરમિયાન મેં લાખુભા અને સાદીકભાઈને હિંસક ટોળાની આગેવાની લઈને એકબીજા પર હુમલો કરતા જોયા હતા. 'એક રાતમાં આટલું બધું પરિવર્તન!' મેં વિચાર્યું. હા, લાખુભાઈનો ભત્રીજો બારમા ધોરણમાં હતો અને સાદીકભાઈનો ભાણિયો દસમા ધોરણની પરીક્ષા આપી રહ્યો હતો. ચાની લારી પર સાદીકભાઈ અને લાખુબા વચ્ચે મીઠી રકઝક ચાલતી હતી :

'સાદીકભાઈ! આજની ચા મારા તરફથી.' લાખુભાએ મીઠું મધ સ્મિત વેરતાં કહ્યું. 'અરે ક્યા બાત કરતે હો, દરબાર! આપ તો હમારે મહેમાન હૈ' સાદીકભાઈએ અંતરનો ઊમળકો ઠાલવતાં જવાબ આપ્યો - 'પૈસે તો હમ દેંગે.'

મને ગાંધીજીનું સપનું સાકાર થતું લાગ્યું. ધન્ય છે પરીક્ષાદેવીને!

સાદીકભાઈ અને લાખુભાએ પરીક્ષામાં કૉપી કરાવવાનો ઠેકો રાખ્યો હતો. તે બન્નેની છત્ર-છાયા હેઠળ ગામનાં સેંકડો બાળકો નિશ્ચિંત બનીને પોતાની રીતે પરીક્ષા આપી રહ્યાં હતાં.

જો કે પરીક્ષાના બે-ત્રણ દિવસ પહેલાંથી જ ગામનું વાતાવરણ બદલાઈ ગયું હતું. પથ્થરો, કાકડા, ઍસિડના બલ્બ, તલવાર, ધારિયાં, બંદૂકો વગેરે અદૃશ્ય થઈ ગયાં હતાં. તેને બદલે સર્વત્ર પરીક્ષાની ચર્ચા ચાલતી હતી. ઠેર ઠેર માર્ગદર્શિકાઓ, સ્યોર સજેસન્સ, દો દિનોંમેં, બુલેટીન, કાપલીઓ વગેરેની બોલબાલા હતી. મને લાગ્યું કે હું કોઈ શારદાગ્રામમાં તો ભૂલો નથી પડ્યો ને?

વડીલો પોતાનાં બાળકોને બધી રીતે સહકાર આપી રહ્યાં હતા. કેટલાક વાલીઓએ તો લાગતા-વળગતા શિક્ષકો સાથે જવાબો લખાવવાનો કૉન્ટ્રૅક્ટ કરી નાખ્યો હતો. પોલીસ તથા સ્કવૉડના સભ્યોને સાચવી લેવાની જવાબદારી લાખુભા અને સાદીકભાઈએ લીધી હતી. પ્રશ્નપત્રોના ઉત્તરોની ઝેરોક્ષ નકલો જે તે વિદ્યાર્થીને વાજબી ભાવે પહોંચાડવાની વ્યવસ્થા થઈ ગઈ હતી. આ બધામાં પેલા તોફાનો - કોમી તોફાનો - તો અદૃશ્ય જ થઈ ગયાં હતાં. ચાર દિવસ પહેલાં જ અહીં તોફાનો થયાં હશે તેવી વાત માન્યામાં પણ આવતી ન હતી. સર્વત્ર સદ્ભાવ અને સહકારનું વાતવારણ જોવા મળતું હતું.

અમારા શાહસાહેબ અંગ્રેજીના શિક્ષક છે. પરીક્ષાના દિવસોમાં નગર પંચાયતના એક અધિકારી શ્રી દેસાઈસાહેબ તેમને મળવા ગયા :

'શાહભાઈ, એક કામ પડ્યું છે!'

પરંતુ શાહસાહેબનો નિર્લેપ ચહેરો જોઈને તેમણે કહ્યું : 'મને ના ઓળખ્યો? હું તમારાં ફોઈસાસુના સગા દિયરનો મિત્ર...

આપણે તો તદ્દન નજીકના સગા...!'

'ઓળખું છું.' જવાબમાં શાહસાહેબે ઉદાસીનતાથી કહ્યું, 'મારા પિતાના મરણનો દાખલો આપતી વખતે તમે મને ફક્ત અઢાર ધક્કા ખવડાવ્યા હતા! અને છેવટે ફક્ત બસો રૂપિયામાં કામ કરી આપ્યું હતું.'

'અરે શાહભાઈ! જૂના પોપડા શું કામ ઉખેડો છો? આ તો મારો બાબો એસ.એસ.સી.ની પરીક્ષા આપી રહ્યો છે અને તમે અંગ્રેજીના માસ્તર છો એટલે થયું કે તમારા જેવા 'ઘરના માણસ' મદદ કરે તો કામ બની જાય...'

શાહસાહેબ કંઈ બોલવા જાય તે પહેલાં તો તેમના ખિસ્સામાં નોટોનું બંડલ આવી પડ્યું! અને પછી તો શાહસાહેબ લાચાર બની ગયા. છેવટે પરીક્ષાના કારણે જ બન્ને વચ્ચે મનદુઃખ દૂર થયું અને આત્મીયતા વધી.

જતી વખતે દેસાઈસાહેબે શાહસાહેબનો આભાર માન્યો અને કહ્યું : 'શાહભાઈ, એક વાત કહું?' પછી કૃતજ્ઞતાપૂર્વક ઉમેર્યું : 'તમારા ફાધર વખતે તો મારાથી ભૂલ થઈ ગઈ. પરંતુ તમારા પોતાના કિસ્સામાં ડેથ-સર્ટિ.ની જરૂર પડશે તો હું અર્ધી રાત્રે કાઢી આપીશ હોં કે!'

'હા...! હા...!' કાંઈ વાંધો નહીં...'

'હેં... હેં... શું કહ્યું!' વાત સમજાતાં શાહસાહેબ ચીડાઈ ગયા. પરંતુ છેવટે ઘીના ઠામમાં ઘી ઢલવાઈ ગયું.

અમારા ગામમાં પરીક્ષાકેન્દ્ર લઘુમતી વિસ્તારમાં આવેલું છે. પરીક્ષાના દિવસોમાં ત્યાંનું વાતાવરણ જોતાં લાગતું હતું કે આપણા દેશમાં કોમી વૈમનસ્ય જેવી કોઈ વાત જ નથી. ઊલટાનું સર્વત્ર કોમી એકતા, ભાઈચારો, ધાર્મિક સહિષ્ણુતા અને સાંસ્કૃતિક આદાન-પ્રદાનની વાતો જ સંભળાતી હતી.

સરલા જ્યારે પોતાની પુત્રીને લઈને પરીક્ષાકેન્દ્ર પર જઈ રહી હતી ત્યારે રસ્તામાં તેની શબાના સાથે મુલાકાત થઈ હતી. બન્ને કૉલેજકાળની બહેનપણીઓ હતી. 'અરે શબ્બા તું!' કહીને સરલા તેને ભેટી પડી હતી. પછી તો બંને બહેનપણીઓ વાતોએ વળગી પડી હતી. 'સરલા, મારી નીલોફરના પપ્પા અંગ્રેજીના નિષ્ણાત છે. તું ચિંતા ન કરતી. તારી બેબી માટે આખું પેપર સૉલ્વ કરી આપીશું.'

'અને મારા મિસ્ટર ગણિતના ટીચર છે. તારી નીલોફરને વાંધો નહીં આવે.' સરલાએ જવાબ આપ્યો હતો.

આ વાત માત્ર સરલા અને શબાના પૂરતી મર્યાદિત ન હતી. મુસ્લિમ બિરાદરો પોતાના વિસ્તારમાં આવેલા હિન્દુ મિત્રોની ભારે મહેમાન નવાઝી કરતા હતા. ચા-પાણી, સોડા, આમલેટ વગેરેનો દૌર ચાલતો હતો. હિન્દુ મિત્રો પણ ઘરેથી જાતજાતનો નાસ્તો લાવીને મુસ્લિમ દોસ્તોને ખવડાવતા હતા. બધાં ભેગાં મળીને પોતાનાં બાળકોને મદદ કરતાં હતાં. શાળાની આઠ ફૂટ ઊંચી દીવાલ કૂદીને વિદ્યાર્થીઓને 'મટિરિયલ' પહોંચાડવા જતા કેટલાક 'બહાદુરો' ઘાયલ થયા હતા. કોઈ પણ જાતના ભેદભાવ વગર બધા તેમની સારવાર કરતા હતા. કાશ, આવાં દૃશ્યો આઝાદી પહેલાં મહમદઅલી જિન્હા અને બીજા હિન્દુ અંતિમ-વાદીઓએ જોયાં હોત તો કદાચ ભારતના ભાગલા ન પડત! પરંતુ ત્યારે આજના જેવી આધુનિક પરીક્ષાપદ્ધતિ ક્યાં હતી? ખેર, ગઈ કાલ સુધી એકબીજાં સામે જંગલી બિલાડીઓની જેમ ઘૂરકતી સરલાઓ અને શબાનાઓની આંખોમાં અચાનક પ્રેમનો મહાસાગર ઊમટવા લાગ્યો હતો. આ પરીક્ષાઓની માયાજાળ ન હતી તો બીજું શું હતું?

જો કે ગામમાં પરીક્ષા પછી પણ આ પ્રકારનો માહોલ જળવાઈ રહ્યો છે.

એક વાર ગામની શાળાના આચાર્યને કેટલાક હિન્દુ-મુસલમાન યુવકો ભેગા થઈને મળવા ગયા. તેઓએ શાળાના કૉમ્પાઉન્ડમાં વૃક્ષારોપણ કરવા દેવાની વિનંતી કરી. તેમની વાત સાંભળીને શાળાના આચાર્ય શ્રી દવેસાહેબના આશ્ચર્યનો પાર ન રહ્યો. તેમણે વિચાર્યું, 'યુવા પેઢી રચનાત્મક માર્ગે વળી રહી છે કે શું?'

પેલા યુવકોએ કહ્યું, 'સાહેબ, વૃક્ષોની જાળવણી પણ અમે જ કરીશું. વૃક્ષોને પાણી પાઈને ઉછેરીશું.'

'શું વાત કરો છો ભાઈઓ! વૃક્ષો માટે આટલો બધો પ્રેમ!'

'ના સાહેબ, એવું નથી. પણ જો શાળાના કૉમ્પાઉન્ડમાં ગીચ વૃક્ષો હોય તો પરીક્ષા વખતે તેના પર ચડીને છેક ઉપલા માળ સુધી 'મટિરિયલ' પહોંચાડી શકાય.' એક જણે ચોખવટ કરી.

'વળી, વૃક્ષોની ઘટાને કારણે ઝટ કોઈની નજરે પણ ન પડાય.' બીજાએ ઉમેર્યું.

પરીક્ષાઓ પર્યાવરણની જાળવણી માટે થતી હશે તેવી તો કોઈએ કલ્પના પણ નહીં કરી હોય!

ખરેખર પરીક્ષાઓ ગુજરાતના જનજીવન પર ઊંડી અસર પાડી રહી છે. પરીક્ષાઓ કોમી દાવાનળને ઠારે છે. પરીક્ષાઓ પરસ્પર સહકાર અને ભાઈચારાની ભાવના વિકસાવે છે. પરીક્ષાઓ સામાજિક વિકાસ માટે ઉપયોગી છે. પરંતુ આ બધું ત્યારે જ શક્ય બને કે જ્યારે તમે આધુનિક ઢબે પરીક્ષા આપવાનું વિચારો. આજકાલ પ્રધાનો જે રીતે ચૂંટણીઓનો સામનો કરી શકે છે તે જ રીતે તમે પરીક્ષાનો સામનો કરશો તો તમે ઝળહળતી સફળતા મેળવી શકશો અને પરીક્ષાના માધ્યમ દ્વારા તમે પણ ગુજરાતમાં આકાર લઈ રહેલી સામાજિક ક્રાન્તિના સહભાગી બનશો. ❑

છગનલાલનો સત્સંગ

—બાબુભાઈ પરમાર—

પ્રોફેસર છગનલાલ કૉલેજમાંથી આવ્યા બાદ સાંજે અમારી મુલાકાતે અચૂક આવે. જેવા તેઓ ગુડ મૉર્નિંગ સા'બ કહેતા પ્રવેશે તેવાં જ અમારાં ગૃહવાસી બધાં જ નમ્રતાપૂર્વક બીજા રૂમમાં ચાલ્યાં જાય. છગનલાલના સત્સંગનો લ્હાવો મારે એકલાએ જ લેવાનો રહે!

એક સાંજે આવીને તેમણે કહ્યું... 'સાયેબ, અમારી કૉલેજમાં બધાંનું અંગ્રેજીનું નૉલેજ બોવ જ પિયોર! આજે અમારા ગ્રાઉન્ડ પર એક છોકરો પડી ગયો. અમે બધાં ત્યાં દોડી ગયા. છોકરાને જોઈને મેં કહ્યું, આ છોકરો નૉનસેન્સ બની ગયો છે. જલ્દી ડૉક્ટરને બોલાવવા પડશે... બસ થઈ રહ્યું, આવી ગંભીર પળોમાં બધા ખડખડાટ હસી પડ્યા! મારા... બધાં જ ગાંડા... આવા સિરીઅસ ટાઈમમાં એમને હસવાનું શું કારણ? છોકરો સેન્સમાં નહોતો, તો તેનો વિરોધાભાસી શબ્દ નૉન્સેન્સ જ ગણાયને?...

મેં કહ્યું, 'ના... ભાઈ ના... તેઓ ગાંડા ન કહેવાય. તમે જ તેમને હસવાનું કારણ પૂરું પાડ્યું.'

'અરે... સાહેબ તમે પણ તે લોકોના જેવા જ... તમારું ઈંગ્લિશ પણ પિયોર જ!' છગનલાલે મને ઉતારી પાડ્યો.

'એવું નથી પ્રોફેસર છગનલાલ, બેભાન થઈ જાય તેને નૉનસેન્સ થયો ન કહેવાય... નૉનસેન્સ એટલે તો બુદ્ધિ વગરનું, મૂર્ખામીભર્યું ગણાય... તમારે અંગ્રેજીમાં જ કહેવું હતું તો અનકૉન્સિયસ થયો કહેવું હતું... અથવા આપણી ગરવી ગુજરાતીમાં બેભાન થયો કહેવું હતું. એવું કહેત તો તેઓ હસ્યા નહિ હોત. અને હાં... પેલું તમે કૉલેજમાં બધાનું અંગ્રેજી બહુ પિયોર એમ કહ્યું તે તેમણે સાચું ઠેરવ્યું એવું મને તો લાગે છે...'

'પિયોર... સાચું ઠેરવ્યું સાહેબ, તમારું અંગ્રેજી પણ પિયોર લાગે છે, મને તો...'

'પણ... પિયોરનો તમે શું અર્થ કરો છો, છગનલાલ?' મેં નમ્રતાપૂર્વક પૂછ્યું.

'પિયોર... એટલે નબળું વળી, પી... ઓ... ઓ... આર...!' છગનલાલે મને ખોટો પાડતાં કહ્યું.

'ભાઈ... પી.ઓ.ઓ.આર. નો ઉચ્ચાર તો પુઅર થાય, પુઅર એટલે નબળું અને તમે કહો છો પિયોર... આમ તો પ્યોરનો અર્થ શુદ્ધ થાય.'

'જવા દો એ વાત... આજકાલ બધું એવું જ ચાલે, સાહેબ. આપણે બધા ક્યાં અંગ્રેજના બચ્ચા છીએ.'

છગનલાલે તેની વાત આગળ ધપાવતાં કહ્યું, 'અમારે ત્યાં બધા જલસાખોર ભેગા થયેલા છે, અમારા જેવા કંઈ કરે તો મારા હારા હસી જ કાઢે. તમે તો જાણો જ છો કે હું પહેલેથી આધ્યાત્મિક માણસ. પૂજા-પાઠ, તિલક-ટપકાં, મંત્ર-તંત્ર મારો પ્રિય વિષય. ક્યારેક ક્યારેક પિરીઅડોના પિરીઅડો હું મારા વિદ્યાર્થીઓને આધ્યાત્મિક વાતો કહી રસતરબોળ કરી મૂકું... આવી વાત સાંભળી ગયેલો અમારામાંનો એક લંબુ અધ્યાપક મને કહે કે આપણે તો વિદ્યાર્થીઓમાં બિન-સાંપ્રદાયિકતા કેળવવી જોઈએ... વૈજ્ઞાનિક અભિગમ પ્રેરવો જોઈએ... મોટો નૉન-સૅક્યુલર બની ગયો તે લંબુ!

'શું તે ધાર્મિક વળગણોવાળો છે? સાંપ્રદાયિક વિચારનો છે? તો તે આવું કહી જ ન શકે...' મેં છગનલાલને પૂછ્યું.

''ના રે ના... સાવ નૉન સૅક્યુલર... ધરમનો દુશ્મન!'

'અરે ભાઈ નૉન સૅક્યુલર એટલે તો કોઈ એક જ ધર્મમાં નહિ માનનારો... અન્ય ધર્મો પ્રતિ સમભાવ નહિ રાખનારો ગણાય... બિનસાંપ્રદાયિક નહિ.' મેં તેને સમજાવવાનો પ્રયત્ન કર્યો.

'અરે હોય સાહેબ?!... આપણે ગુજરાતીમાં બિનનો અર્થ વિરોધાભાસી અથવા 'નહિ' કરીએ છીએ તેવી જ રીતે અંગ્રેજીમાં 'નૉન' એટલે વિરોધાભાસી... સૅક્યુલરિઝમ એટલે ધાર્મિકતા તો પછી નૉન લગાડતાં જ બિનધાર્મિકતા જ થાય ને! સાહેબ તમે પણ શું આંધળે-બહેરું કૂટો છો?' છગનલાલે મારી ભૂલ શોધી કાઢી!

'ના ભાઈ ના... સૅક્યુલરિઝમ એટલે જ બિનસાંપ્રદાયિકતા થાય અને નોન-સૅક્યુલરિઝમ એટલે સાંપ્રદાયિકતા/ધાર્મિકતા થાય.'... મેં કહ્યું, જો કે છગનલાલને હું ખોટો જ લાગ્યો તેની પ્રતીતિ તેમણે મોં મચકોડી, હાથ ખંખેરી મને કરાવી દીધી!

ત્યાર બાદ વાત ફેરવી તોળતાં છગનલાલે કહ્યું, 'ચાલો જવા દો એ વાત. પણ માળા હમણાં હમણાં અમારા ગુજરાતીના લેખકોને વાતવાતમાં અંગ્રેજી શબ્દો ટપકાવી દેવાનો જબરો વાઈરસ લાગ્યો છે હોં... મારા બેટા એક લેખકે તેની એક વાર્તામાં 'કાકાની ઈમ્પોટન્સી' લખી નાખ્યું હતું. તમને ખબર છે કે તમારા સાથેના સંબંધોને કારણે મારું અંગ્રેજી સારું! મેં મનમાં મનમાં ગોઠવી કાઢ્યું. 'ઈમ્પોર્ટન્ટ' એટલે મહત્ત્વનું અને 'ઈમ્પોટૅન્સી' એટલે મહત્તા જ થાય. મેં તો વિદ્યાર્થીઓને એ પ્રમાણે સમજાવી દીધું. ટીચર્સરૂમમાં આવી મેં મારું અંગ્રેજીના નૉલેજની વાહવાહ મેળવવા સાથી અધ્યાપકો સાથે ચર્ચા કરી. ત્યારે પેલો લંબુ અધ્યાપક તો મારી વાત સાંભળી ખડખડાટ હસી પડ્યો, જાણે

(અનુસંધાન પૃષ્ઠ ૮૮૫ ઉપર)

આવો, લેખક થઈએ!

—રમેશ પટેલ 'ક્ષ'—

લેખક થવાનો મોટો ફાયદો એ છે કે તેનાથી આપણે જીવનમાં કશું કમાયા ન હોઈએ, તો પણ કોઈ ટીકા કરતું નથી! તમે શું કરો છો? એ સવાલના જવાબમાં તમે કહી દો કે તમે 'લેખક' છો એટલે તમારા બધા ગુના માફ!

માણસરૂપે આમ તો લેખક પણ સામાજિક પ્રાણી જ છે. આમ છતાં, કેટલાંક લોકો લેખકને જોવા માટે કુતૂહલથી ટોળે વળે છે! લેખકને સૂક્ષ્મ નજરે જોયા પછી ટોળે વળેલાં લોકોને ખાતરી થાય છે કે લેખક તો આપણા જેવા જ છે! (અહીં ટોળે વળેલાં લોકો - એ શબ્દપ્રયોગ સાહિત્યપ્રેમીઓ માટે છે જેની નોંધ લેવા વિનંતી છે.)

અલબત્ત, અમે પોતે તો 'લેખક' છીએ તો પણ, કેટલાક લેખકોને આજે પણ બાળસહજ કુતૂહલથી અને વિસ્મયથી જોઈએ છીએ! એ ધન્ય ક્ષણે અમે એવું વિચારીએ છીએ કે વ્યક્તિ કેવળ લેખક હોય તેટલું પૂરતું નથી. તે પ્રતિપક્ષને લેખક લાગવો અને દેખાવો પણ જોઈએ!

આ તત્ત્વચિંતનના અનુસંધાનમાં મારી ધર્મપત્નીએ મારું ધ્યાન દોરતાં મીઠી ટકોર કરેલી - 'આમ ઊંધું ઘાલીને લખતા-વાંચતા રહેશો તો કોઈ ભૂતનો બાપ પણ તમને લેખક નહિ ગણે! લેખક ગણાવું હોય તો લેખક જેવા સજ્જ થઈને અધિવેશનોમાં હાજરી આપો!'

આ બાબત જડબેસલાક મારા ચિત્તતંત્રમાં પ્રવેશી ચૂકી છે. લેખક હોવું પૂરતું નથી. લેખક લાગવું કે દેખાવું પણ એટલું જ અનિવાર્ય છે! આમ છતાં લેખક લાગવા-દેખાવાની કલાત્મક અદાકારી હું દાખવી શક્યો નથી. એ પણ કમનસીબી છે! મોટા ભાગના કિસ્સામાં 'લેખક' તરીકે પરિચય આપવામાં આવ્યો છે ત્યારે પરિચય પામનારે મને શંકાસ્પદ નજરે જ જોયો છે! એ નજરમાં મારા પ્રત્યેનો 'અહોભાવ' જાણે કે પ્રકટ થાય છે... કે હું પાસબુક કે ચેકબુકથી વિશેષ કંઈ લખતો નથી કે લખી શકતો હોઉં તેવું જણાતું નથી!

લેખકને પૂછવામાં આવતા પ્રશ્નો પૈકી મુખ્ય પ્રશ્ન એ હોય છે કે 'તમને વિષય ક્યાંથી મળે છે?' આવા પ્રશ્ન પૂછનારે લેખકનું કોઈ સાહિત્ય વાંચ્યું હોય તે જરૂરી હોતું નથી. આ વાસ્તવિકતાથી લેખક પોતે સુમાહિતગાર હોય છે. આપણે જાણીએ છીએ કે સંસારીઓને કોઈ આવા પ્રકારના સવાલો નથી પૂછતું... જેમ કે 'તમને પત્ની ક્યાંથી મળે છે? બાળકો ક્યાંથી મળે છે? અગર તો બે નંબરનું ધન ક્યાંથી મળે છે?' માત્ર લેખકને (એ સંસારી હોય તો પણ!) પૂછવામાં આવે છે કે 'તમને વિષય ક્યાંથી મળે છે?'

અલબત્ત, લેખક પોતે એવું ઇચ્છે છે કે એને આવું કોઈ પૂછે! આ કારણે જ આવા સવાલથી તે કોપાયમાન થતો નથી અગર તો કોપાયમાન થઈને એવું કહેતો નથી કે વિષય ઉકરડામાંથી મળે છે! જાઓ જે થાય તે કરી લો! (આ તબક્કે સસ્મિત નોંધ લઈએ કે વિષય ઉકરડામાંથી ન મળે તે સ્વાભાવિક છે, પરંતુ કેટલાક લેખકોને મળેલા વિષય અવશ્ય ઉકરડામાં પધરાવવા જેવા હોય છે!)

રવીન્દ્રનાથ ટાગોરને કોઈએ પૂછેલું - 'તમે કઈ રીતે લખો છો?' જવાબમાં એમણે મંદ સ્મિત સાથે કહેલું - 'હું ક્યાં લખું છું? મારો હાથ પકડીને કોઈ લખાવે છે.' આ સંદર્ભને ધ્યાનમાં લઈએ. મહાભારતનો વીર ભીમસેન પણ એવું કહી શકે - 'હું ક્યાં ખાઉં છું? મારો હાથ પકડીને કોઈ ખવડાવે છે.' જો કે ટાગોરે આ 'કોઈ' કોણ છે એની સ્પષ્ટતા કરી નથી!

આપણે ત્યાં એવા સહભાગી લેખકો પણ છે, જેમને આ પ્રમાણે 'કોઈ' હાથ પકડીને લખાવે છે એટલું જ નહિ, કેટલાક બડભાગીઓને તો પ્રત્યેક લખાણ વખતે એ 'કોઈ' બદલાતું પણ રહે છે! હાય રે દુર્ભાગ્ય! આ લેખ તો અમે જાતે જ લખીએ છીએ! અમને કોઈ લખાવતું નથી! (અલબત્ત, અમે જ્યારે બાલમંદિરમાં ભણતા હતા ત્યારે અમારાં બહેન અમને હાથ પકડીને લખાવતાં ખરાં!)

કેટલાક વળી લેખકને એવું પણ પૂછે છે - 'તમને લખવાની પ્રેરણા ક્યાંથી મળે છે?' આવું પૂછનારા કેટલાક ભોળા ભાવુકોને એટલી પણ સમજ હોતી નથી કે આવો સવાલ લેખકને એની પત્નીની હાજરીમાં ન પુછાય! પત્નીની હાજરી ન હોય ત્યારે આવા સલાવના જવાબમાં લેખક પૂર્ણ ખીલેલા કમળની જેમ ખીલે છે! પત્નીની હાજરીમાં લેખક થોડીક મૂંઝવણ અનુભવે છે, પરંતુ એ પછી સત્યવાન સાવિત્રીને જોતો હોય તે રીતે પત્નીને નિહાળી જવાબ આપવાનું ટાળે છે!

આવા પ્રશ્નના અનુસંધાનમાં કેટલાક વીરરસપ્રધાન સાક્ષરો તો 'પ્રેરણાની તો ઐસી કી તૈસી' જેવી ગર્જના કરીને પત્નીને પ્રસન્ન અને પ્રભાવિત કરે છે! આમ છતાં, પ્રશ્ન કરનાર સ્વયં પ્રેરણા આપી શકે તેવી સારી વ્યક્તિ હોય અને પત્ની ગેરહાજર હોય, ત્યારે આવા વીર સાક્ષરો હિંમત કરીને કહી દે છે – 'બસ, તારા જેવા 'કદરદાન' મળી આવે પછી વિષયોની ક્યાં અછત છે?!'

કેટલાક લેખકોને પ્રેરણા ન મળે તો પણ વિષયો તો મળી

જ રહે છે. થોડોક પુરુષાર્થ કરીને અન્ય ભાષાનાં પુસ્તકોમાંથી પણ તેઓ 'વિષય' મેળવીને જ રહે છે. તેમની આ પ્રવૃત્તિ પ્રકાશમાન થતાં તેઓ લેખક તરીકે ત્વરાથી દૈદીપ્યમાન બને છે! તેઓ બચાવ કરી શકે છે કે બે લેખકોને એકસરખા વિચાર (અને વિષય) મળે એ તદ્દન શક્ય છે!

કેટલાક લેખકોને વાંચીને તેમનાં ચાહકો તેમના વિશે ભવ્ય અનુભૂતિ ધરાવતા થાય છે. આ ભવ્યતા તેઓને રૂબરૂ મળે ત્યાં સુધી અથવા તેમના વિશે 'કંઈક' જાણવા મળે ત્યાં સુધી ટકી પણ રહેતી હોય છે!

એવું કહેવાય છે કે દરેક સર્જકની પાછળ એક સ્ત્રી હોય છે, પરંતુ આ એક સ્ત્રી પાછળ તે સર્જકની પત્ની હોય છે! સર્જક એની ખાસ પરવા કરતો નથી.

હર કોઈ જાણે છે કે લેખન એ સરસ્વતીની ઉપાસના છે. આ ઉપાસનામાં લીન રહેતા લેખક પર લક્ષ્મીની પણ કૃપા હોય તેવું જવલ્લે જ જોવા મળે છે. આવકવેરા ખાતું લેખકને સદૈવ ગરીબીની રેખા નીચે જીવતો નાગરિક ગણે છે. આવકવેરાવાળા એવું અનુમાન કરીને ચાલે છે કે લેખકની 'સુદામા કુટીર'માં દરોડો પાડવાથી, મુઠ્ઠી તાંદુલ અથવા તો મુઠ્ઠી તાંદુલ ખરીદી શકાય તેટલા ધન સિવાય કશું હાથમાં નહિ આવે!

અલબત્ત, વર્તમાન સમયમાં લેખકો પણ 'બે પાંદડે' થયા છે. કેટલાક લાડીની સાથે ગાડી પણ વસાવી શક્યા છે, પરંતુ આ કેવળ લેખનના સૌજન્યથી હોતું નથી. લેખન ઉપરાંત 'ધન કમાનેકે તીનસો તરીકે' જેવા પુસ્તકમાંથી પ્રેરણા લઈ, કોઈ ધંધો કે ગોરખધંધો કરીને જ લેખક બે પાંદડે થયો હોય છે!

'આપ અદ્ભુત લખો છો.' - એ લેખકને અહર્નિશ સાંભળવું ગમતું વિધાન છે. એ સાંભળીને લેખકની છાતી ગજગજ ફૂલે છે. આવા પ્રશંસા કરતા વિધાનને કોઈ લેખકે વખોડી કાઢ્યું હોય એવું જગતમાં ક્યાંય બન્યું નથી. 'શું ખાક અદ્ભુત લખું છું? મને તો થાય છે કે મારાં બધાં જ લખાણો ગટરમાં પધરાવી દેવાં જોઈએ!' - એવું સ્પષ્ટ અને નિખાલસ કહેનાર લેખકનું નામ ગિનેસ બુક ઑફ વર્લ્ડ રેકોર્ડમાં અવશ્ય આવે!

લેખક ખરેખર અદ્ભુત લખે છે કે કેમ તે ગૌણ છે. તમે તેને 'અદ્ભુત' કહો છો તે મુખ્ય છે. પોતાની ઝાટકણી કરતા વિવેચકને તે બબૂચક કહે છે. લેખક એની સાથે આજીવન શત્રુતા ધારણ કરી બેસે છે. હિન્દી ફિલ્મના નાયક (આપણે લેખકને નાયક ગણીશું!) અને ખલનાયક જેવો મહાસંઘર્ષ સર્જાય છે! આ સંઘર્ષ ટાળવા વિવેચકોએ 'વચનેષુ કિમ્ દારિદ્રમ્' નો મહિમા જાણીને લેખકના પ્રત્યેક લખાણને ભારોભાર બિરદાવવું જોઈએ! આટલી નજીવી ઉદારતાને લીધે લેખક પોતે અને એની આસપાસની સમગ્ર સૃષ્ટિ ધન્યતા અનુભવે છે. ❑

અનુસંધાન] છગનલાલનો સત્સંગ [પૃ. ૮૮૩ થી

તેની સામે કોઈ પહેલા વરસાદના ચીકણા કાદવમાં લપસી પડ્યું ન હોય?!' તે કહેવા લાગ્યો, 'છગનલાલ, તમે તો ઊંધું મારી આવ્યા.' 'બોલો એમાં મેં શું ઊંધું માર્યું?' પણ... એ તો એવો જ વાંકદેખો માણસ...

'ભાઈ... છગનલાલ, તમે પણ શું ઊંધું માર્યા કરો છો? તમારો તે લંબુ સાચો છે, અને તમે ખોટા. ઈમ્પોટેન્સી એટલે 'નપુંસકતા' થાય. 'ઈમ્પોર્ટન્ટ' અને 'ઈમ્પોટન્ટ'માં આસમાન-જમીનનો ફેર છે...' મેં તેને સમજાવ્યો.

'જવા દો, એવું તો બધું ચાલ્યા જ કરે, પણ અમારા સ્ટાફવાળા તો ભાઈ સોલિટ વાંકદેખા! જાણે કે હું તો વગર મેરિડે જ પ્રોફેસર બની ગયો હોઉં તેમ મારી ફિરકી ઉડાવ્યા કરે! એમ.એ.માં મારો હાઈ-સેકન્ડ ક્લાસ આવેલો. જો કે તેમાં મારા ગુરુનો ભારે ઉપકાર! મારા ગુરુના ફોટામાં સંતાડીને હું કાપલીઓ લઈ જતો તે કોઈને દેખાતી જ નહિ. ભલભલા સુપરવાઈઝરો આંધળા જેવા થઈ જતા! ને બંદાએ સહેલાઈથી પેપર ભરી દીધેલાં! જો કે મારા ગુરુની મહેર હંમેશ મારા પર રહી છે... ગઈ કાલે ટીચર્સરૂમમાં બેસીને હું એક લેટર લખતો હતો, તે જોઈને બધા હસવા લાગ્યા. મેં ફૉર્મની જગ્યાએ લખ્યું'તું... 'ડૉ.પ્રો. છગનલાલ... આગળ મારી ડિગ્રી લખી **'M.A., Ph.D.'** 'તેમાં હસવા જેવું શું હતું? આજે સવારે અમારે પરીક્ષાની 'માકસીટ્' તૈયાર કરવાની હતી ત્યારે મેં કહ્યું, 'કન્સોલેટ માકસીટ' કરવાની છે...' આ સાંભળી પેલો લંબુ હસી પડ્યો ને કહેવા લાગ્યો... 'કન્સોલેટ' નહિ પણ 'કન્સોલિડેટ માર્કશીટ'!... આવા નબળા છે અમારા સાથીઓ...' છગનલાલને તેમની સુપરસોનિક જેટની ઝડપે વાત કહી નાખી.

'બસ... બસ... છગનલાલ... હવે મારો જમવાનો સમય થઈ ગયો છે. પણ સાંભળી લો મારી વાત... 'તમે ગુણવત્તા માટે મેરિડ કહ્યું તે ખોટું... સાચું મેરિટ કહેવાય. અને હાં... હાઈ સેકન્ડ ક્લાસ નહિ પણ હાયર સેકન્ડ ક્લાસ... પેલું પૅપર નહિ પેપર, ફોર્મ નહિ ફ્રેમ, કોન્સોલેટ એટલે દિલાસાની નજીકનું ગણાય, કોન્સોલિડેટ એટલે બધું ભેગું કરીને, થાય... છગનલાલ... ડૉક્ટર પ્રોફેસર પણ નહિ લખાય, લખવું જ હોય તો પ્રોફેસર પછી નામની આગળ ડૉક્ટર લખી શકો. પણ સરાસર ખોટું. સાચું લખવું હોય તો પી. કૅપિટલ પછી નાનો એચ લગાવી પૂર્ણવિરામ કરી પછી ડી કૅપિટલમાં લખવું.' ઉતાવળે ખુરશીમાંથી ઊઠતાં મેં છગનલાલનો સત્સંગ સમેટી લીધો...

'બસ... બસ... તમે પણ મારો જ વાંક કાઢ્યા કરો સાહેબ...: ચાલો હું જાઉં છું, કહેતાં છગનલાલ ચાલી નીકળ્યા! ❑

લશ્કરમાં કવિઓની ભરતી

ડૉ. પ્રકાશ બી. દવે

રાજાશાહી વખતે રાજકવિઓ વીરરસની કવિતાઓ રચીને પોતાના અન્નદાતા રાજામાં શૌર્ય પ્રકટાવી તેમને યુદ્ધ કરવા માટે માનસિક રીતે સજ્જ કરતા. ઇતિહાસમાં કેટલાક એવા બનાવો નોંધાયા છે કે આ કવિતા સાંભળીને રાજાનો વીરરસ જાગૃત થતો હોય અને વીરતાપૂર્વક લડીને તેણે વિજય મેળવ્યો હોય. આવા પ્રસંગોમાંથી પ્રેરણા મેળવીને આપણા સૈન્યની અંદર પણ કવિઓને ઍડ્‌હોક ધોરણે ભરતી કરવાની હોઈ, લાયકાત ધરાવતા ઉમેદવારો પાસેથી અરજીઓ મંગાવવામાં આવે છે.

જગ્યાનું નામ : કવિ.

જગ્યાની સંખ્યા : હાલ અજમાયશી ધોરણે એકસો કવિઓની ભરતી થશે.

લાયકાત, નિયમો અને શરતો :

(૧) કવિ છેલ્લાં ત્રણ વર્ષથી કવિતા લખતો હોવો જોઈએ. તેણે ઓછાંમાં ઓછાં બે સાહિત્યિક સામયિકોનાં લવાજમ ભરેલાં હોવાં જોઈએ. ઉમેદવારોની ઊંચાઈ સૈનિકોની સરેરાશ ઊંચાઈ કરતાં એક ફૂટથી ઓછી ન હોવી જોઈએ. છાતીના માપ માટે કોઈ આગ્રહ રાખવામાં આવતો નથી, પરંતુ પોતાની છાતીના મૂળ માપમાં સ્હેજ પણ વધારો કરી શકનાર કવિને પસંદગીમાં અગ્રતા આપવામાં આવશે. આવકનું કોઈ સાધન ધરાવતા હોય તેવા ઉમેદવારનું વજન ઓછામાં ઓછું ૫૦ કિલોગ્રામ હોવું જરૂરી છે. બેકાર કવિઓ માટે વજનનો કોઈ આગ્રહ રાખવામાં આવતો નથી. રૂબરૂ મુલાકાત વખતે શારીરિક યોગ્યતાની ચકાસણી કરવા માટે પાંચ દળદાર ગ્રંથો ઊંચકીને ઉમેદવારે મેદાનમાં એક ચક્કર મારવાનું રહેશે. તેમજ રાત્રીના અંધારામાં સરહદી વિસ્તારમાં લગભગ એકસો મીટર જેટલું એકલા ચાલવાનું રહશે. આ દરમિયાન બૉમ્બ અને બંદૂક ફૂટવાના અવાજો સંભળાયા કરશે જેની ખાસ નોંધ લેવી. જો કે નુકસાન થશે નહિ, છતાં કોઈ ઉમેદવારને માનસિક આઘાત લાગે તો ઉપસ્થિત થનાર કોઈ પણ પરિસ્થિતિની જવાબદારી અમારી રહેશે નહીં. દરેક ઉમેદવારે એક પ્રતિષ્ઠિત વિવેચકનાં બે પ્રમાણપત્રો સાથે લાવવાનાં રહેશે. જેમાંનું એક ઉમેદવાર કશી ઉઠાંતરી કરીને કવિતા નથી લખતા તે મતલબનું અને બીજું પ્રમાણપત્ર ચાલચલગત અંગેનું લાવવાનું રહેશે. પ્રમાણપત્ર આપનાર વિવેચક પ્રતિષ્ઠિત છે એની સાબિતી માટે બીજા કોઈ પણ પ્રતિષ્ઠિત સામયિકના તંત્રીનું પ્રમાણપત્ર લાવવાનું રહેશે. લશ્કરમાં શિસ્ત અને નિયમિતતાનું ચુસ્તપણે પાલન થતું હોઈ, જે કવિ સરકારી નોકરી કરતા હોય તેમણે ગંભીર વિચારણા કરીને જ અરજી કરવી તેવી સલાહ આપવામાં આવે છે.

(૨) સરહદ ઉપર યુદ્ધના સંજોગોમાં સૈનિકોની સાથે જઈ સ્થળ ઉપર જ કવિતા રચી સૈનિક સાંભળી શકે તેટલા મોટા અવાજે શૌર્યકાવ્યનું પઠન કરવાનું રહેશે. (લાઉડ સ્પીકરની જોગવાઈ નથી.) યુદ્ધ ન હોય તેવા સંજોગોમાં કવિઓએ પ્રેમ, દેશભક્તિ વગેરે વિષયો પર કવિતા રચી સૈનિકોને સંભળાવવાની રહેશે. યુદ્ધ ચાલુ હોય એવા સંજોગોમાં માત્ર શૌર્ય અને દેશપ્રેમને લગતાં કાવ્યો જ રચવાનાં રહેશે. યુદ્ધ ચાલુ હોય કે ન હોય પણ કોઈ પણ સંજોગોમાં વિરહકાવ્યો રચવા દેવામાં આવશે નહીં. આવું કરનાર કવિને કોઈ પણ નોટિસ આપ્યા વિના છૂટા કરી દેવાશે. યુદ્ધમોરચે લાંબાં કાવ્યોની જરૂર પડતી હોઈ માત્ર 'હાઈકુ' લખનારે અરજી કરવી નહિ.

યુદ્ધમોરચે સંદર્ભસાહિત્ય તરીકે અન્ય કાવ્યસંગ્રહો લઈ જઈ શકાશે, પરંતુ એ કવિએ જાતે ઊંચકવાના રહેશે. સૈનિકોને મળવાપાત્ર પગાર, ભથ્થાં અને અન્ય સવલતો કવિને પણ મળવાપાત્ર રહેશે. ઉપરાંત કવિને તેની પ્રત્યેક મૌલિક રચના માટે વિશેષ પુરસ્કાર ચૂકવવામાં આવશે. જો કે યુદ્ધમોરચે હોય એવા સંજોગોમાં કવિ પુરસ્કારની માગણી કરી શકશે નહીં. લડાઈ દરમિયાન રચાયેલી કવિતાઓનો સંગ્રહ બનાવી આપવાની વિચારણા કરાશે. સૈનિકો કવિતા સાંભળવા ઇચ્છતા ન હોય એ દરમિયાન તેમને કવિતા સાંભળવાની ફરજ ન પાડવા કવિઓને સલાહ આપવામાં આવે છે. અહીંથી કેટલુંક સંદર્ભસાહિત્ય પરત આપવાની શરત સાથે પૂરું પાડવામાં આવશે. જેના પર પેન્સિલની નિશાની કે એવી કોઈ અસ્વચ્છ રીતિનો ઉપયોગ કરી શકાશે નહીં. સરહદ પર કામગીરી વખતે વચ્ચેવચ્ચે ઈન્ટરવેલ મળશે નહીં અને આવા સમયે વચ્ચે વચ્ચે ચા કે કૉફી માગી શકાશે નહીં. દરેક કવિએ રોજ સવારે એક લિટર દૂધ ફરજિયાત પીવું પડશે. કોઈ પણ સંજોગોમાં તખલ્લુસ રાખવા દેવામાં નહીં આવે અને તખલ્લુસ ધરાવતા ઉમેદવારોએ તખલ્લુસ છોડી દેવાનાં રહેશે. યુદ્ધના દિવસોમાં શાંતિને લગતાં કાવ્યો લખનાર કવિ સખત શિક્ષાને પાત્ર ઠરશે. લાંબા વાળ રાખવા દેવાની વિનંતી કોઈ પણ સંજોગોમાં ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં. આકાશ સામે જોઈને કાવ્યપઠન કરનાર કવિ કરતાં જમીન પર જોઈને કાવ્યપઠન કરનાર ઉમેદવારોને અગ્રતા આપવામાં આવશે.

અસ્વીકૃત અરજીઓ પરત મોકલાશે નહીં તેથી કોઈએ જવાબી કવર મોકલવું નહીં. અરજી સાદી ગુજરાતી ભાષામાં અને ગદ્યમાં લખવી. ❑

મારા લખેલ નાટકનો પ્રથમ સફળ પ્રયોગ

— કૃષ્ણ પંડિત —

સ્વપ્રશંસાનાં ગાન ગાવાં સારું, કોઈને પોતાનું ગળું કેળવવું પડતું નથી. રિયાઝ કરવો પડતો નથી. પ્રિય વાચકો, આજે હું આત્મપ્રશંસાના મૂડમાં છું. આજે હું આત્મસંભાષણના મૂડમાં છું. તમને લાગશે કે શું મને 'મોનમેનિયા' થઈ ગયો છે? (એક જ વાત કહેવાની ઘેલછા)... દાક્તરી સાયન્સ... ન્યૂમોનિયા મીટાવી શકે છે, મોનમેનિયા નહીં, માટે વાંચવા તૈયાર થાઓ.

આ માટે મારે તમને શૈશવમાં લઈ જવા છે... કહે છે કે, બાળકો સોસની બાટલી જેવા છે. જરાક ધક્કો મારો, ઢાંકણ ઉઘાડો એટલે સત્ય બહાર ઊભરાય. હું જયંતી, બાબુ, રણછોડ, કાંતિ, ગોરધન, ગપો, વગેરે વગેરે મિત્રો... બધામાં સત્ત્વ ખરું, પણ તે ગોપિત હતું. એ સત્ત્વને બહાર કાઢનારની તલાશ હતી. જો કે અમારા ગામની સ્થિતિ-પરિસ્થિતિ-મહિમા સત્ત્વશીલતાઓ રમૂજમાં આવે છે, તેવી જ. કહે છે કે, કોઈ ગામમાં એક નેતા પધાર્યા, ગ્રામજનોને ભેગા કરી પૂછ્યું, 'ભાઈઓ, આપના ગામમાં કોઈ મોટો માણસ જન્મ્યો છે?'

જવાબ : 'ના સાહેબ, અમારા ગામમાં તો બધાં છોકરાં જ પેદા થયાં છે...'

પછી દિવાળી વૅકેશન પડ્યું ત્યારે એક 'દિ અમો ભાઈબંધો તભાકાકાના વંડે બેઠા હતા. ત્યાં કાકા વદ્યા, 'અલ્યા, હંધાય બુદ્ધિશાળી છો છતાંય, આ વૅકેશનમાં રખડી ખાશો ને કૂતરા રમાડશો કે બીજું કાંઈ કરશો ખરા?' બુદ્ધિશાળી કહી કાકાએ અમને નિસરણી મૂકી આપી. કાકાની નજીક બેસી મેં કહ્યું : 'કાકા, બીજું શું કરીએ?' મને હડસેલી કાકા પાસે બબો બેઠો. પછી બોલ્યો : 'કાકા, આ બધા બુડથલ છે. એ તમારી વાત નહીં સમજે. તમો મને જે કહેવું હોય તે કહો.' તે વદ્યા, 'જુઓ, તમારાં મા-બાપ તો અભણ છે, પણ તમો બધા તો ફાઈનલ સુધી ભણેલા છો. માટે આ વૅકેશનમાં મહાભારતનું નાટક ભજવો. તમારે જે જોઈએ તે આપણા પાહેથી લઈ જવું. પૈસાની જરૂર પડે તો પણ મને કહેવું... સમજ્યા?'

ફાઈનલ ભણેલા કહી, તભાકાકાએ જે વિચારબીજ રોપ્યું, તે બરાબર પાંગર્યું. તે થકી અમે મહાભારતનું નાટક ભજવ્યું, જેની સ્ક્રિપ્ટ મેં લખી. આમ મારા વડે લખાયેલા નાટકનો, પહેલો, એકમાત્ર પહેલો અને આખરી 'શો'... કેવો ઝંઝાવાતો વચ્ચે કેવી રીતે ભજવાયો હતો., તેની છે આ દાસ્તાન...

'કાયદાની મોટામાં માટી તકલીફ કઈ?' તો કહે, 'કાયદો અને વકીલો! અમારા આ કાર્યક્રમની સફળતામાં મોટામાં મોટો અવરોધ હોય તો તે અમો જ હતાં.

બબો અમારા બધામાં બધી રીતે સિનીઅર, ગાર્ડ જેવો. સૌથી પહેલો એ પાંચમા ધોરણમાં આવ્યો, અમે ઘણાખરા મિત્રો પાંચમું પાસ કરી સાતમામાં પ્રવેશી ચૂક્યા, પણ એ ગાર્ડની જેમ પાંચમાનો ડબ્બો છોડતો નથી. વજન-ઊંચાઈ વગેરેમાં સર્વશ્રેષ્ઠ. એ રીતે અમારો લીડર. કોઈ પણ બાબત હોય પહેલાં વિરોધ કરવો, પછી અવરોધ કરવો. છેવટે મારામારી કરી ઉકેલ લાવવો. એ મારામારી શરૂ કરે, એટલે ગમે તેવો કૂટ પ્રશ્ન હોય તો પણ તે ઊકલી જાય. સબળ વિરોધ નિર્બળ થઈ જાય. કારણ પ્રશ્ન-નિરાકરણ માટે તે હાથ ઉપાડે ત્યારે, તેના હાથનો માર ખાવા સારુ અમારી પાસે કોઈ સબળ કારણ રહે નહીં ને અમો ફટતી કરી જઈએ. પરિણામે તે એકલો નિર્ણય લઈ લે. બહેનોને જેમ (**Clothing illness** - વસ્ત્રોની માંદગી) તેમ તેને મારામારીની માંદગી. સિનીઅર બબો ભણવા પૂરતો નહીં, પણ મારામારી પૂરતો સિન્સીઅર. તે ધ્યેયનિષ્ઠ છે. છેલ્લામાં છેલ્લો લડવૈયો ઊભો હોય ત્યાં સુધી એ હટે નહીં.

મહાભારતના નાટક સંદર્ભે, તેને મંકોડા ફરતા હતા, એવા ગુંદીના ઝાડ નીચે, તાકીદની અગત્યની મીટિંગ પ્રયોજી. અમો ગંભીર હતા પણ મંકોડા ગંભીર ન હતા. સોસાયટીનો ચોકીદાર રાતે રોન મારે ત્યારે, આપણા ઘર આગળ લાકડી ખાસ પછાડી જાય તેમ અહીં રોન મારતા મંકોડા ખાસ બાબુને કરડ્યા. બાબુ ઉવાચ, 'દિયોર આંયકણ મંકોડા કૈડ છ, હેંડો, મગન કુંભારના ચાકડા પાહે બેહીએ.'

બધા ઊઠ્યા. લ્યો હેંડો, ચાકડે બેહીએ. 'પણ મગનભા ખાટલી ઢાળી પડ્યા હશે તો બેહવા નહીં દે.' કોઈક બોલ્યું.

'થઈ પડશે, લ્યો હેંડો'... સદનસીબે મગનભા નહોતા. પરંતુ ધરતી પર ખીલા ઠોકી, રસ્સી વડે જેનો એક પગ બાંધ્યો છે તેવા મગનભાના, ચાર રાસભો ત્યાં શિસ્તબદ્ધ ઊભા હતા. આ ગધેડાંને અમારી ઉપસ્થિતિમાં ઊંડો રસ પડ્યો. નેતા જેમ મુખ ઊંચું કરી રાષ્ટ્રધ્વજની રસ્સી ખેંચે, તેમ મુખ-કાન ઊંચા કરી અમારી સામે તેણે ગણતરીપૂર્વક જોયું. અમે પણ તેની સામે જોયું. અમારી આંખના ભાવ વાંચી એક ગધેડાએ અવાજ કર્યો. મારી પાછળ હેંડતા રણછોડે પણ અવાજ (બૅકિંગ ધ્વનિ) કર્યો તેથી બાબુ તાડૂક્યો, 'દિયોર ગધાડા જેવા છો? હખણાં મરો નહીં!...' ત્યાં પાછળ ચાલતા ગપાએ, ઉલ

ઉતારી ફેંકી દીધેલ દાતણની ચીરી ભોંય પરથી લઈ, બધાની નજર ચુકાવી, એક રાસભના કાનમાં, 'લોટામાં ડૂચો ફેરવે એમ ફેરવી.' ગધેડાં વિફર્યાં. અજાણ બબો તાડૂક્યો, 'મારું હાળું, આ ગધેડાને શું થયું? બધાં હારે કેમ ભૂંકવા માંડ્યાં? લ્યો હેંડો... આપણે અહીં મીટિંગ નથી કરવી. તભાકાકાના ઓટલે બેસીએ. કારણ આ ભૂંક્યા કરશે તો મગનકાકો ઢળકશે.' શાંતિથી અમો ઓટલે બેઠા પછી બબાએ કહ્યું, 'જુઓ, હું મહાભારત લખી લાયો છું... જો કૃષ્ણ તારે કૃષ્ણ બનવાનું, હું ભીમ બનીશ. આ જયંતી રાવણ બનશે. ગોરધન ગાય, મહારાણા પ્રતાપ ને રણછોડ ગરીબડો દ્રૌપદી... સમજ્યાં?'

જયંતી : 'બબા બુડથલ, આંયકણ મહાભારતમાં રાવણ ક્યાંથી આયો?'

બબો : 'ઈના ઘરેથી આયો? કેમ લંકામાં ઈનું ઘર ન હતું? અને એ તો વિમાન પણ રાખતો હતો.' બબાએ ધારદાર દલીલ કરી.

અમો કુણા પડ્યા. મહાભારતમાં 'રાવણ આવ્યો' એ વાત સ્વીકારવા અમો આમ તો તૈયાર ન હતા, છતાંય બબા ખાતર, મારામારી ટાળવા ખાતર, અમારા મહાભારતના નાટકમાં રાવણને ચતુરાઈથી પાછલા બારણે ઘુસાડી વચલો માર્ગ કાઢવા અમો માગતા હતા. ત્યાં કાંતિએ ઉંબાડિયું ચાંપ્યું, 'આ બબો તો સાવ બુડથલ છે. દિયોર, આ મહાભારતના નાટકમાં રાણા પ્રતાપને ઉપાડી લાયો.'

ગપો: 'ઈનુંચાલેતો ગાંધીબાપુને લઈ આવેને. બબા તને ભણવામાં ને નાટકમાં કશી ગમ નોં પડે. તું તાર એક બાજુ બેસી રહે.' બબો તપ્યો એટલે બે જણાએ તેને ઝાલ્યો. સોમાએ હળવાશ આણવા બબાનાં વખાણ કર્યાં. 'દિયોર, આ બબા સિવાય નાટક થશે જ નહીં, સમજ્યા?'

કહેવાની જરૂર નથી, ગંભીર મુદ્દા સંદર્ભે ગોઠવાયેલ આ ચર્ચા-મીટિંગ, આંશિક મારામારી-મીટિંગમાં પરિવર્તિત થઈ. બધા ક્રમશઃ વિખરાઈ ગયા. છેવટે બબાએ કહ્યું, 'કૃષ્ણ, ગુજરાતીમાં સૌથી વધારે માર્ક્સ તું લાવે છે, એટલે આ નાટક તું જ લખી લાય. જે તું નાટક લખે, એમાં મારી (ભીમની) અને રાવણની મારામારી તો ખાસ આવવી જોઈએ... જો એ નહીં આવે તો તારો નાટક ફેલ...'

મહોલ્લામાં ઘરડાં, બુઢ્ઢાં-વહુવારો ઇત્યાદિ અમારો પ્રેક્ષકવર્ગ હતો. આ પ્રેક્ષકોને મારામારીમાં રસ ન પડે, પણ કરુણ (ટ્રેજિક) દશ્યમાં કંઈક રસ પડે. એટલે મેં 'પાંડવ-વનવાસ'નું દશ્ય લખવા ઠરાવ્યું. જો કે, આ દશ્યમાં ક્યાંય મારામારી આવતી નહોતી. તેથી આ દશ્યમાં મારામારી કેવી રીતે ઘુસાડવી તે અંગે હું દિમાગ કસી રહ્યો હતો. એ રીતે આ અમારું સમસ્યા નાટક હતું. જેમાં સમસ્યાઓ અનેક ને નાટક થોડું હતું. કદાચ કહી શકાય કે સમસ્યાઓ જ હતી.

આમ તો આજે સાંજે જ નાટક ભજવવાનું હતું. છતાંય સ્ક્રિપ્ટ આખરી થઈ નહોતી. એટલે રિહર્સલોને તો અવકાશ રહ્યો જ ન હતો. ગીત-સંગીત-મંચ સજ્જા-કૉસ્યુમ-યુદ્ધ માટેનાં શબ્દો-સંવાદો-શસ્ત્રો, યુદ્ધમાં મારામારી કેટલી કરવી? કોણે કોના હાથે હણાવું-મરાવું, કોણે જીતવું ઇત્યાદિ સઘળી વિગતો માટે અમારે સમયાવકાશ રહ્યો હતો. બધું પ્રવાહી અને સ્વીપરી હતું. સઘળું અધ્ધરતાલ હતું. આ દેશમાં - વહીવટમાં જે મિસ પ્લાનિંગ ને અંધાધૂંધી છે તે સઘળું અમારે ત્યાં હતું. આ દેશમાં અંધેર પ્રવર્તતું હોવા છતાં દેશે આઝાદી પછીનાં આ વર્ષોમાં ઊડીને આંખે બાઝે તેવી જે પ્રગતિ કરી છે, તેવી પ્રગતિ અમોએ દરેકે દરેક પાસાને લગતા અમારા નાટ્યપ્રયોગ માટે કરી હતી. આ દેશના વિવિધ પક્ષો જે રીતે આ દેશને આગળ લઈ જવા જાત ઘસી રહ્યા છે, તે રીતે જ અમારાં બધાં રાજ્યો 'તન-મન-ધનથી' નાટકની સફળતા પાછળ મંડ્યાં હતાં. પ્રજાને પ્રશ્ન થાય છે કે, 'આ દેશનું શું થશે?' તેમ મને પણ પ્રશ્ન થાય છે કે 'અમારા નાટકનું શું થશે?'

આમ તો કુંભારવાસના નિભાડા ચૉકમાં તડામાર તૈયારીઓ ચાલતી હતી. દરેક સભ્ય ઓવરબીઝી હતો. વનવાસનું દશ્ય હોઈ, કેટલાક સભ્યો, ગુંદી, લીમડો તથા આંબાનાં ડાળાં કાપવા 'ગ્યા હતા. કેટલાક પડદા સારુ ચાદરો, સાડલા ઇત્યાદિ ઉઘરાવવા 'ગ્યા હતા. જેમ બૅટ્સમેન એક ઉપરાંત વધારાના સ્પેર બૅટ રાખે છે, તેમ બબો ત્રણેક ગદાની તૈયારીમાં પડ્યો હતો. તે એક ગદા બનાવી હરખપદુડો થઈ મને બતાવવા આવ્યો. મેં તે જોઈ નાપાસ કરી. તેણે કહ્યું, 'કૃષ્ણ, ચ્યમ આ ગદામાં શું વાંધો છે?'

'પથરા જેવું તે હંતાડ્યું છે, તે સામે મારે વાંધો છે.'

'તું આ ગદા જેવો ફેરવી દેવાડે, એ ભેળા જ બધા કૌરવો આંયકણ સાચુકલા મરી જાય... એટલે પોલીસ આવે... પછી એ તને દેવાડે.'

બબો : 'હેં!... એવું થાય?' તે જતો રહ્યો.

દુર્યોધન બનનાર કાંતિ બોલ્યો, 'બબો ગદા લઈને આવશે તો હું મારા ઘેર જતો રહીશ.' એકાદ કલાક પછી, માત્ર ગાભા ભરી બીજી ગદા લઈને આવ્યો ને બોલ્યો, 'કહું છું, કૃષ્ણ, આપણે આપણા આ વનવાસના સીનમાં એક તો મારામારી ખાસ લાવવી પડશે, કારણ મારે આ ગદા તો ફેરવવી પડે ને?' એમ બોલી તેણે ગદા ફેરવી. તે થકી ગાભા ને લાકડી છૂટાં પડ્યાં...

જયંતી : 'કહું છું, આપણે આ નાટકમાં બીજી એક પાયાની વાત ચૂકી ગયા છીએ.'

હું : 'કઈ? બબાની ગદાની? રાવણની? મહારાણા પ્રતાપની? ગાંધીજીની?'

બબો : 'ના, મારામારીની... પહેલી ને બીજી જે ગણે તે આ એક જ વાત છે, મારામારી.'

હું : 'તો બીજી વાત કઈ છે?' કાંતિ ઉવાચ : 'જયંતી, પાછો તું વળી બીજી વાત લાયો?'

જયંતી : 'જો, આ ગોતિયો કૂતરો અને એની ટુકડી સવારથી આપણી હંગાથે ન હંગાથે છ. વળી, રાતે નાટક ભજવશું તાંણ પણ એ લોકો આપણી હારે જ રહેવાના.' કહું છું, 'આ ગોતિયો તો રાતે બી મારા ખાટલામાં ક્યાંથી આઈ જાય છ...?'

બબો : 'વાત તો સાચી છે. આ કૂતરાં રાતે પણ આપણી હારે રહેવાનાં... નાટકમાં પણ ઘૂસવાનાં... ને આખો ખેલ બગાડવાનાં... માટે કહું છું કે આપણાં નાટકમાં આ કૂતરા આવે, એવું કંઈક કરવું પડે.'

હું : 'બબા, પણ વનવાસના દૃશ્યમાં મારામારી ને કૂતરાં ક્યાંથી આવે?'

જયંતી : 'મારી પાહે એક સોલિડ આઈડિયા છે.'

હું : 'શું?'

કાંતિ વચ્ચે બોલ્યો : 'હું સમજી ગયો. જો પાંડવો વનવાસ જવા નીકળે ત્યારે ગોતિયાને તથા એની ટુકડીને લઈને નેકળે!'

જયંતી : 'સાચી વાત છે, આમેય બબો ગદા લઈ નેકળશે એટલે કૂતરાં એની વાંહે થવાનાં જ છે.'

હું : 'પણ એ તો પાંડવો હિમાલયમાં હાડ ગાળવા ગ્યા એ વેળા ધર્મરાજા જોડે કૂતરો લઈ ગ્યા'તા, અહીં વનવાસ જવા નીકળ્યા ત્યાં કૂતરો હારે ક્યાંથી આવે.'

બાબુ: 'આપણે એમ કહેવાનું કે, અમો વનવાસ જઈ ત્યાંથી સીધા હિમાલય હાડ ગાળવા જવાના છીએ, એટલે બધાં કૂતરાં સાથે લીધાં છે.'

જયંતી : 'નર્મદાબેન રાષ્ટ્રગીત ગવડાવે ત્યારે કાંતિભાઈ ને રમણભાઈ સાહેબ સાથે નથી ગાતા?'

બબો : 'બરાબર છે. આપણે એવું જ કરો. વનવાસ જઈએ તાણ હેંડવાનું જ છેન, ભલે ન કૂતરાં સાથે હેંડતાં... આ કાંઈ કલાસમાં ભણવા બેસવાનું થોડું છે તો કૂતરાંને સાહેબ કાઢી મૂકશે.'

બાબુ : 'આ દિયોર બબો, હાળો એમનમ નીકળે તો પણ કૂતરાં નેંહાળ સુધી એની વાંહે થાય છે. આપણે નેંહાળમાં ગીલ્લીદંડા રમવા જઈએ છીએ, તાણ પોળનાં બધાં કૂતરાં આપણી વાંહે નથી આવતાં...?' બાબુની વાત તો સાચી હતી. પોળનાં કૂતરાં સાથે અમારે ઉષ્માભર્યો સંબંધ હતો. તેઓની સમર્પિત મૈત્રી થકી કહેવાય કે, 'ખોળિયાં બે પ્રાણ એક.'

કાંતિ : 'જુઓ બીજી વાત આપણા વાહનાં બૈરાં, પાણી ભરવા જાય છે,તાં તભુભાની હોટલે બેહી પેલો વિઠલો ને સોમો સીટીઓ નથી મારતા?'

હું : 'પણ અહીં વનવાસના દૃશ્યમાં હોટલ ને સીટીઓ ક્યાંથી આઈ?'

જયંતી : ગયા રવિવારે આપણા વાહની બબુડી ને કાન્તા પાણી ભરવા ગઈ તાણ, આ બે જણાએ સીટીઓ મારી તે પછી વાહવાળા સંધાય ધોકા લઈ નહો'તા વછૂટ્યા? કેવી મારામારી થઈ'તી? એ રીતે આ પાંડવો દ્રૌપદી સાથે વનમાં જવા નીકળે, એટલે કાન્તિ તથા શંકરે ત્યાં હોટલ બનાવી બેહવું ને દ્રૌપદીને જોઈ સીટીઓ મારવી એટલે બબા ભીમે બોલાચાલી શરૂ કરવી, ગાળો દેવી, પછી મારામારી શરૂ કરવી, ગદાનૃત્ય કરવું ને બધાનાં માથાં ભાંગવાં.

કાન્તિ : એ...

રમણ : 'આપણે બધાએ પણ ત્યાં પહોંચી જવાનું.'

હું : 'શું કરવા?'

રમણ : 'મારામારી કરવા, બબો ભીમ ને કાન્તિ દુર્યોધન આ બે જણ જ લડે, એ કાંઈ ના ચાલે સમજ્યા?'

હું : 'એ મારામારીમાં તો પાંડવો ને કૌરવો જ હોવા જોઈએ, ઈ કણ બધાની જરૂર નથી.'

બબો : 'ભલે જરૂર નથી, પણ આપણે ત્યાં જઈ મારામારી કરવી જેથી આપણો નાટક પૂરો થયો ગણાય—'

સાંજે છ વાગ્યાથી થાળીઓ વગાડી અમે કુંભારવાડા તથા પટેલવાસમાં સતત એનાઉન્સમેન્ટ કર્યું. કાન્તિ પાસે ખાલી કેરોસીનનો ડબ્બો હતો. જયંતીના ઘેર મોટું ઢોલ હતું. આથી આ બન્ને જણે તે વગાડ્યું. બાલસખા એવાં અમારાં કૂતરાં પાસે થાળી, ઢોલ કે કેરોસીનનો ડબ્બો ન હોઈ, તેમણે કંઠ્ય સંગીત આપ્યું. જાણીતી ને અજાણી એવી કેટલીક તરજો વગાડી તે થકી અખંડ વિસ્તારની શાંતિ અખંડ ન રહી શકી. અમારા વાલીઓ વછૂટ્યા, 'હું છ, લ્યા? આ શાનો બખાળો માંડ્યો છ...? આ ભૂંજેર શું કામ ભેગી થઈ છ?' વૃદ્ધ મંછા કાકી વઘાં, 'રાતે વાહના છોકરા ભેગા થઈ મહાભારત કરવાના છે... સમજ્યા?'

એક વડીલ વદ્યા, 'ઓલ્યા તભાનાં આ કારસ્તાન લાગ છ, દિયોર... આ તભાના ચડાયા આ છોકરા ચડશે તો વંઠી જાશે...'

વૃદ્ધ મંછાકાકી : 'એ તભો તો અઠવાડિયાથી કોરટના કામે ગયો છે. ન છોકરા કંઈ નવું કરે એ તમારાથી જોયું જાતું નથી... ન તમો તો બધા ભોળા જેવા છો...'

રાત પડી. વાળુ પત્યા પછી ઠીકઠીક માણસ ભેગું થયું. પુરુષવર્ગ પણ ઊમટ્યો... નાટક શરૂ થયું. એક જણ પોટાશ ભરીને ચીપિયો લાવ્યો હતો. તેણે ચીપિયો ફોડી ભડાકો કર્યો. રણછોડને સ્ત્રીનાં કપડાં પહેરાવી દ્રૌપદી બનાવી હતી. પણ દૃશ્ય શરૂ થયું ત્યારે બધા સ્ટેજ પર આવ્યા પણ એ ન આવ્યો ને કહે, 'મને તો શરમ આવ છ... હું નહીં આવું.' કટોકટી ઊભી થઈ...

બબો ઉવાચ, 'દુર્યોધન, અમારે વનવાસ જવાનું છ ઈ સાચું પણ દિયોર તું કહે એટલે અમારે હાલ ને હાલ નેહળવાનું ન હોય.

જયંતી (દુર્યોધન) : 'તમારે વનવાસ જવા નેહળવું હોય તો નેહળો ને નાં નેહળવું હોય તો અહીં રખ્યામાં ગધાડા જેમ આળોટો.'

રમણ (ધર્મરાજા) : 'નેહળીશું... નેહળીશું... કેમ નહીં નેહળીએ. પણ દ્રૌપદી ક્યાં ગઈ?'

હું (કૃષ્ણના પાત્રમાં) : 'ભાઈઓ, દ્રૌપદીને શરદી થઈ ગઈ છે એટલે તમો નેહળો. કાલે સવારે હું મૂકી જઈશ.'

દુર્યોધન : 'ના ચાલે...'

ભીમ : 'કેમ ના ચાલે... ચાલે... ચાલે... ને ચાલે...' ત્યાં મારામારી શરૂ થઈ ગઈ. વનવાસ જતાં પહેલાં જ મારામારી શરૂ થઈ. જબ્બર ગોકીરો થયો. વડીલો કૂદ્યા. સ્ટેજ સહિત બધું જમીનદોસ્ત કર્યું. ❑

પુસ્તક અને પુરુષ

પલ્લવી જે. મિસ્ત્રી

પત્ની : તમે પુરુષો કોઈ પણ સુંદર સ્ત્રીને જુઓ ત્યારે ભૂલી જાઓ છો કે તમે પરણેલા છો.

પતિ : તારી ગેરસમજ થાય છે! ઊલટું ત્યારે જ અમને ખાસ યાદ આવી જાય છે કે અમે પરણેલાં છીએ.

પુસ્તક અને પુરુષ! આ બંનેની સરખામણી કરતી વખતે આ જોક એટલા માટે યાદ આવી કે પુરુષનું મુખ જોઈને આપણને સમજ નથી પડતી કે એના મનમાં ક્યા વિચારો ચાલી રહ્યા છે. જ્યારે પુસ્તકનું મુખપૃષ્ઠ જોઈને આપણે સમજી શકીએ છીએ કે એમાં શેના વિષે માહિતી આપી હશે. દાખલા તરીકે - મુખપૃષ્ઠ પર એટલે કે પૂંઠા પર નકશા દોર્યા હોય તો એમાં ભૂગોળ એટલે કે દેશ-વિદેશની માહિતી હોય અને પૂંઠા પર આંકડાઓ આલેખ્યા હોય તો એમાં ગણિત વિશે માહિતી હોય. આમ સરખામણીની દૃષ્ટિએ પુરુષ કરતાં પુસ્તક વધારે સરળ (સમજી શકાય તેવું) હોય છે.

પ્રસિદ્ધ હાસ્યલેખક શ્રી વિનોદ ભટ્ટ આ વાત વાંચીને જો એમ કહે કે — 'આ વાત હંમેશાં સાચી નથી હોતી.' પુસ્તક 'રેતીની રોટલી' નું મુખપૃષ્ઠ જોઈને જો તમને એમ થાય કે એમાં રેતીમાંથી રોટલી કઈ રીતે બનાવવી તેની 'રેસીપી' આપી હશે. તો તમે ખોટા પડશો. એ પાકશાસ્ત્રનું નહીં પણ હાસ્યલેખોનું પુસ્તક છે.' વિનોદભાઈને આ પુસ્તક લાઈબ્રેરીના 'હાસ્યવિભાગ'ને બદલે 'પાકશાસ્ત્ર' વિભાગમાંથી મળી આવ્યું હતું જે પ્રખ્યાત હાસ્યલેખક શ્રી જ્યોતીન્દ્ર દવેએ લખ્યું હતું. આ બધી ય વાત સાચી પણ... 'અપવાદો'ને બાદ કરતાં મોટા ભાગના કેસોમાં મારી વાત તમને સાચી લાગશે.

'પુસ્તક' અને 'પુરુષ' બંનેમાં સંખ્યાની દૃષ્ટિએ સરખા અક્ષરો છે. જો કોઈ ભાષાજ્ઞાની આ વાત વાંચીને દલીલ કરે કે - 'ખોટું, પુરુષ શબ્દમાં ત્રણ અક્ષર છે અને પુસ્તક શબ્દમાં સાડા... ત્રણ...' માત્ર સ્વીકારવા ખાતર અથવા સામી દલીલ ન કરવા ખાતર આપણે એમની વાત સ્વીકારી લઈએ. પણ જરાક સમજદારીપૂર્વક વિચારતાં માલૂમ પડશે કે સ્ત્રી એ પુરુષની અર્ધાંગિની છે એ હિસાબે પુરુષ સ્ત્રી વગર અધૂરો છે. એટલા ખાતર જ પુરુષ શબ્દમાં પુસ્તક શબ્દની સરખામણીએ અડધો અક્ષર ઓછો છે.

પુસ્તક અને પુરુષ - બંને શબ્દનો આરંભ 'ઉકાર'થી અને અંત 'અકાર'થી થાય છે. પરંતુ 'આકાર'ની દૃષ્ટિએ જોઈએ તો પુસ્તકમાં 'વિવિધતા' અને પુરુષમાં 'વિચિત્રતા' જોવા મળે છે. બંનેની આવૃત્તિ બહાર પડે ત્યારે નવાંનક્કોર-મજબૂત, સુગઠિત, સુંદર અને 'જોવાં ગમે' તેવાં હોય છે. પરંતુ કાળક્રમે ઘસાઈને ઢીલાં અને ફિક્કાં પડી જાય છે. પુસ્તક પાસે 'ભાર' અને પુરુષ પાસે 'કાર' હોય ત્યારે લોકો એને માનની દૃષ્ટિએ જુએ છે.

પુસ્તક અને પુરુષ બંનેની સામે કોઈ ચાહકવર્ગ દૃષ્ટિ માંડે નહીં ત્યાં સુધી બંને મૂલ્યવિહીન છે. બંનેને સાચા કદરદાનની જરૂર છે. પુસ્તક ખરીદાયું ન હોય અને પુરુષ પરણ્યો ન હોય ત્યાં સુધી બંનેનું મૂલ્ય અકબંધ રહે છે. એ પછી બંનેની કિંમત અડધી કે ક્યારેક તદ્દન નહિવત્ પણ થઈ જાય છે. પસ્તીવાળો : 'બહેન, કાંઈ ભંગાર-બંગાર આપવાનો છે?' બહેન : 'ના, અમારા 'એ' ઑફિસે ગયા છે. ઘેર આવે પછી આવજે.' આ તો એક જોક છે. પણ હકીકત એ છે કે પુસ્તકને તો પસ્તીમાં આપીને એની થોડી-ઘણી કિંમત પણ ઉપજાવી શકાય છે જ્યારે પુરુષને...?

પુસ્તક અને પુરુષ! બંને પાસે ઘણું જ્ઞાન અને જાણકારી હોય છે. પરંતુ તે મેળવવા (કઢાવવા) આપણે ઘણા પ્રયત્નો કરવા પડે છે. અનેક પ્રયત્નો બાદ આપણને પૂરેપૂરી સફળતા મળતી નથી. જો કે પુસ્તક તો ન સમજાય તો એને સમજવા માટે ઘણી વાર ગાઈડ ઉપલબ્ધ છે જ્યારે પુરુષોને સમજવા તો શું ગાઈડ કરવા ય મુશ્કેલ કામ છે. પુરુષો ભલે કહેતા ફરે કે : 'સ્ત્રીને સમજવી અઘરી છે.' પણ એક સ્ત્રી તરીકે મને હંમેશાં લાગ્યું છે કે પુરુષોને સમજવા અત્યંત અઘરા... ના, ના... અઘરા નહીં... અશક્ય છે. દાખલા તરીકે... આપણે એને નજીકની દુકાનેથી ઘરના માટે કંઈક ચીજ ખરીદવા મોકલવા માગીએ ત્યારે એ ત્યાં જવા પોતાની જાતને 'અશક્તિમાન' બતાવી ટીવી જોયા કરે, પણ બે જ મિનિટ પછી જો આપણી સુંદર પડોશણ એને અત્યંત દૂ...રની દુકાનેથી કંઈક લાવવા કહે તો એનામાં ન જાણે ક્યાંથી અચાનક શક્તિનો સંચાર થઈ જાય ને ટીવી જોવાનું બંધ કરીને એ હોંશેહોંશે જઈને પડોશણનું કામ પતાવી આવે છે.

પુસ્તકની સમૃદ્ધિ વધે ત્યારે એનાં 'પેજ'ની સંખ્યામાં વધારો થાય છે અને પુરુષની સમૃદ્ધિ વધે ત્યારે એના 'પેટ'ના ઘેરાવામાં વધારો થાય છે. પુસ્તક 'જ્ઞાન' આપે છે અને પુરુષ 'પગાર' આપે છે. એક વાર મેળવેલું જ્ઞાન મોટે ભાગે નાશ પામતું નથી, જ્યારે એક વાર મેળવેલો પગાર મહિનાના અંતે પૂરો થઈ જાય છે. ઘણી વાર તો પગાર પહેલો પૂરો થાય છે અને મહિનો પછી. આવી પરિસ્થિતિમાં પુરુષ પાસે પગાર ઉપરાંતની કમાણી માગવી પડે છે. જનરલી પુરુષો આ બાબતે ઉદાર હોય છે અને સ્ત્રીઓને પગાર ઉપરાંત ઉપરની કમાણી પણ આપી દે છે. પરંતુ કેટલાક પુરુષો તો અતિઉદાર હોવાથી સ્ત્રીઓને 'પગાર' ઉપરાંત 'પ્રહાર' પણ આપે છે. (એવું પ્રખ્યાત હાસ્યલેખક શ્રી જ્યોતીન્દ્ર દવે લખી ગયા છે.)

પુસ્તકોને ગોઠવીને કબાટમાં મૂકી શકાય છે, જ્યારે પુરુષોને તો ક્યાંય ગોઠવીને મૂકવા અઘરા છે. પુસ્તકો પર લાગેલી ધૂળને કપડાંથી ઝાપટીને દૂર કરી શકાય છે. પુરુષોની બાબતે આ કામ શક્ય નથી. પુસ્તકને વાંચીને સમજી શકાય છે જ્યારે પુરુષને વાંચવો અઘરો અને સમજવો અશક્ય છે. પુસ્તક સાથે આપણે વાતચીત કરી શકતા નથી. પુરુષ સાથે પણ લગભગ એવું જ છે. તફાવત હોય તો માત્ર એટલો કે વાતચીત દરમિયાન પુસ્તક પાસે આપણે 'નકામા હોંકારા'ની ય આશા નથી રાખતાં. પુસ્તક વાંચતાં-વાંચતાં ઘણી વાર ઊંઘ આવવા માંડે છે અને પુરુષને સમજતાં સમજતાં હંમેશા ઊંઘ ઊડી જાય છે.

અને અંતમાં...

પુસ્તકો ધારીએ એટલાં વસાવી શકાય છે. ❑

'વૉલ્ટ ડિઝની'નાં પાત્રો અને રમવાનાં પત્તાં!

કિશોર ન. ગોરધનદાસ

ઠઠ્ઠાચિત્રોની દુનિયામાં સૌથી પ્રખ્યાત વ્યક્તિ વૉલ્ટ ડિઝની છે. વૉલ્ટર એલ્લાસનો (Walt Disneyનું અસલી નામ) જન્મ પાંચમી ડિસેમ્બર, ૧૯૦૧ની સાલમાં શિકાગો, અમેરિકામાં થયેલો. બાળક હતા ત્યારે તેમણે મિસ્સૌરી અને કાન્સાસમાં અભ્યાસ કરેલો અને દૈનિક છાપાંઓ વેચનાર ફેરિયા તરીકે કામ કરીને ભણવાના ખર્ચાઓ પૂરા કરતો. ૧૯૧૭ની સાલમાં કાન્સાસથી શિકાગો જતી ટ્રેનમાં પ્રચારના એક પ્રતિનિધિ તરીકે કામ કરેલું. બે વર્ષ પછી એ કાન્સાસમાં એક કંપનીમાં સલાહકાર તરીકે નિમાયા અને ત્યાર બાદ ખેતી-કૃષિને લગતા વિવેચનના વિષયો પર ચિત્રરેખાંકન દોરનાર તરીકે તેમને કામ મળેલું.

સને ૧૯૨૦માં તેઓ પોતે એક ઠઠ્ઠાચિત્ર (Cartoon, Caricatures) દોરનાર બન્યા. એ વર્ષો દરમિયાન એમણે પોતાનું પહેલું જીવંત ચિત્ર બનાવ્યું જે નાકામયાબ રહ્યું. ૧૯૨૨ની સાલમાં એ હૉલિવુડ ગયા અને એના ભાઈ રૉયની સાથે મળી એમણે 'ઑસ્વોલ્ડ ધ રૅબિટ' પર ચિત્ર બનાવ્યું. આમાં એમને સારી એવી સફળતા મળી. ૧૯૨૮ની સાલમાં એણે પોતાના જીવનનું સર્વોત્તમ પાત્ર ઊભું કર્યું મિકિ માઉસ-Mickey Mouse. જીવંત બોલતાં ચિત્રપટોમાં એમની કંપનીને સફળતા મળતી રહી. ૧૯૩૩માં એના સો માણસો હતા. અને ૧૯૪૨ સુધીમાં તેની સંખ્યા વધીને ૧૪૦૦ જેટલી થઈ.

એમણે લાંબા ગાળાનાં ચિત્રો બનાવવાં શરૂ કર્યાં. સને ૧૯૩૭માં 'સ્નો વ્હાઈટ ઍન્ડ સેવન ડ્વાર્ફ્સ' (Snow White And Seven Dwarfs), ૧૯૪૦માં 'Pinocchio' અને 'Phantasy', ૧૯૪૧માં 'Dumbo', ૧૯૪૨માં 'Bambi' વગેરે સારી કક્ષાની ફિલ્મો બનતી રહી અને ઉત્કૃષ્ટ રંગીન ચિત્રોની વિશિષ્ટ કારીગરીથી એમના દરેક ચિત્રમાં સફળતા મળતી રહી. ૩૧ જેટલાં Oscar ઍવૉર્ડ જીતીને ૧૯૬૬ની સાલમાં એ હૉલિવુડમાં મૃત્યુ પામ્યા.

અને એ ચોક્કસ છે કે રમવાનાં પત્તાં બનાવનાર ડિઝનીનાં જાણીતાં પાત્રોની અવગણના ન થઈ શકે! Mickey, Donald, Pluto, Goofy - આ બધાં ચરિત્રો ઘણા દેશોનાં અનેક પત્તાંની જોડમાં દર્શાવવામાં આવ્યાં છે. ઘણીબધી જોડમાં ફક્ત ડિઝનીનાં જ બધાં પાત્રો બનાવાયાં છે. જ્યારે થોડી ઘણી બીજી જોડમાં તેઓને કેટલાક હાસ્યજનક નાયકની સાથે લીધા છે. આ સાથે થોડીઘણી ચૂંટેલી પત્તાંની જોડમાંનાં થોડાંએક પત્તાંઓ જુદાં જુદાં ચિહ્નો અને પાત્રો સાથે લીધાં છે. છોકરાઓ માટેનાં પત્તાં તેમ જ એક







૭૮ પાનાંની ટેરો (Taroi) જોડનો પણ આમાં સમાવેશ થાય છે.

વૉલ્ટ ડિઝની, તેનાં પાત્રો, તેની બનેલી ફિલ્મો પરનાં રંગીન પત્તાં યુ.એસ.એ., ગ્રેટ બ્રિટન, જર્મની, બેલ્જિયમ, સ્પેન, ઇટલી, ફ્રાન્સ, જપાન અને ચીન જેવા દેશોમાં બનેલાં છે. જપાનમાં છેલ્લે છેલ્લે ઘણાં બધાં રમવાનાં પત્તાંની જોડ વૉલ્ટ ડિઝનીનાં પાત્રો પર બનાવાઈ છે, જેમાં જમ્બો કદમાં (૬' X ૪') પણ ઘણી બધી છપાઈ છે. એક જોડ 'ટોકીઓ ડિઝનીલૅન્ડ' આ વિષય હેઠળ બની છે. **'Sharing Disney Since 1983'** વૉલ્ટ ડિઝનીની શતાબ્દી ૨૦૦૧માં ગઈ એ પ્રસંગે જપાને **Walt Disney : 100 years of Magic** નામની એક જોડ બહાર પાડેલી. તેમાંનો કાળીનો એક્કો આ સાથે જોવા મળશે.

રમવાનાં પત્તાં પર કંઈક અવનવું જોવા મળે તેનો આનંદ અનેરો છે! અને સાથેનાં ડિઝનીનાં પાત્રો પત્તાંમાં જોવા મળે એ પણ અદ્દભુત કહેવાય!! ❑


© Walt Disney Company
© Walt Disney Company
© Walt Disney Company

આખર તારીખની આસપાસ

—અમૃતલાલ એ. કાંજિયા—

અમારાં શ્રીમતીજી બહાર ગયાં હતાં એટલે હશે કે પછી મહિનાની આખર તારીખ નજીક આવતી હતી એથી હશે, મને કંઈક વાંચવાની ઈચ્છા થઈ આવી. ક્યું પુસ્તક હાથમાં લઉં... એવો વિચાર કરતો પલંગમાં આડો પડ્યો હતો. વિચારો અને ઈચ્છાઓ એકાંતમાં જ મારા પર હુમલાઓ કરે છે એવું નથી. જાહેરમાં પણ આવા વિચારો અને ઈચ્છાઓનાં આક્રમણો હંમેશાં થયાં જ કરે છે. ખાસ કરીને વિશાળ સંગીત-સમારંભો અને લોક-ડાયરાઓમાં નામાંકિત કલાકારોને સાંભળતી વખતે મને તેના જેવા થવાની ઈચ્છા થયા વિના નથી રહેતી ! તો વળી જ્યારે કોઈ શ્રેષ્ઠ વક્તા હજારોની મેદનીને પોતાના વક્તવ્યથી મુગ્ધ કરતા હોય છે ત્યારે એ સ્થાને પહોંચવાની ઈચ્છાનો તીવ્ર હુમલો તરત આવે છે. અલબત્ત, એ વક્તા પોતાના વક્તવ્યમાં ક્યાં, કેટલી અને કેવી ભૂલ કરે છે એ માત્ર મારા જ ધ્યાનમાં આવે છે. ક્યારેક તો આવી ભૂલો શબ્દદેહે સરી પડે છે. ત્યારે પાસે બેઠેલાં કે ઊભેલાં મંત્રમુગ્ધ શ્રોતાઓને ખલેલ પડે છે. તેઓ મારી સામે માત્ર દૃષ્ટિનો પ્રહાર કરે છે. એ સૂચક પ્રહારથી મને એવા માણસો પ્રત્યે કરુણા ઊપજે છે. પોતાની નજરે આવી ભૂલો ચડે એટલી વિદ્વત્તા તો પોતે ધારણ કરી નથી ને ઉપરથી બીજા સામે ડોળા કાઢે છે! આખરે એમને ક્ષમા આપી હું એ જગ્યા છોડી જાઉં છું. ફરતાં ફરતાં ક્યાંક તો મારાં સહરુચિજનો મળતાં ત્યાં ગોઠવાઈ જાઉં છું. જો કે પાછળથી પ્રવેશને કારણે તેઓ દ્વારા થઈ રહેલા છિદ્રાન્વેષણને વાચિક સંમતિ આપવાનું જ મારે ભાગે આવે છે. અહીં મારાં વાણીસ્વાતંત્ર્યના અબાધિત અધિકાર વિશે કોઈને સહેજેય ચિંતા થતી નથી એ દર્દ દિલમાં ચૂભે તો છે જ. છતાંયે અડગપણે એમ કરવું ઉચિત સમજું છું. ક્રિકેટ મૅચ વખતે તો કોઈ ખેલાડી કૅચ ગુમાવે કે બે-ચાર રનથી કોઈ ટીમ હારી જતી જોઉં છું ત્યારે મને તેમાં જવાબદાર ખેલાડીની જગ્યાએ તક નથી મળી એનું જ એ પરિણામ લાગે છે. હું આ અફસોસ મારી બાજુમાં બેસીને ટીવી નિહાળી રહેલાં સ્વજન સમક્ષ વ્યક્ત કરવાનું કેમેય રોકી શકતો નથી! આવી ક્ષણોમાં પ્રત્યાઘાતરૂપે એક વાક્ય મારે હંમેશ સાંભળવું પડે છે - 'તો... ય... બધાંય તમારાથી સારાં!...' કદાચ આ તેનો પૂર્વગ્રહ હશે અથવા તો અજ્ઞાન હશે પરંતુ હું તો અનુભવને અંતે દૃઢપણે શ્રદ્ધા ધરાવું છું કે 'આનાથી તો બધીએ સારી જ.' આમ માનવોને કારણે મને થતો બીજાઓ તરફનો સદ્ભાવ ક્યારેક વ્યક્ત પણ થઈ જાય છે!

અંતે નિર્ણય કરી મેં પાસેની અલમારીમાંથી એક પુસ્તક ખેંચ્યું. છેલ્લાં ચાર વર્ષમાં ચારેક વખત વાંચવાનો પ્રયાસ કર્યો હતો અને શરૂ પણ કરેલું... મહામહેનતે એક વખત પ્રસ્તાવના પૂરી વાંચી કાઢેલી એ જ પુસ્તક થપ્પીઓ વચ્ચેથી હાથ લાગ્યું. વળી, એક પ્રયાસ ઑર આદર્યો. બે વર્ષ પહેલાં પ્રસ્તાવના તો વાંચી કાઢી છે એટલે હવે પ્રકરણથી જ આરંભ કરવાનું યોગ્ય લાગ્યું. પ્રકરણ વાંચવા લાગું છું તો ચારેક પાનાં હજુ સવારના સુરમ્ય અને આહ્લાદક વાતાવરણના વર્ણનનાં જ છે. અડધી જિંદગીની વાસ્તવિક સવારો ચાલી ગઈ છતાં એમાં કંઈ ખાસ નવીનતા નથી જણાઈ એ દિલ-દિમાગને આ પ્રકરણમાં કંટાળો આવે એ વ્યવહારુ વાત છે. આથી શરૂઆતનાં થોડાં પ્રકરણો છોડી દઈ પછી ફરી એક પ્રકરણથી વાંચવાનું શરૂ કર્યું. પ્રથમ લીટી પર નજર સ્થિર થાય છે તો... સવાર થવાની થોડી વાર હતી... આ વાક્ય દૃષ્ટિગોચર થયું. આંખ બીજા વાક્ય પર જાય તે પહેલાં મન આગળની કથા પર દોડી ગયું... સવાર થાય ત્યારે શું થાય એ હમણાં જ આગળના અડધા છોડેલા પ્રકરણમાં અધૂરું રાખ્યું છે. થોડી વાર પછી અહીં પણ ફરી સવાર થવાનું છે. આ સવાર પણ મારી અનેક સવારો જેવું પેલા વર્ણનનું પુનરાવર્તન જ હોવાનું. એ વિચાર પાછો મારા મન પર સવાર થઈ ગયો. લોંઠકો સવાર દૂબળા ટટ્ટુ પર ઠેકડો મારી સવાર થાય ને એ ટટ્ટુની જેવી હાલત થાય એવી જ હાલત હવે મારી થઈ. આ તો પુસ્તક છે કે પીડા...? પ્રકાશકોએ લેખકનું બહુ મોટું પણ આમ ટૂંકું નામ જોઈ પોતાના બે પૈસા મેળવી લીધા છે... રંગબેરંગી અને આકર્ષક મુખ ધરી પુસ્તકો પણ હવે સ્ત્રીઓના પંથ પકડી રહ્યાં છે! આવા આવા એકાંતને અનુરૂપ વિચારોનો ફરી એક હુમલો આવ્યો.

વિચારોનો હુમલો દિમાગમાં આવે છે. દિલ આ સપાટીથી ખાસ્સું નીચું હોવાથી આબાદ બચી જાય છે! હું આ પુસ્તક વાંચવાનું જ માંડી વાળું છું. વચ્ચે રહેલી તર્જનીને ઈચ્છાનુસાર પાછી ખેંચી બધાં જ પાનાં ને મુખપૃષ્ઠથી માંડી અંતિમ કવરપેઈજના પૂંઠા સુધી ભેગું કરી નાખું છું. એક વક્રદૃષ્ટિ અંતિમ પૂંઠા પર પડે છે ને ઘડીક ચોંટી જાય છે... આ લેખક મહાશયનાં ડઝનેક પુસ્તકોની યાદી એમાં આપી છે. આ યાદીમાં મારા હાથમાં અસ્તિત્વ ધરાવતા પુસ્તકનું નામ છે જ. એ સાથે કૌંસમાં આ પુસ્તકને મળેલા બે ઍવૉર્ડનાં નામ છે. એ જોઈ દુ:ખદ આશ્ચર્ય થાય છે! ફરીથી એક વૈચારિક હુમલો આવે છે - ઍવૉર્ડ આપનારી સભા કે પરિષદમાં હું સભ્ય હોત તો આજે આ ઘટના ન બનત! ઍવૉર્ડ પુસ્તકને મળે છે પરંતુ લઈ જાય છે લેખક. એટલે જ ઍવૉર્ડ મળ્યા પછી પણ પુસ્તક કંઈ સુધરતું નથી!

અંતે તેને પોતાની જગ્યાએ પુન: સ્થાપવા હું બેઠો થાઉં છું

ત્યાં જ આ નવા પુસ્તકનાં પાનાં વચ્ચેથી રૂ. પચાસની જૂની નોટ સરકીને મારા ઢીંચણ પર પડી. હું દંગ રહી ગયો. મેં આ પુસ્તકમાં કદી પૈસા મૂક્યા હોય એવું યાદ નથી... આમ છતાં તે આ ચોપડીમાંથી જ ખરતી મેં નજરે જોઈ. મેં ફરીથી સ્મૃતિને ઢંઢોળી. કદીયે આ ચોપડીમાં પૈસા તો શું ચોપડીનું બિલ પણ મૂક્યાનું યાદ ન આવ્યું. વધારે વિચાર કરવામાં શો ફાયદો? આમ સમજી પુસ્તકને બાજુ પર રહેવા દઈ નોટને કોમળતાથી ઉપાડી. છે તો સાચી, પચાસની જ નોટ... જૂની છે. ભલે જૂની રહી, એનાથી એની કિંમતમાં કશો જ ફેર નથી પડવાનો... પચાસની નોટ બાજુ પર મૂકી ફરી એ પુસ્તક ઉઠાવ્યું. ખંખેર્યું... કદાચ બે-ચાર નોટ મેં જ અગાઉ આમાં રાખી હોય ને પછી ભૂલી ગયો હોઉં એવું બનવાનો પૂરો સંભવ હતો. એટલે હજુ હોય તો નીકળી આવે. પરંતુ એવું બન્યું નહીં. વળી થયું કે આવી જૂની નોટ પુસ્તકમાંથી જલ્દી સરકે નહીં, ચોંટી જવાનો તેનો સ્વભાવ થઈ ગયો હોય છે. આથી ખંખેર્યા પછી ફરીથી પુસ્તક ખોળામાં રાખી એક એક પાનાં છૂટાં કરતો કરતો જોતો ગયો. પુસ્તક પૂરું થઈ ગયું. નોટને કરમે એકલતા જ લખી હશે. પુસ્તક પાછું અલમારીમાં ગોઠવ્યું. નોટને ફરી વખત આગળ-પાછળ ઉલટાવીને જોઈ. જૂની હતી. બીજી હોય છે એવી. જર્જરીત હતી છતાં નવા પુસ્તકમાંના આશ્લેશપૂર્ણ સમાગમથી સ્ફૂર્તિ અને તાજગીથી ભરી ભરી હતી.

પચાસની આ નોટ પુસ્તકમાં કદી મૂક્યાનું મને યાદ ન જ આવ્યું. પછી એવો વિચાર આવ્યો કે પુસ્તક ખરીદતી વખતે કદાચ દુકાનદારે હિસાબમાં પચાસની નોટ પાછી આપી હશે અને એ વેળાએ ઉતાવળને લીધે મેં એ આ પુસ્તકમાં જ નાખી દીધી હોય... કદાચ આમ જ બન્યું હોવું જોઈએ. આ શંકા દૃઢમૂલ થતાં મેં નોટને બેવડી વાળી ઝભ્ભાના ઉપરના ખિસ્સામાં મૂકી. ફરી પેલું પુસ્તક અલમારીમાંથી ઉતાર્યું, પુસ્તકની છાપેલી કિંમત તપાસી. મૂલ્ય રૂપિયા ૧૧૮/- નો આંકડો જોતાં હિસાબ બાબતે આવું કંઈ બન્યાની દહેશત નિર્મૂળ થઈ. પુસ્તકને પુનઃ સ્વસ્થાને ગોઠવ્યું. હવે પલંગ પર આડો પડ્યો છું. પચાસ રૂપિયા મળ્યાનો આનંદ તે કઈ રીતે પ્રગટ્યો એ પ્રશ્નનો રહસ્યસ્ફોટ ન થતાં વિલાઈ જાય છે. વળી વિચારનો એક હુમલો તંગ કરે છે - જો આ નોટ સ્વયંભૂ ન પ્રગટી હોત તો? પચાસ રૂપિયાના વણનોંધ્યા નુકસાનને બેખબર રીતે વેઠવું ન પડત? જે હોય તે... આજનો દિવસ ખુશીનો. સવાર તો સુરમ્ય અને આહ્લાદક ક્યારેય નથી નીરખ્યું... કિન્તુ આજની સાંજ રળિયામણી ખરી! મનમાં ઉમંગ પ્રગટ્યો. ખિસ્સામાંથી નોટ બહાર કાઢી. સાથે ખિસ્સામાં વસતી અન્ય કાગળ-સામગ્રી કે જેમાં ડૉ.નું એકાદ પ્રિસ્ક્રિપ્શન, દવાનાં બે'ક બિલ, નાની ફોન નંબરની ડાયરી, ડ્રાઈવિંગ લાઈસન્સ અને એકાદ લખાયેલ પોસ્ટકાર્ડ બધું બહાર કાઢ્યું. ફંફોસ્યું. એમાંથી રૂપિયા નીકળ્યા તો ખરા - બે-ચાર દશવાળી, એક વીસવાળી નોટ, એકાદ પાંચવાળી અને વૃદ્ધાવસ્થાના આખરી દિવસો પસાર થઈ રહેલા હોવાથી ચાલવા અશક્ત એવી ત્રણ નોટ બબ્બેની. આ બધું વ્યવસ્થિત ગોઠવી તેનું નેતૃત્વ આ પચાસની નોટને સોંપી ગજવામાં પધરાવ્યું. આ કામ પૂરું થાય ન થાય ત્યાં દૃષ્ટિ પુસ્તકોની અલમારી પરથી આગળ વધી, ટીવી પર જઈને નીચે સરી. શૉટ-સર્કિટ થયેલી એક ઈસ્ત્રી કે જે છેલ્લા અઢી માસથી ખૂણામાં અનશન પર બેઠી છે તેના પર પડી. પચાસની નોટ મળ્યા પછી ઈસ્ત્રીનું નજરે ચડવું... જરૂર કંઈક કાર્ય-કારણની શૃંખલાનું પરિણામ હશે - એમ માનવાને કારણ હતું. વધુ વિચાર કર્યા વગર ઈસ્ત્રીને થેલીમાં નાખી. ઘર બંધ કરી ઈલેક્ટ્રિકલ્સ સામાન રીપેરિંગની દુકાન તરફ પ્રયાણ કર્યું. રીપેરરે ઈસ્ત્રીમાં કૉયલ બદલવી પડશે એવું નિદાન કર્યું. ઈસ્ત્રીમાં કૉયલ રહે છે એ વાત હાસ્યાસ્પદ નહિ તો પણ શંકા ઉપજાવનારી તો હતી જ. આમ છતાં ચાલુ થતી હોય તો ભલે તેમ કરતો. મારી સંમતિથી તેણે રીપેર કરી આપી. ઈસ્ત્રી ચાલુ કરી મને તપાસી લેવા કહ્યું. અને આ સાથે પાંસઠ રૂપિયાનું બિલ પકડાવ્યું. ઠીક ચાલો, પચાસ તો મળ્યા હતા આપણે તો પંદર રૂપિયામાં ઈસ્ત્રી ચાલુ થઈ ગઈ ને? એમ હરખાતો હું ઘેર પહોંચ્યો.

શીલાદેવી ઘેર પહોંચી ગયાં હતાં. ઘરમાંની આવી ક્ષુલ્લક બાબતો પત્નીને જણાવી તેમની ઘરકામ અંગેની એકાગ્રતામાં હું ક્યારેય વિક્ષેપ ઊભો નથી કરતો. આજે પણ કાંઈ ધ્યાન દોરવા લાયક મુદ્દો તો હતો નહીં. બાકી અખબારોને આધારે દેશમાંનાં આર્થિક કૌભાંડો, ભ્રષ્ટાચારની વિગતો, પકડાયેલા આતંકવાદીઓ અને તેમની પાસેથી મળેલાં શસ્ત્રો-દારૂગોળો વગેરેના સમાચારો રોજેરોજ તેને અવશ્ય જણાવું છું જેથી દેશ-દુનિયાની તેને ખબર પડે. હું રૂમમાં દાખલ થયો. પલંગ પાસે પડોશીની મુન્ની ઊભેલી. શ્રીમતીજી પચાસની નોટ મૂકેલું પેલું જ પુસ્તક ફેંદી રહ્યાં હતાં. તેમના દ્વારા ફેરવાતાં પાનાંને મુન્ની આતુરતાથી જોતી ઊભી હતી. મારો પ્રવેશ થતાં જ તેઓએ પૂછ્યું, 'આમાં પચાસની નોટ સાંધીને દબાવી હતી, ક્યારની શોધું છું, મળતી નથી... રમાબેનને ત્યાં ફેવીકોલ નહોતો એટલે સવારે સાંધવા દઈ ગયેલાં... મુન્નીને લેવા મોકલી છે... તમે જોઈ નથી ને?...'

શું ઉત્તર આપવો... ક્યાંથી શરૂ કરવું એ બાબતે હું કિંકર્તવ્યવિમૂઢ ઊભો રહ્યો.

'તમને કહું છું... સાંભળ્યું?' ફરી તાકીદ થઈ.

'હા... હા... સાંભળું છું ને... મેં નોટ જોઈ નથી... નોટે મને જોયો અને મેં ઈસ્ત્રીને જોઈ... આ લે ઈસ્ત્રી ચાલુ થઈ ગઈ!' એમ કહી ઈસ્ત્રી જેમાં બિરાજતી હતી એ થેલી મેં એમનાં ચરણે ધરી.

પોતાની હૈયાઉકલતથી આખી વાત તુરંત તેની સમજમાં

(અનુસંધાન પૃષ્ઠ ૮૯૭ ઉપર)

શાયર પત્ની

— હરેશ ધોળકિયા —

હું પરણ્યો ત્યારે મારી પત્ની કેટલી બુદ્ધિશાળી છે તે સ્પષ્ટ ખ્યાલ ન હતો. જો કે મને પરણી તેથી તેની બુદ્ધિ પર શંકા તો જન્મી જ હતી. એક જુનિયર ક્લાર્કને પરણવાની હા પાડી તેથી તેના ત્યાગ પર ખૂબ માન થયું હતું, પણ બુદ્ધિ પર...? ખેર, પણ તેનામાં અદ્‌ભુત શક્તિઓ સુષુપ્તાવસ્થામાં હતી તે ધીમે ધીમે ભાન થવા લાગ્યું. કમ્પ્યુટરની ઝડપે તેને ભારતને નરરત્નો ભેટ આપ્યાં તે જોઈ ચકિત થઈ ગયો. તે વિવિધ સંસ્થાઓમાં ભાગ પણ લેતી. મને તો તેના પર અગાધ માન થયું હતું.

એક દિવસ અચાનક મારો મિત્ર અબ્દુલ મારે ત્યાં આવ્યો. અમે બે એસ.એસ.સી. સુધી સાથે ભણેલા, પછી છૂટા પડી ગયા હતા, પણ મૈત્રી ચાલુ રહી હતી. તે વર્ષોથી બહાર હતો, તે એક સારો શાયર પણ હતો.

તેને જોઈ નવાઈ લાગી.

'અરે અબ્દુલ, અચાનક આમ ક્યાંથી આવ્યો?' મેં પૂછ્યું.

'તમારા શહેરમાં મુશાયરો યોજાયો છે તેમાં ભાગ લેવા આવ્યો છું.' તેણે જવાબ આપ્યો.

અમે બન્ને ભેટી પડ્યા.

વાતચીતનો અવાજ સાંભળી દક્ષા બહાર આવી.

'અરે, આ તો અબ્દુલ!' તે બોલી.

મને નવાઈ લાગી. દક્ષા વળી અબ્દુલને કેમ ઓળખે? મેં પ્રશ્નાર્થ નજરે તેના સામે જોયું.

'અરે, અબ્દુલ મારી સાથે કૉલેજમાં ભણતો.'

અબ્દુલે હા પાડી.

અમે બન્ને તો અબ્દુલના આવવાથી ખૂબ ખુશ થઈ ગયાં.

અબ્દુલના આગ્રહથી અમે પણ મુશાયરો સાંભળવા ગયાં. જો કે હું તો ત્યાં સૂઈ ગયો હતો. ક્યારેક બહુ 'વાહ-વાહ' થાય, તો જાગીને હું પણ 'વાહ-વાહ' બોલી દેતો. બાકી સમજ પડતી ન હતી. એક-બે વાર સમજવા માટે બાજુમાં બેઠેલા ભાઈને પૂછ્યું તો ગુસ્સાથી બોલ્યા કે, 'ગઝલો કંઈ સમજવાની ન હોય, તે તો વખાણવાની જ હોય.' તેના પડોશીએ પણ ટેકો આપ્યો.

બીજે દિવસે અબ્દુલ રોકાઈ ગયો.

અમે જમવા બેઠાં ત્યારે અચાનક અબ્દુલ કહે, 'અલ્યા દિનેશ, તને ખબર છે કે આ મારાં દક્ષાભાભી પણ સારાં કવયિત્રી છે?'

હું તો નવાઈ પામ્યો. દક્ષા અને કવિ? કોળિયો જોરથી ચવાઈ ગયો અને જીભ કચડાઈ ગઈ. ઉધરસ પણ આવી.

'હા! કૉલેજમાં અમે મુશાયરામાં સાથે ભાગ લીધેલો. તેનો ઉર્દુ પર ખૂબ કાબૂ છે. તે શીઘ્ર કવયિત્રી પણ છે.'

હું તો ચકિત થઈ દક્ષા સામે જોઈ રહ્યો.

'એની ખુદનુમાઈ ન હોવી જોઈએ.' દક્ષા નમ્રતાથી બોલી.

ખુદનુમાઈ!? મને શબ્દ ન સમજાયો.

અબ્દુલ મારું અજ્ઞાન સમજી ગયો. 'ઘમંડ' તેણે કહ્યું.

મારો જીવ હેઠો બેઠો.

પછી તો બંને પોતાના ભૂતકાળમાં ઊંડાં ઊતરી ગયાં અને ચગ્યાં.

અબ્દુલે લલકાર્યું...

'અય ખુદા! સતાવે છે શાને પરવાનાને?
પરવાનો દર્દે-નિહાંથી પીડાય છે!'

'વાહ-વાહ', દક્ષા બોલી, તેણે સામો પ્રત્યુત્તર આપ્યો...

'હો જાય જામ અપના કારવાં, કારણ કે-
હાજર છે અપના પાસવાં.'

'ઓહ!' અબ્દુલ બોલ્યો. પછી બન્ને અંતકડી જેમ જામ્યાં.

મને તો ગાળાગાળી જેવું લાગતું હતું. પણ દક્ષાની મસ્તી જોઈને નવાઈ લાગતી હતી. આવી આનંદમાં તો ક્યારેય જોઈ ન હતી. મનમાં કુવિચાર આવી ગયો કે બન્ને તે સમયે પ્રેમમાં તો નહીં હોય ને?

સાંજે ફરવા જવા વિચાર્યું.

'ક્યાં જશું?' મેં પૂછ્યું.

'ગુલશનમાં.' દક્ષાએ જવાબ આપ્યો.

'તું સમજાય તેવું બોલ.' મેં કહ્યું.

'અને દિનેશ, મુશાયરામાંથી વળતાં હતાં ત્યારે જ્યાં શબનમ વેરાયેલી હતી તે ગુલનશનમાં.' અબ્દુલ બોલ્યો.

'એટલે કે સ્મશાનનું રસ્તે આવે છે તે સ્થળે?' મને સમજ ન પડવાથી મેં પૂછ્યું.

'સ્મશાનને રસ્તે કોઈ બોસ્તાં છે?' તે બોલ્યો.

'અહીં નથી કોઈ ગુલશન કે નથી કોઈ બોસ્તાં.' મેં ગુસ્સો દબાવતાં કહ્યું.

દક્ષા હસી પડી. બોલી, 'અબ્દુલ, દિનેશ હસરત અનુભવે છે.'

'અચ્છા.' હું હવે સમજ્યો. 'હસરત શરબતવાળા પાસે જવું છે? તો સરખું બોલને. આ બોસ્તાં... ને એવું એવું શું બોલે છે?'

અબ્દુલે મને અજ્ઞાની જીવને શબ્દોના અર્થ સમજાવ્યા. મારા માથામાં બે-ત્રણ સણકા નીકળી ગયા.

અમે ઊપડ્યા.

રસ્તામાં બન્નેએ ગઝલ બાબતે ઊંડી ચર્ચા કરી. હું તો મૂંગો-મૂંગો ચાલ્યો આવતો હતો.

દક્ષા બોલી, 'અબ્દુલ, તને સાંભરે છે કે આપણી કૉલેજમાં

મુખ્ય મહેમાન તરીકે અમૃત ઘાયલ આવ્યા હતા? અ હા હા! શું તેમની ગઝલો. બધા ડોલી ઊઠ્યા હતા.'

'હા.' અબ્દુલ બોલ્યો. 'અને મહેન્દ્ર ખમીર પણ આવ્યા'તા. બીજા કોણ હતા? જમિયત-એ-પંડ્યાને? સાથે ગોરખ-ફિરોઝ પુરી પણ હતા. આપણે તો તે દિવસે શિખાઉ શાયરો હતાં.'

મને તો હજી પણ શિખાઉ જ લાગતાં હતાં - સંભવ છે, બગડ્યાં'તાં.

'આપણે જાણે મયખાનામાં બેઠાં હતાં.' દક્ષા બોલી.

'હેં? તમે મુશાયરો સેન્ટ્રલ હૉલમાં નહોતો ગોઠવ્યો? ક્યાંય નહીં ને... ખાનામાં?' મેં અચરજથી પૂછ્યું.

બન્ને ખડખડાટ હસી પડ્યાં.

'બિચારો દિનેશ, બેજુર્મ છે, બેજુર્મ.' દક્ષા બોલી.

રાત્રે પાછાં આવ્યાં, જમવા બેઠાં. જમતાં હતાં ત્યારે અધવચ્ચે લાઈટ ગઈ.

અબ્દુલે રાડ પાડી, 'શમા... શમા...'

મને ગુસ્સો ચડ્યો. 'અલ્યા અબ્દુલ, લાઈટ ગઈ તેમાં સમાભાઈને શા માટે બૂમો મારે છે? બીચારાને ખલેલ ન પહોંચાડ. તે કંઈ ઇલેક્ટ્રિશયન નથી, તે તો પ્લમ્બર છે.

'શમા વિના પરવાના દુ:ખી છે.' અબ્દુલે લલકાર્યું, 'અય શમા, તારા આંચલ વિના જીવી નહીં શકું.'

હું તો થથરી ઊઠ્યો. સમાભાઈ આ સાંભળશે... આંચળ વગેરે શબ્દો... તો મારે તો હૉસ્પિટલમાં જ દાખલ થવું પડશે.

'ચૂપ મર.' મેં કહ્યું.

'પણ અંધારામાં હું ગુમરાહ છું.' તે બોલ્યો, 'શમા પ્રગટાવ.'

ત્યાં દક્ષા મીણબત્તી લાવી અને સળગાવી.

'હાશ.' અબ્દુલ બોલ્યો. 'શમા પ્રગટી ને દિલ થયું પાક.'

હાય! હાય! ભારતમાં રહીને આ તો પાકિસ્તાનને દિલ આપી બેઠો હતો. મને તો ગુસ્સો ચડતો હતો. પણ મૂંગો રહ્યો.

જમીને બેઠાં હતાં ત્યાં અબ્દુલ કહે, 'દિનેશ તું ખાટી ગયો છે હોં, દક્ષાભાભીને મેળવીને. આવી કવયિત્રી મેળવી તું તો જંગ જીતી ગયો.'

'હા.' મેં ટૂંકમાં કહ્યું.

'તેનો આત્મા ઓળખજે. માત્ર નકરો શૈતાં ન બનજે.'

'એટલે?' મેં ગૂંચવાતાં કહ્યું.

'વિષયરૂપી શેતાન.' દક્ષાએ જવાબ આપ્યો.

પછી તે બોલી, 'ના અબ્દુલ, દિનેશ એવો નથી. તે તો મારો સાચો સાહી છે. જીવનમાં તે જરા પણ બેગાના નથી લાગતો. અમે જરા પણ હિજ્ર નથી અનુભવતાં.'

મને તે લોકો શોર્ટહેન્ડમાં વાતો કરતાં હોય તેવું લાગ્યું. પણ આ બધાના અર્થ જાણ્યા ત્યારે દક્ષાના વર હોવાનું ગૌરવ થયું. મારી હસરત ઊડી ગઈ. હું પણ મને પરવાનો લાગ્યો.

તે દરમ્યાન અમારો કારવાં સૂઈ ગયો હતો. અમે જ જાગતાં હતાં. આજે દક્ષાએ મસ્તીમાં રસોઈ કાચી બનાવી નાખી હતી, તેથી પેટમાં જરા ગુમરાહ હતો. હું તો ટેવાયેલો હતો, પણ અબ્દુલ અસ્વસ્થ હતો. અત્યારે તેને કોઈ પાસવાં ન હતો.

અચાનક પેટમાં દુ:ખ્યું અને 'મયખાના' તરફ દોડ્યો.

'આહા!' મેં કહ્યું, 'શમા પાસે પરવાનો જાય છે બિચારો ગુમરાહ! પરવાનો દર્દે-નિહાંથી પીડાય છે... અય શમા! હાજર છે પાસવાં. ચિંતા ન કરજે.' ફાકીનો ડબ્બો ઊંચો કરી બતાવતાં મેં કહ્યું.

દક્ષા હસી પડી. ❑

અનુસંધાન] આખર તારીખની આસપાસ [પૃ. ૮૯૫ થી

આવી ગઈ. નોટના સદુપયોગનો આનંદ મને તેની વદન-રેખામાં ન જ ભાસ્યો. ઉપરથી તેણે ઊલટ તપાસ આરંભી.

'તમને ખબર કેમ પડી ગઈ કે આ ચોપડીમાં જ નોટ છે?...'

'ખબર હોત તો ન જ લેત. જાણતા હોય તો લેવાનું આવે છે જ ક્યાં? બસકંડક્ટરના લટકતા પર્સમાં નાણાં હોય છે, બૅંકમાં નાણાં હોય છે અને સરકારી તિજોરીમાંયે નાણાં હોય છે એ આપણે ક્યાં નથી જાણતા?... કદી લીધાં છે?...'

'...ઘરમાંથી બે પૈસા મળે તો જાણ ન કરવી જોઈએ?'

'ઘર શું દેશને મળતા વાર્ષિક હૂંડિયામણની વાત પણ તારાથી છાની નથી રાખતો તો યે ધોખો કરે છે...?'

મુન્ની વારાફરતી અમારા બંનેનાં મોં તરફ જોઈ સાંભળી રહી હતી. તેને કદાચ આમાં ખાસ સમજવા કે ગ્રહણ કરવા જેવું યોગ્ય નહીં લાગ્યું હોય એટલે બોલી : 'આન્ટી...! હવે હું જાઉં છું.'

'ઊભી રે! પૈસા લેતી જા.' કહેતાં પલંગ પરથી ઊતરી શીલાદેવી કબાટ તરફ ગયાં. તેણે કબાટ ખોલ્યો અને અંદરથી કંઈક શોધે તે પહેલાં હું યે તેની પાછળ ગોઠવાઈ ગયો. તેણે અનેક કપડાંઓ ઊંચાં-નીચાં અને આઘાં-પાછાં કરી નાનકડું પાકીટ કાઢ્યું. ટ્રફ દઈ ખોલ્યું... સાડી-બ્લાઉઝની જેમ ગડીઓ પાડીને ગોઠવેલી થોકડી બહાર કાઢી. તેમાંથી ધીરેથી એક પચાસની નોટ સેરવી મુન્ની તરફ હાથ લંબાવ્યો. મારું ધૈર્ય છૂટી ગયું... 'હજુ તો આખો બટવો ભર્યો છે... ઈસ્ત્રી રીપેરિંગમાં મેં રોકેલા ઉપરના પંદર તો આપ!...' એમ બબડી જવાયું.

બહેરાં માણસો જોયાં છે. ધ્યાન બહેરાં લોકોય દીઠાં છે. એથી વધુ તો પૈસા-બહેરાં મનુષ્યો જોયાં છે. પૈસા માગવાના થાય ત્યારે પહેલી વખત તો તેમની કર્ણેન્દ્રિય જ કામ ન કરે. એટલે પૈસા-બહેરાં મનુષ્યો પાસે ગીતની ધ્રુવપંક્તિની જેમ પૈસા માગવાની પુનરુક્તિ કરવી જ પડે છે. મેં પ્રયાસ કરી જોયો... મિથ્યા પ્રયાસને અંતે પણ મને એટલો આનંદ જરૂર થયો કે આખર તારીખના દિવસો હું માનું છું એટલી હદે કપરા નથી જ ! ❑

સાઠે બુદ્ધિ નાઠી

—ડૉ. નલિની ગણાત્રા (કારીઆ)—

આ 'સુવાક્ય' બધાને લાગુ પડતું નથી. એ તો 'ઈન્કમ' હોય એને જ 'ઈન્કમટૅક્ષ' લાગે, એવું! આમ જોઈએ તો જીવનમાં બુદ્ધિની ખાસ જરૂરિયાત નહીં. પણ કોઈકની દીકરીને વળાવતી જોઈ, જેમ દીકરી વગરનાં માવતરને અફસોસ થાય છે કે, અમારે હોત તો વળાવવા થાત ને! એમ સાઠ વર્ષે બુદ્ધિ વગરનાને જરીક અફસોસ થાય છે કે હોત તો બધાની હારોહાર નાઠી શકાત ને?

બુદ્ધિ ન હોય તો એણે ખુશ થવાની જરૂર નથી કે હાશ, આપણી સાઠે (સાઈઠે) જશે તો નહીં! માત્ર કહેવત જ સત્યની લગોલગ છે. એટલે કહેવત અનુસાર, બુદ્ધિ નહીં હોય તો માયનસમાં નાઠશે, પણ નાઠશે તો ખરી જ!

આપણે સહુ સમજીએ છીએ કે બુદ્ધિ બાબતે 'બાદશાહી કરતાં ફકીરી ઉત્તમ!!' કોઈ મૂરખ તો ન 'બનાવી' જાય! રેડીમેઈડ ઝભ્ભામાં કશું કરવાનું હોય જ નહીં ને? અને આમ જોઈએ તો મોટા ભાગનાં ક્ષેત્રોમાં બુદ્ધિની જરૂર જ ક્યાં હોય છે? ઘણી વાર તો બુદ્ધિ ઈન્ટરફીયર થાય એટલે કામ બગડતાં હોય છે. સામાન્ય તબીબ લીવરના ૫-૭ રોગો વિશે જાણતો હોય એટલે ફટ્ દઈને પેશન્ટની બીમારીનું નિદાન કહી દે એટલે એ હોંશિયાર ગણાય. જ્યારે પોસ્ટ ગ્રેજ્યુએટ તબીબ ૫૦ રોગો વિષે વિચારતા રહે અને નિદાનમાં વિલંબ કરે એટલે દર્દીની દૃષ્ટિએ એ ડફોળ ઠરે.

બુદ્ધિના સ્વરૂપ વિષે અનેક અસમંજસ ચાલે છે. એમાં મારા સ્પષ્ટ મંતવ્ય મુજબ 'બુદ્ધિ અપંગ છે', પણ હા! ચલાવે તો ચાલે. અને કેટલાક અપંગો પર્વતારોહણ કરી નાખતા હોય છે. તો કેટલાક આંગણાથી આગળ ન વધતાં અડફેટાયા કરે છે. બુદ્ધિ ચલાવે એને હાથ-પગ કે અન્ય કશું ચલાવવાનું રહેતું નથી. બધું સામે ચાલીને આવે છે. બીજાં હથિયાર વાપરવાથી બુઠ્ઠાં થાય છે જ્યારે બુદ્ધિ એક એવું હથિયાર છે કે જે વાપરવાથી ધારદાર થાય છે. પણ કેટલાંક એટલે નથી વાપરતાં કે પછી સાઈઠે જશે શું? કેટલાંક એટલે વધુ વાપરે છે કે એ જમા હોય તો સાઈઠે જશે ને? જીવતાં જગતિયું (બુદ્ધિનું) કરી નાખે. (મિલકત ભેગી કરીએ તો દીકરાવ વેડફે ને!)

આમ જોઈએ તો બધી બબાલ બુદ્ધિને લીધે જ છે ને! ઈશ્વરે બુદ્ધિ મૂકીને માણસોનું એક બાંધકામ અમથેઅમથું વધારી નાખ્યું - ગાંડાની હૉસ્પિટલ! જો કે મને તો આખા જગતનું શ્રેષ્ઠ જોવાલાયક સ્થળ એ એક જ લાગે છે. ઈર્ષ્યા કરવા જેવો આ એક જ સમાજ છે. આપણા કરતાં એમનું એક કામેય ઓછું - એમણે સ્પેશ્યલ ગાંડાવેડા ન કરવા પડે! ગાંડાય અમથીના હોય છે. એવી શું અધીરાઈ કરતા હશે? સાઈઠે આપમેળે જવાની જ હતી ને! હશે... હશે... ગાંડાને ગમ્યું તે ખરું.

એટલું ખરું કે જે બુદ્ધિ ભેગી કરે છે એ નાઠવામાં પહેલા આવે છે. એણે સાઠ સુધી રાહ પણ જોવી નથી પડતી. આજ સુધી હું શેમાંય ફર્સ્ટ નથી આવી. ઈચ્છા થાય છે કે આ ક્ષેત્રમાં અજમાવી જોઉં. એવું લાગશે તો અંચઈ કરીને સાઠમાં પાંચમા ક્રમે છું...! હોય! આમેય સ્ત્રીઓની 'પગની પાનીએ' માનવામાં આવી છે. એ હિસાબે ભાગવામાં સરળતા રહે.!

બુદ્ધિ તો ફળદ્રુપ છે, પણ વાવેતર કોક જ કરે છે. ચિંતન-વિચાર એ વાવેતર છે. વિચાર કરવા માટે બુદ્ધિની જરૂર અને બુદ્ધિના વિકાસ માટે વિચારની જરૂર. સસરો બન્યા પછી બીજું ઘણું બધું બની શકાય. પણ સસરો બનતાં પહેલાં 'બાપ' તો બનવું જ પડે. બુદ્ધિના ફુગ્ગામાં વિચારોની હવા ભરીને વહેતો મૂકવામાં આવે તો ગૅસના ફુગ્ગાની જેમ ગગન સુધી પહોંચે છે. અને એનો વિસ્તાર થાય તો મેઘધનુષ પણ રચાય છે, વ્યક્તિત્વનું!

આમ, 'વિચારવું' એ બુદ્ધિનું કામ છે. તેથી જ મને જ 'વિચાર' આવે છે કે બુદ્ધિ તો હોવી જ જોઈએ અને પ્રત્યેક વ્યક્તિનો હઠાગ્રહ હોવો જોઈએ કે બીજામાં ન હોય તો ભલે, મારામાં તો હોવી જ જોઈએ. પણ ઈશ્વરે ય ધાર્યું કરવાવાળો, હઠાગ્રહી જિદ્દી ઑફિસર છે. 'શેરમાટી'ની જેમ કોકને 'બટકુબુદ્ધિ'ની ખોટ મૂકે જ છે અને 'સંતાન'ની જેમ 'બુદ્ધિ' બાબતે ય હોય તેને ય ઉધામા અને ન હોય એને ય ઉધામા જેવું છે. તો હવે કરવું શું? બુદ્ધિ હોય એનો વિકાસ કરવો કે વિનાશ — એ બાબતે ત્વરિત નિર્ણય તો લઈ જ લેવાવો જોઈએ. એનો સરળ રસ્તો પણ છે. તમને હસવાનો શૉખ છે કે હસાવવાનો? 'બુદ્ધિવગરના કંઈ પણ કર્યા વગર મનોરંજન પૂરું પાડે છે. એ હસાવનાર કોમ છે અને બુદ્ધિવાળા ધાર્યું હસી શકે છે. હકીકત પર અને કલ્પના કરીને પણ એ હસી શકે છે. ગાંડા માણસને જોઈને બુદ્ધિવાળાને હસવું આવે. એક ગાંડાને જોઈ બીજા ગાંડાને હસવું આવતું નથી. આ થઈ હકીકત. અને બુદ્ધિવાળો ગાંડાને જોઈ એની જગ્યાએ એના 'બૉસ' કે 'સસરા'ને કલ્પીને હસી શકે છે. ગાંડો માણસ ડાહ્યાને જોઈ આવું કલ્પી શકતો ય નથી, ને તેથી હસી શકતો ય નથી. આ થઈ કલ્પના.

મને તો સમગ્ર જગતમાં એક કલ્પના જગત ગમે. કોઈની હા-ના ય ન સાંભળવી પડે કે વિરોધ પણ ન વહોરવો પડે. 'હકીકત'માં ધાર્યું ધરણીધરનું થાય. 'કલ્પના'માં ધાર્યું ધારનારનું થાય.

કલ્પનાના જગતમાં હળવાશ છે.
કંટાળેલાને બે ઘડી હાશ છે.

(અનુસંધાન પૃષ્ઠ ૯૦૩ ઉપર)

રાશિભવિષ્ય

— જયંત જી. ગાંધી —

અર્થશાસ્ત્ર, તર્કશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, રાજનીતિશાસ્ત્ર, મનોવિજ્ઞાન વગેરે શાસ્ત્રોનાં કૉલેજના અભ્યાસક્રમ વખતે લગભગ પ્રારંભમાં જ આ શાસ્ત્ર 'વિજ્ઞાન છે કે કળા?' એવો પ્રશ્ન કરીને પછી તે શાસ્ત્ર અંગે વિશદ ચર્ચા બાદ તે ચોક્કસ શાસ્ત્ર, કેટલીક દૃષ્ટિએ 'વિજ્ઞાન' છે તો કેટલીક દૃષ્ટિએ 'કળા' પણ છે એવું સદૃષ્ટાંત સમજાવવામાં આવે છે. આ પછી એ વિષયના વિવિધ તજ્જ્ઞ વિદ્વાનોએ તે શાસ્ત્ર માટે નિશ્ચિત કરેલી વ્યાખ્યાઓ આપવામાં આવતી. મોટે ભાગે આવા વિદેશી વિદ્વાનોની આંગ્લ-ભાષામાં અપાયેલી આ વ્યાખ્યાઓ બાદ જે તે વિષયનો અભ્યાસક્રમ આગળ ચાલે છે.

આજે જ્યારે અમે આ 'રાશિભવિષ્ય'એ શીર્ષકથી આ લેખ લખવા બેઠા છીએ ત્યારે સહુપ્રથમ તો, આ રાશિભવિષ્ય એ જ્યોતિષશાસ્ત્રનું એક અંગ હોવાથી અમે એ વિચાર્યું કે, 'આ જ્યોતિષશાસ્ત્ર એ વિજ્ઞાન છે કે કળા?'

અમે કૉલેજકાળમાં કળાના વિદ્યાર્થી જ હતા અને હાલ નિવૃત્તકાળમાં તાજેતરમાં જ 'વરિષ્ઠ નાગરિક' હોવાનું ગૌરવવંતું સ્થાન (અમારી પોતાની જ દૃષ્ટિએ, અલબત્ત) પ્રાપ્ત કરી ચૂક્યા છીએ, ત્યારે પણ અમને ગુજરાતી, હિન્દી તથા સંસ્કૃત ભાષાઓમાં ગદ્ય અને પદ્ય ક્ષેત્રનાં વાચન, લેખન તેમજ પરિશીલનમાં વ્યસ્ત રહેવાથી અનુપમ આનંદની અનુભૂતિ થાય છે. આમ, અમે આજીવન કળાના વિદ્યાર્થી જેવું જ માનસ ધરાવીએ છીએ. આથી જેમ 'ભૂવો ગમે તેટલું ધૂણે પણ નાળિયેર તો પોતાના ઘર ભણી જ ફેંકે' એ કહેવત અનુસાર અમને જ્યોતિષશાસ્ત્રને વિજ્ઞાન નહીં પણ કલા તરીકે જાહેર કરવું, ઓળખવું વિશેષ યોગ્ય લાગે છે.

વિજ્ઞાન એટલે કે વિશુદ્ધ/વિશેષ/વિશિષ્ટ/વિશ્વસનીય/વિચારણીય/વિદિત એવું જ્ઞાન', જેવી વ્યાખ્યા જોતાં આ 'વિજ્ઞાન' શબ્દ જ અમારી માનસિક ક્ષમતાના પરિપ્રેક્ષ્યમાં અમને પોતાને તો જડબેસલાક ગાંભીર્યનો દ્યોતક લાગે છે. હવે સાચું કહીએ તો અમને કોઈ પણ વિષયમાં ગંભીરતાથી ઊંડા ઊતરીને તેનો તલસ્પર્શી અભ્યાસ કરવાનું કાર્ય અમારી મૂળભૂત મનોવૃત્તિથી વિરુદ્ધનું જ લાગે છે. તેથી અમે તો જ્યોતિષશાસ્ત્રને 'વિજ્ઞાન'ના વર્ગમાં મૂકવાને બદલે 'કલા' તરીકે જાહેર કરવાનું અંગત રીતે સવિશેષ શ્રેયસ્કર અને પ્રેયસ્કર તેમજ ઇષ્ટ અને મિષ્ટ અને શિષ્ટ પણ લાગે છે!

આમ, અમે અમારી અંગત આવડતને અભાવે, અથવા તો આ જ વાત ઉલટાવીને કહીએ તો અમારી આગવી અનાવડતને અનુલક્ષીને આવો એકતરફી નિર્ણય લઈને, 'જ્યોતિષશાસ્ત્ર એ એક કળા છે' તેવું વિધાન બેધડક કરી જ દીધું છે ત્યારે આ 'કળા' અંગેની અમારી વિભાવના શી છે તે પણ દર્શાવવું જોઈએ એમ અમને ચોક્કસ ખયાલ છે.

કોઈ પણ કળા શા માટે અને / અથવા શાને માટે હોવી જોઈએ તે અંગે અદ્યાપિ અનેકવિધ વિદ્વાનોએ (અને અલબત્ત વિદૂષીઓએ પણ) ભરપૂર અર્થસભર મીમાંસા બાદ કળાને, 'વ્યક્તિ માટે', 'સમાજ માટે', 'ઉપદેશ માટે', 'જીવન માટે' એવી વિવિધ વ્યાખ્યાઓથી ઓળખાવી છે. પરંતુ કળાની આ બધી વ્યાખ્યાઓમાં અમારી દૃષ્ટિએ તો 'કલા માટે જ કળા' એ એક જ વ્યાખ્યા અમને તો વાસ્તવિક, તર્કસંગત અને સર્વશ્રેષ્ઠ લાગે છે. 'કળા ખાતર જ કળા' એ વ્યાખ્યા કળાના હરકોઈ ક્ષેત્ર માટે બિલકુલ બંધ બેસતી, અનેકવિધ આયામલક્ષી તેમજ નિશ્ચિત અને નિશ્ચિત રીતે નિર્બંધ, નિર્દંભ, નિર્દોષ અને નૈસર્ગિક લાગી છે.

અમારા આ લેખના સુજ્ઞ વાચકો પણ જો સ્વસ્થ ચિત્તે વિચારશે તો અમને પણ આ 'કળા માટે જ કળા'ની વ્યાખ્યા સવિશેષ વાસ્તવિક, વ્યાવહારિક તેમજ વ્યંજનાયુક્ત જણાશે. 'ભલા, કોઈ પણ કળા કે તે કળાની અભિવ્યક્તિ કરતા કલાકારને જગતમાં કશું બંધન શા માટે હોવું જોઈએ? કલાકારને માટે કોઈ નિશ્ચિત ચોકઠામાં બંધાઈ જવાની જવાબદારી પણ શા માટે?' આથી અર્થ-સભર વિચારણા બાદ અમે આ એક ચોક્કસ વિધાન કરીએ છીએ કે, 'જે સર્વાંગે અને સર્વાંશે સંપૂર્ણ સ્વેચ્છાથી વિહરે, વિચરે અને વિકસે એ જ સાચી કળા અને આવી કળાને સમાજ સમક્ષ પોતાની અંગત પ્રતિભા, આગવી આવડત ને અકલ્પ્ય અનુભૂતિ અનુસાર અભિવ્યક્ત કરે છે એ જ સાચા કલાકાર.'

આમ, 'કળા માટે જ કળા' એવી કળાની વ્યાખ્યા જ અમને તો સર્વકાલીન, સર્વથા સિદ્ધ અને સર્વત્ર સ્વીકૃત લાગી છે. એનું વિસ્તૃત વિવરણ કર્યા બાદ તેમજ જ્યોતિષશાસ્ત્ર એક આવી કળા ખાતરની જ કળા છે એવું વિધાન કર્યા બાદ, જે વાચકોને અમારી આ નમ્ર વિચારસરણી વાસ્તવિક જણાઈ હશે તેને હવે પછી જ્યોતિષ એ ચિંતા કે ચિંતનપ્રેરક વિષય નહીં, પરંતુ મિષ્ટ મનોરંજનદાયી સાત્ત્વિક વિષય ચોક્કસ લાગશે. જ્યોતિષમાં રસ ધરાવનાર કે તેનાથી નિરપેક્ષ રહેતા, જ્યોતિષમાં શ્રદ્ધા ધરાવનાર કે તેનો સર્વદા વિરોધ કરનાર સર્વ જાતકોને અમારા ઉપરોક્ત 'અગાઢ' વિચારોથી એક નવી જ દિશા સાંપડશે!

અમારો આ લેખ વાંચ્યા બાદ હવે કોઈને પણ અમુક ચોક્કસ જ્યોતિષીએ કરેલ આગાહી સદંતર જૂઠી સાબિત થઈ છે તે માટેનો આક્રોશ કરવાપણું નહીં જ રહે. વળી, વિશ્વભરમાં સર્વત્ર વિદ્વાન

જ્યોતિષીઓ હોવા છતાં કોઈએ પણ અમેરિકાના પ્રેસિડેન્ટ જ્હોન કેનેડી, ભારતનાં વડાપ્રધાન શ્રીમતી ઇન્દિરા ગાંધી તેમજ ભારતના ભૂતપૂર્વ વડાપ્રધાન રાજીવ ગાંધી જેવી આંતરરાષ્ટ્રિય ફલક પર ખ્યાતનામ વ્યક્તિઓની નૃશંસ હત્યા થશે એવી કોઈ આગાહી કેમ ન કરી જેવા વિચારો અને વસવસો નહીં રહે.

જો કે ઉપરોક્ત ત્રણે વિશ્વપ્રસિદ્ધ વ્યક્તિઓનાં કરુણ દેહાંત બાદ તેના માટે જ્યોતિષની દૃષ્ટિએ અવકાશમાં ફરતા ગ્રહોની ચોક્કસ સ્થિતિ અને આ ત્રણે વ્યક્તિઓની જન્મકુંડલી વગેરેનો અભ્યાસ કર્યા બાદ પછીથી ઘણાંયે જ્યોતિષવિદોએ આવું બનતું અવશ્યંભાવિ હતું જ તેવું સ્પષ્ટ સમજાવેલ!

વાચકમિત્રો! જ્યોતિષસાસ્ત્ર એ 'કળા ખાતર જ કળા' જેવી એક ઉત્તમ કળા છે એવું સૈદ્ધાંતિક રીતે આપ સ્વીકારી લેશો તો અમને ખાતરી છે કે હવે પછી આપને એ શાસ્ત્ર વિષે કે તેના આધારે કશી આગાહી કરનાર મહાનુભાવ માટે તેઓ ખોટા સાબિત થાય તો પણ કશી આક્રોશની ભાવના નહીં જ રહે. વળી આવા વાચકો હવે પછી જ્યારે કોઈ જ્યોતિષવિષયક જાહેરખબર, પત્રિકા, લેખ અને પ્રશ્નોત્તરીના રૂપમાં વિજ્ઞાપન વાંચશે ત્યારે તેમનું મનડું મલકાશે, હૈડું હરખાશે, અંતરમાં આનંદ ઉદ્ભવશે અને આવા સુજ્ઞ વાચકોને પોતે કોઈ નિરપેક્ષ નિર્દોષ અને નિર્ભેળ કલાવિષયક લખાણનું મનોરંજન માણે છે, તેવો ચિત્તરંજક ભાવ અનુભવાશે!

જ્યોતિષશાસ્ત્ર અંગે અમે અમારી અલ્પમતિ, અલ્પજ્ઞાન અને અલ્પ વિચારણા બાદ જે માહિતી, માન્યતા અને મંતવ્ય રજૂ કર્યાં તે પછી હવે આ લેખનું જે શીર્ષક રાશિભવિષ્ય આપ્યું છે તે વિશે જ વાત કરીશું.

સામાન્ય રીતે 'સાપ્તાહિક રાશિભવિષ્ય' એ દરેક વર્તમાન-પત્રોની વાચકોની મનપસંદ કૉલમ છે. એ વાતની (હકીકત) આ આઠ કૉલમની આલમ સાથે સંકળાયેલ સહુ કોઈને ખાતરી છે. લોકોની ભાવિ અંગે જાણવાની જિજ્ઞાસાને સંતોષવા જ, રાશિ-ભવિષ્ય માટે ખાસ 'તજ્જ્ઞ' કૉલમિસ્ટોને નીમે છે. મોટા ભાગનાં વાચકો આ આકર્ષક વિલક્ષણ કૉલમનું વાચન કરી પોતાનું આવતું સપ્તાહ કેવું જવાનું છે તે જાણીને જો સારું જણાવ્યું હોય તો સુખની અને ખરાબ જશે એવું જણાવ્યું હોય તો દુઃખની લાગણી અનુભવે છે. જો કે આ બધું જે તે વાચકની અંગત પરિસ્થિતિ, મનોવલણ અને માન્યતા ઉપર અવલંબિત છે. વળી વાચકોને નિરાશા સાંપડે નહીં તે માટે જ આવી કટારોમાં જે ભાવિકથન થાય છે, તે મિશ્ર, મભમ અને મનોવૈજ્ઞાનિક રીતે લખવામાં આવે છે કે સરેરાશ વાચકો તેમાંથી પોતાને મનગમતું અર્થ-ઘટન પણ કરી શકે છે!

હાલ છેલ્લાં કેટલાંક વર્ષથી અનિવાર્ય સંજોગોને કારણે જેનું પ્રકાશન બંધ પડ્યું છે તેવા એક જમાનાના પોતાના પ્રદેશમાં અગ્રગણ્ય અખબાર ગણાતા દૈનિકપત્રના માલિકો અને તંત્રીશ્રી-ઓને આજથી ત્રણેક દશકા પહેલાં એવી માન્યતા હતી કે છાપામાં 'રાશિભવિષ્ય' આપવું એ નિરર્થક છે. કેમ કે તે વાંચીને વાચકોને કશો લાભ નથી અને ન વાંચવાથી કશું નુકસાન નથી. પોતાનો આ અભિપ્રાય, વારંવાર તંત્રીને પત્ર લખીને સાપ્તાહિક ભવિષ્ય છાપામાં આપવાનું શરૂ કરવા વિનંતી કરનાર વાચકોને તંત્રીશ્રી આ પત્ર અને તેની નીચે જ પોતાનો સૂક્ષ્મ અભિપ્રાય (સા-રા-ભ નિરર્થક છે તેવો) છાપામાં 'તંત્રીની ટપાલ' કૉલમમાં રજૂ કરતા...

... પરંતુ તંત્રીશ્રીની આ ભવ્ય ભાવના આપણા ગતાનુગતિક સમાજનાં સદસ્યો એવાં વાચકોને ગળે ન જ ઊતરી અને તેઓ ધીમે ધીમે સાપ્તાહિક ભવિષ્યની રસપૂર્વક રજૂઆત કરનાર વર્તમાનપત્રો તરફ વળવા લાગ્યાં. આમ, એ માતબર દૈનિકપત્રનો ફેલાવો ધીમે ધીમે ઘટતો જતાં સચેત અને સચિંત થયેલા એ અખબારના તંત્રીશ્રી, માલિકોએ મીણ ભણીને પોતાના અખબારમાં 'સારાભ'ની કૉલમ તો શરૂ કરી જ પણ તેથી આગળ વધીને એમના પ્રદેશમાં 'પાયોનીઅર' બનીને 'દૈનિક ભવિષ્ય'ની કૉલમ પણ તેમના અખબારમાં ચાલુ કરેલી!

સાપ્તાહિક રાશિ ભવિષ્યની કૉલમ, એકથી વધુ વર્તમાન-પત્રોમાં વાંચનારાઓ, કે જેમાં બહુમતી વર્ગ જાહેર સ્થાનિક વાચનાલયનો પૂરો ઉપયોગ કરનારા હોય છે. તેમને અનુભવે જણાયું છે કે કોઈ પણ ચોક્કસ રાશિનું સા-રા-ભ દરેક દૈનિકોમાં એકબીજાંથી તદ્દન જુદું જ હોય છે. ભારતના એક સર્વાધિક શિક્ષિત રાજ્યના એક મહાનગરથી પ્રગટ થતાં બે દૈનિકપત્રો 'અ' અને 'ક'નું આ માટે રસિક ઉદાહરણ છે. આ બન્ને દૈનિકોના માલિકો કમ તંત્રીઓની આર્થિક, સામાજિક, ધાર્મિક, રાજનૈતિક એમ બધા પ્રકારની વિચારસરણીમાં દોન ધ્રુવ જેવું અંતર છે. તક મળ્યે બન્નેના તંત્રીમહાશયો પોતપોતાનાં દૈનિકપત્રમાં સામેવાળા તંત્રીને ખરાબ ચીતરવાનું ચૂકતા નથી. હવે ગમે તે કારણ હોય પણ આ 'અ' અને 'ક' દૈનિકની 'સા-રા-ભ'ની કૉલમોમાં બારે રાશિઓ માટેનું ભવિષ્ય એકબીજાથી તદ્દન વિપરીત જ દર્શાવાતું! ઉદાહરણ તરીકે 'અ' દૈનિકમાં 'ઘેટાં' રાશિ - મતલબ કે 'મેષ' રાશિનું ભવિષ્ય સપ્તાહ માટે સારું કહેલ હોય ત્યારે એ સપ્તાહ માટે 'ક' દૈનિકમાં આ રાશિનાં જાતકોને ચિંતા-ઉપાધિવાળું તથા પડવા-આખડવાથી સાવચેત રહેવા જેવું સપ્તાહ કહેલ હોય!

ઉપરોક્ત વિચિત્ર લાગતી વાતનો સુંદર સદુપયોગ કરી અમે હંમેશા પ્રસન્નચિત્ત રહી શકીએ છીએ. આ માટે અમે દર રવિવારે અચૂક જાહેર વાચનાલયમાં જઈએ છીએ, તે દિવસની પૂર્તિમાં 'અ' અને 'ક' બન્ને દૈનિકોની 'સા-રા-ભ'ની કૉલમમાં અમારી મકર રાશિનું ભવિષ્ય ચીવટપૂર્વક વાંચીએ છીએ અને

મોટે ભાગે બેમાંથી એક દૈનિકમાં તો 'સપ્તાહ સારું જશે' એવી હૈયાધારણ હોય જ છે.

હવે આવાં એકબીજાંથી વિપરીત ભવિષ્યકથન કરતી 'સા-રા-ભ'ની કૉલમ વાંચીને અમે મૂંઝવણ નથી અનુભવતા, કેમ કે આવાં સામા છેડાનાં તદ્દન જુદાં જ ભાવિકથનોમાં અમે એક સિદ્ધાંત મનોમન નક્કી કરેલો છે. તદનુસાર જે દૈનિકમાં અમારી રાશિ વિશે સારું ભાવિકથન હોય તે સાચું માનીએ છીએ અને જેમાં ખરાબ ભાવિકથન દર્શાવેલું હોય તેને ખોટું માનીએ છીએ. આમ, દરેક સપ્તાહે 'સારું તે સાચું' અને 'ખરાબ તે ખોટું' આ રીતે 'સા-રા-ભ' વાંચવાથી અમને વર્ષનાં બાવન સપ્તાહો અમારાં સારાં જ રહેશે તેવી ચિત્તપ્રસન્ન ભાવના રહે છે. વાચકમિત્રોનો પણ આ રીત અપનાવશે તો અવશ્ય આનંદ મળશે. અમલમાં મૂકીને અનુભવ કરવાની અમારી ભલામણ છે.

સામાન્યતઃ કોઈ વ્યક્તિ દુન્યવી દુઃખોમાં ઘેરાઈ જાય, ત્યારે તેને તરણોપાય તરીકે કોઈ જોષી પાસેથી પોતાની આવી કપરી કરમપીડા ક્યાં સુધી છે તે જાણીને આશ્વાસ્ત થવાની ઇચ્છા થાય છે. પરંતુ ક્યારેક આવી વ્યક્તિને કેવું આશ્વાસન મળે છે એ અંગે એક ખૂબ જ જાણીતો રમૂજી ટુચકો છે. સંસારની આધિ, વ્યાધિ અને ઉપાધિના ચક્કરમાં ચાર-પાંચ વર્ષથી ઘેરાયેલાં એક મહિલાને એક વાર તેમની શેરીમાં જ પધારેલા 'પુરાણપોથી મહારાજ'ને પ્રશ્ન પૂછી પોતાનું સંકટ ક્યાં સુધી રહેશે તે જાણવાની જિજ્ઞાસા થઈ. એ મહિલાએ 'ઘેરબેઠાં ગંગા' મળી ગયાની ખુશીથી જોષી મહારાજના ટીપણા ઉપર સવા રૂપિયો પધરાવી પોતાની મૂંઝવણ કહી. જોશી મહારાજે પોતાનાં પાટી-પેન ઉપર એકાદ કુંડળી ચીતરી, આંગળીના વેઢા ગણ્યા અને પછી હોઠ ફફડાવી કશીક ગણતરી કરી હોય તેમ તે બોલ્યા, 'બહેન, તમારા ગ્રહો બહુ નબળા છે. હજી બીજાં દશેક વર્ષ સુધી તમારે આવી તકલીફ સહન કરવી પડશે.'

પેલી મહિલા આશાવાદી હશે. તેણે પોતાના ભાવિ વિશે દશેક વર્ષ પછી સારું થશે એવી આશાનું કિરણ જન્મ્યું, તેથી સોત્સુક જોશી મહારાજને પૂછ્યું, 'મહારાજ, દશ વર્ષ પછી શું થશે?'

'બહેન, આ પંદરેક વર્ષ સુધી તકલીફો ભોગવી હોવાથી તમે તે દુઃખથી ટેવાઈ જશો.' કહેતાં મહારાજે ટીપણું સંકેલ્યું!'

જ્યોતિષશાસ્ત્ર અંગે વાત કરતાં પ્રખર રામાયણી સંત શ્રી મોરારીબાપુએ એમની કથામાં કહેલ એક દૃષ્ટાંતની પણ આ તકે સ્મૃતિ થાય છે. જોશી મહારાજ એક ફૂટપાથ પર જોશ જોવા બેઠેલા તેની પાસે એક અતિ સામાન્ય માણસ પોતાનું ભાવિ જાણવા ગયો. જોશી મહારાજે પાટી-પેન પર આંકડા અને કુંડલીઓ ચીતર્યાં, પોતાના કપાળ પરની કરચલીઓ ઊંચી-નીચી ચઢાવી અને પછી કહે, તને શનિનો ગ્રહ નડે છે તેની શાંતિ માટે જપ કરાવવા પડશે અને તેમાં રૂપિયા એક હજારનો ખર્ચ થશે.' પેલો સામાન્ય માણસ કહે, 'મહારાજ, મારી પાસે એટલા બધા રૂપિયા તો નથી.' ત્યારે પરદુઃખભંજક જેવા એ જોશી મહારાજે પોતાની ફીનો આંકડો ઘટાડતાં ઘટાડતાં પાંચસો, અઢીસો, સવાસો, એકાવન, એકવીસ અને છેલ્લે સવાપાંચ રૂપિયા સુધી કર્યો. પણ પેલા કડકા પાસે પાંચ રૂપિયા પણ ન હતા તે જાણીને જોશી મહારાજે તે જાતકનો ખભો થપથપાવી કહ્યું, 'તારી પાસે પાંચ રૂપિયા પણ ન હોય તો પછી શનિ મહારાજ તારું શું બગાડી લેવાના છે? જા, જલસા કર, શનિ તો ફક્ત શ્રીમંતોને જ નડે!'

વાચકમિત્રો! જ્યોતિષ કળા વિશે આ પ્રકારે અમે આપની સમક્ષ અમારું નિર્દોષ, નિર્ભીક અને નિસ્પંદિત વિચારદોહન રજૂ કર્યું અને હવે હાસ્યલેખના અંતમાં, અમે હઝલકાર તરીકે રચેલી એક એવી હઝલ રજૂ કરીએ છીએ જેમાં અમારા આજ સુધીના જ્યોતિષકળાનાં અભ્યાસ, અનુભવ, અનુમાન, અનુકરણ અને અનુશીલન બાદ , બારે રાશિઓનાં જાતકોને બારે માસ ઉપયોગી થાય એવું સાપ્તાહિક રાશિભવિષ્ય એ ઘેટાંથી માંડીને માછલાં સુધીના અર્થાત્ મેષ થી મીન સુધીની બારે રાશિઓને લાગુ પડે છે. અમારું આ 'સા-રા-ભ', આપ સહુ પ્રેમથી પઠન કરજો, મોજથી માણશો અને હળવાશથી હસી કાઢશો એવી અભ્યર્થના સહ...

સાપ્તાહિક રાશિ ભવિષ્ય

આપનું આ આવતું અઠવાડિયું કેવું જશે?
જે અમે આ હઝલમાં ભાખ્યું જ છે એવું જશે!
સાત દિવસ ત્યાં રવિથી તો શનિના ફક્ત છે,
ના કશીયે 'વૃદ્ધિ' કે 'ક્ષય' વારમાં તેવું જશે!
આપને આશા અમર તો અંતરે જો કે ઘણી,
પૂર્ણ થોડી થાય ને બાકી અધૂરી-નું જશે!
ચાલ ત્યાં થોડા ગ્રહોની વક્ર છે અવકાશમાં,
સ્વલ્પ સારું, સ્વલ્પ નબળું, મિશ્ર આ ધીમું જશે!
કામધંધામાં કઠિનતા, આપને સહેવી પડે,
નોકરીમાં પણ નિરાંતે, સર્વને સારું જશે!
સર્વ મહિલાને ખરીદી, કૈંક મનગમતી થશે,
વાણી-સંયમ રાખજો, પતિ સાથ એ વાંકું જશે!
જાતકો વિદ્યાર્થીઓને, બોજ અભ્યાસે રહે,
ખંતથી અભ્યાસ કરતાં, આખરે સારું જશે!
જન્મના જેના ગ્રહો સારા હશે તેને ભલું,
હોય નિર્બળ કુંડળી તો સાવ એ નબળું જશે!
આમ તો જોકે ગણિત છે શાસ્ત્ર આ જ્યોતિષનું,
પણ ગુરુ-આશિષથી, ભાવિકથન સાચું જશે! ❑

આવી દિવાળી... સજાવો થાળી

ડૉ. કિરીટ વૈદ્ય

દિવાળી એટલે જતા વર્ષની છેલ્લી અમાસ અને અમાસની એ અંધારી રાતને દીવાઓથી અજવાળતો ઉત્સવ ખાસ. બેસતું વર્ષ એટલે આવતા વર્ષનો પ્રથમ પડવાનો દિવસ. જેમ પ્રભાત અને સંધ્યા એ આખા દિવસ અને રાતની બે અદ્દભુત અને સુંદર યુગ્મ ઘડીઓનો એક નાનો સમૂહ છે તેમ આ દિવાળી-બેસતુંવર્ષના યુગ્મદિવસો પણ વર્ષોથી એકસાથે જ ઉજવાતા અવિસ્મરીય દિવસો છે. (બે દિવસો એક પછી એક સાથે સાથે ઉજવાય તેના માટેનો આ તાજો જ નવજાત શબ્દ છે. શબ્દકોશમાં હજુ નોંધણી બાકી છે.) દિવાળી જતા વર્ષના કંઈ સારાનરસા અનુભવ શીખવાડી જાય છે. આવતું વર્ષ તમને કંઈક શુભકામનાઓ અને આકાંક્ષાઓ જગાડી જાય છે. દર વર્ષે ઘરઘરમાં દિવાળી સુધી ફરસાણ પકવવાની તૈયારીઓ થતી રહે છે. બેસતા વર્ષને દિવસે સવાર સવારથી ગૃહિણીઓ આ ફરસાણો-પકવાનો એક સરસ મોટી સાઈઝની થાળીમાં સજાવવાનો સરસ ઉત્સવ ઊજવી જાય છે.

આવી જ એક થાળી આશાબહેનને ઘેર સજાવાતી હતી. જુદાં જુદાં ફરસાણો-પકવાનો તેમના ડબ્બાઓમાંથી હળવા હાથ (થોડુંક ચાખતાં ચાખતાં!) બેસતા વર્ષના દિવસે જ કઢાતી એક મોટી સાઈઝની થાળીમાં ગોઠવી રહ્યાં હતાં. અરે... આ કોણ બોલ્યું?.... શેની ગુસપુસ સંભળાઈ રહી છે?... જરા ધ્યાનથી સાંભળો... બેસતાવર્ષની સવારે...

'એ ફરસી ફોઈ, જરા આઘા ખસોને? મારા માટે થોડી જગ્યા તો કરો.' ઘૂઘરાએ ઘોઘરો અવાજ કાઢ્યો.

'કેટલી આઘી ખસું? જોતો નથી. અમે બધી બહેનો તો જોને કેવી સંકોચાઈને એકબીજાંને વળગીને પડી છીએ? સૌથી ઉપર-વાળી ફરસીફોઈએ જવાબ આપતાં આપતાં નાકનાં ફોયણાં ફુલાવ્યાં.

'તો બાજુમાં પેલા મઠિયા મામાને કહો. બહુ પહોળા થઈ ફુલાયેલા પડ્યા છે તે જરા વ્યવસ્થિત બેસે. હમણાં જો કોઈનો એકાદ હડસેલો વાગશે તો ભાંગી ભુક્કા બોલાઈ જશે.' ઘૂઘરાએ લુખ્ખું ઠનઠન કર્યું

'એક તો આ થાળીમાં જગ્યા હોય નહીં ને ચવાણા ચાચા અને દહીંવડા દાદીમાના વાટકા બહુ જગ્યા રોકે છે. તેમને થાળીમાંથી બહાર કાઢીને ટિપૉય પર છુટ્ટાં મુકો.' ધક્કો વાગતાં ફરસી ફોઈએ ફરી ફૂંફાડો માર્યો.

'એ ઘૂઘરાભાઈ, આજના ચટકાના જમાનામાં આમે તમારો કોઈ ભાવ પૂછતું નથી. તો યે આટલી રાડારાડ શું કરો છો? અમને તો નાનાં-મોટાં, નિરાંતવાળાં, ઉતાવળિયાં, સહુ કોઈ ગળામાં પધરાવે છે. તમને તો થાળીમાં રાખવાને બદલે બરણીમાં જ પૂરી મેલવા સારા. કોઈ જુનવાણી મહેમાન આવે ત્યારે જ બે વાર તમારા ખબર-અંતર પૂછે પછી જ કાઢવા જોઈએ.' દહીંવડા દાદીમા અને ચવાણાચાચાએ કોરસમાં જવાબ આપી ઘૂઘરાભાઈને ઘેરી લીધા.

'હં, આ થાળીમાં આટલી બધી સંકડામણ કેમ પડે છે તે હવે સમજાયું.' ચવાણાએ ચ... ચ... ચ... વાણી કાઢી.

'એમાં સમજવાનું શું છે? સીધી વાત છે. રોટલી-ભાખરીના કુળના રોટલા ગોત્રના આ ફાફડા ફૂઆઓ અને મઠિયામામાઓ, ફરસીપૂરીઓ, સુંવાળીઓ વગેરે બધાં ફુલાઈને પહોળાં થઈને પડ્યાં છો ને એટલે!' ઘૂઘરાભાઈએ ઘટસ્ફોટ કર્યો.

'ના હોં, આજના દિવસે તો અમારો ઉપાડ પણ જબરો હોય છે. કોઈ સંયુક્ત કુટુંબ અમારે ત્યાં આવે ત્યારે અમે થાળીમાંથી ફટાફટ ખાલી થઈ જઈએ છીએ. શું થાય! અમારા કુળ-ગોત્રના હિસાબે અમારો બાંધો જ એવો છે કે એકસાથે જ પીરસાઈએ તો અડધી થાળી રોકી લઈએ છીએ.' મઠિયામામાએ કૌટુંબીક કકળાટ કર્યો.

'લો, બાકી હતું તે આ ચકરીબહેનો થાળીમાં ચક્કર ચક્કર ગરબા ગાય છે. જલેબીની તીખો નકલો પણ જુઓને કેટલી બધી ભીડ કરાવે છે! એ બેનો જરા આઘી ખસો.' ફૂલવડીઓ થાળીમાં આવતાં જ ફૂદકવા માંડ્યું.

'ખસો, ખસો, અમારી જગ્યા કરો. ચાલીસ ટકા થાળી તો અમારા પકવાનો માટે અનામત છે.' ફૂલવડીની પાછળ જ થાળીમાં ફૂદી રહેલા મોહનથાળકુમાર અને બુંદી(લાડુ)બેબીએ પોતાનો હક્ક સં(હં)ભળાવ્યો.

'લો, અમે ખસ્યાં. તમારો તો ભઈ ખાસ વટ છે! મધુપ્રમેહના દર્દીઓ તો તમારા પર ખાસ નજર અને જીભ બગાડવાના જ. એમને બીચારાને ઘેર કોઈ ગળ્યું ખાવા ના દે અને દિવાળીએ કોઈ ના ન પાડે. બસ, જેવા યજમાનને કરેલા નમસ્તેના અભિવાનદ-વાળા મહેમાનના હાથ છૂટા પડે એટલે તમારા ઉપર છૂટા મૂકી દે.' ચકરીબહેનોએ એકબીજાં ઉપર પગથિયાનાં ટપ્પાંની જેમ આડીઅવળી ચડતાં ચડતાં મોહનમામાની મીઠાશ વધારી આપી.

'અરે, હજુ કોઈ આવી રહ્યું હોય એમ લાગે છે. જરા સમજો તો ખરા. રેલવેના બીજા વર્ગના ડબ્બાની જેમ આ થાળી આખી ભરાયેલી છે. હવે અહીં બિલકુલ જગ્યા નથી. ચલો બાજુમાં તાસકમાં ગોઠવાઓ. ઘેનમાં પડેલા ઘૂઘરાને જરા હડસેલો મારતાં તે ખૂણામાં ખસેડાયો. છતાં ઝબકીને તેણે ઘાંટો પાડ્યો.

'ઓ હો! આ તો ચૉકલેટો, પીપરમીંટો આવી છે. હાશ, હવે આપણી થાળીમાં થોડું ગ્લૅમર (સૌંદર્ય) ગોઠવાયું અને જુઓ તો ખરા, બધીઓ કેવી સરસ તૈયાર થઈને નવા નવા ક્લેવર ધારણ કરીને આવી છે!' મોહન(થાળ)કુમાર ગદ્દગદ થઈને લગભગ

પલળી જ ગયા.

'ઠીક છે, ઠીક છે. નવી નવી છે તે ફૂલફટાક થઈને રહે છે. હમણાં ચવાઈને ચુસાઈને ક્યાંય ખોવાઈ જશે તે ખબરે નહીં પડે. હવે આવી જ ગઈઓ છો તો નાખો તેને મઠિયામામાની અને ફાફડાફૂવાઓની વચ્ચે.' બુંદીબેબીએ મોહનિયાની મશ્કાબાજી ઉપર સ્ત્રી સહજ ઈર્ષાથી મોઢું મચકોડ્યું.

આ સંવાદો આમ તો ચાલુ રહેત, પણ સવાર સવારથી મહેમાનો દિવાળીની શુભેચ્છા આપીને સાટામાં હપ્તે હપ્તે પેટપૂજા કરી રહ્યા હતા. બધા શાંત થઈને પોતાની કે પડોશીની ખવાઈ રહેલી શહીદીના મૂક સાક્ષી બની ગયેલા થાળીની દશા પણ સહદેવ જેવી હતી. તેને તેના ટૂંકા સમયના રહેવાસીઓના ભવિષ્યની ખબર હતી, પણ તે છાપાની જેમ આપણા ભવિષ્યના વર્તારા બહાર પાડી શકતી નહોતી. તેને તો આજના દિવસે પટારામાંથી બહાર નીકળવા મળ્યું છે. પાંચ દિવસના પેરોલ ઉપર આવી છે. લાભપાંચમ પછી જેવા મહેમાનો અને માલ બંને ઓછાં થઈ જશે એટલે તેને તો બિચારીને મંજાઈને ચોખ્ખાચટ થઈને પાછી એકાવન અઠવાડિયાંની કેદ માણવાની છે. ફરી છેક આવતી દિવાળીએ આઝાદ થવા મળશે...

બેસતા વર્ષની બપોરે...

આખો દિવસ દિવાળીમાં સજાવેલી આ થાળીમાં મહેમાનો આવેલા હોય ત્યારે શાંતિ રહેતી. મહેમાનોની અવરજવરમાં બ્રેક પડે ત્યારે આશાબહેન ફરી થાળી સજાવટમાં પડી જતાં. થાળીમાં ફરસાણ-મિષ્ટાન્નની સજાવટ વખતે પાછી આવી એક શાબ્દિક ખેંચતાણ થતી રહી. જેમ જેમ ફરસાણ-પકવાનનો ઉપાડ થતો રહ્યો તેમ તેમ થાળીમાં ભીડ ઓછી થવા માંડી. દલીલબાજીના અવાજો દબાતા ગયા અને દિવસના અંતે, મહાભારતના યુદ્ધના અંતે દેખાયેલી રક્તરંજિત, વેરવિખેર પડેલાં શબોથી વ્યથિત ધરતીની જેમ થાળી સૂનાં સૂનાં ડૂસકાં લેતી હતી.

બેસતાવર્ષની સાંજે...

થાળીના એક ખૂણામાં, (ઓ! લોચો વાગ્યો ને! થાળીને ખૂણા ન હોય પાળી હોય) અરે યાર માફ કરો, થાળીની એક પાળીએ અડધો ઘૂઘરો ઘવાયેલો પડ્યો હતો. બાજુમાં જ મોહનથાળનો કટકો મૂર્છિત થઈને પડ્યો હતો. તેમની ઉપર દહીંવડાના છંટાયેલા દહીંનું ટૉપિંગ બનેલું હતું. થાળીની વચ્ચેના ભાગમાં ફરસીપૂરીની, ફાફડાની, સુંવાળીની, મઠિયાંની, ચકરીની કરચો એકબીજાંમાં ભળીને વેરવિખેર થઈને જ્યાં ત્યાં પડી હતી. બુંદીના લાડુની કળીઓ પણ છૂટી પડીને વેરાયેલા વટાણાની જેમ થાળીમાં જ્યાં ત્યાં પડેલી હતી. બાળકોએ ખાધેલી ચૉકલેટ-પીપરમીંટનાં પ્લાસ્ટિકનાં ઉપવસ્ત્રો થાળીમાં આમથી તેમ ઊડાઊડ કરી રહ્યાં હતાં.

છેલ્લા મહેમાન આવતા દેખી આશાબહેને થાળીમાંની ચૉકલેટનાં પ્લાસ્ટિકનાં ઉપવસ્ત્રો દૂર કર્યાં. થાળીમાં વધેલો બધો ભૂકો ભેગો કરી તેમાં કાંદા, ટામેટાં, કોથમીરના કટકા અને દાડમના દાણા ભભરાવીને સરસ મજાની ભેળ બનાવી વાટકામાં પેલા મહેમાનોને 'દિવાળી સ્પેશ્યલ' તરીકે પધરાવી. તે લોકોએ પણ આ દિવાળી ભેળને ખુશીખુશી તેમનાં પેટમાં પધરાવી.

બિચારી થાળીને તત્ત્વજ્ઞાન લાધ્યું. આત્માની જેમ જ તત્ત્વનો નાશ થતો નથી. આત્મા અમર રહીને જેમ માત્ર ખોળિયું બદલે છે તેમ થાળીનાં તત્ત્વોએ પણ ખલાસ થતાં માત્ર કોળિયો બદલ્યો હતો. બેસ્ટ ફ્રૉમ વેસ્ટ! ❑

અનુસંધાન] સાઠે બુદ્ધિ નાઠી [પૃ. ૮૯૮ થી

રડવું તો મને એ વિચારે આવે છે કે, સાઈઠ પછી આવી કલ્પનાઓ કરવા ઉપર પણ શું પ્રતિબંધ આવી પડશે? મને તો સમયમર્યાદા જ સ્વીકાર્ય નથી. બુદ્ધિ, એ તો માણસનું સ્વતંત્ર બંધારણ છે. ટેનામેન્ટ જેવું! વ્યક્તિ ધારે ત્યારે એમાં તોડ-ફોડ કરવા સ્વતંત્ર છે! સમાજે ડખલગીરી કરવાની શી જરૂર? અર્થ તો એવો થયો ને કે સાઈઠ પછી આપણે રાજકારણ સિવાય શેમાં ય ન ચાલીએ...! ના... ના... હું એમ કહું છું કે બીજાં સૂત્રો ન મળ્યાં એમને! 'સાંઠે સાંધામાં વાંધા', 'સાંઠે દોહા દવલા', 'સાંઠો કોઈ ન ગાંઠે'... ઘણું જોડી શકાય. બુદ્ધિ ઉપર જ ગયા શું કામ? કોઈ બાપ પર જાય તો આપણે બોચી પકડીને દબડાવી નાખીએ છીએ, કે સા... બાપ પર જાય છે? અને ૬૦ વર્ષ કે તેથી ઉપરના આ સૂત્ર વિશે બધા મૂંગા બેસી રહે. પછી બધા કહે જ ને...?!

કિંતુ,

ખમૈયા કરો... બાપુ ખમૈયા કરો.

વિચાર તો કરો આ સૂત્ર આપ્યું કોણે? અને શી મજબૂરી હતી? તો સૂત્ર આપ્યું છે એવા દીકરાઓ-વહુઓએ, જેમની સુંવાળી જિંદગીમાં ડોસા-ડોસી દખલ કરતા રહ્યા છે. વૃદ્ધો સમય વર્તીને 'સાવધાન' રહે તો એમને 'વિશ્રામ' જ છે. બુદ્ધિ અને જીવન 'સત્યમ્, શિવમ્, સુંદરમ્' હોય તો સાઈઠ તો શું સો વર્ષ સુધી આદરણીય મોરારજીભાઈની જેમ પૂજાય-પૂછાય. ખાલી હાથે જવું પડે, પણ ખાલી 'માથે' (બુદ્ધિ) જવાનો વારો ન આવે. બાકી જેનાં સમજ અને સિદ્ધાંતો સાંઠાની જેમ, ખોડાય ત્યાંથી ખસે નહીં, તો પડતર માલની જેમ સાઈઠે સેલમાં જાય. બહુ ડાહ્યો બહુ ખરડાય એ સાચું છે. માણસ સુખી થવા બુદ્ધિને બહુ દોડાવે છે ત્યારે 'સામાન્ય સમજ' ધીમી પડી જાય છે અને સુખી થવા માટે બહુ બુદ્ધિ કે ધનની જરૂર નથી. માત્ર સામાન્ય સમજની જરૂર છે. સંજોગોને અનુકૂળ થાય એની સાઠે નાઠતી નથી, પણ 'સાઠે બુદ્ધિ કાઠી' થાય છે!!

મજબૂતી એવી ઠસોઠસ કે ચાલે વરસોવરસ.

તરોતાજા :

'તમારી બુદ્ધિ ઓછી થતી જતી હોય તેવું નથી લાગતું?'

'હા, તમારી જેમ વાપરવામાં કંજૂસ નઈને?' ❑

એકવીસમી સદીના આર્યપુત્ર

મીનાક્ષી દીક્ષિત

તે દિવસે સવારમાં શાંતાબહેન થોડાં વહેલાં ઊઠ્યાં અને સીધાં ભીંત પર લટકતા કેલેન્ડર પાસે જઈને ઊભાં રહ્યાં. પછી ધીરેથી એમણે તારીખનું પાનું ફાડ્યું અને હસતાં હસતાં મનુભાઈ પાસે જઈને એમના હાથમાં એ પાનું આપ્યું.

મનુભાઈને નવાઈ લાગી એટલે એમણે પૂછ્યું કે આ પતાકડું મને કેમ આપ્યું? શું કરવાનું છે એનું?

શાંતાબહેન કહે કે, કરવાનું કશું નથી પણ જોવાનું અને સમજવાનું છે તમારે બધાએ! જુઓ, એ શું છે તે!

'એટલે? આ તો ગઈ કાલની એકત્રીસમી ડિસેમ્બર, બે હજારની તારીખ છે. મને કંઈ સમજાયું નહિ.'

'નથી સમજાતું તો સમજો હવે! આ ડિસેમ્બર મહિનો પૂરો થયો ને એની સાથે અમારી પનોતી ઊતરી અને તમારી પનોતી બેઠી.'

હજીએ મનુભાઈને કંઈ સમજાયું નહિ એટલે એમણે ફરીથી પૂછ્યું કે આમાં પનોતી ક્યાંથી આવી?

'હે ભગવાન! તમને ખબર નથી કે ગઈ કાલે વીસમી સદીનો છેલ્લો દિવસ હતો? આજથી એકવીસમી સદી શરૂ થઈ. જોશીઓએ તો છાતી ઠોકીને કહ્યું છે કે એકવીસમી સદીમાં સ્ત્રીઓ પુરુષોને ઠેકાણે લાવશે.

'એમ વાત છે! એકવીસમી સદી આવી એની ખુશાલી છે એમ કહોને! પણ હવે તમે સમજો શાંતાગૌરી કે આ એકવીસમી સદી આવી છે ને તે બોત્તેર વરસના મારે માટે અને સિત્તેર વર્ષના તમારે માટે કંઈ કામની નથી. આપણે તો જેમ જીવીએ છીએને એમ જ જીવી નાખવાનું. નવી સદી તો જુવાનીઆઓ માટે છે. એ લોકો કેવી રીતે જીવે છે તે જોયાં કરજો હવે! પણ ડાહ્યાં હો ને તો આ વાત તમારા દીકરાની વહુને કહેશો નહિ. નહિ તો એ તમારા દીકરાને અને આપણાં સહુને માથે છાણાં થાપશે.'

'હાય! હાય! એ તો મને વિચાર જ ના આવ્યો. પણ એણે સ્તો મને એકવીસમી સદીનું આ બધું સમજાવ્યું હતું, હવે શું થશે?'

'હવે ચૂપ રહેજો ચૂપ. બહુ બોલબોલ કરવાની તમને ખોટી ટેવ છે.' મનુભાઈએ ભાર દઈને કહ્યું.

સ્ત્રીની કઈ ટેવ સારી છે અને કઈ ખોટી છે, સ્ત્રીએ શું કરવું જોઈએ અને શું ના કરવું જોઈએ, સ્ત્રીને માટે સારું શું ને ખરાબ શું એ બધું નક્કી કરવાનો અધિકાર પુરુષોનો છે એવું એ લોકો માને છે. મોઢેથી સ્ત્રી-સ્વાતંત્ર્યની વાતો કરે પણ એ પારકી સ્ત્રીઓ માટે જ. પોતાની પત્ની માટે તો... જવા દો એ વાત. આપણે બધાં આપણા વરોને ઓળખીએ છીએ.

સ્ત્રીઓ પર આધિપત્ય જમાવવાની પુરુષોને આ ટેવ ક્યારે અને કેવી રીતે પડી હશે એનો વિચાર કરતાં કરતાં મને આપણાં સહુના અસ્તિત્વના પાયારૂપ આદમ અને ઈવ યાદ આવ્યાં.

સમગ્ર માનવજાતિનો પ્રથમ પુરુષ તે આદમ અને એની પાંસળીમાંથી એણે જે સ્ત્રીનું સર્જન કર્યું તે ઈવ. આ બે જણને તો આપણે જાણીએ છીએ. પણ પતિ-પત્ની તરીકે એ બેનું સાંસારિક જીવન કેવું હશે તેની આપણને કંઈ ખબર નથી, પણ હું કલ્પના કરી શકું છું કે આદમ ક્યારેક ક્યારેક ઈવને દબડાવતો તો હશે જ કે તું કંઈ મારી જેમ ઈશ્વરની સર્જત નથી. મેં તો મારી પાંસળી જેવી પાંસળી કાઢીને તને બનાવી છે, સમજી? તારા ઉપર હું દાદાગીરી કરું ને તોય એ મારો હક્ક છે. તને આ દુનિયામાં લાવીને મેં તારા પર કેટલો ઉપકાર કર્યો છે એનો વિચાર કર.

આદમે પોતાનો ઈવ ઉપરનો, પુરુષનો સ્ત્રી ઉપરનો, હક્ક અધિકાર એના દીકરા-જમાઈઓને પણ સમજાવી દીધો હશે તે આજ લગી એ સહુ દુનિયાના બધા ય પુરુષો ઓછેવત્તે અંશે સ્ત્રીઓ પર દાદાગીરી કરે છે. અરે, એટલું જ નહિ પણ એ લોકોએ સમાજની આખી પરંપરા જ એવી સ્થાપી દીધી છે કે સ્ત્રીઓ પણ આ બાબતને જીવનની એક સ્વાભાવિકતા ગણતી થઈ ગઈ છે. હજારો વર્ષોથી આ ચાલતું આવ્યું છે અને એ તો એમ સહુએ સ્વીકારી પણ લીધું છે.

પણ આ એક જુઠ્ઠાણું છે. અને જુઠ્ઠાણું તે કંઈ કેટલું ચાલે?

પુરુષોમાં શારીરિક તાકાત વધારે છે, બુદ્ધિ વધારે છે, વ્યવહારની સમજ પણ એમનામાં જ વધારે છે. સમગ્ર સંસાર પર રાજ કરવાલાયક માત્ર પુરુષો જ છે એવી ભ્રમણા સ્થાપિત થઈ ગઈ છે. તે ભ્રમણા હવે ભાંગવા માંડી છે. સ્ત્રી પરના પુરુષના અધિકારની ભ્રામક માન્યતાઓ હવે ધીરે ધીરે ભૂંસાતી જાય છે અને સ્ત્રી અને પુરુષનો સંસારમાં સમાન અધિકાર છે એ વાત હવે સહુને સમજાઈ તો ગઈ છે પણ બધા એ સ્વીકારવા તૈયાર નથી.

આ વાતની મને એવી રીતે ખબર પડી કે અમારા મિત્ર-મંડળમાં આ બાબતની જ્યારે જ્યારે ચર્ચા થાય ત્યારે અભિષેક, સોહન અને મનુભાઈ બધા જ કહે છે કે તમે સ્ત્રીઓ અમારા પર આક્ષેપ કરો છો કે અમે દાદાગીરી કરીએ છીએ પણ આ વાત સાચી નથી. અમે તો તમને મદદરૂપ થવા, તમને નિશ્ચિંત કરવા, તમને ટેકો આપવા, તમારો શ્રમ બચાવવા માટે જ તમને માર્ગદર્શન આપીએ છીએ. તમારે સ્ત્રીઓએ કંઈ વિચારવાની ઝંઝટમાં પડવું નહિ, એટલે ઘરકામ કરવા જેવું સહેલું કામ તમને સોંપીએ છીએ. અમે તમને ટેકો આપીએ છીએ ત્યારે તમે માનો

છો કે અમે તમને પકડીને બંધનમાં રાખીએ છીએ. આ તો ધરમ કરતાં ધાડ પડી.

એક વાર આવી દલીલો સાંભળીને તૃપ્તિ સામે સણસણતો જવાબ આપવા જતી હતી ત્યાં જ ધૈર્યબાળાબહેને એને અટકાવીને કહ્યું કે હવે ભૂતકાળ ભૂલી જાવ અને ૨૧મી સદીના આ જમાનામાં પતિ-પત્ની બન્નેએ બદલાવું પડશે એ વાત ધ્યાનમાં રાખો.

'મેં તો અમારા ઘરમાં સિદ્ધાંતને ટ્રેઈન કરવા માંડ્યો છે.' તૃપ્તિએ કહ્યું.

આ સાંભળી સોહન કહે, 'જે શ્રી કૃષ્ણ, જે શ્રી કૃષ્ણ, બિચારા સિદ્ધાર્થભાઈ!'

'બિચારા' શબ્દ સાંભળીને તૃપ્તિ તાડૂકી. 'કંઈ બિચારા નથી. આળસુ છે આળસુ. જુઓ આજની જ વાત કહું. સવાર સવારમાં આપણે કેટલાં કામ હોય! તેમાં બાબો રડવા માંડ્યો એટલે સિદ્ધાર્થે મને બૂમ પાડી કે બાબાને બાળોતિયું બદલાવવું પડશે, અહીં આવ. પછી બાબાને કહે કે રડવાનું બંધ કરો બેટા! હમણાં મમ્મી આવે છે.'

મેં પણ બૂમ પાડીને કહ્યું કે ગૅસ પર દૂધ મૂક્યું છે, મારાથી નહિ અવાય. તમે જ બાળોતિયું બદલાવી દો.

એટલે એણે કહ્યું કે મને બાળોતિયું બદલાવતાં આવડતું નથી.

પછી મારે કહેવું જ પડે ને, 'અલ્યા, તને બાળોતિયું બદલાવવાનું કહ્યું છે, ધોતિયું બદલાવવાનું કહ્યું નથી. નથી શું આવડતું? કરવું ગમતું નથી એટલે બહાનાં કાઢવાનાં?'

'શું થાય? હું તો ત્યાં ગઈ જ નહિ એટલે જખ મારીને બાળોતિયું બદલાવી દીધું. અને બાબો રડતો બંધ થયો. ના, ના, આ તો એક વાત છે. મેં એને જાતે પૂરણપોળી બનાવી લો એમ કહ્યું હોત અને એ નથી આવડતું એમ કહે તો સમજી શકાય. પણ આ તો બાળોતિયું!' હી... હી... હી... કરીને તૃપ્તિએ હસવા માંડ્યું.

આ જમાનામાં તો ઘેર ઘેર સિદ્ધાર્થભાઈઓ અને તૃપ્તિબહેનો વચ્ચે આવા સંવાદો ચાલુ થઈ ગયા છે.

સવારમાં ફોનની ઘંટડી રણકે અને તૃપ્તિબહેન તરત રિસીવર ઉપાડી લે. વાત ચાલુ થાય ત્યાં જ સિદ્ધાર્થભાઈ આવીને કહે કે, વાત જલદી પતાવ. મારે અર્જન્ટ ફોન કરવાનો છે.

'હા, હા જલદી જ કરું છું. તમે જરા રસોડામાં જઈને ગૅસ પર ચાનું પાણી મૂકોને! હું આ આવી.' રિસીવર પર હથેલી દબાવીને તૃપ્તિબહેન સિદ્ધાર્થને સૂચના આપે છે અને પછી હથેલી ઉપાડીને વાત ચાલુ કરે, 'ના, ના તમને નહિ. આ તો સિદ્ધાર્થ કંઈ પૂછતો હતો એટલે! હં, બોલ, હવે મારે શું કરવાનું છે?' ફોન ઉપર વાત આગળ ચાલે એટલામાં સિદ્ધાર્થભાઈ રસોડામાંથી પાછા આવીને બોલ્યા વગર હાથ હલાવીને કહે કે ફોન મૂકી દે હવે! તૃપ્તિબહેન પણ બોલ્યાં વગર જ બે આંગળી બતાવીને કહે કે બે મિનિટ બસ! અને હાથની નિશાનીથી અંદર રસોડામાં જવાનું કહે. સિદ્ધાર્થભાઈ ચા તૈયાર કરીને પ્યાલા ભરે ત્યાં જ તૃપ્તિબહેન રસોડામાં પહોંચી જાય અને કહે કે જાવ હવે અર્જન્ટ ફર્જન્ટ જેવો ફોન કરવો હોય તે કરો. કોણ જાણે કોને ફોન કરવાનો હશે? અમે બે મિનિટ વાત કરીએ તો ય ઉતાવળા થઈ જાય.

'હું ઉતાવળો થઈ ગયો! તેં પૂરી સાત મિનિટ વાત કરી. ખબર છે?' સિદ્ધાર્થભાઈ બહાર જતાં જતાં બોલ્યા.

'અહોહો! મુંબઈના મહાનગર ટેલિફોન નિગમની જેમ તમે ય મિનિટો ગણતા થઈ ગયા?' ચાનો પ્યાલો સિદ્ધાર્થભાઈના હાથમાં આપતાં તૃપ્તિબહેન બોલ્યાં, 'અને જુઓ, ચા પીને જલદી દાઢી કરીને નહાવા જાવ.'

'પાણી કાઢ્યું છે?' સિદ્ધાર્થભાઈએ પૂછ્યું.

'પ્લીઝ, ગીઝર ચાલુ કરી દો ને! તમે દાઢી કરશો એટલી વારમાં બાલદી ભરાઈ જશે. તમે નહાઈ લો એટલી વારમાં હું આ છાપું જોઈ લઉં.' તૃપ્તિબહેન સવારમાં તો ઉપર ઉપરથી જ છાપું જોઈ લે. નિરાંતે વાંચવાનું તો છેક બપોરે, ટાઈમ મળે ત્યારે!

તૃપ્તિબહેન નોકરી કરતાં નથી. પણ એથી શું? સિદ્ધાર્થભાઈ ઑફિસે જાય અને પાછા આવે તે દરમિયાન બધા જ કલાકોમાં એમને આખો ઘરસંસાર સંભાળવાનો છે. એટલે જ એ કહે છે કે સિદ્ધાર્થ જેટલું કામ ઑફિસમાં કરે છે એટલું જ કામ હું ઘરમાં કરું છું. સવાર-સવારમાં એ ઘરમાં હોય ત્યારે એક-બે કામ જાતે કરી લે તો એને કંઈ એનો થાક લાગવાનો નથી. સિદ્ધાર્થભાઈને પણ તૃપ્તિબહેનના વિચારો સાથે સહમત થયા વગર છૂટકો નથી. તૃપ્તિબહેન એમને બે વાર ગરમ રસોઈ જમાડે છે અને બાબાને ઉછેરે છે.

વૈશાલી તો વળી નોકરી પણ કરે છે. રોજ સવારે વિપુલની સાથે સાથે જ એ પણ ઘરબહાર નીકળે છે. વિપુલ સવારે ઊઠવામાં, ચા-નાસ્તો કરવામાં, નહાવામાં કે તૈયાર થવામાં આળસ કરે તો વૈશાલી એની સાથે ઝઘડી પડે છે. વૈશાલી કહે છે કે વિપુલને એની મમ્મીએ બહુ લાડ લડાવ્યાં છે અને ઘરનું કંઈ કરતાં કંઈ કામ કરતાં શીખવાડ્યું નથી. હવે, એ બધું શીખવાડવાની જવાબદારી વૈશાલી પર આવી પડી છે. પછી બિચારી ચિડાઈ ન જાય તો શું કરે? વિપુલે જો શાંતિથી રહેવું હોય અને પાછલી અવસ્થા માટે બૅન્ક બૅલેન્સ વધારવું હોય તો વૈશાલીએ નોકરી કરવી પડે અને વિપુલે થોડુંઘણું ઘરકામ કરતાં શીખવું પડે. વિપુલ જમવા બેસે અને વૈશાલી પાસે બેસીને પંખો નાખે એ આ જમાનામાં બનવાનું નથી.

રેખા અને દીપક વચ્ચે પણ વારંવાર હુંસાતુંસી થાય છે. દીકરાને બાળોતિયું બદલાવવાથી માંડીને એની ડૉક્ટરી તપાસ,

(અનુસંધાન પૃષ્ઠ ૯૦૭ ઉપર)

પેનપ્રકરણ

વલ્લભ મિસ્ત્રી

મહર્ષિ વેદ-વ્યાસની અમરગ્રંથરચના 'મહાભારત' લખવાની જવાબદારી જ્યારે શ્રી ગણેશજીએ સ્વીકારી ત્યારે જો તેમણે ધાર્યું હોત તો પોતાની લેખન-સુવિધા માટે તેઓ પેનનું સર્જન કરી શક્યા હોત! પરંતુ એ વિઘ્નહર્તાને ખબર હતી કે પેન ક્યાં, ક્યારે અને કેવી રીતે અટકચાળો કરી દગો કરશે તેનો કોઈ ભરોસો નહિ તેથી પેન-સર્જનના વિચારનું વિસર્જન કરી દાડમડાળ કલમથી 'મહાભારત' લખી પૂર્ણ કર્યું.

આનાથી બિલકુલ ઊલટું કાળા માથાના માનવીએ કરી બતાવ્યું. આવી ડાળ-કલમથી 'મહાભારત' શબ્દ લખવામાં જોર પડવા લાગ્યું. પરિણામે થોડી આળસ ખંખેરીને તેણે પ્લાસ્ટિકની લંબગોળ ભૂંગળી જેવી કાયા બનાવી તેમાં સ્યાહિ (શાહી) રૂપે લોહી ભર્યું. એટલું ઓછું પડતું હોય તેમ, તેમાં જીભ-ટાંક મૂકી નિર્જીવ છતાં બોલતી-ચાલતી જીવંત પેનનું સર્જન કર્યું.

પરંતુ જેમ જેમ સમય પસાર થતો ગયો તેમ તેમ માનવીને એ વાતનું ભાન થયું કે, કાગળ પેનનું લોહી ચાખી ગયો છે! વધુ ને વધુ લોહી પીવા તે તલપાપડ થયો છે. બ્લડ ડોનેશનની અપીલ કરવી પડે તે પહેલાં માનવીએ કાગળના એ લોહી-ચૂસ હવનમાં હાડકું નાખી દીધું. રીફિલ નામના એ હાડકામાં કાર્બન તત્ત્વમિશ્રિત થીજેલું લોહી ભરી પેનની અવેજીમાં બૉલપેન બનાવી હાશ અનુભવી.

પેનનું સર્જન કર્યા પછી માનવીએ તેને દ્રૌપદીનું પાત્ર બનાવી આંગળીઓ સ્વરૂપે રહેલા પાંચ પાંડવોને હવાલે કરી દીધી! જો કે, પેલી 'પાંચાલી' કરતાં આ 'પાંચાંગળી'એ બાબતે નસીબદાર હતી કે જુગારના દાવમાં તેને લગાવી શકાતી નથી. પેલી દ્રૌપદી પાસે એક પાંડવની હાજરી હોય તો બીજા ચાર તેની પાસે જઈ શકતા નહોતા, જ્યારે અહીં પેનરૂપી દ્રૌપદી પાસે કોઈ પાંડવ એકલો જઈ શકતો નથી! પેન પાંડવોનું દરિયા-દિલ તો જુઓ, પોતાના હાથે, પોતાની નજર સમક્ષ જ પેનનું તેને પ્રેમી મિત્ર કાગળ સાથે વારંવાર મિલન કરાવી રાજી રહે છે.

જો કે, હજુ સુધી પેનને રાષ્ટ્રિય ગૌરવ કે આંતરરાષ્ટ્રિય પ્રતિષ્ઠા, સન્માન મળ્યાં નથી, પરંતુ તે મેળવી શકાય તેવો એક જન્મજાત લક્ષણો આ 'બત્રીસ-લખણી' પેન હાજર-સ્ટૉકમાં ધરાવે છે. એક તો પેન પોતે અંગૂઠાછાપ હોવા છતાં લોકોને ઉચ્ચ કક્ષા સુધી ભણાવી-ગણાવી શકે છે. ક્યારેક સમય આવે ઊંઠાં પણ ભણાવી શકે છે. બીજું, ભલે તે બોલી, સાંભળી કે જોઈ શકતી નથી, પરંતુ દુનિયાની તમામ ભાષાઓમાં લખવું એ માત્ર ડાબા જ નહિ, જમણા હાથનો પણ ખેલ છે.

પેન ખરીદ્યા પછી, પેન ડ્રાઈવર બનેલી વ્યક્તિ તેને ગમે તેવા સુંવાળા, ખરબચડા કાગળના રસ્તા પર ચલાવે છે. પેનને ચલાવવા માટે લાઈસન્સની જરૂર પડતી નથી. પણ હા, બીજાં વાહનો ચલાવવા માટે જરૂરી લાઈસન્સમાં સહી કરવા તેની અવશ્ય જરૂર પડે છે. મીટર વગર પેન કેટલું ચાલી, એવરેજ કેટલી આપે છે તે નક્કી થઈ શકતું નથી. ખાનગી કે ભાડાના વાહન જેવી નંબર પ્લેટની પણ જરૂર પડતી નથી. એ તો ખરું, પેન ચલાવતી વખતે ડ્રાઈવરને હેલ્મેટ પહેરવાની જરૂર પડતી નથી કારણ કે પેન પોતે હેલ્મેટ ધારણ કરે છે.

ગુરુત્વાકર્ષણનો નિયમ ભંગ કર્યા વગર ઉપરથી નીચે તરફ વહેતી આ 'પેનગંગા'ને હાથમાં રાખી અનેક લોકો તેમનાં પાપ ધોતાં હોય છે! માનવી તેના જીવનનિર્વાહ માટે જે કંઈ પ્રવૃત્તિઓ કરે છે તે તમામ મોરચે 'વન પેન આર્મી' બની નિષ્ઠાપૂર્વક ફરજ પાલન કરતી હોવા છતાં કોણ જાણે કેમ, સ્વાર્થી માનવી તેણે કરેલા તમામ પ્રકારની ભ્રષ્ટાચારી વ્યવહારોથી પેનને હંમેશાં દૂર રાખે છે, કદાચ એટલે જ લાંચ-રુશવતની રિસીપ્ટ બનતી નથી! તદુપરાંત માનવીને જ્યારે એમ લાગે છે કે કામના પ્રમાણમાં તેને મળતું વેતન ઓછું (પછી ભલેને વધારે હોય!) મળે છે, ત્યારે બીજું કંઈ કર્યા વગર પેનને હાથો બનાવી 'પેન-ડાઉન' સ્ટ્રાઈક કરી તે પોતે 'મૅન-ડાઉન' થઈ જાય છે.

પેન અસ્ત્રાની ધારે ચાલે છે, જ્યાં સુધી સીધું-સાદું લખે ત્યાં સુધી સલામતી રહે છે, પરંતુ જ્યાં વાંકું-ચૂકું, આડું-અવળું લખે તો ખલાસ. તરત જ કરી નાખે લોહી-લુહાણ! બેધારી તલવાર જેવી નીતિ અખત્યાર કરતી પેનની વર્તણૂક હંમેશાં વિરોધાભાસી રહી છે. એક તરફ ખુશી-આનંદના શુભ સંદેશા લખે છે તો બીજી તરફ દુઃખ, દર્દ, અશુભના સંદેશા લખવામાં પાછી પાની કરતી નથી. માનવીનાં મન, મગજ, વિચારના ત્રિકોણીયા કૅમરામાં જે ધૂંધળી (નૅગેટિવ) તસ્વીર ઝિલાય છે, તેને ચોખ્ખું પોઝિટિવ રૂપ આપવાનું કામ પેન કરે છે.

બાળહઠ, સ્ત્રીહઠ, રાજહઠની લાઈનમાં ઊભી રહી શકે તેવી ચોથી કતારિયા 'પેનહઠ' છે. 'લૈલા-મજનુ', 'હીર-રાંઝા' જેવી અનેક પ્રેમકથાઓ લખી લોકો સુધી પહોંચાડનાર 'પેન-કાગળ' પ્રેમકથા જમીન-આસમાનના આભાસી મિલન જેવી છે. નજીકથી જોડે, દૂરથી અલગ, અંગ્રેજી અક્ષરો **'QU'**ની જેમ એકબીજાનો સાથ નિભાવતા હોવા છતાં વખત આવે 'પેનહઠ' પકડી કાગળને રીસ-મેમો પકડાવી જણાવી દે છે, 'તારા ફળિયામાં પગ નહિ મેલું રે... તારા ફળિયામાં...' શિયાળાની કડકડતી ઠંડીમાં કે ઉનાળાની ધોમ-ધખતી ગરમીમાં માનવી પેનનું જતન કરવામાં આંખ આડા કાન કરે છે ત્યારે સમય-સંજોગો અનુરૂપ ક્યારેક થીજીને 'લખાણ રોકો' આંદોલન છેડે છે. ક્યારેક વેળા-કવેળા જોયા વગર જ્યાં ત્યાં નાના બાળકની માફક શિરામણ કરી ગંદકી કરે છે.

દર વર્ષે પોતાના હસ્તાક્ષરે ‘વિશ્વસુંદરી’નો ખિતાબ આપતી પેનને રહી રહીને ‘પેન-સુંદરી’ બનાવવાના ઓરતા જાગ્યા છે! ઉઘાડી આંખનાં આ શમણાં સાકાર કરવા સૌપ્રથમ તેણે સ્વ. રાજકપુરનું સ્મરણ કરી, ‘ગ્રેટ વન પેન શો’ શરૂ કર્યો. તેણે પોતે જ લકી હોવાથી સૌંદર્યનિખારની બધી જ બ્યુટી ટીપ્સ તેના ધ્યાનમાં હતી. જોતજાતામાં તો તેનાં રંગ, રૂપ, દેખાવ, હેર સ્ટાઈલમાં આંખે ઊડીને વળગે તેવું પરિવર્તન આવી ગયું. બોલવા-ચાલવાની સ્ટાઈલમાં લટકો, મટકો અને ઝટકો ઉમેર્યાં પછી પણ હજુ આ અધૂરું છે એમ સમજી બે ડગલાં આગળ વધેલી પેન પારદર્શક વસ્ત્રો ધારણ કરી અંગ-પ્રદર્શન કરી, ‘ટૉપ-લેસ’ થઈ બિંધાસ્ત જાહેરમાં ઘૂમી રહી છે. આ તકનો લાભ લઈ, પેનના સોદાગરો લોકોને હથેળીમાં પેન બતાવી તેની સેક્સી કાયાનું વર્ણન એવું કહીને કરી રહ્યા છે, ‘લિખતે... લિખતે... લવ હો જાય!’, ‘સબ કુછ દિખતા હૈ!’. એક રૂપિયાથી માંડી હજારો રૂપિયા સુધીની કિંમતમાં મળતી પેનમાં એટલી બધી તાકાત નથી કે કોઈને ત્યાં જઈ લૂંટ-ચોરી કરી શકે. પણ હા, મકોડી પહેલવાન જેવી પેન કમજોર એટલી બધી છે કે, જાહેરમાં ધોળા દિવસે કોઈ તેની ઉઠાંતરી કરે કે ગળે ફાંસો બાંધી ટેબલે લટકાવી દે તો પણ જરાય પ્રતિકાર કરી શકતી નથી! તેની મોટામાં મોટી મર્યાદા આ જ છે, કે તે પોતે સ્વાવલંબી નથી.

લોકો માટે, લોકોની, લોકો વડે ચાલતી ‘પેન-શાહી’માં પણ પેન હસ્તાક્ષરનો આંતરરાષ્ટ્રિય માન્યતાપ્રાપ્ત વિટો પાવર વાપરી તાનાશાહી ચલાવે છે! ગમે તેવા અગત્યના કિંમતી હુકમ, દસ્તાવેજ, ચેક, શેર, હૂંડી તૈયાર થઈ ગયાં હોય પણ જ્યાં સુધી પેન તેનો આ વિટો પાવર વાપરી હસ્તાક્ષર કરે નહિ ત્યાં સુધી તે બધા એકડા વગરનાં મીંડાં જેવા બની રહે છે. ગુનો સાબિત થયા પછી ગુનેગારને ફાંસીનો હુકમ સંભળાવી જજ સાહેબ તેમના હસ્તાક્ષર કરી પેનની ટાંક તોડી નાખે છે, ત્યારે વગર વાંકે શહીદ થતી પેન પણ એમ કહી શકતી નથી, ‘મિલતે હૈ બ્રેક કે બાદ!’

અરે આ શું થયું? અત્યાર સુધી પોતાનાં વખાણનાં લખાણ લખતાં હાથમાં ઝાલી નહોતી રહેતી પેન, આમ અચાનક ધ્રૂજવા કેમ લાગી? તેની આ ધ્રુજારીનો આફ્ટરશોક અનુભવતાંની સાથે જ સમયસૂચકતા વાપરી પેનના પાંડવ પતિઓએ તેને હાથમાંથી મુક્ત કરી એક બાજુ મૂકી દીધી ત્યારે પેને રાહતનો શ્વાસ લીધો. તેને હવે ખાતરી થઈ ગઈ કે, ‘પેનપ્રકરણ’ અહીં પૂરું થાય છે છતાં અમોએ તેની ટાંક તોડી નહીં! પેન ખોટી ડરી ગઈ, તેને ખબર છે કે, ટાંક તોડવી એ અમારી આર્થિક ટાંગ તોડવા બરાબર છે! મોંઘવારીના આ જમાનામાં તેમ કરવું અમને પોષાય ખરું? વિશેષ રૂપે જ્યારે પેનનાં બીજાં પ્રકરણ લખવાનાં બાકી હોય.

પેન ભલે રહેતી હોય સામાન્ય ખિસ્સામાં પણ ત્યાં હૈયાની રાણી બનીને રાજ તો કરે છે ને?! એટલે જ માનવીએ ‘પેન ફ્રેન્ડશિપ કલબો’ શરૂ કરી તેને સન્માનિત જરૂર કરી છે. ❑

અનુસંધાન] એકવીસમી સદીના આર્યપુત્ર [પૃ. ૯૦૫ થી

દવાઓ, મોટો થાય એટલે સ્કૂલનું ઍડમિશન, કૅરિયર, વ્યક્તિત્વનું ઘડતર વગેરે કંઈ કેટલીય જવાબદારીઓ બંને જણાએ પોતપોતાની ઑફિસના ટેન્શન સાથે નિભાવવાની છે. દીપક કમાય છે. રેખાને નોકરી છોડવા કહે છે પણ રેખા શું કામ નોકરી છોડે? પછી તો ઘરમાં નોકરાણી બનીને જીવવું પડે અને અંગત ખર્ચા માટે પણ દીપક સામે હાથ લંબાવવો પડે. રેખા તો કોઈ વાર હસતાં હસતાં કહે છે પણ ખરી કે આપણે સરખું ભણ્યાં છીએ અને સરખું કમાઈએ છીએ તો તું જ નોકરી છોડી ઘર-છોકરાં કેમ સંભાળતો નથી? પત્ની ઘરકૂકડી થઈને રહે અને પતિ નોકરી કરવાને બહાને ફરતો ફરે એ આ જમાનાની સ્ત્રીઓ ચલાવી લે એમ નથી.

એક અંગ્રેજી કહેવાત છે કે ‘અ વુમન કેન ગો ટુ ધ હાર્ટ ઑફ ધ મૅન બાય ધ વે ઑફ હિઝ સ્ટમક.’ - સ્ત્રીએ પુરુષના હૃદયમાં સ્થાન મેળવવા એની જીભના ચટાકા સંતોષાય એવું એને પેટ ભરીને ખવડાવવું જોઈએ. અમેરિકા, ઈંગ્લન્ડ, ભારત ને દુનિયાના બધા દેશોમાં ગમે ત્યાં આ કહેવત સાચી છે. પણ આ કહેવત સાચી હોય તો એકવીસમી સદીની બીજી એક કહેવત પણ એટલી સાચી છે કે ‘પૈસા ભરેલાં પાકીટ મારફત જ આ સંસારમાં પુરુષ સ્ત્રીના હૃદય સુધી પહોંચી શકે છે.’ પુરુષ ખાઉધરો છે અને સ્ત્રી ખર્ચાળ છે એવું નથી, પણ બન્નેની આ અનિવાર્ય જરૂરિયાત છે.

‘રાજાને ગમે તે રાણી’ એ વાત સાચી ને સાથે સાથે ‘રાણીને ગમે તે જ રાજા’ એ વાત પણ એટલી જ સાચી. નવા યુગની સ્ત્રી માટે પતિ કેવો હોવો જોઈએ એ આદર્શનાં બીજ વીસમી સદીમાં જ વવાઈ ગયાં હતાં. હવે એકવીસમી સદીમાં એ બીજમાંથી વૃક્ષ મહોર્યું છે, પણ હવે એના પર ફળ કેવાં આવે છે એ તો બાવીસમી સદીમાં જ ખબર પડશે. એ પહેલાં એની કલ્પના કરીને સુખી કે દુ:ખી થવાની સહુને છૂટ છે. ❑

> પત્ની : (ગુસ્સામાં) તમને પુરુષોને કંઈ પણ કહીએ તો એક કાને અંદર જઈ બીજા કાને બહાર નીકળી જાય છે.
>
> પતિ : (શાંતિથી) અને તમને સ્ત્રીઓને કંઈ પણ કહીએ તો બે કાને અંદર જઈ મોઢામાંથી બહાર નીકળે છે.
>
> * * *
>
> પત્ની : તને યાદ છે એ દિવસ જ્યારે તેં મારી પાસે લગ્નનો પ્રસ્તાવ મૂક્યો હતો? એ દિવસે હું એટલી આનંદિત થઈ ગઈ હતી કે એક કલાક સુધી કંઈ જ બોલી નહોતી શકી.
>
> પતિ : હા, પ્રિયે, એ મારા જીવનનો શાંતિપૂર્વક ગાળેલો એકમાત્ર કલાક હતો.

વાતોડિયાં સહપ્રવાસી

સમીર પાલેજા

હું ખાસ બહારગામ જતો નથી. કોને ખબર કેમ પણ મને મુંબઈની બહાર જવાનું બહુ ગમતું નથી. મારી આ વિચિત્ર આદતને કારણે મારાં ઘરનાંઓ વારંવાર મને ઠપકો આપે રાખે છે. પણ હું કશું ગણકારતો નથી. મારાથી વિપરીત અમારા કુટુંબમાં એવાં ઘણાં લોકો છે જે હાલતાં-ચાલતાં બહારગામ ઊપડી જાય છે.

મારા પપ્પાના એક પિતરાઈ દિલીપભાઈને બહારગામનાં લગ્ન માણવાનો બહુ શૉખ છે. તેઓ મુંબઈમાં કોઈનાં લગ્ન હોય તો પત્ની-છોકરાંને હાજરી આપવા મોકલી દે છે, પરંતુ બહારગામ કોઈની જાનમાં જવાનું હોય તો દિલીપભાઈ પોતે ટિકિટ કઢાવવાથી માંડીને ભાતું આણવાનું કાર્ય તેમના શિરે ઉપાડી લે છે. જાનમાં આવવાનું નિમંત્રણ ન હોય તો તેઓ ગાંઠના ખર્ચે ટિકિટ કઢાવીને ગાડીમાં ચઢી બેસે છે. અરે એક પ્રસંગે તો તેમને આમંત્રણ ન હોવા છતાં તેઓ કોઈની જાન માણવા માટે ચાલુ ટિકિટ કઢાવીને રિઝર્વેશનના ડબ્બામાં બેસી ગયેલા અને પછી ટીસીએ તેમને પકડતાં યજમાને દંડના પૈસા ભરવા પડેલા. હવે તો એમનાં સગાંઓ આવી ઘટનાથી બચવા માટે બહારગામ જવાના પ્રસંગે દિલીપભાઈની ટિકિટ પહેલાં કઢાવે છે અને પોતાની પછી.

અમારા રમણમાસા પણ દિલીપભાઈ જેવું જ પ્રવાસી-પ્રાણી છે, પરંતુ તેમને સગાંવહાલાંઓ સાથે નહીં, પણ એકલા જ પ્રવાસે જવામાં આનંદ આવે છે. તેઓ બહુ વાતોડિયા હોઈને ટ્રેનમાં અજાણ્યાઓ સાથે દોસ્તી બાંધી લે છે. આજની તારીખે કાશ્મીરથી કન્યાકુમારી સુધી તેમના દોસ્તો છે. તેમને ક્યાંય ફરવા જવું હોય તો હવે તેઓ હોટેલમાં કે ધર્મશાળામાં બુકિંગ કરાવતા નથી, પણ અગાઉ ટ્રેનમાં ભટકાઈ ગયેલા કોઈ મુસાફરના ઘેર જ ધામા નાખે છે. તમને થશે, વાહ આ તો સારું, રમણમાસાનો પ્રવાસ એકદમ સસ્તામાં પતી જતો હશે. પણ ના, એવું નથી. એમના મુસાફર મિત્રોમાંથી ઘણા વાર-તહેવારે મુંબઈ ચઢી આવે છે ત્યારે રમણમાસાને ઘેર જ ધામા નાખે છે. ઘણા ચીપકુઓ તો અઠવાડિયાનું કહીને મહિનો રોકાઈ પડે છે. આવાં સંજોગોમાં રમીલામાસી કંટાળીને અમારા ઘરે રોકાવા આવતાં રહે છે. મને પહેલી વાર લાંબા પ્રવાસે મોકલવામાં આ રમણમાસા જ નિમિત્ત બનેલા.

૧૯૮૮ની સાલમાં એમની દીકરીનો ખોળો ભરવાના પ્રસંગે મને જબરજસ્તીથી અમદાવાદ લઈ જવામાં આવેલો. ત્યારે હું લગભગ ૧૬ વર્ષનો હતો. ટ્રેનમાં રિઝર્વેશન મેળવવામાં અમારા માસા નિષ્ફળ રહેલા એથી મને મારી મમ્મી તથા માસીની જોડે પરાણે લેડીસ કમ્પાર્ટમેન્ટમાં બેસાડી દેવામાં આવ્યો હતો. માસાએ મને કહેલું, જો જે ટીસી આવે ને તને ઉંમર પૂછે ત્યારે કહેજે કે હું ૧૨ વર્ષનો છું.

એ વખતે મારા હાઈટ-બોડી ઠીક ઠીક હતાં. મને નહોતું લાગતું કે ટીસી મારી વાત માને. મેં માસાને આ વાત સમજાવવાનો પ્રયત્ન કર્યો. પણ એ ના માન્યા અને મારી સામે ડોળા કાઢીને કહ્યું : 'ડફોળ, જોતો નથી, લેડીઝ ડબ્બામાં પણ આટલા બધા પુરુષો બેઠા છે તે? તને કોણ કાઢવાનું છે? અત્યારે ભીડની સીઝનમાં બધું ચાલે.'

માસાની વાત તો સાચી હતી. લેડીઝ ડબ્બામાં પણ ઘણા પુરુષો બિંધાસ્ત બેઠા હતા. વધુ ને વધુ માણસો કુટુંબકબીલા જોડે ડબ્બામાં ચઢ્યે જતાં હતાં. માસાએ કુલી રોકીને અમારા માટે જગા મેળવી હતી. મમ્મી અને માસી નીચે પાટિયા પર સામસામી બારી રોકીને બેઠાં હતાં અને મારા માટે ઉપરના પાટિયે જગા કરવામાં આવી હતી. રાતનો વખત હતો એટલે મને એમ કે બહુ વાંધો નહીં આવે. એક વાર ટ્રેન ચાલે એટલે માથે ઓઢીને સૂઈ જવાનું. સવારે તો અમદાવાદ આવી જશે.

માસા તો અમને બેસાડીને ચાલ્યા ગયા. હું આડો પડ્યો. પણ ધીરે ધીરે ડબ્બામાંના પુરુષો ઊતરવા માંડ્યા. હું હવે સમજ્યો. એ બધાં તો બૈરી-છોકરાંને મૂકવા આવ્યા હતા. મારા પેટમાં ફાળ પડી. મમ્મી અને માસી વાતોએ વળગ્યાં હતાં. મમ્મીની બાજુમાં એક પ્રૌઢ પારસી બાનુ અને પંદરેક વર્ષની છોકરી બેઠાં હતાં. બાનુ ઘડીએ ઘડીએ મારી સામે શંકાસ્પદ નજરે જોતાં હતાં. અફસોસ એ વાતનો હતો કે પેલી છોકરી રામ જાણે ક્યું અંગ્રેજી પુસ્તક વાંચવામાં પડી હતી કે મારી સામે એકેય વાર જોયું નહોતું. મને એમ કે સહેજ ઓળખાણ થાય તો એ છોકરીને સ્ટેશન પરથી પાણી-બાણી લાવી આપીને ટાઈમ પાસ કરીશું.

પણ એવું કશું ન બન્યું. ઊલટું, ટ્રેન ઊપડી ત્યારે એણે એની માના કાનમાં કંઈ ફૂંક મારી. બાનુએ ચશ્માં ઊંચાં-નીચાં કર્યાં અને નાકનાં ફોયણાં ફુલાવ્યાં. પછી ઊભાં થયાં. મારી સામે જોઈને કહે, 'એ માડીડા આંય લેડીઝ કમ્પાર્તમેન્ત છે તેની તુને ખબર નથી કે સું. ચલ નીચે ઊતરે છ કે પછી તીસીને બોલાવું.'

મારાં માસી મારો બચાવ કરતાં ઊભાં થયાં. એમણે નરમાશથી પેલાં સન્નારીને કીધું, 'અરે બેન આ તો બાર વર્ષનો છોકરો છે. એ બિચારો અત્યારે ક્યાં જાય?'

મને એમ કે બાનુ માની જઈને બેસી જશે. પણ એ તો ઊકળ્યાં, 'સું ખોત્તું ખોત્તું બોલો છ. આંય બાર વરસનો છે? સાવ ખોત્તું. એનું બોડી તો જુઓ. એકવીસનો લાગે છે. ક્યારનો મારી સિલ્લા સામે આંખો ફાડીને ટગર ટગર જોયા રાખે છે. એણે જિંદગીમાં ગર્લ્સ જોઈ નથી કે સું? એક નંબરનો મવાલી લાગે છે. એને અબ્બી હાલ બીજા કમ્પાર્તમેન્તમાં જવા કહો, નહીં તો...'

બાનુએ સીધી ધમકી આપી. માસી મૂંઝાણાં. તેઓ થોથવાઈ ગયાં. પણ હવે મમ્મી ઊભી થઈ. એ બહેન, મોં સંભાળીને બોલો. મારો છોકરો મવાલી છે તો તમારી દીકરી કંઈ દૂધે ધોયેલી નથી.

ક્યારની અંગ્રેજીમાં કેવી ચોપડી વાંચ્યે રાખે છે તે? સંસ્કારી માણસો આવી ચોપડીઓ વાંચે કે શું?

એ મા-દીકરીને એવી કલ્પના પણ નહોતી કે મારી મમ્મી એના વટાણા વેરી નાખશે. બંને ઝંખવાઈ ગયાં. છોકરીએ ફટાક દઈને પુસ્તક બંધ કરી થેલામાં મૂકી દીધું. એ લોકો નમતું જોખશે એમ મને લાગ્યું. પણ બાનુ વધુ ઉશ્કેરાયાં. એમણે તીસી, તીસી, પુલીસ, પુલીસ એવી રાડો પાડવા માંડી. આજુબાજુથી બૈરાંઓ દોડી આવ્યાં. બાનુએ લાગ જોઈને બધાને મારા વિરુદ્ધ ફરિયાદ કરવા માંડી. પણ મારું દયામણું મોં જોઈને કોઈએ બાનુને સપોર્ટ ન આપ્યો. છો ને બેઠો એમ કહીને બધાં પોતપોતાની જગ્યાએ ચાલ્યાં ગયાં. બાનુ પણ સમસમીને બેસી ગઈ.

બીજી જ મિનિટે બોરીવલી આવ્યું. ખાસ્સાં બૈરાંઓ ચઢ્યાં. ગિરદી વધી એટલે નછૂટકે મારા પાટિયા પર મહિલાઓ સામાન મૂકવા માંડી. મારે પગ સંકોરીને સૂવું પડ્યું. દરમિયાન બાનુ ક્યાંક ચાલી ગયાં. થોડી વારમાં તે ટીસી જોડે પાછાં ફર્યાં. મારી તરફ ઈશારો કરીને એ ટીસીને કહે, દેખો યે મરદ કો યે લોગ બાર વરસ કા બોલતા હૈ, તુમ ઈસકો ઈધર સે જાને કા બોલો.

મમ્મી અને માસી મારી તરફેણમાં દલીલો કરવા માંડ્યાં. હું પણ પાટિયા પરથી નીચે ઊતર્યો. ટીસીએ મને પૂછ્યું, 'તુમ કીતને સાલકા હૈ?' મેં કહ્યું, 'બારા.'

તડાક દેતો મારા ગાલ પર લાફો પડ્યો. બીજી જ મિનિટે મારી મમ્મીએ ટીસીને તમાચો ચોડી દીધો. ટીસી અને બાનુ મૂંઝાઈ ગયાં. દરમિયાન કોઈ આગલા ડબ્બામાંથી હવાલદારને બોલાવી આવ્યું. મારી મમ્મી અને માસીએ ટીસીની જોરદાર ફરિયાદ કરી. હવાલદાર સમજુ હતો. એણે ટીસીને ઠપકો આપ્યો પણ હું એ ડબ્બામાં બેસી નહીં શકું એવો પણ ચુકાદો આપ્યો. એ મને આગળના કૉમન ડબ્બામાં લઈ ગયો, જ્યાં મારે આખી રાત એક પગ પર ઊભા રહેવું પડ્યું. બીજી સવારે અમે અમદાવાદ ઊતર્યાં ત્યારે કોઈ જુએ નહીં એ રીતે પેલાં બાનુની છોકરીએ મને ઈશારાથી બાય બાય કીધું.

બસ, એ મારો પહેલો અને છેલ્લો પ્રવાસ હતો. ત્યારથી ગયા અઠવાડિયા સુધી મેં બહારગામ જવાનું સતત ટાળ્યું હતું. પરંતુ ગયા અઠવાડિયે ફરી એક વાર મને ફસાવી દેવામાં આવ્યો. મારા પપ્પાના બિઝનેસ પાર્ટનરનો જમાઈ રાજકોટમાં આઈસ્ક્રીમની દુકાન ખોલવાનો હતો અને એના ઉદ્‌ઘાટનમાં અમારા ઘરમાંથી કોઈકે જવું પડે તેમ હતું. પપ્પા ધંધાનું બહાનું કાઢીને છટકી ગયા. પુરુષોત્તમ મહિનો ચાલતો હોઈને મમ્મી હવેલીનાં દર્શન એક પણ દિવસ મીસ કરવા માગતી નહોતી એટલે મને બલિનો બકરો બનાવી દેવામાં આવ્યો. અમારો ઘરનોકર સવારના ચાર વાગ્યામાં ચર્ચગેટ સ્ટેશન પર લાઈન લગાવીને મારી સૌરાષ્ટ્ર મેલની ટિકિટ લેતો આવ્યો.

પછી તો મારા ઘરમાં તડામાર તૈયારીઓ શરૂ થઈ ગઈ. જાણે હું ચંદ્રના પ્રવાસે જવાનો હોઉં એમ ધારીને મારી મમ્મી મારા માટે જાતજાતનાં ભાતાં બનાવવા માંડી. દિલીપભાઈને આ બાબતે ખબર પડતાં તેઓ મારી સાથે આવવા તૈયાર થઈ ગયા. પણ મહામુસીબતે અમે તેમને ન આવવા સમજાવી શક્યા. તો પણ દિલીપભાઈ રોજ સાંજે મારા ઘરે બે કલાક આવીને ક્યા સ્ટેશને કઈ વાનગી વખણાય અને ક્યાંથી શું લેવું એ અંગેનું લેક્ચર આપવા માંડ્યા. રમણમાસાએ તો છેક પાલઘરથી સુરેન્દ્રનગર સુધીના એમના મિત્રો માટે સંપેતરાં મોકલાવ્યાં. હું એકલો અને સામાનના મુદ્દા થયા સાત. હું મૂંઝાયો તો ખરો, પણ શું થાય?

આખરે મારો રણે ચઢવાનો દિવસ આવી પહોંચ્યો. મમ્મીએ મને દહીં ખવડાવીને રવાના કર્યો. મારો ઘરનોકર અને દિલીપભાઈ મને બૉમ્બે સેન્ટ્રલ સ્ટેશન પર મૂકવા આવ્યા. રિઝર્વેશન હતું એટલે સામાન ચઢાવતાં ખાસ વાંધો ન આવ્યો. મારા ડબ્બામાં ખાસ ગિરદી હતી નહીં. દિલીપભાઈએ ચાર્ટમાં જોઈને કહ્યું કે 'મોટા ભાગનાં લોકો બોરીવલીથી ચઢશે.' થોડી વારમાં ટ્રેન ઊપડી એટલે દિલીપભાઈ મને આવજો કહીને ઊતરી ગયા. ટ્રેન ધીમે ધીમે પ્લૅટફૉર્મ છોડી રહી હતી. મેં બારીમાંથી બહાર જોયું તો એક ભાઈ દોડતા-દોડતા ટ્રેન પકડવાનો પ્રયત્ન કરી રહ્યા હતા. પંચાવનની આસપાસના હશે. તેઓ સફેદ રંગના લેંઘા-ઝભ્ભામાં હતા અને ખભા પર તેમણે એક બગલથેલો લટકાવ્યો હતો. ટ્રેન પ્લૅટફૉર્મની બહાર નીકળવામાં જ હતી ત્યાં એમણે દરવાજો પકડી લીધો. મારી સીટ દરવાજા પાસે જ બે બેઠકની વ્યવસ્થા હોય છે ત્યાં હતી. મારી સામેની સીટ પર કોઈ આવ્યું નહોતું. આથી એ ભાઈએ ધડાક દઈને મારી સામે બેઠક લીધી. એમણે ખિસ્સામાંથી રૂમાલ કાઢીને પસીનો લૂછ્યો અને મારી સામે ડોળા તતડાવીને કહે, સાવ અક્કલ વિનાનો છે, બેવકૂફ છે.

હું એકદમ ડઘાઈ ગયો. હું વ્યવસાયે કમ્પ્યૂટર એન્જિનીઅર છું અને સ્કૂલ કૉલેજમાં હંમેશા ફર્સ્ટ આવ્યો છું. કોઈએ મને મજાકમાં પણ અક્કલ વિનાનો કહ્યો હોય એવું મને યાદ આવ્યું નહીં. હું જરા તપી ગયો.

'એ મિસ્ટર, તમે કહેવા શું માગો છો?'

એ જરા છોભીલા પડી ગયા. મને કહે, 'અરે સાહેબ, તમને નહીં, માલતીને કહું છું.'

હું કોઈ માલતીને ઓળખતો નહોતો. હા, દસ વર્ષ પહેલાં મારી જોડે કૉલેજમાં એક માલતી હતી ખરી, પણ એ તો પરણીને દુબઈ જતી રહેલી. મેં ખુલાસો માગ્યો, 'કોણ માલતી?'

એકદમ દયામણે સ્વરે એ ભાઈ કહે, 'મારી વાઈફનું નામ માલતી છે અને હું સુરેશચંદ્ર પારેખ. મારે ભાયન્દરમાં પ્લાસ્ટિકની ફૅક્ટરી છે. મારા સસરાનું આવતી કાલે જામનગરમાં ઑપરેશન છે એટલે અમે ત્યાં જઈએ છીએ. માલતીને મેં કહ્યું હતું કે તું બૉમ્બે સેન્ટ્રલથી બેસી જજે અને હું બોરીવલીથી ચઢીશ. તો એણે

જીદ કરી કે ના તમે પણ વેળાસર બૉમ્બે સેન્ટ્રલ જ આવી જજો. હવે તમે જ કહો કે ભાયન્દરથી માણસ સાંજના સમયે બૉમ્બે સેન્ટ્રલ આવવા નીકળે તો ટ્રેન ચૂકી જ જાય કે બીજું કંઈ? અરે માલતી તો સમજ્યા, પણ મારી બેબી તો એનાથી ય જિદ્દી છે. મીનલ કૉલેજમાં ભણે છે. એ પોતે તો આવવાની નહોતી તો ય જબરજસ્તી અમારી એસી થ્રી ટાયરની ટિકિટ લઈ આવી. હવે તમે જ કહો આટલી ઠંડીમાં એસીની શી જરૂર છે? પણ નહીં, મારી વાત માને એ બીજા. મીનલ પણ નહીં. મારો વિરોધ કરવા માટે પણ એ મા-દીકરી આવાં ગતકડાં કાઢે રાખે છે.'

મને સુરેશચંદ્રની દયા આવી. મેં એમને સાંત્વના આપી, 'હશે કાકા, જે થઈ ગયું તે થઈ ગયું. તમે સમયસર ટ્રેન પકડી તો શક્યા. પણ આ કમ્પાર્ટમેન્ટમાંથી એસીમાં જવાનો રસ્તો નહીં હોય. તમે તમારાં વાઈફ પાસે જશો કઈ રીતે?'

સુરેશચંદ્ર કહે, 'મારું ચાલે તો હું જઉં જ નહીં. આમેય મારો શરદીનો કોઠો છે. હવે તો છેક સુરત આવશે ત્યારે જ અહીંથી ઊભો થઈશ. ભલે માલતી ચિંતા કરીને અડધી થઈ જતી.'

આટલું કહીને સુરેશચંદ્રે મિનરલ વૉટરની નવી નક્કોર બાટલી કાઢીને પાણી પીવા માંડ્યું. પછી મને કહે, 'તમે પણ જામનગર જવાના કે? જો જામનગર રોકાવાના હોય તો મારા સસરાના ઘરે જરૂર આવજો. કોઈને પણ પૂછશો કે વકીલ જમનાદાસનું ઘર ક્યાં છે તો તરત જ બતાવશે. મારા સસરા જામસાહેબના ફેમિલીના વકીલ છે. બહુ મોટી પ્રૅક્ટિસ ધરાવે છે. જામનગર જિલ્લામાં તેમના જેવો વકીલ પાક્યો નથી. હવે તો જો કે ઉંમર થઈ એટલે બહુ કોર્ટમાં જતા નથી પણ હજીય એમના ઘરે શીખાઉ વકીલોનું ટોળું સતત જામેલું જોવા મળે. બીજી એક વાત, જામનગર આવો તો પાકીટ જરૂર સંભાળજો. ત્યાં પાકીટમારો બહુ છે. બસસ્ટૅન્ડ, રેલવે સ્ટેશન કે રિક્ષા સ્ટૅન્ડ પર જરાક ગાફેલ રહ્યા તો પાકીટ ગયું જ સમજો.'

જો મેં અટકાવ્યા ન હોત તો સુરેશચંદ્ર એમના સસરા અને જામનગરના પાકીટમારો વિશે હજુ ખાસ્સું લાંબું લેક્ચર આપી દેત. મેં તેમને કહ્યું, 'સાહેબ, હું રાજકોટ જવાનો છું અને પરમ દિવસની ગાડી પકડીને પાછો મુંબઈ આવી જવાનો છું.'

સુરેશચંદ્ર સ્હેજ છોભીલા પડી ગયા. પણ પછી એમણે રાજકોટ વિશે લેક્ચરબાજી શરૂ કરી દીધી. પોતે મૂળ રાજકોટની બાજુના ગામના. નાનપણમાં મા-બાપ મરી ગયેલાં. પછી એક સગાની મદદથી મુંબઈ આવીને નાતની બોર્ડિંગમાં રહીને ભણ્યા અને સાથેસાથે પ્લાસ્ટિકના કારખાનામાં નોકરી લીધી. ધીરે ધીરે કારખાનાના માલિક બની ગયા. છતાંય હજુ પોતે ગામને ભૂલ્યા નથી અને દર વર્ષે એકાદ ખેપ મારીને બને તેટલું દાન-ધરમ કરે છે એવું પણ એમણે કહ્યું. મને એમની આત્મકથામાં બહુ રસ ન પડ્યો. મને બગાસું ખાતાં જોઈને સુરેશચંદ્ર આ વાત સમજી ગયા. મને થયું કે આ માણસ જો સુરત સુધી મારી સાથે રહેશે તો શું થશે?

એટલામાં ટ્રેન બોરીવલી સ્ટેશન પર આવતી જણાઈ. સુરેશચંદ્ર કહે, 'સાલ્લું, ભૂખ લાગી છે. હું ઊતરીને કંઈક લેતો આવું. પછી ખાઈને સૂઈ જઈએ. સુરેશચંદ્ર થેલો મૂકી રવાના થયા. દરમિયાન પેસેન્જરો ધડાધડ ચઢવા લાગ્યા. મારી સામે પણ એક ભાઈ આવીને બેસી ગયા. બોરીવલી તો ટ્રેન બહુ ઓછા સમય માટે ઊભી રહે છે. મેં સુરેશચંદ્રનો થેલો ઊંચકીને સાઈડમાં મૂક્યો. એટલામાં તો સુરેશચંદ્ર બારીમાંથી દેખાણા.

મને કહે, 'યાર તમારા માટે ગરમાગરમ બટાટાવડાં બંધાવ્યાં છે. પણ મારી પાસે પાંચસોની નોટ છે. પેલા પાસે છુટ્ટા નથી. જરીક છુટ્ટા આપશો?' એમ કહી એમણે મારી સામે પાંચસોની નોટ ધરી. મેં વિચાર્યા વિના મારા પાકીટમાંથી સો સોની પાંચ નોટ કાઢીને આપી. સુરેશચંદ્ર મને પાંચસોનું પત્તુ ચિપકાવીને ભીડમાં ગાયબ થઈ ગયા.

થોડી વારમાં ટ્રેન ઊપડી. પણ સુરેશચંદ્ર દેખાયા નહીં. મારી સામેના પેસેન્જર તરત જ ઉપરના પાટિયે ચઢીને સૂઈ ગયા. મને થયું સુરેશચંદ્ર કદાચ બીજા ડબ્બામાં ચઢી ગયા હશે તો થોડી વારમાં આવી જશે. પણ અડધી-પોણી કલાક સુધી તેઓ દેખાયા નહીં એટલે મેં મારું ભાતું કાઢીને ખાઈ લીધું. પણ પછી સુરેશચંદ્ર ન આવ્યા એટલે મેં ધારી લીધું કે નક્કી એ ટ્રેનમાં નહીં ચઢી શક્યા હોય અથવા બનવાજોગ છે કે સીધા એસીમાં ચાલ્યા ગયા હોય. હું કંટાળીને સૂઈ ગયો.

પણ રમણમાસાના સંપેતરાને કારણે મારે ઉજાગરો કરવો પડ્યો. કેમ કે પાલઘરથી છેક સુરેન્દ્રનગર સુધી માસાના દોસ્તો પોતપોતાનાં સંપેતરાં મેળવવા માટે મારા કમ્પાર્ટમેન્ટમાં આવ્યે રાખતા હતા. માસાએ બધાને ફોન કરીને મારો સીટ નંબર આપી રાખેલો એટલે કોઈ મુશ્કેલી ના પડી.

છેવટે બીજા દિવસે સવારે હું રાજકોટ સ્ટેશને ઊતર્યો ત્યારે મારી પાસે ફક્ત બે જ વાનાં બાકી રહેલાં. એક તો મારી બૅગ ને બીજું સુરેશચંદ્રનો થેલો. મને એમ કે સુરેશચંદ્ર નહીં મળે તો એમના વાઈફને શોધી કાઢીને હું થેલો સોંપી દઈશ. પણ ડબ્બાની બહાર ચોડેલા લિસ્ટમાં સુરેશચંદ્ર કે માલતીબેન બેમાંથી એકેયનું નામ નહોતું. હવે શું કરવું? હું ડબ્બામાં ઘૂસીને એક ચક્કર મારી આવ્યો કે કદાચ સુરેશચંદ્ર ભટકાઈ જાય. પણ એ ન જડ્યા તે ન જ જડ્યા. મેં થેલામાંની વસ્તુઓ બહાર કાઢીને જોયું કે કદાચ તેમાં તેમનું એડ્રેસ હોય તો હું કુરિયર કરીને તેમને થેલો મોકલાવી દઈશ. પણ એમાં બે-ચાર જૂનાં છાપાં અને પાણીની ખાલી બૉટલ સિવાય કંઈ નહોતું. આખરે મેં એ થેલો કચરાના ડબ્બામાં ફેંકીને ચાલતી પકડી.

મારે જ્યાં જવાનું હતું ત્યાંની મેં રિક્ષા કરી. પહોંચીને મેં રિક્ષાવાળાને પાંચસોની નોટ આપી. એણે નોટને આમથી તેમ ફેરવી જોઈ. પછી મને પાછી આપતાં કહે, સાહેબ, આ નોટ તો નકલી છે, ક્યાંથી ઉપાડી લાવ્યા?

હેં! મારા ગળામાંથી અવાજ જ ન નીકળ્યો. સુરેશચંદ્ર મને પાંચસોનો ચાંદલો ચોડી ગયો હતો. ❑

હું સરસ્વતીચંદ્ર લખું તો...

પ્રફુલ્લ રાવલ

હું માનું છું કે મને વારંવાર સારા વિચારો આવે છે. બધા જ વિચારો તમને કહેવા પણ નથી. તમારા માનસિક સ્વાસ્થ્યનો વિચાર પણ મારે કરવો જ રહ્યો. સમાજના વિશાળ હિત ખાતર હું એ વિચારને અમલમાં મૂકતો નથી. એમાં એક વિચાર તો રખડુ પાગલની જેમ વર્ષોથી પજવે છે, તે સરસ્વતીચંદ્ર નવલકથા ફરીથી લખવાનો. 'સરસ્વતીચંદ્રનો ગૃહત્યાગ' એ પાઠ આઠમા ધોરણમાં ભણવામાં આવ્યો ત્યારથી હું અને સરસ્વતીચંદ્ર દોસ્તદાર થઈ ગયા છીએ. જેમ ક.મા.મુનશીને ચાણક્યે આજ્ઞા કરી હતી - 'મારે ખુશામત નથી જોઈતી. મને સર્જાવ.' એમ સરસ્વતીચંદ્ર મને ધમકી આપી રહ્યો છે - 'તું મારું આલેખન ફરી કર, નહીંતર સારા વાટ નહીં આવે. હું કુમુદ વગર જીવી શકું તેમ નથી. મારું અને કુમુદનું મિલન કરાવ. બોલ ક્યારે કરાવે છે?' હું ડરી ગયો છું સરસ્વતીચંદ્રથી. એ કદાચ આતંકવાદી બની જાય તો! તો મારું આવી બને. અને હું ન રહું તો ગુજરાતી સાહિત્યનું શું થાય? મને પણ થાય છે કે આવા સરસ યુગલને ગો.મા.ત્રિ.એ અલગ કેમ પાડી દીધું હશે! હવે હું બન્નેને ભેગાં કરીશ, હિન્દી ફિલ્મમાં હીરો-હીરોઈન ભેગાં થાય છે તેમ.

ગોવર્ધનરામે જે નવલકથા લખી છે તે જ કથાવસ્તુ અને પાત્રો સાથે હું ફરી સરસ્વતીચંદ્ર લખવાનું વિચારી રહ્યો છું. જો કે થોડો ફેરફાર અવશ્ય કરવાનો છું. મારું મૌલિક તો કશુંક હોવું જોઈએ ને! પણ આળસું છું તેથી વારંવાર શબ્દસ્થ કરવાનું માંડી વાળું છું. નવલકથા તો લખાય ત્યારે લખાય... કદાચ આ જન્મે ન પણ લખાય. પરંતુ એનો મુસદ્દો તૈયાર કરી રાખવો સારો. કોઈકને તો કામ લાગે. અનુગામી માટે કશુંક તો કરવું પડે ને! મુસદ્દો પણ કંઈ મોટો નથી. માત્ર એટલો જ કે સરસ્વતીચંદ્ર ઘર છોડીને કુમુદ જોડે પહોંચી જશે. ત્યાંથી વાર્તા શરૂ કરવાની. અને બન્ને ભેગાં થાય ત્યાં વાર્તા - અરે નવલકથા - પૂરી કરવાની. મારે કંઈ બોધ આપવા નવલકથા નથી લખવી. 'ઈશ્વરલીલાનું સદર્થે ચિત્ર આપવું' એ મારો પ્રયાસ નથી. હું માત્ર વાર્તા લખવા જ લખવાનો છું. વળી, મારી નવલકથા લાંબી પણ નહીં હોય. લાંબું વળી કોણ લખે? એથી મેં માત્ર પહેલા ભાગનું પુનર્લેખન કરવાનું જ વિચાર્યું છે. ચાર ભાગની તે વળી નવલકથા આ ઝડપી યુગમાં કોણ વાંચે! ગોવર્ધનરામના જમાનામાં તો માણસો નવરાં હતાં. કામધંધો કશો હતો નહીં. એટલે નિરાંતે સહુ વાંચે. એમણે માત્ર એક જ ભાગ લખ્યો હોત તો એમનાં વાચકોને બિચારાને વળી બીજી ચોપડી શોધવા જવી પડત. ત્યારે આટલું બધું લખાતું નહોતું. અત્યારે તો સરેરાશ એક નવલકથા દરરોજ પ્રસિદ્ધ થાય છે, જેમાં ક્યારેય કશું નવલ નથી હોતું, કશી કથા નથી હોતી! આ તો પહેલો ભાગ વાંચ્યા પછી બીજો, બીજા પછી ત્રીજો અને ત્રીજા પછી ચોથો ભાગ વાંચતાં ખાસ્સો સમય નીકળી જાય. એ દરમિયાન પહેલો ભાગ ભુલાઈ ગયો હોય. એટલે ફરી વાંચે. સરસ્વતીચંદ્ર નવલકથા વારંવાર વંચાઈ, તેનું ખરું કારણ આ જ હતું, પણ હું થોડો ચાર ભાગ લખું! આપણે તો ભાઈ ટૂંકું ને ટચ લખવાવાળા. હું તો લઘુકથાકાર. મને લાઘવથી લખતાં જ ફાવે. એક ભાગમાં બધો સંકેલો કરી લેવાનો. વાત પૂરી. વાર્તા પૂરી.

પાત્રોનાં નામ તો સારાં છે એટલે નામમાં ફેરફાર કરવાનું માંડી વાળ્યું છે. વચ્ચે વચ્ચે આવતી કવિતા ખાવામાં કાંકરો આવે અને ખૂંચે તેમ ખૂંચે છે એટલે એ કવિતાનો છેદ ઉડાડી દેવાનો છું. વળી, છંદનું મને જ્ઞાન પણ થોડું છે. લઘુ-ગુરુની માંડ માંડ ખબર પડે ત્યાં લય સાચવવાનું ક્યાંથી આવડે! અને કદાચ ભૂલથી લય જળવાઈ જાય તો પછી કવિતા બને એની ગેરંટી કોણ આપે? વળી, હું કવિતા લખું તો મારી નવલકથાનું ચલચિત્ર બને ત્યારે ફિલ્મી ગીતકાર બિચારો નિરાશ થાય. ભવિષ્યમાં કોઈ ગીતકાર લખશે એટલે મેં એમાં ગીતો લખવાનું માંડી વાળ્યું છે.

સરસ્વતીચંદ્ર જેવા પ્રેમાળ યુવાનને કુમુદ ન મળે એ તો અન્યાય કહેવાય. મારું કથાના ફેરફારનું મુખ્ય કામ તે સરસ્વતીચંદ્ર-કુમુદનું મિલન. એ ય આજીવનનું. મળે, પરણે અને સુખી થાય. આપણી પ્રાચીન પરંપરા મુજબ અંત તો મંગલ જ હોવો જોઈએ અને પરણ્યાં પછી કથા શું બાકી રહે? પછી તો વ્યથા જ હોય! બસ, ધી એન્ડ.

બુદ્ધિધનની રાજખટપટ મને ગમી છે. મારી નવલકથામાં બુદ્ધિધન રાજ્યનો મુખ્યમંત્રી હશે. એનું મુખ્ય કામ હશે ખુરશી ટકાવી રાખવાનું. ગમે તે થાય ખુરશી ન જવી જોઈએ. એ જાય તો આભ ફાટી જાય અને આભ ફાટે પછી અવનિનું શું? અવનિ ન રહે તો રાજ ક્યાં કરવાનું? પણ બધું જ તમને કહીં દઉં તો મારી વાર્તાનું રહસ્ય ખુલ્લું પડી જશે. એટલે, અહીં જ અટકું છું. બાકીનું નવલકથા પ્રસિદ્ધ થાય ત્યારે વાંચી લેવાનું. 'ક્યારે પ્રસિદ્ધ થશે?' એવું તમારે નહીં પૂછવાનું. મહાન કૃતિ કંઈ જલદી પ્રસિદ્ધ ન થાય. લખ્યાં પછી વર્ષો સુધી પડી રહે (ખાસ તો સારા પ્રકાશકના અભાવને લીધે) તો જ એનું મૂલ્ય ગણાય. ૨૦૮૭માં જરૂર પ્રસિદ્ધ થશે. એ એકવીસમી સદીની મહાન નવલકથા હશે. કદાચ નોબેલ પ્રાઈઝ પણ મળશે. પણ ત્યારે હું નહીં હોઉં અને વાચકો તમે પણ નહીં હોવાનાં. બોલો, લખું સરસ્વતીચંદ્ર ફરીથી કે માંડી વાળું? ❑

'દૃષ્ટિભ્રમ' - છેતરાતી નજર - નાં રમવાનાં પત્તાં

કિશોર ન. ગોરધનદાસ

જોવું એ છેતરાવા બરાબર છે અને દૃષ્ટભ્રમનો પાયો આના પર બંધાયો છે. આનો અર્થ એ થાય કે મોટા ભાગની વસ્તુઓ આપણે જે જોઈએ છીએ તે નથી! આપણે જાણીએ છીએ કે આપણી આંખો છેતરાઈ શકે છે. એ કઈ રીતે કામ કરે છે તે તો ખબર નથી, પરંતુ આપણને ખબર છે કે એક ઝાડ કે જે ઊભું છે તે જો પડેલી સ્થિતિમાં દેખાય તેના કરતાં વધારે ઊંચું લાગે છે.

ચિત્રકલાનાં અનેક ક્ષેત્રો છેલ્લાં થોડાંએક વર્ષોમાં વિકાસ પામ્યાં છે તેમાં એક 'ઑપ્ટિકલ' અથવા 'ઑપ આર્ટ' નામે ઓળખાતું ક્ષેત્ર ખૂબ જ વ્યાપક બન્યું છે. દૃષ્ટિભ્રમ-છેતરાતી નજર-સેંકડો વર્ષોથી મનુષ્યને આંજે છે અને ગૂંચવે છે. આની યાદી બહુ મોટી છે. દૃષ્ટિભ્રમના પ્રયોગો, દાખલાઓ, કલામાં, શિલ્પકામમાં, હાથચાલાકીમાં, ધર્મમાં, પ્રેક્ષક હૉલમાં વગેરેમાં મળી આવે છે. ઘણા બધા દાખલાઓ ગ્રીક શિલ્પકામમાં જોવા મળે છે.

દૃષ્ટિભ્રમના કોયડાઓ છેતરાતી નજરના સિદ્ધાંત પર રચવામાં આવે છે. કેટલીક વાર આપણી આંખ આપણને ગેરરસ્તે દોરે છે તો કોઈ વાર આપણું મગજ આપણને છેતરે છે. આંખ ફક્ત દૃશ્ય ઝીલીને મગજને મોકલવાનું કામ કરે છે. દૃશ્યનું અર્થઘટન કરવાનું કામ મગજના પાછળના ભાગમાં આવેલું દૃષ્ટિખાતું કરે છે. પરિણામે, આપણે કેટલીક વાર દૃશ્યના કદ, આકાર, દિશા, રૂપરંગ, અંતર વગેરે વિશે નજરે જોયા છતાં ભુલાવામાં પડીએ છીએ.

કોયડાવાળું ચિત્ર - **Puzzle Picture** - પણ સાધારણતઃ એક દૃષ્ટિભ્રમ જ છે. આપણી નજરની સામે શું દેખાય છે તેનું ચાતુરીપૂર્વક રૂપાંતર કરી તેનો બનાવનાર વસ્તુને ઢાંકવા સફળ થાય છે. ક્યારેક ચિત્રને કોઈક જુદા જ ઍન્ગલથી, જુદી જ ઢબથી જોવું પડે છે, ઊંધું કરીને! બીજા દાખલાઓમાં, ક્યારેક ચિત્રમાંની અમુક છુપાયેલ વસ્તુ તે ચિત્ર પાણીમાં નાખ્યા બાદ અથવા તો લાઈટ, દીવાની સામે ધરીને ગરમ કર્યા બાદ દેખાય છે, અને આવી તો ઘણી બધી શકયતાઓ છે. આને કારણે છેતરાતી નજર **'Optical Illusions'** ઘણાં વર્ષોનો ઇતિહાસ સાબિત કરે છે અને ઘણા જુદા જુદા પ્રસંગો માટે કામ લાગે છે. દાખલા તરીકે, ઓગણીસમી સદીના અંતમાં પુરુષોની મોજમઝા અને કામની ઇચ્છાઓ સંતોષવા રમવાનાં પત્તાં તેની અંદર અમુક ખૂબીથી શૃંગારિક - **Erotic** - દૃશ્યો સાથેનાં બનતાં કે જે નીચે જણાવ્યા મુજબ પત્તાં બત્તીની સામે ધરવાથી દૃષ્ટિમાન થાય! છૂપા સંદેશાઓનો પણ નિર્દેશ એવાં દેખાતાં ચિત્રોમાં થતો.

(અનુસંધાન પૃષ્ઠ ૯૧૫ ઉપર)





દોહિત્ર હો તો ઐસા

ચંદ્રિકા પંડ્યા

પૌત્ર કે પૌત્રી, દોહિત્ર કે દોહિત્રી હોય એ કપરી નહીં : આમ બાબત છે. ચીન અને ભારતને તો ભગવાને આ બાબતે છાપરું ફાડીને આપ્યું છે. પરંતુ મારી મથરાવટી જ નોખાપણાની રહી હોવાથી સંતાનને ઘેર સંતાન હોવા બાબતે મારો કિસ્સો આમ ન રહેતાં ખાસ રહ્યો છે. સૌના માટે સંતાનનું સંતાન હોવું એ હસ્તામલકવત્ અને કેવળ મારા માટે જ એ આકાશકુસુમવત્. સંતાનને લાગેવળગે છે ત્યાં સુધી તો ઉપરવાળાએ મને ચીન અને ભારતની જેમ ન્યાલ કરી દીધી છે, પરંતુ સંતાનના સંતાનની આશા મૃગજળ સમાન હતી.

આમ જોઈએ તો દોષ ઈશ્વરનો ન કહેવાય. સંતાનો જ લગ્ન કરવા રાજી ન હોય પછી ઈશ્વરને સર્જન માટે અવકાશ જ ક્યાંથી રહે? જો કે સંતાનો અકર્મણ્ય તો નહોતાં જ. લગ્ન સિવાય બીજું બધું જ કરવામાં પ્રવૃત્ત હતાં. મારા આગણામાં સંતાનનું સંતાન કિલકારી કરે એ શક્ય ન હતું. સંતાનો લગ્ન કરે ત્યાં સુધી નીરવતા જ લખાઈ હતી. એવું પણ ન હતું કે સંતાનોને શોર પસંદ ન હતો. બંને દીકરીઓ અને દીકરો એમ ત્રણે સંતાનો ઓરકેસ્ટ્રા સિંગર બનીને ધમધમતું સંગીત પ્રજાને પીરસતાં હતાં અને સ્ટેજ હચમચાવતાં હતાં. સાંગીતિક સમાજસેવા કરવામાં એમને એ હકીકતનું બિલકુલ સ્મરણ રહેતું નહીં કે ભારતીય સમાજમાં લગ્ન નામની અને કુટુંબ નામની બે મહત્ત્વની સંસ્થાઓ અસ્તિત્વ ધરાવે છે.

આખરે આ વિસ્મરણથી સમાજને ઝાઝેરી તકલીફ થવા લાગી. સંતાનોને તો વિસ્મરણ થાય, પરંતુ માતા પણ - લેટ ધેમ એન્જૉય લાઈફ - કહેતી ટેકો આપે એ વાત સમાજ કદાપિ સાંખી શકે નહીં. તેવી સમાજે મને વારે વારે યાદ અપાવવાનું શરૂ કર્યું કે મારે ત્રણ સંતાનો હતાં, યુવાન થયાં હતાં અને તેમાં દીકરો તો ત્રીજા નંબરે હતો, પરંતુ બે દીકરીઓ તો મસમોટી હતી. સમાજના ઘોંચપરોણાથી પ્રેરિત બનીને હું પણ વારે વારે બંને દીકરીઓને લગ્ન અને કુટુંબ નામની સામાજિક સંસ્થાઓનું સ્મરણ કરાવતી હતી.

ખૂબ મથામણના અંતે દીકરીઓએ લગ્ન સંસ્થાનો સ્વીકાર કર્યો. હવે મારા મનમાં સંતાનનું સંતાન હોવાની આશાના અંકુરો ફૂટ્યા. પરંતુ બંનેમાંથી એક પણ દીકરીએ જળનું એક પણ ટીપું સીંચ્યું નહીં. તેમના મત પ્રમાણે સંતાન અનિવાર્ય ન હતું. બલકે તેમણે તો મારી આશાના અંકુરોને સંતાન અનાવશ્યક હોવાનું કહીને બાળી મૂક્યા. એ તો ભલું થજો મારા જમાઈની સંતાનજિદ્દનું કે આખરે મોટી દીકરી થકી મને એક દોહિત્રની બક્ષિસ મળી. અને દોહિત્ર પણ કેવો!!!

મારા દોહિત્રએ પૃથ્વી પર અવતરણ કરવા મારા જન્મનો મહિનો જ પસંદ કર્યો - ડિસેમ્બર. મને કલ્પના પણ ન હતી કે મારો દોહિત્ર આટલી હદે મારા પગલે પગલે ચાલશે. તારીખ અંગે મારા જમાઈએ ઈશ્વરને ભારપૂર્વક પ્રાર્થના કરી હતી કે ડિસેમ્બરમાં છ સિવાયની કોઈ પણ તારીખે સંતાનજન્મ થાય. હું સમજી શકતી હતી કે બાબરીધ્વંસની તારીખે સંતાનજન્મ કોઈ પણ બિનસાંપ્રદાયિક ન ઇચ્છે. ઈશ્વરે પ્રાર્થના સાંભળી. દોહિત્ર ઓમકુમારનું અવતરણ સાતમી ડિસેમ્બરે થયું તે બે વર્ષનો થવા આવ્યો છે, પરંતુ અત્યાર સુધીમાં તેણે જ્યારે જ્યારે તોફાનની ધૂમ મચાવી છે ત્યારે ત્યારે મારા જમાઈએ કહ્યું છે - સાતમીએ આવ્યો તો પણ આવો છે તો છઠ્ઠીએ આવ્યો હોત તો ન જાણે કેવો હોત? હવે મને રહી રહીને શંકા જાય છે કે જમાઈનો નિર્દેશ બાબરી મસ્જિદના ધ્વંસની નહીં, પરંતુ મારા જન્મની છઠ્ઠી ડિસેમ્બર પ્રત્યે તો નહીં હોય? વળી, સંતાનજન્મના પ્રસંગે દીકરી માતાને ઘેર હોવાથી દોહિત્રના માથા પર હાથ દીકરીની માતાનો જ ફરે એમાં શું અસહજ? પરંતુ આવી સહજ વાતને પણ મારો જામાત્ર રૂઢિપ્રયોગ બનાવીને જ્યારે ત્યારે રજૂ કરે છે. દીકરો મસ્તી કરે અને જમાઈ વદે - નાનીનો હાથ ફર્યો છે.

એટલું સારું છે કે પિતાગૃહે મુંબઈ પહોંચતાં તેની વાચાળતા ઘણી ઘટેલી રહે છે. બાકી વડોદરામાં અધ્યાપક નાનીની સોબતમાં તો વૈખરી ખીલીખીલી રહે છે. છ મહિનામાં જ મેં તેને હાથ લીધો. મમ્મી અથવા પપ્પા જેવા નાના શબ્દોને તો હું અડકી પણ નહીં. મેં તો પહેલા જ ધડાકે ઓમને પ્રકૃતિપ્રેમી બનાવીને પ્રથમ શબ્દ શીખવ્યો - ફૂલછોડ. ઓમ પણ પૂરેપૂરો સહકાર આપવા તત્પર હતો. પરંતુ તેની જિહ્વા થોડી પ્રમાદશીલ પુરવાર થઈ. તેથી ઓમ જ્યારે ચતુરાક્ષરી શબ્દ 'ફૂલછોડ' બોલતો ત્યારે તેની જિહ્વા ચારમાંથી બે શબ્દ ગળી જતી અને માત્ર 'ફૂછો' સંભળાતું. પડોશીઓ પૂછતા - આ શું બોલે છે! હું 'ફૂલછોડ' કહેતી ત્યારે સૌ વિસ્મિત બની જતાં અને હું મનોમન ગૌરવ અનુભવી કહેતી કે દોહિત્ર હો તો ઐસા. પછી તો ઓમ પ્રકૃતિપ્રેમમાં એવો ઓળઘોળ થઈ ગયો કે તે તેનાં મમ્મી-પપ્પાને કે વિવિધ પ્રાણી-પંખીને ઓળખતો હોય કે નહીં, પરંતુ બિલકુલ મારા જેવો પુષ્પદીવાનો બની ગયો. ફૂલને તે કોઈ પણ રૂપમાં ઓળખી પાડતો - કુદરતી છોડ પર, કૃત્રિમ છોડમાં, પુષ્પદાનીમાં, ટીવી શ્રેણીઓનાં દશ્યોમાં, કૅલેન્ડરમાં, વસ્ત્રોમાં, રૂમાલમાં વગેરે વગેરે...

પ્રકૃતિપ્રેમનો માર્યો તે કૅક્ટસને ભેટી ન પડે એ માટે મેં કૅક્ટસનું નામ ઓમ માટે 'બા'ઉ' રાખ્યું હતું. જિંદગીનું પહેલું વર્ષ તેણે ફૂલ, છોડ, ઝાડ અને બા'ઉ બોલવામાં પસાર કરી નાખ્યું.

બીજા વર્ષમાં પ્રવેશ થતાં જ મારા પ્રકૃતિપ્રેમે ઓમને આર્મસ્ટ્રૉંગ બનાવી દીધો. તેણે 'ચાંદામામા' પર છલાંગ મારી. ચંદ્રની તમામ કળાઓનું તેના વડોદરા-આગમન ટાણે મેં તેને એટએટલું દર્શન કરાવ્યું કે એ પંદર કળાઓમાંનો કોઈ પણ ચંદ્રાકાર ભીંત પર લીટાના રૂપે કે ખુરશીના નીકળી ગયેલા પ્લાઈવુડમાં પણ જુએ તો તરત બોલી ઊઠે છે - ચાંદામામા.

સંગીતપ્રેમની કહાણી તો પ્રકૃતિપ્રેમથી પણ અદકેરી છે. મારાં ત્રણે સંતાનો ગાયક બન્યાં એ પરથી કોઈને પણ મારા સંગીતપ્રેમની માત્રાનો અંદાજ આવી શકશે. (આમાંનું એક હમણાંનું લેખિકા પણ બન્યું છે. આ પણ જેવોતેવો વિસ્મયયોગ નથી.) જેને સંગીતપ્રેમી નાની અને ગાયકમાતા હોય તેવા ઓમને ગળથૂથીમાં સંગીત મળે એમાં શું અચરજ? ન મળે એ સંભવે જ શી રીતે? કારણ તેના જન્મથી માંડીને ત્રણ મહિના બાદ મુંબઈ પહોંચ્યો ત્યાં સુધી એના કર્ણપટલ પર મેં તમામ ફિલ્મી અને બિનફિલ્મી હાલરડાંની ઝડી વરસાવી હતી. છેવટે એને એવું સંગીતજ્ઞાન લાધ્યું કે સૂવા માટે સંગીત અનિવાર્ય છે. પરિણામે સૂવાનો સમય થતાં તેને પારણામાં મૂકતાંવેંત તે પોતે જ આ... આ... આ... નો આલાપ તાણવો શરૂ કરી મને લોરી ગાવાની પ્રેરણા કરતો. હાલ પોણા બે વરસના થયેલા એણે સંગીતપ્રેમના ક્ષેત્રે એટલી પ્રગતિ કરી છે કે ગીતોની ફરમાઈશ કરે છે. તે કહે - ઢોલી બાજે, એટલે મારે ઢોલ બાજે એ ગીતનું મુખડું ગાવું પડે. આજકાલ તેનું પ્રિય ગીત 'દેવદાસ' ફિલ્મનું 'ડોલા રે ડોલા' છે. મને કલ્પના નહીં કે મારો દોહિત્ર મારાં પગલાંને એટલી હદે અનુસરશે કે ગીતોની પસંદગીમાં પણ ગંભીરના બદલે હળવાં ગીતો પર પસંદગી ઉતારશે.

સાત વરસે પહેલા ધોરણમાં પ્રવેશ લેવાતા એ જમાનામાં મને તોફાની સમજીને છ વરસે માતાએ શાળામાં મોકલી આપી હતી. ઇતિહાસને પુનરાવર્તનની આદત હોય છે. એ પ્રમાણે મારી પુત્રીએ પણ મારા દોહિત્રને નટખટ સમજી અઢીના બદલે દોઢ વરસે પ્લે ગ્રૂપમાં મૂકી દીધો. ઓમના શિક્ષક બીજા શિક્ષકને કહેતા હતા – મારા વર્ગમાં એક ઓમ નામનો છોકરો છે તે કોઈ પણ સૂચના પ્રમાણે કરતો નથી. વર્ગમાં જેમ ફાવે તેમ ફર્યા કરે છે. ઓમની મમ્મી કોણ છે એ શરૂમાં નહીં જાણનાર શિક્ષકે ઓમની મમ્મીની હાજરીમાં જ આ વાત કરી હતી. મારી દીકરીએ આ વાત મને ફોનમાં કરી ત્યારે હું વિસ્મિત હતી કે મારો સ્વતંત્ર મિજાજનો વારસો પણ ઓમે આત્મસાત્ કરી લીધો હતો. મારા સમગ્ર વારસાને મારો દોહિત્ર પૂરેપૂરો પચાવી ગયો હતો. જો કે ઓમે છેવટે જે કર્યું એ તો હું પણ પચાવી શકતી નથી.

મારી દીકરીના દિયર-દેરાણી અને પડોશીઓ મારી દીકરીને ભાભી કહે. ઓમને મમ્મી ઉપરાંત ભાભી શબ્દમાં પણ રસ પડ્યો. તેણે બંને શબ્દોનો પ્રયોગ કરવાનું મુનાસિબ માન્યું. જો કે પ્રીત ઓમને 'ભાભી' શબ્દ માટે ટોકતી. ઓમ કંઈક માગે અને તેની ફરમાઈશ પૂરી થાય તો તે મમ્મી સંબોધન કરે અને જ્યારે ફરમાઈશ પૂરી ન થાય ત્યારે ભાભી. પછી ઓમને વડોદરા આવવાનું થયું. હવે તો મારી સંગતના બળે કે કોણ જાણે કેમ ભાભી શબ્દનો પ્રયોગ તેને ચીડવવા કરવા લાગ્યો. તે ભાભી કહે, હું 'ના' કહું, તે મમ્મી કહે એટલે હું 'હા' કહું. વળી, ભાભી શબ્દ તે ત્રણ વાર બોલે અને મમ્મી એક જ વાર. દોઢ વરસનું ટેણિયું મારી સાથે ટીખળ કરતું હતું.

વાત પચાવી શકાય એવી ન હતી છતાં મેં પચાવી લીધી. પચાવવા માટે ખાસ જહેમત લેવી પડી નહીં. વંશાવળી વાંચતા મથુરાના ચોબાના પાઠમાં હું આવી ગઈ. મારા પિતાની વિનોદવૃત્તિએ મને હાસ્યલેખિકા બનાવી. મારા હાસ્યરસે મારી નાની દીકરીમાં સંચરીને તેને હાસ્યલેખિકા બનાવી અને હવે મારી દીકરીનો દીકરો દોઢ વરસની વયે ટીખળ કરતો થઈ ગયો. મારા પ્રિય રાજકપૂર જેવો ચાર પેઢીનો ઇતિહાસ રચાઈ ગયો.

જો કે મારા દોહિત્રની વાત તો સૌથી નિરાળી છે. સમાન સૂર્ય રાશિ, પ્રકૃતિપ્રેમ, સંગીતપ્રેમ, અને નટખટપણું અને ટીખળીપણું છોગામાં. વારસદાર કેવો હોવો ઘટે એની વ્યાખ્યા બાંધવા નાની અને દોહિત્રને મળવું પડે અને તો મને લાધેલો વિસ્મયયોગ સંભવ છે કે સૌ કોઈને લાધે. ❑

અનુસંધાન] 'દૃષ્ટિભ્રમ' - છેતરાતી નજર... [પૃ. ૯૧૨ થી

આપણી આજુબાજુની દુનિયાની વિગતો મેળવવા માટે દૃષ્ટિ એ એક ખૂબ જ અગત્યનું સાધન છે. 'દૃષ્ટિભ્રમ-છેતરાતી નજર-**Optical Illusions**', '**Can you believe your eyes?**' વગેરે પર તો ઘણાં બધાં પુસ્તકો લખાયાં છે અને લખાતાં રહે છે. પરંતુ આ સાથેના દાખલાઓમાં જે રંગીન ચિત્રોવાળાં રમવાનાં પત્તાં બતાવ્યાં છે તે વિશે મોટા ભાગના વાચકવર્ગને ખયાલ નહીં જ હોય. છેતરાતી નજર પરનાં રમવાનાં પત્તાં (**Playing Cards**) અમેરિકા, ગ્રેટ બ્રિટન અને બેલ્જિયમમાં ખાસ કરીને બનાવાયાં છે, જેમાં જુદા જુદા દાખલાઓ, ખૂબીઓ વગેરે છપાયા છે. આ સાથે અમુક ચૂંટેલાં પત્તાંઓ પરનાં દૃશ્યો, વિગતો સહેલાઈથી સમજી શકાય તેવાં છે. બુદ્ધિશાળી વાચકવર્ગ આનંદ માણી શકે તેવાં આ પત્તાંઓ મારા પોતાના **Optical Illusions** રમવાનાં પત્તાંના સંગ્રહમાંથી પસંદ કરેલાં છે. આશા રાખું છું, દૃષ્ટિભ્રમ પરની પુસ્તિકા વાંચો તેમાં મળે તેટલો જ અથવા તો તેથી વધારે આનંદ અને જાણકારી આ પત્તાંમાંની ખૂબીઓ, ચિત્રો દ્વારા તમને મળશે. ❑

પાનવાળો

મૂ.લે. : પુ.લ.દેશપાંડે
અનુવાદ : અરુણા જાડેજા

દરેક રાષ્ટ્રને એકાદો કોક સાંસ્કૃતિક વારસો મળેલો હોય છે, એવું આપણે વિદ્વાનો પાસેથી આવતાં-જતાં સાંભળતા હોઈએ છીએ. ઉદાહરણાર્થે, અંગ્રેજોની ક્રિકેટ, અમેરિકનોની બેઝબૉલ, ઝુલૂઓનું કદાચ ઝુલૂ નૃત્ય, હિન્દુસ્તાનનો સાંસ્કૃતિક વારસો ક્યો એ ચર્ચા પર તો શાહી અને કાગળના અસંખ્ય કારખાનાવાળા નભી શકે. એકાદ આંગળી કાલિદાસ તરફ ચીંધાય. તો એ જ આંગળી હજી વધારે પાછળ ખેંચીને ઠેઠ ઉપનિષદ સુધી લઈ જવાય. પણ આપણે ત્યાં કાલિદાસ થઈ ગયો તો એમ ત્યાં શેક્સપીઅર થઈ ગયો. ઉપનિષદની બરાબરીનો એકાદો ગ્રંથ બેબિલોનિયન સંસ્કૃતિના અવશેષોમાંથી સચવાતો સચવાતો એકાદા મ્યૂઝીઅમમાં જઈ બેઠો હશે. હિમાલય જેવો આલ્પ્સ છે. ગંગા જેવી બ્લ્યૂ ડેન્યૂબ છે. પણ તેના વૈશિષ્ટ્યપૂર્ણ અસ્તિત્વ થકી અમારી એક જે ચીજે સારી દુનિયાને મોંમાં આંગળાં નાખતાં કરી દીધી છે, જેમાંથી થનારી રસ-નિષ્પત્તિ સામે તો ઈંગ્લન્ડના શેલીથી માંડીને તે પૂણેના કોક હોનહાર લેલે સુધીના કવિઓનાં કાવ્યોના નવરસો શુષ્ક લાગે છે, એ આ 'પાન' જેવી ચીજનું નિર્માણ આપણા જે ભારતદેશમાં થયું છે એ દેશ તો ભાઈ ધન્ય! અને એ પ્રાચીન સંસ્કૃતિનું માથામાં તેલ અને આંખમાં આંજણ આંજીને રક્ષણ કરનારો પાનવાળો તેથીય ધન્ય ભાઈ! વેદની પહેલી પ્રાર્થના આપણે ભેગાં થઈએ, આપણે ભેગાં જમીએ એવી કંઈક છે. ઘડીભર માટે કલ્પના કરો. નૈમિષારણ્યનો મઠ છે. બ્રહ્મારણ્યના અને બીજાયે ક્યાંય ક્યાંયનાં અરણ્યોમાંથી ઋષિઓ એકઠા થયા છે. 'अथाऽतो ब्रह्मजिज्ञासा' એમ કહેતા કહેતા જિજ્ઞાસુ ઋષિઓ તાંબૂલભક્ષણ કરી રહ્યા છે. વળી, વચમાં જ વિશ્વામિત્ર વસિષ્ઠની ડબ્બીમાંથી ચૂનો લે છે. ખાસ દંડકારણ્યની તમાકુ માટે દુર્વાસા એમની અદેકરી હઠે ચઢ્યા છે. વસિષ્ઠ અરુંધતીને આશ્રમમાંથી બે-ચાર લવિંગ લાવવાનું જણાવે છે અને સેવા કરવા તત્પર એવા છાત્ર-ગણ થુંકદાની તરીકે જૂનું કમંડલું ફેરવી રહ્યા છે. વસિષ્ઠ કહે છે, 'બ્રાહ્મણ બ્રહ્મ જાણે છે'. તો વિશ્વામિત્ર 'બ્રહ્મ જાણનારો બ્રાહ્મણ' એવો યુક્તિવાદ કરી રહ્યા છે. એ રસભર્યા વાદવિવાદ બેઉનાય મોંઢાં મુખરસભર્યાં થઈને બંધ થાય ત્યાં સુધી ચાલી રહ્યા છે. શી એ સંસ્કૃતિ! આજે બાકી આ ઉદાત્ત સંસ્કૃતિનું સંરક્ષણ સમાજમાં ઉવેખાયેલો 'પાનવાળો' એકાદ કોક ક્ષુધાશાંતિગૃહને આશ્રયે બેસીને કરી રહ્યો છે. વચગાળાના ગુલામીપણાના કાળમાં આરોગ્યની અને ટાપટીપની વિલાયતી કલ્પનાઓને લીધે આ સંસ્કૃતિરક્ષક પાન-વાળાનું સાંસ્કૃતિક મહત્ત્વ



ગબડ્યું તે ગબડ્યું જ!

પાનવાળા બે જાતના હોય છે. એક ઠાલો પાનવાળો અને બીજો પટ્ટ (પટ્ટી) પાનવાળો. ઠાલા પાનવાળાની દુકાને વર્ણસંકરતા ખાસ્સી. મુંબઈમાં જેને પાનની ગાદી કહે છે, એ અમારા મતે સાચો પાનવાળો નથી. કારણ એની ઈમાનદારી કેવળ પાન પ્રત્યે જ નથી હોતી. કુલીન કવિ જેમ કવિતા પ્રત્યે ઈમાનદારી રાખે એમ લઘુનિબંધ-કથા-નવલકથા પ્રત્યે ભૂલેચૂકેય ફરીને જોતો નથી, એનાથી ઊંધું એકાદો ત્રાહિત ઉપસંપાદક જેમ પ્રાસંગિત કવિતાથી માંડીને તે એકાદી નટીની અપ્રાસંગિત મુલાકાત સુધી ફાવે તે લખી કાઢે છે તેવું આ ગાદીના પાનવાળાનું. ભાગીરથીબાઈનો ભરથાર તે નામે સખારામ મલુષ્ટે એવો આ પોતાની વિધવા માસીના નામે તમાકુનું લાઈસન્સ કઢાવીને તમાકુ પણ વેચે છે. બીડી રાખે, સિગારેટ રાખે, છીંકણી, મીણબત્તી, સાબુની ગોટી, એટલું જ નહિ, પોસ્ટનાં પત્તાં-પાકીટ સુધ્ધાં વેચે. આવો બેઈમાન પાનવાળો ચોરીચપાટીને કવિતાસંગ્રહનાં પાનાં વેચતોય અમારી નજરે ચઢ્યો છે.

એ પોતે પાન બનાવી આપતો નથી. એના ગલ્લે ક્યારેક પાન ખાવાનો વારો આવ્યો, તો ઘરના જ પ્યાલા-રકાબી લઈને હોટેલમાં ચા પીવા ગયા જેવું લાગે. જૂનાપુરાણા સંસ્કૃત દુર્લભ ગ્રંથોનો થોકબંધ પણ ઉદ્ધત એવો વિક્રેતા અને દશગ્રંથો પચાવીને નમ્ર તેમજ સૌમ્ય થયેલો વિદ્વાન એ બેઉમાં જેટલો ફેર છે તેટલો જ ફેર આ ગાદીના પાનવાળા અને અમારા પટ્ટ પાનવાળામાં રહેલો છે. એક પાસે મોટરગાડીની ઉપયુક્તતા છે, તો બીજા પાસે બે ઘોડાવાળી બગીનો રસાલેદાર ઠાઠ છે.

ગાદીના પાનવાળાને ગલ્લે ખાલી માલ જ ભરી રાખેલો દેખાય છે. એ ગલ્લે 'પાન ખાવું' એવા આચારધર્મપાલનને લગતું વાતાવરણ હોતું નથી. એ જ અમારા પટ્ટ પાનવાળાને ગલ્લે જુઓ. મંદિરના ગભારામાં ઊભા રહીને મનને જે એક જાતની પ્રસન્નતા, દિવ્યતા, ભવ્યતા વગેરે જે જે કાંઈ થઈ આવતું હોય છે એવું જ આ પાન-વાળાને ગલ્લે ઊભા રહેતાં થવા લાગે છે. પહેલાં તો સામે અરીસો, એમાં દેખાનારી ઘરાકની મૂર્તિ, કપાળમાં ચંદનનો વેલબુટ્ટીદાર લેપ લગાડીને બે ભ્રમરો વચ્ચે અને બેઉ કાનસીલો પર સિંદૂર લગાડેલું, મખમલનું ચોખ્ખું પહેરણ અને કાનમાં અત્તરનું પૂમડું એવા ઠાઠમાઠમાં પૂજારી જેવો બેઠેલો એ પાનવાળો ભૈયો. પૂજા-

વિધિનાં ઉપકરણો જેવા કાથા-ચૂનાના પિત્તળિયા લોટા. એમાં પંચપાત્રમાં આચમની ખખડાવ્યા જેવી છટાથી દાંડી ફેરવવાની એ કમનીય છટા. ભગવાનને ધરાવેલા નૈવેદ્ય જેવું એ બીડું ઘરાકના હાથમાં મૂકવાની એ નમ્ર અદબ. ગલ્લા ફરતે એના ઘરાકરૂપી અસંખ્ય દેવોએ છાંટેલાં એ મંગળ છાંટણાં. સાત્ત્વિકતાનું આ સારું-સઘળું દિવ્યદર્શન પામ્યા પછી મારા અંગે ઉન્મની અવસ્થાવાળા યોગી જેવાં રોમાંચ ખડાં થયાં છે.

ક્યારેક ક્યારેક તો પાનના આવા ગલ્લાની અને સંસ્કૃતિના આપણા બીજા કેન્દ્ર જેવી વિદ્યાપીઠની તુલના કરવાનો મોહ મોઢામાં ખોસેલા બીડા જેટલો જ બેકાબૂ થઈ ઊઠે છે. કમનસીબી એ છે કે અતિપરિચયને લીધે પાનવાળાનું સંસ્કૃતિસંરક્ષણ આપણને દેખાતું નથી. સાહિત્ય, સંગીત અને કલાનો ત્રિવેણીસંગમ પાનવાળાના ગલ્લા સિવાય બીજે ક્યાંયે શોધ્યો જડે એમ નથી. આવડા અમસ્તા ગલ્લામાં કેટલાં બધાં અણમોલ, સાહિત્યિક વચનો ચોડેલાં જણાશે : જેમ કે 'દામ કરે કામ', 'જ્યાં લગણ પૈસો ત્યાં લગણ બૈસો' માર્ક્સે પણ આથી વળી બીજું શું કહ્યું છે? એક બાજુએ આ સુભાષિત છે તો બીજી બાજુએ 'એક નૂર આદમી ઑર દસ નૂર કપડાં' એવો હિતોપદેશ! મને થાય છે કે મુંબઈની ચાર ગલીઓના પાનવાળાઓના ગલ્લાનું સાહિત્ય એકઠું કરતાં જ્ઞાનકોશની જાડાઈનો એક ગ્રંથ ના ના કહેતાં સહેજે ખરડી શકાય. ઘરાક ન હોય ત્યારે અરીસામાં આત્મનિરીક્ષણ કરતાં કરતાં થતી સંગીતની ઉપાસના પણ જિજ્ઞાસુ જોઈ શકે છે, અથવા ઘરાકનું નૂર જોતાં એ જ ઢંગનો સૂર કાઢતાં કાઢતાં બીડું આપવાના અભિનયની સાથે સાથે મોઢેથી પાર્શ્વસંગીતની સંગત કરનારા પાનવાળાઓ પણ અસંખ્ય છે. પરંતુ પાનવાળો એ ભલે હાથે નહિ પણ હાડે તો ચિત્રકાર જ છે. પાનના બીડામાં રંગ, રસ અને ગંધ એ બધાયનો એક સુભગ સમન્વય છે. આથી પાનવાળાનું ખરું ખેંચાણ તો ચિત્રકળા તરફનું જ છે. જૂની સ્ત્રીપાર્ટી નટોના 'માસિક મનોરંજન' કે 'વસુંધરા'ના નાટ્યવિશેષાંકોમાં 'રત્નાકર'ના 'બાળગંધર્વ-પ્રશંસા' અંકમાં આવેલા ફોટો હજી પણ અમારા નાટ્યકલાભિમાની પાનવાળાએ જતન કરીને સાચવી રાખ્યા છે. મહાત્માજીના ઉઘાડા શરીરના ફોટા આજે ગમે ત્યાં જોવા મળે છે. પણ નેહરુપહેરણ પહેરેલા, ગાંધીટોપી ચઢાવેલા ગાંધીજી હજી અમારા પુરાણપ્રિય પાનવાળાએ જ જતન કરીને રાખ્યા છે. ગાંધીજી અને મોતીલાલજીની પાછળ ઊભા રહેલા જવાહરલાલજીની હારમાં શિવાજી મહારાજ, રાણા પ્રતાપ, કાનમાં લાંબાં ઇયરિંગ્સ અને લાંબી બાંયનો કબજો પહેરેલાં ઈસવી સન ઓગણીસો સોળવાળાં સરોજિનીદેવી. એમની આગળ હનુમાનજી અને તે પણ છાતી ફાડીને રામપંચાયતનો સીન બતાવનારા! નાટ્યકલા ઇતિહાસ, રાજકારણ, ધર્મ જેવી બધી વાતોનો આવો સપ્રમાણ આવિષ્કાર ક્યારેક જ જોવા મળે છે.

આજકાલ ચિત્રકળાક્ષેત્રમાં ચિત્રો કરતાં ચિત્રકળાના ઘરાણા અધિક ઊભા થયા છે. ચોખંડાં ચિત્રો અને લીટાડા, વાસ્તવ અને અવાસ્તવ એવી અસંખ્ય શૈલીઓ રૂઢ થઈ છે. પરંતુ પાનવાળાના ગલ્લાના કાચ પર દોરેલી ચિત્રોની તોલે આમાંના એકેય ચિત્રકારની કળા આવી શકે તેમ નથી. અજંતાના ચિત્રકારો પ્રમાણે આ ચિત્રકારો પણ અજ્ઞાત છે. એણે દોરેલા સૂર્યોદયના દર્શનથી તો સાક્ષાત્ સૂર્યનારાયણની આંખો સામે પણ આગિયા ચમકવા લાગશે. આકાશમાં વિમાન છે. વિમાનમાંથી બહાર ડોકાનારો અને આંખો કરતાંયે મોટાભમ કાળાંચશ્માં ચઢાવેલો પાઈલોટ છે. પુલ પર રેલગાડી છે. પુલ નીચે વહાણ છે. વહાણની નીચે ખાડી છે. ખાડીમાં કમળો છે. ખાડીની બાજુમાં દરબારગઢ છે. દરબારગઢની કમાન પર 'વેલકમ' એવું બોર્ડ છે. દરબારગઢ સામે બગીચો છે. બગીચામાં ભગવાન શ્રીકૃષ્ણ વાંસળી વગાડે છે અને રાધાગોરી મુગ્ધ થઈને રેલગાડી સામે જોઈ રહી છે!! સ્થળ, કાળ, વિષય-એકેયની જુલમી મર્યાદામાં ન બંધાનારું કલાનું આવું હૂબહૂ દર્શન ફક્ત પાનવાળાના કાચ પર જ જોઈ શકાય છે! એક પાનવાળાના ગલ્લે તો કોક ગોસ્વામી બાલ બ્રહ્મચારી અને 'બંદૂક કી અવાજ' ફેઈમ મિસ લવંગલતા એ બેઉનો ફોટો એક જ ફ્રેમમાં મઢાવેલો મેં મારી સગી આંખે જોયો છે! અનાસક્તિ અને આસક્તિનો આવો ઘડાઈ રહેલો યોગાનુયોગ એ પછી મેં ક્યાંયે જોયો નથી.

સાર એટલો જ કે સાહિત્ય, સંગીત અને કલા જેવાં ત્રણેય અધિષ્ઠાનો હોય એવી આ એક નાનકડી વિદ્યાપીઠ જ છે. પાનવાળાનું પાન ખાઈ લઈને થૂંકી કાઢવાનું હોય છે. વિદ્યાપીઠમાં મળેલી વિદ્યાનોય વ્યવહારમાં નિરુપયોગી કહી દઈને નાખી દેવા સિવાય એનો ઉપયોગ આપણે કયો કરીએ છીએ? મોઢું રંગાયું એટલે થયું, અંદર રસ હોય કે ના હોય એવી વૃત્તિથી પાન ખાનારા લોકો શું ઓછા છે? એ જ ગત ડિગ્રી હોય એટલે થયું, માંહી જ્ઞાન હોય કે ના હોય એવું કહેનારા અસંખ્ય પદવીધરોની!

પાનવાળાની જેમ એના ઘરાકોનાય અસંખ્ય પ્રકારો છે. ડૉક્ટરોની ડિસ્પેન્સરીમાં હોય તેમ પાનવાળાને ગલ્લે અનેક બાટલીઓ જોઈને નવો નિશાળિયો ચકરાઈ જાય છે, પાનવાળા 'કૈસા પાન બનાઉં?' એવા રાષ્ટ્રભાષામાં સવાલ ફેંકે એટલે 'મસાલા અને ચૂનો ઓછો' કહેનારા ઘરાક આવે એટલે પાનવાળાનો અડધો ઉત્સાહ તો ફુસ્સ! ઓછો ચૂનો લગાડીને મસાલા પાન ખાનારો પુરુષ કોળું બાંધીને તરનારા જેવો બાઘો ગણાય છે. મસાલા પાનનાં બીડાં પુરુષોએ ખાવાનાં હોતાં નથી. એ તો પારદર્શક કાગળિયામાં બંધાવી લેવાનાં હોય છે. પાનમાં 'કોપરું વધારે નાખ' એવું કહેનારા ઘરાક સામે પાનવાળો કેવળ ભૂતદયાથી પ્રેરાઈને દયામણી દૃષ્ટિ ફેંકે છે. ઘરાક એટલે શું જોઈએ? પાન માંડવાનું કે બંગલા-મીઠું કે તીખું-રામટેક કે લબાડ (લબાડ એ પાનની જાત છે, ઘરાકની કે પાનવાળાની નહિ!) દેશી કે સાદું પૂના-જે એને ઝટ દઈને પારખતાં આવડવું જોઈએ. ચોપાટી પર પાંચ કે દશ રૂપિયાની જે પાનપટ્ટી મળે છે એ તો બજારું પાનવાળાના ધંધાનો

એક ભાગ થયો. સાચા પાનવાળાની અને ખાનદાની ગવૈયાની જ તુલના થઈ શકે. બજારુ સંગીત દિગ્દર્શકને સત્તરસો ને સાઠ વાદ્યોની ભેળ ભેળવીને જીવવું પડે છે, પણ અસ્સલ ગવૈયો તો તંબૂરાના ચાર તાર અને એક મૃદંગના સાથમાંય સંગીતનું સ્વર્ગ ખડું કરી દે છે.

ખાનદાની પાન - પાન, ચૂનો, કાથો, સોપારી અને પંચમ તરીકે જાણીતી માનીતી તમાકુ એટલા માત્રથી જ ભરપૂર રસનિષ્પત્તિ કરી મૂકે છે! અસ્સલ પાનવાળાના અસ્સલ ઘરાકો એટલે સાદું સિંગલ પાન, આગળ પડતો ચૂનો, ભરપૂર તમાકુ અને ઉપરથી 'ભૈયા, જરા ચૂના દે દો ના' કહેતા જીભ પર ટીલું કર્યા સરખો ચૂનો લગાડીને, પહેલી પિચકારી એના ગલ્લા સામે જ ફેંકતો જાય તે! અને ઘરાકની નજરે પણ ઘરાકના પહેરણ પરના, ધોતિયા પરના અગાઉ મારેલી પિચકારીના ડાઘ જોતાંની વારમાં જ સરખી એવી કટકા સોપારી, જ્યાદા ચૂનો અને ભારોભાર તમાકુ, થોડીક મોહિની નાખીને એવું બીડું ન માગ્યે બનાવી આપીને ચૂનાની દાંડી આગળ ધરે એ જ પાનવાળો સાચો! 'વીર મર્દોના ફાગ પણ વીર મર્દોએ જ ખેલવા' તેમ આવા પાન ખાનારા પાનપટુઓનું બીડું પણ પટુ પાનવાળાએ જ જમાવવું.


આ બાબતે પાનવાળાની યાદશક્તિ બાકી જબરી હોય છે. શેકેલી સોપારીવાળો કોણ, છલ્લી સોપારી કોને જોઈએ, કટકા સોપારીવાળું કોણ, વરિયાળી કોને ખપે, સૂકા કાથાવાદીઓ ક્યા ક્યા, લવિંગ એક કે બે, ચૂના કમ કે જ્યાદા, તમાકુ પત્તી કોણ લે, સાતારી જર્દાવાળો કોણ, બનારસીવાળો ક્યો, ખાસ જાફરાની તમાકુનો ભોક્તા ક્યો! સંધ્યાકાળે દીવાબત્તી થયા પછી સોનાનો વરખ લગાડેલી અત્તરવાળી મસાલા પાનપટ્ટી લઈ જનારો શૉખીન જીવડો ક્યો - આ બધાનાં પ્રિસ્ક્રિપ્શનો એના મગજમાં બાકી પાક્કાં. માગ્યા વિના જોઈતું પાન પામવું એ જ રીઢા ઘરાકની અસ્મિતા. કિંબહુના, મારા કાયમી પાનવાળાએ 'સાહેબ, પાન સાદું બનાવું કે મસાલા?' એવો અપમાનજનક પ્રશ્ન પૂછીને એક વાર મારો અહંકાર દુભવ્યો હતો. જેના ગલ્લા સિવાય મારું પાન હલ્યું નથી, એવા ભરોસેમંદ પાનવાળાને એ વખતે, 'તું જ કે પેલો બ્રૂટ્સ?' એવું પૂછવાનું મને મન થયું.

પરંતુ એમાં વાંક એનો નહોતો. થયું એવું કે મારી બાજુમાં કોઈ નવોસવો હોંશીલો પતિ પોતાની પત્નીને તેડીને પાન લેવા આવ્યો હતો, પેલી બિચારી જરા બાજુ ચૂકી ગઈ હતી અને પાનવાળો અંદાજ ચૂકી ગયો! મારો સંતપ્ત ચહેરો જોઈને, 'અરે, ગલતી થઈ સાહેબ, મને થયું કે બેન તમારી સાથે છે.' એવી માફી માગતા માગતા ક્ષણાર્ધમાં તો મારું પાન બનાવીને ચૂનાની દાંડી મારી સામે ધરી. પેલો પત્નીવાળો પતિ ગુસ્સામાં પોતાની પત્નીને લઈને નીકળી ગયો હતો. પણ પાનવાળાને એનું કાંઈ દુ:ખ નહોતું. કારણ પાનવાળાને પાન ખાઈને ગળી જનારા ઘરાક ખપતા નથી. અમારી જેમ ચીજ ઘોળી ઘોળીને ગાનારા ગવૈયા પ્રમાણે પાન ઘોળી ઘોળીને થૂંકનારા આવા થૂંક-સંપ્રદાયી તમાકુવાળા ઘરાકો જ અથૂંક સંપ્રદાયી, મસાલા પાન ખાઈને ગળી જનારા ઘરાકો કરતાં એમને એ અધિક લેખે છે. પાન ખાવામાં મર્યાદા ખરી, થૂંકવામાં નહીં.

પાનવાળાના કેટલાક ગમા બાકી અગમ્ય હોય છે. બધા જ પાનવાળાની કાતરની અણી ભાંગેલી કેમ હોય છે કોયડો બધા જ કલ્લાઈવાળા બંડી કેમ પહેરે છે એ કોયડા જેટલો જ અગમ્ય છે. પાનવાળા માથામાં આટલું તેલ કેમ ચોપડે છે? એનો જવાબ મુંબઈનો ઘરઘાટી જ આપી શકે. પાનવાળા દિવસના ક્યારે ઘરે જઈ આવે છે એ ક્યારેય જણાતું નથી. પાનપટ્ટીવાળો પોતાનો ગલ્લો છોડીને બીજે ક્યાંય પણ બેસી શકે એ વાત જ ગળે ઊતરતી નથી. તેથી જેમ રોજ આવનારા ટપાલીને સાદા વેશમાં ઓળખવો અશક્ય તેમ આ પાનવાળો અચાનક બસમાં ભેટી જાય તો એને પણ ઓળખવો અશક્ય થઈ પડે. આ હીરાને તો એ ગલ્લાનું જ જડતર જોઈએ. પાન લૂછવાનો એનો કટકો - જેનાથી પાન ચોખ્ખાં થાય છે કે બગડે છે એ એક પાછો ચર્ચાનો મુદ્દો છે. વેચનારના મેલાદાટપણાની ચઢતી શ્રેણી પર ચોપાટી પરની ભેળની લિજ્જત હોય છે એવું જાણકારો કહે છે. એ જ રીતે પાન લૂછવાના આ કટકાના પાન પર કાથા-ચૂનાના પાશ જેટલા વધારે તેટલું પાનવાળાનું ખાનદાન ઑર અસ્સલ! પણ એવી તેવી બાબતોની સ્વચ્છતા એને મંજૂર નથી. બાકી તમે એના કાથા-ચૂનાના ઝગમગતા લોટા જુઓ, એલચી લવિંગ મૂકવાની પિત્તળની વાટકીઓનો ચળકાટ જુઓ કે પછી દિલખુશ મસાલા ટેસદાર પટ્ટીમાં લગાડવાની અત્તરની કટ ગ્લાસની તગતગતી બાટલી જુઓ. શી વિસાત છે પાનવાળાને અસ્વચ્છ કહેવાની! આજકાલ ચોખ્ખાઈની આ ચોખલિયાળી કલ્પનાઓને લીધે એક જમાનાનો આ રાજાશાહી ધંધો બેસી રહ્યો છે! 'અહીં થૂંકશો નહિ, ત્યાં થૂંકશો નહિ' એવાં પાટિયાં જોઈને પાન ખાનારાઓને મોઢે નરી લાય લાગી ઊઠે છે. આજના ક્રાંતિયુગમાં પાન જેવો લાલભડક મૌખિક પ્રચાર બીજા એકેય સાધન વડે થતો નથી. પણ પાન કેમ ખાવું એનાથી અજાણ એવા પાશ્ચાત્યોના વાદે એમની સામે લાળ પાડનારા સુશિક્ષિત સમાજમાંથી પાનનું માન ઓછું થતું જાય છે, જે કમનસીબીની વાત છે. બોલો, કહે છે, કપડાં પર ડાઘ પડે છે! થૂંકતાં આવડે નહિ તો કહે પાન ખરાબ! અમે તમાકુ ખાતા નથી એવું કહેવામાં ધન્યતા માનનાર ઈસ્ત્રીબંધ યુવાનોને જોઈને થાય કે, 'બીડું સ્વીકારો રે મહારાજ' થી માંડીને પોતાના પતિને ગોવિંદ-બીડું, ત્રયોદશગુણી બીડું વગેરે ધરનારી સુગૃહિણીઓએ પાને પાને જતન કરી સાચવેલા આ સાંસ્કૃતિ વારસાનું આગળ જતાં શું થશે એ ચિંતામાં ને ચિંતામાં પાન રંગ્યું રંગાતું નથી. આ સંસ્કૃતિનું જતન કરનારા નાકા પરના આ પાનવાળાનોય જવાનો વારો આવશે કે કેમ એવી બીક લાગી રહી છે અને આથી જ એ પંચમયુક્ત પાનને અને એ પાનવાળાને ફરી એક વાર સંભારી આપવો એવું થાય છે...

'કૃષ્ણ ચાલ્યા વૈકુંઠે, કર ઝાલીને રાધા વિનવી રહી,
અહીં તમાકુ ખાઈ લે રે-ત્યાં કને કનૈયા તમાકુ નહિ.' ❑

અતીતમાં અવગાહન :
રવિશંકર રાવળનાં કટાક્ષચિત્રો, અથાણું વગેરે



સળંગ અંક] **આહુતિ** [ઉપમાંથી

હિંદુસંસારની લગ્નવેદીમાં અત્યારે કેવી આહુતિઓ અપાય છે એ સર્વવિદિત વાતનું આ કરુણ વ્યંગચિત્ર છે જે વેદીમાં કુમળાં બાળકબાળકીઓને હોમવાને વડીલો મલકાતે મોંએ ઊભાં હોય; જેમાં મરણોન્મુખ વૃદ્ધો ને રોગિષ્ઠો જોડે દેશની લક્ષ્મી સમી કન્યાઓને હોમવાનાં હોંસીલાં સગાંઓને ઓરતા વીતતા હોય; જ્યાં મહત્ત્વાકાંક્ષી કુમારો ને ઢીંગલે રમતી કુમારીઓ હોમાતાં હોય, જેમાં ધર્મપ્રિય આચાર્યો, શાસ્ત્રદષ્ટિ કર્મકાંડીઓ ને જ્ઞાતિશુભચિંતક પટેલો નિષ્ઠુરપણે ઊગતી પ્રજાની આહુતિ આપી ઉપર અંધસંમતિનું ઘી હોમી રહ્યા હોય એ વેદી રૂઢિમંડપનાં તોરણ તો ખોપરીઓનાં જ હોય ને? અને વેદીમાંથી નીકળતા, આહુતિ બનેલાંઓની કકળતી આંતરડીઓના શાપ જ્યાં વરસતા હોય તે દેશની દુર્દશા ન હોય તો બીજું શું હોય?

અ થા ણું

એક : આ આખી કાદંબરી હું વાંચી ગયો, એમાં બધું સમજાયું, માત્ર છેવટનો આ શબ્દ 'સમાપ્ત' ન સમજાયો. એ સમાપ્ત એટલે શું?

બીજો : મને લાગે છે કે એ સમાપ્ત નામનો કોઈ લેખક હશે. અને એ લાગે છે પણ કોઈ ભારે લેખક. મેં જેટલી ચોપડીઓ વાંચી છે તેમાંની ઘણીખરીને છેડે એનું જ નામ લખેલું હોય છે!




સળંગ અંક]

જિંદગીની સફરે

[૩૪માંથી

કેટલા અને કેવા બોજા સાથે, કેવી જંજીર ગળામાં પહેરીને અને કેવી મામુલી જીવનનૌકામાં બેસીને આપણો યુવાન વિદ્યાર્થી ઘૂઘવતા સંસારસાગરમાં જિંદગીની સફરે ઊપડે છે એનું ઉપલું ચિત્ર વધારે સમજાવવું પડે તેવું નથી. એક બાજુએ પોતે પોતપોતાની ફરજ બજાવી ચૂક્યાં છે એવું માનનારાં માતપિતા, ધર્મગુરુ અને વિદ્યાગુરુ તથા બીજી બાજુએથી સફરની ભીષણતામાં વધારો કરતાં ચડી આવતાં તોફાનોનાં ઘોર વાદળાં પણ લક્ષ બહાર નહિ હોય.



સળંગ અંક] **વ્યવહાર પૂજા** [૩૬માંથી

રૂઢ—સ્થાપિત વ્યવહાર ઉપર આપણા દેશમાં એટલું બધું ધ્યાન અપાય છે કે જીવનની બીજી બધી સંસ્કારી અને વિકાસસાધક પ્રવૃત્તિઓને અવગણી, ભૂખે મરતી રહેવા દઇ, એ વ્યવહારરાક્ષસનું હોજરૂં ભરવામાં જ આપણા સંસારની સમાપ્તિ થઇ જાય છે; અને શોખ કે શોભાને ખાતર પીંજરે પુરી રાખેલાં પંખીની જેમ આપણે કેળવણી અને સંસ્કારને સમાજની મર્યાદામાં સોષાતાં રાખી દયાને નામે ચપટી દાણા નાખતા હોઇએ છીએ. આપણી સર્વ સંપત્તિ હોઇયાં કરી જતા એ વ્યવહારની પંચાત મુકી આપણાં માબાપો ને વડીલો કોઈ રીતે ય પ્રભુમોકલ્યાં પંખી જેવી બાળપણની સેવામાં લાગી જાય?

૨૫૧ તદ્દન નવા સંસ્થા-ગ્રાહકો માટે અર્ધા લવાજમે 'કુમાર'

જાન્યુઆરી ૨૦૦૩થી જે કોઈ શાળા-મહાશાળા-પુસ્તકાલય 'કુમાર'ના ગ્રાહક ન હોય તેમને એક વર્ષ માટે 'કુમાર' અર્ધા લવાજમે એટલે કે માત્ર રૂ. ૭૫-૦૦માં જ મળી શકશે. દાતાની શરત પ્રમાણે આ યોજનાનો લાભ 'કુમાર'ની ગ્રાહક ન હોય તેવી તદ્દન નવી સંસ્થા જ લઈ શકશે. વહેલો તે પહેલો એ ધોરણે ગ્રાહકો નોંધાશે. તો સત્વરે રૂ. ૭૫-૦૦ કુમાર કાર્યાલય લિ. ૧૪૫૪, રાયપુર ચકલા, અમદાવાદ-૩૮૦૦૦૧ એ સરનામે મનિઑર્ડરથી મોકલી આપો.

અથાણું

ઘરાક : કાં? તેલબેલના હમણાં શા ભાવ ચાલે છે?

ઘાંચી : સાહેબ, હું તેલ જ વેચું છું, બેલ તો હમણાં જ ખરીદ્યો છે એટલે વેચવાનો નથી

*

ટાલિયા મહેમાન : અરે પેસુ, કેમ કંઈ આટલો બધો ખુશી છે?

પેસુ : કાંઈ નહિ, એ તો માયજીએ તમારા ઓરડામાં ઓળવા માટે દાંતીઓ ને બ્રશ મૂક્યા છે તેથી!

*

નટુ : (સો વરસની વયે પહોંચેલા વૃદ્ધને) તમે આટલાં બધાં વર્ષો જીવ્યા તેનું કારણ શું?

ડોસો : કારણ કે હું આટલાં બધાં વર્ષો પહેલાં જન્મ્યો હતો.



સળંગ અંક] **મોતનો ભરડો** [૩૩માંથી

આ ભયંકર સર્પનો ભરડો એ પાયમાલીનો–વિનાશનો ભરડો છે; સાક્ષાત્ મૃત્યુનો ભરડો છે. એક વાર એના સકંજામાં સપડાયા એટલે મૂઆ જ પડ્યા.

એ બહુ ભયાનક, વિષમ અને કડવી પણ તદ્દન સાચી વાત છે કે આપણી ઊગતી પ્રજાનો ૭૦ થી ૮૦ ટકા ભાગ આ સર્પના ભરડામાં સપડાયેલો છે. રાતદિવસ વિદ્યાર્થીઓના સહવાસમાં આવેલા શિષ્ટ જનો અને કેળવણીકારોનો આ સ્પષ્ટ મત છે. જેને પ્રાણવાન ને તેજસ્વી નાગરિકો થયેલા જોવા આજના દેશહિતેષીઓ ઝંખે છે એ ભાવિ પ્રજાના મોટા ભાગની, ઉપલા ચિત્રમાં બતાવ્યા મુજબની લાચાર ને પાયમાલ સ્થિતિ જે દેશમાં હોય એ દેશના જયવારાની આશા ફોકટ છે.

આ મોતના ભરડામાંથી બચવાનો ઉપાય? : ભીષણ યુદ્ધ કરવાનું પ્રખર આત્મબળ.

ફૂલપાંદડી

એક વખત કોઈએક કવિ હતો. જગતના લોકો તેને સમજી શકતા ન હતા.

આથી કેટલાક લોકોએ વિચાર કર્યો કે આવા માણસની દુનીઆને જરૂર નથી.

લોકો દોડ્યા અને જગતને એક ખૂણે જ્યાં કવિ રહેતો હતો ત્યાંથી તેને ખેંચી લાવ્યા.

કવિએ લોકોને કહ્યું, 'પણ હું તમારું ડહાપણ સમજી શકતો નથી, માટે ડાહ્યો નથી થઈ શકતો.'

આથી ગુસ્સે થઈ એક પંડિતે કવિના હૃદયમાં ડહાપણની કટારી મારી.

કવિ હસતાં હસતાં તે લોકોના પગ આગળ મરણ પામ્યો. હાસ્ય મીઠું પણ અસહ્ય હતું.

હજીયે જગતમાં એ હાસ્યના હૃદયભેદક પ્રડઘા પડે છે.

- પૃથુરાજ શુક્લ

અથાણું

એક અભિમાની જુવાનીઓ વકીલની સલાહ લેવા ગયો. વકીલ સાહેબ સાક્ષીઓને પઢાવવાના કામમાં હોવાથી એને અરધો કલાક બહાર બેસવું પડ્યું. ભાઈનો તો મિજાજ ગયો. ઓરડામાં આવતાં વેંત તેણે વકીલને સંભળાવ્યું, 'મને ઓળખો છો, હું કોણ છું? મારા પિતા મિલમાલિક છે.

વકીલ ઠંડે પેટે બોલ્યા : 'ખુરશીએ બેસો.'

'અને મારા કાકા શાહીબાગના બંગલામાં રહે છે.'

એટલા જ ઠંડા મિજાજે વકીલે જણાવ્યું, 'ત્યારે બે ખુરશીઓ લઈ બેસો!'

*

સુધરેલા જમાના પ્રમાણે શેઠ ગાડી હાંકતા હતા અને નોકર પાછળ બેઠો હતો. આ જોઈ બે ગામડીયા છોકરા વિચારમાં પડ્યા.

પહેલો છોકરો બોલી ઊઠ્યો, 'આ ગાડી હાંકનાર નોકરનો રોફ એટલો બધો કેમ હશે?

બીજાએ જરા અક્કલ ચલાવી ખરી વાત સમજાવી કે, 'શહેરમાં નોકરના પગાર રહ્યા ભારે. એટલે વખત જતાં નોકર થઈ ગયા પૈસાદાર અને શેઠનાં ગજવાં ખાલી પડ્યાં, એટલે જ આ ગાડી હાંકનાર નોકર આટલા રોફમાં છે, અને શેઠ આવા મુફલીસ થઈ ગયા છે.'